આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત

# શ્રીચંદ્ર કેવલીનો રાસ

## ભાગ-૧

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક ટ્રસ્ટ,
અમદાવાદ

ૐ

આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત

# શ્રીચન્દ્ર કેવલીનો રાસ

(અપર નામ શ્રી આનંદમંદિર રાસ)

## ભાગ : ૧

012735
12-07

• પ્રકાશક •

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
અમદાવાદ-૧૪

● પ્રકાશક/પ્રાપ્તિસ્થાન ●

**૧. જિતેન્દ્રભાઈ કાપડિયા**
અજંતા પ્રિંટર્સ
૧૭/બી, સત્તર તાલુકા સોસાયટી,
પોસ્ટ : નવજીવન
અમદાવાદ–૩૮૦ ૦૧૪
ફોન : (ઑ.) ૨૭૫૪૫૫૫૭ (રહે.) ૨૬૬૦૦૯૨૬

**૨. શરદભાઈ શાહ**
બી/૧, વી. ટી. એપાર્ટમેન્ટ
કાળાનાળ, દાદા સાહેબ સામે,
ભાવનગર–૩૬૪૦૦૧ (સૌરાષ્ટ્ર)
ફોન : ૨૪૨૬૭૯૭

**૩. વિજય બચુભાઈ દોશી**
૬૦૨, દત્તાણી નગર,
બોરિવલી (વેસ્ટ)
મુંબઈ - ૯૨

ટાઈપ સેટિંગ :
ડીસ્કેન કૉમ્પ્યુ આર્ટ, કાશી એસ્ટેટ, આણંદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૫૨૨૧

મુદ્રક
ભગવતી ઑફસેટ, અમદાવાદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૫૨૨૧

પ્રથમાવૃત્તિ
પ્રત ૩૦૦
વિ.સં. ૨૦૬૬

# પ્રકાશકીયમ્

આ શ્રીચન્દ્ર કેવલીનો રાસ પહેલાં શ્રાવક ભીમશી માણેક દ્વારા બાળબોધ લિપિમાં છપાયો હતો અને તે પછી વાગડ સમુદાયના સાધ્વીજી મહારાજની પ્રેરણાથી કપૂરચંદ રણછોડ-દાસ વારૈયાએ રાસની કડીની નીચે ગુજરાતી ગદ્યમાં અર્થ લખીને પ્રકાશિત કર્યો હતો.

અત્ર આ રાસ બે ભાગમાં મૂળ માત્ર પ્રકાશિત થાય છે. આમ તો આ રાસના અલગ ભાગ નથી, પણ પુસ્તકનું દળ વધી જવાથી બે ભાગ રૂપે પ્રકાશિત કરીએ છીએ. અમુક અમુક શબ્દ અઘરાં આવે છે પણ તે આગળ પાછળના સંદર્ભથી સમજી જવાય છે; છતાં ન બેસે અથવા ન સમજાય તો તે અમારો દોષ છે. વિદ્વાનો મને ક્ષમા કરે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ સ્થિત અશોકકુમાર જૈને આખો રાસ કડી પ્રમાણે ગોઠવીને કંપોઝ કર્યો છે, અને ઝીણવટથી સુધારી આપ્યો છે. અમુક સ્થળે કઠણ શબ્દોના અર્થો શોધીને પાદટીપમાં ઉમેર્યા છે. પોતાની માતાની સેવા કરીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમનો પરિચય જસવંત ગિરધરના સુપુત્રો દ્વારા થયો છે.

—પ્રકાશક

# આવકાર વચન

શ્રીચન્દ્ર કેવલી રાસ એક માણવા જેવી રચના છે. આચાર્ય જ્ઞાનવિમલ સૂરિ મહારાજ ખૂબ નિખાલસતા ધરાવે છે, સાથે સાથે ખૂબ જ અનુકરણીય કક્ષાનો ગુણાનુરાગ છે.

તેઓ પ્રારંભમાં જ લખે છે :

બુદ્ધિહીણ છું આળસુ, પણ પ્રેરે મુજ તેહ,
તેણે હેતે ઉદ્યમ કરું, ઉત્તમ ગુણશું નેહ. ૧૮

'બુદ્ધિહીન' એ વાક્ય નમ્ર વચન કહીએ, તો પણ ઉત્તમ જનોનાં ગુણનો અનુરાગ તેમનામાં દેખાય છે. કદાચ તેઓમાં પણ ગુણો હોય છતાં ગુણોનો નેહ, અનુરાગ જ તેમની પ્રેરયિત્રી છે. તેનાથી પ્રેરિત થઈને જ તેઓ આ રાસ રચવાનો ઉદ્યમ કરે છે.

માણસે જીવનમાં ગુણો કેળવેલા હોય કે નહીં, પણ તેણે ગુણાનુરાગને તો કેળવવો જ જોઈએ.

આખો રાસ વાર્તા કથનની દૃષ્ટિએ સ્વાદુ સ્વાદુ પુરઃ પુરઃ જેમ વાંચતા જાવ, તેમ તેમ પછી શું? પછી શું? એવી ઉત્તરોત્તર જિજ્ઞાસાની વાર્તારસની ખાણ જેવો છે.

લખવાની બહુ અનુકૂળતા ન હોઈ આ વાતમાં આટલેથી જ અટકુ છું.

શ્રાવક ભીમસિંહ માણેકની પ્રસ્તાવના આ સાથે આપી છે એટલે વિશેષ લખવાની જરૂર પણ નથી.

પોષ વદિ પાંચમ, વિ.સં. ૨૦૬૬
સુલસા રો હાઉસ, આંબાવાડી,
અમદાવાદ-૧૫

એ જ લિ.
**પ્ર૦**

# પ્રસ્તાવના

## (પ્રથમાવૃત્તિ)

અમારા સર્વ સાધર્મી ભાઈઓને આ પુસ્તક વાંચવાથી, એટલું તો હૃદયગત થશે કે શ્રી ચંદ્રકુમારનો જન્મ થયા પછી સ્વલ્પ વયથી માંડીને, યાવજ્જીવ પર્યંત પ્રતિદિવસ રાજ્ય, લક્ષ્મી, નવીન સ્ત્રીઓ અને બીજી પણ અનેક પ્રકારની કલા કુશલતાદિક ઉત્તમ વિશિષ્ટ વસ્તુઓની અધિકાધિક પ્રાપ્તિ થતી ગઈ. તેમજ વળી શુદ્ધ શ્રદ્ધાનપૂર્વક અધિકાધિક શ્રી કેવલીભાષિત શ્રી જૈન ધર્મની પ્રાપ્તિ પણ થતી ચાલી.

આ રાસના પ્રથમ ખંડના પ્રારંભથી માંડીને ચોથા ખંડના અંત સુધી દૃષ્ટિ કરી વાંચનાર સજ્જનોને એ મહાન પુરુષના પ્રતાપની પ્રબલતા વિષે કદી આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના રહેશે નહીં; પરંતુ એ સર્વ પૂર્વ ભવને વિષે આચરેલા આયંબિલ વર્દ્ધમાન નામે તપાચાર ધનનું ફળ જાણવું.

દાન, શીયલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મ પરમેશ્વરે કહ્યા છે, તેમાંના ભાવ સહિત માત્ર એક જ પ્રકારની તપશ્ચર્યા આચરણ કરવાના પ્રભાવથી શ્રીચંદ્ર રાજા સંસારમાં સર્વ પ્રકારના ઉત્તમ સુખોને અનુભવી છેવટે મુક્ત થઈને આત્મિક સુખરૂપ સ્વસંપદાની પ્રાપ્તિને પામ્યા, માટે એવાં ઉત્તમ પ્રકારનાં તપ આચરણ કરવાને સર્વ ભવ્ય જીવોએ ઉદ્યમ કરવો. એ તપ સંબંધી માહાત્મ્યના વર્ણનાશ્રયી અનેક મહા પુરુષોનાં ચરિત્ર માંહેલું આ એક ચરિત્ર છે.

વળી આ રાસનું બીજું નામ આનંદમંદિર એવું રાખવામાં આવ્યું છે. તેનો હેતુ આ રાસના ચોથા ખંડની છેલ્લી ઢાળમાં દર્શાવેલો છે. તેમજ આ રાસના પ્રથમ પ્રભૃતિ ખંડમાં જે જે વાતોનો સમાવેશ થયેલો છે તે તે ખંડની સમાપ્તિએ તેનું સંક્ષેપ વર્ણન કરેલું છે, માટે અત્રે લખવાની કાંઈ જરૂર નથી, પરંતુ એટલું તો જણાવવાની અગત્ય છે કે આ રાસના પ્રત્યેક ખંડમાં પ્રસંગાનુસાર નીતિ આદિક વિષે વિચિત્ર પ્રકારના પ્રસ્તાવિક શ્લોક, કુંડલિયા, દોહા, ચોપાઈ પ્રમુખ અનેક જાતિના છંદો આવેલા છે, તે વાંચનારને સદ્બોધ આપે એવા છે. તેમજ કેટલીક ચમત્કારિક કથાઓ પણ આવેલી છે.

આ ગ્રંથના ૧૩૬[૧] પૃષ્ઠથી ત્રીજા ખંડમાં પ્રિયંગુમંજરીએ પાણિ-ગ્રહણ કરવાની અગાઉ શ્રીચંદ્રકુમારને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે જેમાં પદ્મિની

આદિક ચાર જાતિની સ્ત્રીઓનાં લક્ષણ તથા સામુદ્રિક શાસ્ત્રને અનુસાર સ્ત્રીઓનાં શુભાશુભ લક્ષણ, નાયકાદિક જાતિનાં લક્ષણ, પુરુષની બહોંતેર કલાનાં નામ વગેરે કેટલીએક જાણવા યોગ્ય બાબત છે. તથા ૧૪૩[૨] મા પૃષ્ઠથી કેટલીક ગૂઢાર્થ સમસ્યા વગેરે પૂછી છે તેનો વિસ્તાર છે.

એ જ ત્રીજા ખંડના ૧૮૪[૩] મા પૃષ્ઠથી દેવદ્રવ્ય ભક્ષણાશ્રિત સંકાસની કથા તથા સાગર શેઠની કથા તથા સાધારણ દ્રવ્ય અને જ્ઞાનદ્રવ્ય ભક્ષણાશ્રિત કર્મસાર અને પુણ્યસારની કથાઓ આવેલી છે, જે વાંચવાથી દેવાદિકનું દ્રવ્ય ભક્ષણ કરવાથી નીપજતા કટુક વિપાકનું જાણપણું થાય છે, અને ભવ્ય જનોને તેવાં અશુભ નિમિત્તોથી વિરમવાના પરિણામ થાય છે.

ચતુર્થ ખંડમાં વિશેષે કરી શલ્યોદ્ધરણ ન કરનારા એવા દાંભિક જનોને શિખામણ અપાય તે આશ્રયી ૩૦૬[૪] મા પૃષ્ઠથી રૂપી સાધ્વી તથા તે પછી સુસઢ્ઢ સાધુ અને લક્ખણા સાધ્વીની કથાઓ સવિસ્તર દેખાડી છે. તેમજ આલોચના લેનારા અને આલોચના આપનારા ગુરુના ગુણનું વર્ણન કરેલું છે. તથા આલોચના લીધાથી કેટલા ગુણ ઊપજે તે તથા દશ પ્રકારના પ્રાયશ્ચિત્તાદિના સ્વરૂપ પ્રમુખ અનેક વાતો દર્શાવેલી છે.

આ રાસની પ્રત ઘણે સ્થાનકે છે, પરંતુ તે સર્વ શંકિત લખાયેલી દીઠામાં આવી છે. તે માંહેલી ત્રણ પ્રતો મેં પણ આ ગ્રંથ છાપવા માટે એકઠી કરી તોપણ પરસ્પર એક બીજી પ્રત સાથે મેળવતાં કોઈ કોઈ સ્થાનકે પાઠ ફેર અને અક્ષર કાના માત્રાદિના ફેર દીઠામાં આવ્યા; તેમ આ ગ્રંથને છાપતી વખતે હું પણ સુમારે પ્રારબ્ધવશે ચાર મહીના સુધી જ્વરાદિ રોગે પીડિત થયો, તેથી એનું યથાર્થ શોધન થઈ શક્યું નથી. યદ્યપિ મારે હાથે આ ગ્રંથ શોધાયો છે તથાપિ વ્યાધિના પ્રસંગથી તાદૃશ શોધન થયેલું કહેવાય નહીં; માટે સુજ્ઞ વાંચનારાઓને અનેક સ્થળે અશુદ્ધતાના દોષ દીઠામાં આવશે તથાપિ તે ગુણગ્રાહી જનો જેમ આગળ પણ મારા હાથે છપાયેલા ગ્રંથોમાં રહેલા દોષોને સુધારી વાંચતા આવે છે અને મારા અપરાધને ન જોતાં મારા ઉપર સુનજરપૂર્વક કૃપાળુપણું દર્શાવતા આવે છે, તે જ રીતે આ ગ્રંથને પણ સુધારી વાંચશે અને મારા ઉપર પૂર્વની પેઠે જ ક્ષમા રાખશે એવી આશા રાખું છું.

—શ્રાવક ભીમસિંહ માણેક.

વર્તમાન આવૃત્તિ પૃષ્ઠ (૧) ૧૮૬ (૨) ૧૯૭ (૩) ૨૫૧ (૪) ૪૦૬

# શ્રુતલાભ

આ શ્રીચંદ્રકેવલી રાસ
(ભાગ ૧-૨)
ના મુદ્રણનો સંપૂર્ણ લાભ
મેમનગર, અમદાવાદના
શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે
લીધો છે
તે ખૂબ અનુકરણીય છે.

### આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત

# શ્રીચંદ્ર કેવલીનો રાસ

**॥ દોહા ॥**

સુખકર સાહેબ સેવીએ, શ્રી સંખેસર પાસ;
જાસ સુજસ જગ વિસ્તર્યો, મહિમા નિધિ આવાસ. ૧

વાસવ પૂજિત ચરણ કજ, રજપાવિત ભૂપીઠ;
પરચા પૂરણ પરગડો, એહવો અવર ન દીઠ. ૨

સંપ્રતિ કાલે તીર્થ છે, જે મહિમા ભંડાર;
પણ એ અતીત ચોવીશીએ, કહી ઉત્પત્તિ વિસ્તાર. ૩

દામોદર જિન પૂછિયો, કઈયે સિદ્ધિ લહેશ;
આષાઢ નામા શ્રાવકે, આશ દિયો મુજ લેશ. ૪

તવ જિનવર તેહને કહે, ગણિ થઈ લેશો સિદ્ધિ;
આગંતુક શ્રીપાસના, આર્યઘોષ સુપ્રસિદ્ધ. ૫

તે નિસુણી ચિત્ત હર્ષથી, બિંબ ભરાવે તાસ;
પૂજી પહોતા [૧]સોહમે, તિહાં કરે બિંબ નિવાસ. ૬

એમ અનેક સુરે પૂજિયા, નમિ વિનમિ [૨]ખગરાય;
તેણે ઇહાં એ આણિયો, ચોવીશીમાં ઠાય. ૭

અનુક્રમે સૂરજ ચંદ્રમા, એમ અનેક વલી ઇંદ્ર;
પૂજે હરિદલ સહાયને, લાવે ઇહાં ધરણીંદ્ર. ૮

ધરણરાય પદમાવતી, હાજર રહે હજૂર;
સેવક વંછિત પૂરવે, વિઘન કરે ચકચૂર. ૯

કમલાપતિ જસ સાનિધે, જીત લહી રહી [૩]મામ;
જરાસંધ જીતી કરી, પૂર્યો શંખ ઉદ્દામ. ૧૦

જાદવ સવિ સુખિયા થયા, સંખેસર વર ગામ;
સ્થિર સ્થાનક તે થાપિયો, આજ લગે અભિરામ. ૧૧

ઠામે ઠામે શ્રી પાસનાં, પ્રત્યક્ષ છે અહિઠાણ;
શ્રી અશ્વસેન નૃપ કુલ ગગન, [૪]દશશત કિરણ સમાન. ૧૨

---

૧. સૌધર્મ દેવલોક ૨. વિદ્યાધર ૩. કીર્તિ. ૪. હજાર

પુરુષાદાણી પાસજી, પરમ પુરુષ શિર લીહ;
દશશત વદન ન થુણી શકે, મહિમા અકલ અબીહ. ૧૩

ઓં હ્રીઁ અર્હં પાસજી, મૂલ મંત્ર એ બીજ;
જપતાં દુરિત સવે ખપે, આવી મલે સવિ ચીજ. ૧૪

દર્શન જ્ઞાન ચારિત્ર ગુણ, રયણ તણા આવાસ;
આચારિજ અનુયોગ ધર, શિક્ષા [૧]દુવિધ પ્રકાશ. ૧૫

ગુરુ ગિરુઆ ગુણ આગલા, ઉપકારી શિરદાર;
ધર્મ મર્મ સવિ જાણિયા, તત્ત્વાતત્ત્વ વિચાર. ૧૬

આગમ પાઠે અભિનવિ, જિનવાણી ગુણખાણિ;
તેહિજ પ્રણમું સરસતી, જિમ લહું અવિરલ વાણિ. ૧૭

બુદ્ધિહીણ છું આલસુ, પણ પ્રેરે મુજ તેહ;
તેણે હેતે ઉદ્યમ કરું, ઉત્તમ ગુણશું નેહ. ૧૮

ઉત્તમ કેરી સંકથા, કરતાં નાસે પાપ;
સાકર દૂધ મન વિણુ પીયે, તોહિ નાસે સવિ તાપ. ૧૯

જિન ગુરુ સરસતીને નમી, તિમ પ્રણમી ૐકાર;
શ્રી શ્રીચન્દ કેવલી તણો, કહું કથા અધિકાર. ૨૦

જેમ જાણ્યો છે શાસ્ત્રમાં, ગુરુ ઉપદેશે રસાલ;
નામ ઠામ તસ દાખવું, સુણજો થઈ ઉજમાલ. ૨૧

**॥ ઢાળ પહેલી ॥**

(ચતુર સનેહી મોહના, મ્હારા પ્યારા પ્રાણઆધારા; એ દેશી, જય જયવંતી ચાલની.)

સ્વસ્તિશ્રી શાલા સુવિશાલા, પોઢી પર્વ પોશાલા;
સૂથ[૨] સુગાલા સુકૃત સુગાલા, કઈયે નહીં દુષ્કાલા. ૧

મંદિરમાલા ઉન્નત શાલા, સત્રાગાર રસાલા;
ઘન પરે કાલા, ગજ શૂંઢાલા, ઘંટારવે ઝમકાલા. ૨

છયલ છોગાલા, ને દુંદાલા, માની ને મછરાલા;
વારુ વાચાલા, ને વિગતાલા, મહાજન વસે સુખાલા. ૩

મણિમય ભૂષણ, જાલાલંકૃત સોભાગણ જિહાં બાળા;
નહીં જસ દૂષણ અંગે આલા, છોડી દિયા ચિત્ત ચાળા. ૪

૧. બે પ્રકાર (૧) ગ્રહણશિક્ષા (૨) આસેવન શિક્ષા ૨. સ્વસ્થ

વારુ વરણ તણા જિહાં ટાલા, ધર્મે હોયે ઉજમાલા;
ઠામ ઠામ હય ગય રહ પાળા, કરત પ્રજા રખવાલા. ૫
જિનમંદિર ઉપર લહકંતી, વારુ જિહાં [1]વૈજયંતી;
માનું એ સ્વર્ગલોકને ચાટે, ઉસરતીહ હસંતી. ૬
કહે જિનરાજને અંતર રાખું, દાખું સંકેત પંતિ;
પ્રણત સુરાસુર, સવિ ભવિ પાતક, ધૂપઘટીશું દહંતી. ૭
સકલ લોકને આનંદકારી, જેહ નગરની શોભા;
દેખીને અનિમિષ થયા સુરવર, માનું રહ્યા થિર થોભા. ૮
કિં બહુના સુખમાંથી નાળા, નામ વિશાલા નયરી;
અલકાધિક અધિકી શોભાયે, જિહાં નવિ લાગે વયરી. ૯
તિહાં સંકેતવર, બહુગુણમણિ પેટક, ચેટક નામે રાજા;
જિનભક્તિ દેશવિરતિ શુભમતિ, જેહના સબલ દિવાજા. ૧૦
દુસમ સુસમ કેરે સમયે, વડ વજીર વડ શીશ;
ઇંદ્રભૂતિ નામે ગોત્રે ગૌતમ, જેહની સબલ જગીશ. ૧૧
પ્રથમ સંઘયણી, પ્રથમ [2]સંઠાણી, ઉન્નત [3]સગ કર માને;
કનક કમલનાં મધ્ય નિકષ સમ, ગોરા સુંદર વાને. ૧૨
ખંતિ મદ્દવ અજ્જવ [4]મુત્તિ, [5]તવ સંયમ આરાધે;
સત્ય શૌચ અકિંચન બંભહ, દશવિધ ધર્મને સાધે. ૧૩
ચરણકરણ ગુણ લાઘવ વિનયા,—દિક ગુણમણિના ખાણી;
પંચસયા મુનિવર પરવરિયા, સંપૂરણ ચઉ નાણી. ૧૪
ઉચંસી તેયંસી જસંસી, વચ્ચંસી વિખ્યાતા;
ન રહ્યા અંતરંગ રિપુ કેરા, જસ આગળ અવદાતા. ૧૫
લબ્ધિ તણા આગર સુખસાગર, જસ દર્શનથી ઉલ્લસે;
નય ઉપનય સવિ મંત્ર રહસ્યા,—દિક પરમારથ વિકસે. ૧૬
જીવિત ઈહા મરણ અનીહા, પ્રમુખ સવે ભય ટાળ્યા;
સંક્ષેપી જેણે તેજોલેશ્યા, સકલ જંતુ પ્રતિપાલ્યા. ૧૭
એમ અનેક ગુણ સંયુત ગૌતમ, ગણધર સુખકર આવ્યા;
નયર વિશાલાને ઉદ્યાને, તપ સંયમશું ઠાવ્યા. ૧૮

૧. ધજા ૨. સંસ્થાનવાળા ૩. સાત ૪. સત્ય ૫. તપ

વનપાલકે જઈ રાય વધાવ્યા, આવ્યા ગૌતમ સ્વામી;
જય જય નંદા જય જય ભદ્દા, પ્રિય કહું શિર નામી. ૧૯

હર્ષ દાન દેઈ કહે રાજા, વંદન કાજ સજાઈ;
કરો ધરો આનંદ પ્રજા જન, આવો વંદન ધાઈ. ૨૦

ચતુરંગિણી સેના પરવરિયો, જેમ શ્રેષ્ઠિ ઉદ્યાને દરિયો;
તરિયો હું ભવજલ કહે મુખથી, પરમ પ્રમોદને વરિયો. ૨૧

અભિગમ પંચે વિધિશું કરી અંગે, રાજ્ય ચિહ્ન પણ છંડે;
ગણધર ગુણવંતા દેખીને, ભક્તિ વિશેષે મંડે. ૨૨

મેઘ મયૂર ચકોર [1]કલાધિપ, નિરખી જેણ પરિહરષે;
જેમ ભૂખ્યો દ્વિજ અટવી અંતે, ઘેવર અમૃત પરખે. ૨૩

તેમ રસિયો હસિયો ચિત્તમાંહે, ધર્મદેશના સુણવા;
જ્ઞાનવિમલ ગુરુ ગણધર મુખથી,જનમ સફલ કરી ગણવા. ૨૪

**॥ દોહા ॥**

સુધા મુધાકર દેશના, ભાખે સભા સમક્ષ;
મોક્ષતણું કારણ અછે, ધર્મ સદા પ્રત્યક્ષ. ૧

ધર્મ તે દુવિધ સ્વરૂપ છે, નિશ્ચય ને વ્યવહાર;
આતમ રૂપે નિશ્ચયે, વસ્તુ સ્વભાવ વિચાર. ૨

વ્યવહારે ચઉ ભેદ છે, દાન શીયલ તપ ભાવ,
સંકેત સંયુત નિર્જરા, તે વિણુ પુણ્ય પ્રભાવ. ૩

જ્ઞાન અભય ધર્મોપસ્થિતિ, ત્રિવિધ દાન પ્રધાન;
બંભ કુલક્રમ આત્મગત, ત્રિવિધ શીલ સુખ થાન. ૪

તપ પણ પ્રવચને દોય છે, બાહ્ય અભ્યંતર ભેદ;
એકેકો ષડ્ વિધ અછે, આગમમાં તે વેદ. ૫

અથવા તામસ રાજસે, સાત્ત્વિક ભાવ ત્રિવેદ;
ભાવ તણા બિહું દાખીયા, શુભ અશુભને વેદ. ૬

એમ જોતાં નવિ પામિયે, શાસ્ત્ર તણો કોઈ પાર;
પણ કૃત કર્મને નાસવે, તપનો ઇહાં અધિકાર. ૭

---

૧. સૂર્ય

દુરારાધ્ય દૂરે રહ્યું, જે કોઈ વિકટ પ્રચાર;
તે તપથી સવિ સંપજે, હેલેથી તિણિ વાર. ૮

તપ તો વિવિધ પ્રકારનાં, બોલ્યા શક્તિ વિશેષ;
પણ આંબિલ વર્દ્ધમાનનો, મહિમા અધિકો રેષ. ૯

એકેકું આંબિલ વધે, યાવત્ શત પરિમાણ;
ઓલી અંતે કીજીયે, પારણાનું મંડાણ. ૧૦

ઓલી ઓલી છેહડે, એકેકો ઉપવાસ;
શક્તે નિરંતર કીજીયે, નહીં તો પારણ ખાસ. ૧૧

પાંચ સહસ્સ આંબિલ હોય, ઉપર વલી પચ્ચાસ;
શત પરિમાણે જાણવા, ઓલીના ઉપવાસ. ૧૨

વરસ ચૌદ ત્રણ માસ દિન, વીશ અધિક તપ માન;
અંતગડ સૂત્રમાંહે કહ્યો, સ્વયમુખ વીર ભગવાન. ૧૩

એ તપ કંચન ધાતુ છે, જો સમતા રસ જુત્ત;
શિવપદ પ્રાપણ હેતુ છે, એહ પરમ પદ સુત્ત. ૧૪

કર્મ નિકાચિત ત્રોડવે, સર્વારથ દિયે સિદ્ધિ;
અણવાંછકપણે પામિયે, વિવિધ ઋદ્ધિ બહુ લદ્ધિ. ૧૫

જેમ શ્રી વીરે પ્રકાશિયો, શ્રેણિક આગલ જેહ;
શ્રી શ્રીચંદ નરિંદનો, સંબંધે ગુણગેહ. ૧૬

यदुक्तं—श्री सिद्धिर्षिगणिनां पूर्वप्राकृतचरित्रे—

जं चंदणेण अइआ, तविअ अइ गरुअ वद्धमाण तवं;
तस्स फलेण हुओ सो, सिरिचंद निवो सया सुहिओ. १

**અર્થઃ**—અતીત કાલે ચંદનને ભવે જે અત્યંત (ગરુઅ) મોટું આંબિલ વર્દ્ધમાન નામા તપ કીધું, તેને ફળે કરીને તે શ્રીચંદ રાજા સદા સુખીઓ થયો. ૧

गाथा—निव्वाण धम्मतित्थे, एरवय वासम्मि पुणपब्भारो;
जाओ पुण इह भरहे, बत्तीसप्पमययाहिवई. २

**અર્થઃ**—નિર્વાણી નામા તીર્થંકરના સમયે ઐરાવત ક્ષેત્રમાં પુણ્યવંતમાં શ્રેષ્ઠ એવો તે રાજા ફરી વળી આ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયો, બત્રીશ હજાર દેશનો અધિપતિ થયો. ૨

તે તપ અઠ્ઠોત્તર શતક, કહ્યું ચરિત્ર મઝાર;
પણ શત ઓલી માનનો, આગમમાં અધિકાર. ૧૭

તેહવો નૃપ તુજને કહું, સવિ ભવિજન હિત કામ;
વિકથા આલસ મૂકીને, સુણજો કરી મન ઠામ. ૧૮

**॥ ઢાળ બીજી ॥**

(ચતુર સનેહી મોહના—એ દેશી (રાગ જેતશ્રી)

જંબૂદ્વીપ લખ જોયણો, આયામને પરિણાહે રે;
ત્રિગુણી પરિધિ તસ જાણિયે, બોલી આગમમાંહે રે. ૧

ચતુર સોભાગી સાંભળો, એ સવિહુને મધ્યે રે;
પૂર્ણચંદ્ર સમ વાટળો, તેલ તલિત પૂય સંધે રે. ચ૦૨

ત્રણ લાખ સોળ સહસ્સ વળી, શત દોય સત્તાવીશો રે;
જોયણ કોશ તિગ એક શત, અડવીશ ધનુષ જગીશો રે. ચ૦૩

દુગ કર અંગુલ તેર છે, ઉપર અંગુલ અર્દ્ધ રે;
સાધિક ત્રિગુણી એમ કહી, જંબૂ પરિધિ એમ લદ્ધ રે. ચ૦૪

તેહમાંહે ષટ વર્ષધર અછે, વર્ષ અછે વળી સાતો રે;
લાખ જોયણ મધ્ય મેરુ છે, તેમાંહે ભરત વિખ્યાતો રે. ચ૦૫

પાંચસે છવ્વીશ જોયણાં, છ કલા અધિક કહીજે રે;
જોયણનો ઓગણીશમો, ભાગ તે કલા કહીજે રે. ચ૦૬

ભરત થકી બમણા સવે, યાવત્ હોયે વિદેહા રે;
એમ દક્ષિણથી લીજિયે, ઉત્તરથી વળી તેહા રે. ચ૦૭

જંબૂદ્વીપ પન્નત્તિમાં, એ જોજો અધિકારો રે;
તે કહેતાં વિસ્તર વધે, હોયે ગ્રંથ અપારો રે. ચ૦૮

ભરતમાંહે ષટ્ ખંડ છે, દેશ સહસ્સ બત્રીશો રે;
તેમાંહે પચવીશ દેશ છે, સાઢા આર્ય સુજગીશો રે. ચ૦૯

ભરતક્ષેત્ર ભૂભામિની, ભાલ તિલક ઉપમાનો રે;
નયર કુશસ્થલ જાણિયે, કુશાવર્ત બિય નામો રે. ચ૦૧૦

જે પુર આગલ સુરપુરી, થઈ હલકી તેણે ઊંચી રે;
તુલનાયે પણ નવિ રહી, સકલ સુભગતા કૂંચી રે. ચ૦૧૧

પર ઉપકારે આગલા, પાંગલા પરધન લેવા રે;
ગુણ ગ્રહવા [1]શતજીહ છે, નહીં ય દુજીહની ટેવા રે. ચ૦૧૨

મૂંગા પરદોષ ભાષણે, સહસ નયણ નિજ દોષે રે;
ન્યાયે વિત્ત વિલસે સદા, ક્ષેત્ર સુપાત્રને પોષે રે. ચ૦૧૩

ઇત્યાદિક ગુણ જેહના, કહિયે કેણી પરે કેતા રે;
તેહ નગરીનો રાજિયો, પ્રતાપસિંહ નામ નેતા રે. ચ૦૧૪

નામ સુણીને તેહનો, અરિયણ દૂરે જાવે રે;
જેમ હરિનાદે ગજઘટા, નિર્મદતાને પાવે રે. ચ૦૧૫

ન્યાયવંત નૃપ શોભીયે, દશ લાખ પુરનો સ્વામી રે;
દશ લખ હય છે હીંસતા, વિવિધ જાતિ અભિરામી રે. ચ૦૧૬

ગજ રથ તુરિય દશ સહસ છે, કોડી સંખ્યા છે પાળા રે;
ધ્વજ કરભાદિક અતિ ઘણા, સામંત મંત્રી રખવાળા રે. ચ૦૧૭

જસ પ્રતાપ તપને કરી, રવિ રહે ગગને ફિરતો રે;
નિત્ય નિત્ય ઊગે આથમે, માનું તેહને અનુસરતો રે. ચ૦૧૮

અપ્સરા રંભા ઉર્વશી, જે આગળે વહે પાણી રે;
રાજાને અંતઃપુરે, [2]પંચસયા છે રાણી રે. ચ૦૧૯

તેમાંહે અતિ વલ્લહી, જયશ્રી નામે પટદેવી રે;
પુત્ર ચાર છે તેહને, જનક કાંતિ ગુણ તેહવી રે. ચ૦૨૦

જય વિજયો અપરાજિતો, જયંત નામે તે દીપે રે;
એણી પરે રાજ્ય કરે સદા, આપ બલે અરિ જીપે રે. ચ૦૨૧

મુદિત મને રહે ભૂપતિ, એક દિન તખતે બેઠો રે;
તિહાં વ્યવસાયે આવિયો, વરદત્ત શેઠને દીઠો રે. ચ૦૨૨

નવતર શુભતર લક્ષણે, લક્ષિત અંગ બિરાજે રે;
પૂછે કુશલની વાતડી, વાસ કિહાં તુમ છાજે રે. ચ૦૨૩

અચરિજ કહો દીઠું હોયે, શે અર્થે ઇહાં આવ્યા રે;
એહથી વિશેષ પુર જે હોયે, જે તુમ ચિત્તમાં ભાવ્યા રે. ચ૦૨૪

૧. સૌ જીભવાળા ૨. પાંચ સૌ

તે નિસુણી [1]વ્યવહારિયો, કરી પ્રણામ તવ ભાખે રે;
દેવ તુમારી કૃપા થકી, નગર બહુ સહુ રાખે રે. ચ૦૨૫

પણ પ્રભો દીપશિખા જિસી, નગરી કોઈ ન એહવી રે;
ઇન્દ્રપુરી જસ આગલે, જોતાં ન દીસે તેહવી રે. ચ૦૨૬

ગૃહ પ્રાકાર વિહારમાં, માંડણી અદ્‌ભુત દીસે રે;
વાસ્તુક શાસ્ત્ર તણી વિધે, જોતાં હિયડું હીસે રે. ચ૦૨૭

મધ્યે પ્રથમ જિનવર તણો, વિહાર[2] અછે ચહુ બારો રે;
દ્વાર પ્રારંભી ચઉદિશે, આપણ શ્રેણિ ઉદારો રે. ચ૦૨૮

ચાર પોળ છે વપ્રની, ઈશાને રાજનિયા રે;
અગ્નિકોણે વ્યવહારિયા, વાયુકોણે ક્ષત્રિયા રે. ચ૦૨૯

નૈઋત કોણે અપર જના, એણી પરે ગેહ નિવેશા રે;
પદમ સરોવર પુર બહિ, દૃષદ બદ્ધ સેતુ દેશા રે. ચ૦૩૦

વાપી કૂપ વનમાલિકા, પર્વ શસ્ત્ર બહુ ઠામ રે;
તેહ નગરીનું જોવતાં, વાધે મન અભિરામ રે. ચ૦૩૧

તેહ પુરીથી આવિયો, વણિજ વ્યાપારને હેતે રે;
પણ તે પુરી પાવન કરો, જોવાને સંકેતે રે. ચ૦૩૨

એહ વચન વરદત્તનું, નિસુણી આનંદ પામે રે;
જ્ઞાનવિમલ ગુરુવયણથી, જિમ ભવિ અનુભવ કામે રે. ચ૦૩૩

**॥ દોહા ॥**

પ્રતાપસિંહ નૃપ ઉમહ્યા, પુરી દર્શનને કાજ;
ચતુરંગ સેના પરિવર્યા, મંત્રીસર યુવરાજ. ૧

વિકટ સુભટ સાથે લિયા, વાજે વાજિંત્ર નાદ;
હાથીના હલકા ઘણા, વાજે ઘંટના નાદ. ૨

સાથે લીધો શેઠિયો, દેઈ આદર માન;
ચાલ્યો રાજા ચોપશું, દેતો અઢળક દાન. ૩

તિલક કરે વ્યવહારિયા, નીરે ભરિયા કુંભ;
ગાય સવચ્છી લઘુ [3]કની, સતિલક વેદી બંભ. ૪

૧. શેઠ ૨. મંદિર ૩. કન્યા

નિર્ધૂમ અગ્નિ સોહામણો, દર્પણ મંગલ પાઠ;
હય સાંબેલા સામ્મુહા, વૃષભ રાશિ બધ આઠ. ૫

પ્રથમ પ્રયાણે રાયને, પવન થયો અનુકૂળ;
દિશિ નિર્મલ ગ્રહ શુભ કથક, નહીં અપયોગનું મૂલ. ૬

મધુ મદિરા ને મૃત્તિકા, મંગલકરણ સુખદાય;
સન્મુખ સવિ આવી મળે, નોળ ચાસ દિખલાય. ૭

વામા વાયસ તિત્તરા, ભૈરવ જિમણી થાય;
સાંઢ ત્રાડુકે હનુમતા, હરણ કરે વા લાય. ૮

નાહર વાહર સુખ દિયે, વામાદે વીતાર;
રાતે શિયાળાં બોલતાં, વામ ચાલી મોડ ધાર. ૯

રાય કરે ફલ આપિયાં, કંઠ ઠવી પુષ્પમાલ;
દધિ દૂર્વા ઘૃતથી જિયો, આગળ ધરે ઉદાર. ૧૦

પંખી કરે પ્રદક્ષિણા, વળી તોરણ બંધેવ;
ઇત્યાદિક બહુ શુકનશું, નૃપ મન હર્ષ કરેવ. ૧૧

મન પ્રસન્ન થયું અતિ ઘણું, પાસે જોશી જાણ;
તેડી આઘા સંચરે, ઠામ ઠામ કલ્યાણ. ૧૨

મારગ જાતાં અનુક્રમે, કરે પ્રયાણ મંડાણ;
પુરુષ ચાર તિહાં આવિયા, પરદેશી ગુણખાણ. ૧૩

પ્રતિહારે તે વીનવ્યા, નરપતિને કહે રાય;
પેસારો પટ મંડપે, તે આવે તિણ ઠાય. ૧૪

**॥ ઢાળ ત્રીજી ॥**

(રાગ કાફી. અલબેલાની દેશી.)

પદ પ્રણમી કર જોડીને રે લાલ, સુંદર ચાર સુભટ, સુણ રાજા રે;
દેઈ આશીષ ઉભા રહ્યા રે લાલ, હોયે સદા ગહગટ્ટ; સુણ રાજા રે. ૧

પુણ્યે યોગ ભલા મળે રે લાલ, મન મળિયાશું સંગ. સુ૦
સજ્જન જનશું જે ગોઠડી રે લાલ, તે આળસમાં ગંગ. સુ૦પુ૦૨

[1]ચતુર [2]કુશલ [3]સોમ [4]ગુણધરુ રે લાલ, સેવાના વળી જાણ. સુ૦
નામ અરથથી ભાવિયે રે લાલ, દેખી દેવ નૃપ વાણ. સુ૦પુ૦૩

તુમ માંહે છે શી કલા રે લાલ, તુમ વિદ્યા ગુરુ કોણ. સુ૦
શે કારણ આવવું થયું રે લાલ, કિહાં તુમચું અહિઠાણ. સુ૦પુ૦૪

એક કહે પંખીસ્વર લહું રે લાલ, બીજો કહે લખું ચિત્ત. સુ૦
નરસ્ત્રી-લક્ષણ ત્રીજો લહેરે લાલ, ચોથો રથભ્રમ કલા સુપવિત્ત. સુ૦પુ૦૫

એહ કલા અમમાં અછે રે લાલ, સુણ નરપતિ અમ વાચ. સુ૦
દ્વિજ શ્રી ગણધરાચાર્ય છે રે લાલ, વિદ્યાગુરુ ગિરિ સાચ. સુ૦પુ૦૬

તુમ પદ સેવા કારણે રે લાલ, આવ્યા છે ગુણગેહ. સુ૦
વાસ જિહાં વસીયે તિહાં રે લાલ, ગુણીને ગુણશું નેહ. સુ૦પુ૦૭

માન દેઈ પાસે થાપિયા રે લાલ, દેઈ ચિંતે તસ અર્થ. સુ૦
મુદ્રિકાયે નંગ શોભીએ રે લાલ, નૃપ સવિ વાત સમર્થ. સુ૦પુ૦૮

મારગે ચાલ્યો ભૂપતિ રે લાલ, ક્રીડા લીલ વિલાસ. સુ૦
પુર સર તટિની વાપિકા રે લાલ, વાડી વન આવાસ. સુ૦પુ૦૯

ઠામ ઠામ નૃપ ભેટણાં રે લાલ, લેઈ દિયે બહુ માન. સુ૦
નવ નવ કૌતુક નિરખતો રે લાલ, દેતો અવિરલ દાન. સુ૦પુ૦૧૦

અનુક્રમે અનુક્રમે આવિયા રે લાલ, દીપશિખા પુરી પાસ. સુ૦
તેહવે વિહંગમ સ્વર થયો રે લાલ, સુણીને ઉપન્યો ઉલ્લાસ. સુ૦પુ૦૧૧

સ્વર જાણે તેણે વીનવ્યો રે લાલ, સ્નેહી જનનો લાગ. સુ૦
હોશે નિઃસંદેહથી રે લાલ, સુણી હરખ્યો નૃપ વડ ભાગ. સુ૦પુ૦૧૨

એહવે દીપશિખા પતિ રે લાલ, દીપચંદ્ર ઇતિ નામ. સુ૦
પય પ્રણમીને વીનવે રે લાલ, પાવન કરો મુજ ગામ. સુ૦પુ૦૧૩

એમ સુણી પુરીમાં આવવા રે લાલ, મન કીધું જવ રાય. સુ૦
પદમ સરોવર ઉપરે રે લાલ, બેઠા સિંહાસન ઠાય. સુ૦પુ૦૧૪

પુરશોભા દીઠી તિસે રે લાલ, મીઠી લાગે મનમાંહિ. સુ૦
ગઢ મઢ મંદિર માલિકા રે લાલ, પોલ તોરણની છાંહિ. સુ૦પુ૦૧૫

સાત ભૂમિ સૌધપંતિની રે લાલ, ગોખ તે જોખના ગેહ. સુ૦
દેખે નયરમાં સંચર્યા રે લાલ, શોભા પુરની અચ્છેહ. સુ૦પુ૦૧૬

તિહાં વાતાયનમાં રહી રે લાલ, સુમુખી કની અતિ ચંગ. સુ૦
તસ મુખકજ માંહે પડ્યો રે લાલ, ભૂપતિ માનસ ભૃંગ. સુ૦પુ૦૧૭

સ્મર[૧] ભિલ્લે શરે વીંધીયો રે લાલ, ભૂપતિ હૃદય મઝાર. સુ૦
ક્ષણ એક શૂન્ય મને રહ્યો રે લાલ, યોગી જિમ લય ચાર. સુ૦પુ૦૧૮

એણે સમે ચિત્તને ઓળખી રે લાલ, બોલ્યો સેવક તેહ. સુ૦
હે નૃપ! તુમ સુકૃતોદયે રે લાલ, ફળશે વંછિત એહ. સુ૦પુ૦૧૯

કહે નૃપ ચિત્તે ચમકિયો રે લાલ, ભલું લખ્યું તે મુજ મન્ન. સુ૦
કેહનું ઘર એ કોણ કની રે લાલ, લાવણ્ય લલિત યૌવન્ન. સુ૦પુ૦૨૦

તવ ચિત્તજ્ઞ કહે હસી રે લાલ, દીપચંદ્ર તુમ ભક્ત. સુ૦
દીપવતી રાણી તણું રે લાલ, ગેહ અછે ઘન શક્ત. સુ૦પુ૦૨૧

એ તસ કૂખે સરોજની રે લાલ, કલહંસી સમ જાણ. સુ૦
સૂર્યવતી નામે અછે રે લાલ, પુત્રી પવિત્ર ગુણખાણ. સુ૦પુ૦૨૨

ત્રિભુવનસારની ઓરડી રે લાલ, ગોરડી ગુણહ નિધાન. સુ૦
એક ઠામે જોવા ભણી રે લાલ, વિધિકૃત મનુ અભિરામ. સુ૦પુ૦૨૩

વલી દીપચંદ્ર ચિંતા મને રે લાલ, અપર અછે સુણો આજ. સુ૦
કન્યા કેહને દેયશું રે લાલ, કોણ એહવો નરરાજ. સુ૦પુ૦૨૪

કોણ કોણ શુભ કરી ભેટણા રે લાલ, કરશું મન સંતોષ. સુ૦
શ્રીપ્રતાપસિંહ રાયને રે લાલ, ભક્તિ ભાવનો પોષ. સુ૦પુ૦૨૫

એમ નૃપનું મન ઓળખી રે લાલ, કીધી સઘળી વાત. સુ૦
મનગમતું વૈદ્યે કહ્યું રે લાલ, દૂધમાં જેમ નિવાત. સુ૦પુ૦૨૬

બિહું રાજા મન રંજિયું રે લાલ, સુણી જ્ઞાનવિમલ ગુરુ વાણ. સુ૦
કેણ વિધિ કન્યા પરણશે રે લાલ, જુઓ તેહનાં મંડાણ. સુ૦પુ૦૨૭

**॥ દોહા ॥**

કની રૂપ લાવણ્ય સુધા, સાદર લોક ન પાન;
રાજ નિજ નયનાં જલે, પુટકે પીવે તામ. ૧

સા [૨]સુમુખી પણ નૃપતણું, પીએ લાવણ્ય પીયૂષ;
નિર્નિમેષતા તિમ લહે, જિમ ચકોર શીત મયૂખ. ૨

શક્ર સમાન તુમો અછો, [૩]સચિ સમ કુમરી એહ;
દૈવયોગ સરિખો અછે, ચંદ્ર ચંદ્રિકા નેહ. ૩

૧. કામદેવ ૨ સુંદર મુખવાળી ૩. ઇંદ્રાણી

એમ નિસુણી વચ ચિત્ત ધરી, જોવે નયરી ભાવ;
ત્રિક ચતુષ્ક ચચ્ચર ઘણા, નાટ્ય વિનોદ વિભાવ. ૪

જગદીશ્વર જગનાથનું, ચૈત્ય મધ્ય ઉદ્દામ;
પ્રથમ જિનેશ્વર પ્રણમિયા, કરી ત્રિકરણ મન ઠામ. ૫

રાજ્યસભામાં આવિયા, સિંહાસન મંડાવિ;
બેઠા રાજકુલી મળી, આણા શીશ ચઢાવિ. ૬

દેખાડે સવિ રાજવી, આપ આપણી ભત્તિ;
નિરખે પણ શૂન્યે મને, કામ વશે થયું ચિત્ત. ૭

ચિત્ત જાણ નર વયણથી, દીપચંદ્ર નૃપ તુષ્ટ;
જેમ કેકી ઘન ગર્જિતે, પરખ્યો પુણ્યે પુષ્ટ. ૮

**॥ ઢાળ ચોથી ॥**

(ઈડર આંબા આંબલી રે, ઈડર દાડિમ દ્રાખ—એ દેશી)

હવે પ્રતાપસિંહ રાયને રે, પાણિગ્રહણ સંકેત;
શુભ લગને આરોપિયો રે, સવિ પુરજન હિત હેત.
સુગુણ નર, જુઓ જુઓ પુણ્ય વિશેષ.
પુહવીયે[1] પ્રત્યક્ષ પેખ; સુ૦ સુકૃતિ જન જગ રેખ. સુ૦ જુ૦ ૧

મહોટા મંડપ માંડીયા રે, દેખી મોહે દેવ;
અઢળક દાન સમર્પિયે રે, નહીં નાકારની ટેવ. સુ૦ જુ૦ ૨

દીધા અતિ ઘણા દાયજા રે, પોષે સવિ પકવાન;
જાની[2] માની સાચવ્યા રે, ભૂષણ વસ્ત્ર અસમાન. સુ૦ જુ૦ ૩

આનંદ અધિક ઉચ્છાહશું રે, વારુ થયો વિવાહ;
સજ્જન સહુ રાજી રહ્યા રે, નહીં કોઈની પરવાહ. સુ૦ જુ૦ ૪

નિજ ઉતારે આવીયા રે, પરણીને નરરાય;
ઇંદ્ર ઇંદ્રાણી કમલા હરિ રે, એહ યોગ સુખદાય. સુ૦ જુ૦ ૫

સામુદ્રિક જન બોલીયો રે, સાંભળ તું નરરાણ;
પટરાણી એહને કરો રે, જેમ હોયે કોડિ કલ્યાણ. સુ૦ જુ૦ ૬

કુલભૂષણ બેહુ પુત્ર છે રે, જસ કૂખે ગુણકૂપ;
રત્ન જણે [3]રોહણધરા રે, તેમ એહને છે ભૂપ. સુ૦ જુ૦ ૭

૧ પૃથ્વી પર ૨.જાનૈયા ૩. પહાડ (લંકાના એક પહાડનું નામ)

ભર્ત્તા શ્વસુર પિતામહા રે, માતામહા શિર છત્ર;
પુત્ર પૌત્ર પડપોતરા રે, જસ સુત યુગ્મ પવિત્ર. સુ૦ જુ૦ ૮

લાભકારી એ યોગ છે રે, લક્ષણથી કહું સાચ;
નિઃસંદેહ એ જાણજો રે, સામુદ્રિકની વાચ. સુ૦ જુ૦ ૯

ગુણ રૂપાદિક દેખીને રે, અંતઃપુરમાં કીધ;
સૂર્યવતી પટદેવિકા રે, નૃપ હરખ્યો એમ કીધ. સુ૦જુ૦૧૦

સુરતરુ ધર્મ તણો ફળ્યો રે, રૂપ ભાગ્ય સૌભાગ્ય;
એહવો અધિકો કો નહીં રે, લોક કહે ધરી રાગ. સુ૦જુ૦૧૧

કેતા એક દિન હર્ષમાં રે, રહેતાંને થયા જામ;
એહવે દૂત એક આવિયો રે, દીપચંદ્રને શિરનામ. સુ૦જુ૦૧૨

સિંહપુરાધિપ ગામથી રે, શ્રીશુભગાંગ નરેશ;
ભત્રીજી ચંદ્રવતી તણો રે, પતિ છે સુગુણ નિવેશ. સુ૦જુ૦૧૩

પ્રતાપસિંહ બેઠા અછે રે, તખતે સભા મિલાય;
તેડ્યો તિહાં કણે દૂતને રે, કહે સંબંધ ઠહરાય. સુ૦જુ૦૧૪

દેવ સુણે વાસંતિકા રે, અટવી [1]ભીમાકાર;
શૂર નામે પલ્લીપતિ રે, [2]દુર્જય જસ અધિકાર. સુ૦જુ૦૧૫

તે પલ્લીથી પશ્ચિમ દિશે રે, સિંહપુર છે નયર;
શ્રીશુભગાંગ રાજા અછે રે, તેહશું ધરે બહુ વયર. સુ૦જુ૦૧૬

નૃપઘર પેસી તસ્કરે રે, લીધો એકાવલી હાર;
નાસી ગયા તે દહ દિશે રે, આરક્ષકે કરી વાર. સુ૦જુ૦૧૭

પગ જોઈ પૂઠે થયા રે, બાંધી આણ્યા પ્રભુ પાસ;
તાડંતાં તે બોલીયા રે, અમે શૂર પલ્લીપતિ દાસ. સુ૦જુ૦૧૮

તસ આદેશથકી કર્યું રે, ચોર તણું એ કામ;
તે નિસુણી નૃપ ખીજિયો રે, હાર ગ્રહી કરે વામ. સુ૦જુ૦૧૯

રોષે આરક્ષકે દીઓ રે, શૂલારોપણ ચોર;
તે [3]વ્યતિકર શૂર સાંભળે રે, પલ્લીપતિ કરે જોર. સુ૦જુ૦૨૦

---

૧ ભયંકર ૨ પાઠાંતર—દુષ્ટહ છે આચાર ૩. વૃત્તાંત

સિંહપુરને વીંટી રહ્યો રે, જેમ નિધાનને [૧]વ્યાલ;
તે જણાવવા આવિયો રે, દૂત કહે સુણો ભૂપાલ. સુ૦જુ૦૨૧

પ્રતાપસિંહ નૃપ પૂછતે રે, વાત કહી સવિ દૂત;
દીપચંદ્ર નૃપ હવે વીનવે રે, એ પલ્લીપતિ યમદૂત. સુ૦જુ૦૨૨

એમના ભયથી ના કરે રે, લોક કોઈ વ્યવસાય;
પંથ વિષમ એહથી થયા રે, ન ચલે કોઈ ઉપાય. સુ૦જુ૦૨૩

ઘણું [૨]કિશું પ્રભુ ભાષીએ રે, કુગ્રહ પરે એ ખેટ;
આ નગરી પણ એહથી રે, ભય પામે છે નેટ. સુ૦જુ૦૨૪

બિહુંની એમ સુણી વિનતી રે, પ્રતાપસિંહ નૃપ તામ;
કુંભીનાદ સુણી કેશરી રે, [૩]તિમ તસ જીતણ કામ. સુ૦જુ૦૨૫

**॥ દોહા ॥**

પ્રયાણ ભેરી દેવરાવીને, પરિવર્યો બહુ સૈન્ય;
શૂર ભિલ્લને જીતવા, પ્રતાપસિંહ અભિષેણ. ૧

ચઢત નગારાં ગાજીયાં, શૂર સુભટ થયા મસ્ત;
વેગ મિલાયા વાજીયા, શુભ મુહૂર્ત્ત દિન શસ્ત. ૨

કટક ખેહ ઊડી ગયણ, તેણે વાદલિયો શૂર;
મદ ઝરતાં માતંગ જે, તે પાવસનાં પૂર. ૩

સીમાલા આવી નમે, કંપે કાયર પ્રાણ;
અન્યાયી નાઠા સવે, થાય હરામી હેરાણ. ૪

સિંહપુર પાસે આવીયા, નદી તટે ડેરા દીધ;
પ્રતાપસિંહ દીપચંદ્ર બિહુ, શુભગાંગને સહાય કીધ. ૫

ખબર થઈ તે શૂરને, ચરથી જાણી વાત;
ચિંતે બળીયા આગલે, શ્યો કીજે ઉપઘાત. ૬

શબર[૪] સકલને પૂછીને, કરે નાસવા વિચાર;
કહે કેશરી ગુંજારવે, કિશ્યા અવર સંચાર. ૭

બળીયાશું કલબલ કરી, જિમ તિમ રાખો પ્રાણ;
એહ આગળ કોઈ નાસવા, છાનું નહિ [૫]અહિઠાણ. ૮

૧. સર્પ ૨. કેટલું ૩.પાઠા૦ જ્ઞાનવિમલ લહી નામ ૪. ભીલ ૫. સ્થાન

એમ વિચારી ભિલ્લડા, સજ્જ થયા રણ કાજ;
આય બને જો નાસિયે, તો કિમ રહેશે લાજ. ૯

## ॥ ઢાળ પાંચમી ॥

(ચિત્રોડા રાજા રે—એ દેશી, રાગ સિંધૂઓ)

જો જઈએ નાસી રે, તો કરે લોક હાંસી રે,
એમ વિમાસી ભિલ્લ ઝૂઝણને આવીયા રે. ૧
હાકોહાક કરંતા રે, ચોપખે રે ફિરંતા રે,
ઝરતા તિહાં ઘન પરે તીર સડાસડે રે. ૨
રાજા સેન આવે રે, આયુધ વરસાવે રે,
રિપુસૈન્ય ભજાવે દિશોદિશે દડવડી રે. ૩
રણક્ષેત્ર મંડાણો રે, પલ્લિપતિ રાણો રે,
એવો નહીં ટાણો કોઈ ન ઊભગે રે. ૪
ગજ ચઢી શૂર આયો રે, નહીં જનની જાયો રે,
સાહમો તે ધાયો તેહને ઊમહી રે. ૫
નિર્મદ ગજ દેખી રે, નૃપ કટક ઊવેખી રે,
નવિ કોઈ વિશેષી દીઠો તેણે સમે રે. ૬
એ શું થયું પૂછે રે, દીપચંદ્ર આલોચે રે,
મનમાંહે શોચે કેમ હવે જીતશું રે. ૭
આવી કોઈ ભાસે રે, ગંધ ગજ એહ પાસે રે,
તસ ગંધને વાયે સવિ નિર્મદ થયા રે. ૮
હૂતા ઘણા બલિયા રે, પણ તે થયા ગલિયા રે,
નાંખલિયા આગલ કલિયા બલિયા શું કરે રે. ૯
કહે પ્રતાપ કેમ કીજે રે, કેણી પરે જસ લીજે રે,
ભીંજે જેમ કંબલ તેમ ભારી હુવે રે. ૧૦
ન ચલે બલ પ્રાણે રે, રહેતાં એણે ઠાણે રે,
સાહમું એ જાણે એ નબળા પડ્યા રે. ૧૧
બોલ્યો રથ ખેડુ રે, ચિંતા તો ફેડું રે,
તેડો હવે મુજને જુઓ માહરી કલા રે. ૧૨

શી ચિંતો ચિંતા રે, રહો એથી નિચિંતા રે,
નેતા છો તુમહી જ એ પૃથિવી તણા રે. ૧૩

ભિલ્લાક વરાકા રે, જાશે જેમ કાકા રે,
હાકા બાકા થઈને વાંકા દશ દિશે રે. ૧૪

એમ કહી રથ લાવે રે, હથિયાર ભરાવે રે,
રાજાને ઠાવે છત્ર શિરે ધરી રે. ૧૫

રથ કલશું ભમાડે રે, નૃપ બાણે તાડે રે,
તરુ પવન પછાડે તેમ તે ભિલ્લડા રે. ૧૬

ઘૂમણીયે ગજ ઘાલે રે, પણ ઠામે ન ચાલે રે,
ભિલ્લડા મન શાલે જઈએ હવે કિણ દિશે રે. ૧૭

ઇહાં આવી અડિયો રે, હું ફંદમાં પડિયો રે,
નડિયો એણે રાણે આણ ન માનતો રે. ૧૮

દિશિ તાકે જેહવે રે, નૃપ ઝાલે તેહવે રે,
ચંડે કોદંડે પણછના પાસમાં રે. ૧૯

જયજય રવ થાવે રે, મંગલ તૂર વજાવે રે,
આવે રે શુભગાંગ નરેશ્વર પાય પડે રે. ૨૦

ભાગો ભય સઘળો રે, હતો એહ જ અવલો રે,
સબલો તુમ શરણો, જબ મેં આદર્યો રે. ૨૧

સેના તવ છૂટી રે, પાલી જઈને લૂંટી રે,
ખૂટી પાપીની જબ આવી મલી રે. ૨૨

જય કલશ ગંધ ગજ લીધો રે, કાઠ પિંજર દીધો રે,
કીધો નિજ સેવક શૂર પલ્લીપતિ રે. ૨૩

છન્નું કોડી સોનૈયા રે, મૂંડો મોતી મોગઈયા રે,
બીજા ધન કહિયા ગણિયા નવિ શકે રે. ૨૪

ખાટ્યું કટક ઋદ્ધિ ઝાઝી રે, મતવાલા માજી રે,
બાજી સવિ આવ્યું જનપદ લોકને રે. ૨૫

તૂઠો રાજા ભાખે રે, સહુ કોઈની સાખે રે,
પારખે પહોતા રે એ ચારે નરા રે. ૨૬

જ્ઞાન કલા ચતુરાઈ રે, ભલાં દીઠાં ભલાઈ રે,
પાઈ મેં શોભા એહથી અતિ ઘણી રે. ૨૭
મુજને દીધું જયદાન રે, એ તો પુરુષ પ્રધાન રે,
બહુ દાન દેઈને રાખે તનુ છાયા પરે રે. ૨૮
સૂરજપુર નામે રે, થાપ્યું પલ્લિ ઠામે રે,
પટરાણીને કામે એ સવિ ભૂમિકા રે. ૨૯
મનાવી આણ રે, વલીયો દેઈ નીશાણ રે,
આવે નર રાણહ સિંહપુર જોયવા રે. ૩૦
શુભગાંગ નરદેવા રે, કરે સાચી સેવા રે,
મેવા જે જોઈએ જેહને જેહવા રે. ૩૧
દિન કેતા રહીએ રે, તુમથી સુખ લહીએ રે,
આણા શિર વહીએ તુમચા નેહથી રે. ૩૨
એમ કહી સંતોષ્યો રે, પ્રતાપસિંહ નૃપ પોષ્યો રે,
ભૂખ્યો નવિ ધરાયે તેણી પરે જોવતાં રે. ૩૩
પ્રદીપવતી દીપચંદ્ર રાણી રે, સૂર્યવતી નિજ જાણી રે,
ધરે પ્રીતિ અધિકેરી સગપણ જાણીને રે. ૩૪
હવે પ્રતાપસિંહ ચલાવી રે, કેતી [૧]ભૂંઈ વલાવી રે,
પાછા ફરી સિંહપુરે શુભગાંગ આવીયા રે. ૩૫
અનુક્રમે નૃપ આવ્યા રે, દીપશિખા પુરે ભાવ્યા રે,
વાજાં વજડાવ્યાં જયત નીશાણનાં રે. ૩૬
પુણ્યવંત જિહાં જાવે રે, તિહાં મંગલ થાવે રે,
ભાવે એમ વાણી શ્રીજ્ઞાનવિમલ તણી રે. ૩૭

**॥ દોહા ॥**

દીપશિખા પુરી આવતાં, [૨]ધરણીધવને અનેક;
લાભ થયા સ્ત્રી ધન [૩]સયણ, ગજરથ નર મળ્યા છેક. ૧
વ્યવહારી સંતોષિયો, જાણી તસ ઉપકાર;
સજ્જનનાં લેરી પરે, શિર ધરતા તસ ભાર. ૨

૧. ભૂમિ ૨. ધરણીપતિને, રાજાને ૩. સ્વજન

દિન [1]કેતાએક તિહાં રહી, નગરહ ભણી પ્રયાણ;
કરવાને હવે ઊમહ્યા, પ્રતાપસિંહ ભૂભાણ. ૩

સેંદ્રી પ્રમુખ સખી સાથશું, સૂર્યવતી પણ સાથ;
ચતુરંગી સેના દાયજા, દીધી અતિ ઘણી [2]આથ. ૪

દીપચંદ્ર સાથે થયા, વોલાવાને કાજ;
જનની દીપવતી સતી, પુત્રી તે ધરી લાજ. ૫

તું માહરે હિયડે વસી, તું મુજ પ્રાણ આધાર;
બિછડતાં વહાલાં હુયે, નયણ ન ખંચે ધાર. ૬

જાગે સહુથી પ્રથમ તું, સમરે શ્રીનવકાર;
જિનપ્રતિમા પૂજી જમે, એ આપણો આચાર. ૭

ટાલે અવિધિ આશાતના, કરજે વિધિશું ધર્મ;
વિનય ન ચૂકે ગુણી તણો, એહ કહ્યાનો મર્મ. ૮

ત્રિવિધ શીલ યતના કરે, ભક્તિ કરે ભરતાર;
વૃદ્ધ વચન અંગીકરે, સમજી તત્ત્વ વિચાર. ૯

કુલ-લજ્જા સુરવેલડી, તુજ મંડપ આધાર;
રોપી છે તે સીંચજે, જિમ પસરે આચાર. ૧૦

શીખ દેઈ એમ માવડી, દેઈ આશીષ અપાર;
ચિરંજીવો નિજ કંતશું, તુજને ધર્મ આધાર. ૧૧

મુજ મનને ઠારણ ભણી, કેવરાવે સંદેશ;
પિયર કદીય ન વીસરે, જો સાસરુ હોયે શતદેશ. ૧૨

બેટી પરઘર વાસવે, એહ સદા વ્યવહાર;
શિર ચુંબી [3]ભીડી હૃદે, માતાએ તેણી વાર. ૧૩

વોલાવી પાછા વળ્યાં, પિયરીયાં તેણી વાર;
સેંદ્રી સખીને એમ કહે, એ છે તુમ આધાર. ૧૪

સોંપી મેં તુજને અછે, કાલેજાની કોર;
ઘણું ઘણું શું દાખવું, તું છે ચતુર ચકોર. ૧૫

૧. કેટલાંક ૨. લક્ષ્મી ૩. હૃદયથી આલિંગન કર્યું

## ॥ ઢાળ છઠ્ઠી ॥

(માહરું કરહળડો પલાણીયો રે—એ દેશી)

મહારાજ આજ આવે રે, પ્રતાપસિંહ ભૂપાલ. મહા૦
વેગે કર્યું રે પ્રયાણ, ચલિયા દૂત વધામણી;
નયર કુશસ્થલ ભાણ, થોડે દિનમાં આવે ધણી. મ૦ ૧
શણગારે સવિ હાટ, થાટશું આવે મહાજન સામઈયા;
નગરીની શોભા દેખી, સુર સઘલા જોવે રહ્યાં. મ૦ ૨
ભરી ભરી મોતી થાલ, [1]સોહવ વધાવે સ્વસ્તિક પૂરતી;
સાંબેલા સજી કુંભ, નયણે નિહાલે નયર તણો પતિ. મ૦ ૩
વાજે ગુહીર નિશાન, નાચે નાટક પાત્ર બધા તિહાં;
દાન માન ગુણગાન, ન રહી તેણે સમે કાંઈ મણા જિહાં. મ૦ ૪
મહાજન કરે રે જુહાર, સાર શૃંગારાદિક લેઈ ભેટણાં;
જય વિજયાદિ કુમાર, તાત તણા પદ પ્રણમે દુઃખ મેટણા. મ૦ ૫
એણી પરે નગર પ્રવેશ, કર્યો પ્રજાએ બહુલા હરખશું;
પુણ્યે સઘલા થોક, આય મિલે તે નયણે નિરખશું. મ૦ ૬
આવી બેઠા તખત, [2]વખતબળે શું નવિ સંપજે;
દુર્ગમ તે સુગમ જ થાય, નિત નિત નવલા કામિત નીપજે. મ૦ ૭

यतः— धर्माज्जन्म कुले शरीरपटुतासौभाग्यमायुर्बलं,
धर्मेणैव भवंति निर्मलयशोविद्यार्थसंपत्तयः
कांताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते,
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः १

**અર્થઃ**—સારા કુલમાં જન્મ, સ્વસ્થ શરીર, સૌભાગ્ય, આયુ અને બળ, તે ધર્મથકી પ્રાપ્ત થાય છે; અને નિર્મલ યશ, વિદ્યા, દ્રવ્ય, સંપત્તિ, તે સર્વ ધર્મે કરીને જ પ્રાપ્ત થાય છે. તથા ઉગ્ર વનને વિષે સિંહ, હાથી, અગ્નિ, તસ્કરાદિક મહાભય થકી નિરંતર ધર્મ રક્ષણ કરે છે, અને રૂડે પ્રકારે ઉપાસેલો ધર્મ અવશ્ય સ્વર્ગ તથા મોક્ષને દેનારો થાય છે. ૧

દુસમન કીધા દૂર, સૂરપણાથી હો ભૂરિ રમા લહે;
આનંદ્યો પરિવાર, સાર જન્મારો હો એહવાનો કહે. મ૦ ૮

---

૧. સધવા (સોહાગણ) સ્ત્રીઓ ૨. પુણ્યના બળે

પાળે રાજ્ય ઉલ્લાસ, ન્યાયે ધર્મ અર્થ સાધે ભલા;
વિચ વિચ કામ વિલાસ, દેવ દોગુંદક દીસે ગુણનીલા. મ૦ ૯

સૂર્યવતીને સાથ, કાલ ન જાણે સુખમાં જાયતો,
સુજશ સંયોગ સૌભાગ, ભાગ્યબલી છે પ્રતાપસિંહ રાયનો. મ૦૧૦

એહવે એક દિન યોગ, ચારે બંધવ બેઠા છે જયઘરે;
કરતા વાત વિચાર, નેહ દેખાડે છે અન્યોઅન્યહરે. મ૦ ૧૧

એહ બંધવ વ્યવહાર, સુખ દુઃખ વાત તણા મનોરથ ધરે;
પ્રસન્ન ચિત્ત તેણીવાર, ગોખે બેઠા તે જોષ ભલા કરે. મ૦ ૧૨

એણે સમે લોકના થોક, મલીયા દીઠા રાજ્ય પંથે ઘણા;
કૌતુક જોવા હેત, જાવે ને આવે હો લેતા ભામણાં. મ૦ ૧૩

કહે સેવકને તામ, જઈને જુઓ રે એ શું અછે;
તેણે જઈ તિહાં તેણીવાર, જોઈને ભાખે રે જેમ તેહને રુચે. મ૦ ૧૪

કોઈ પરદેશી દેવ, આવ્યો દીસે છે નિપુણ નિમિત્તિયો;
પૂછે જે તસ વાત, મનની દાખે છે જોઈ નિમિત્તિયો. મ૦ ૧૫

તેડાવ્યો મનોહાર, વારુ કરીને ગણક કલાધરુ;
બેઠો દેઈ આશીષ, આગે બેઠા તે રાજકુમર વરુ. મ૦ ૧૬

કિહાંથી આવ્યા આમ, કિણ દિશે જાશો રે જાણ તે જોષિયા;
કિહાં ધરો મન કામ, તે સવિ દાખો હો પુણ્યના પોષિયા. મ૦ ૧૭

અતિ આદર જિહાં હોયે, તિહાં બેસતાં મનડું ઉલ્લસે;
એહવો લોકનો ન્યાય, જ્ઞાનની ગોષ્ઠે હો સાતે સુખ વસે. મ૦ ૧૮

श्लोक– लाभालाभं सुखं दुःखं, जीवितं मरणं तथा;
गमनागमनं चैव नैमित्तानामथाष्टकं. १

## ॥ સોરઠા / દોહા ॥

સોરઠા–બોલ્યો તે મતિવંત, સુણો કુમર સોભાગિયા;
થાઓ ચિત્ત સાવધાન, જો છો કથાના રાગીયા. ૧

જો ધરિયે નિજ કાન, કથા સવાદ કહેતાં બને;
ધરિયે મનમાં શાન, તો કહેતાં રસ હોય મને. ૨

પણ એ કહેતાં વાત, ચિત્ત કુમરને આવસી;
એકાંતે છે યોગ્ય, સુણતાં સુખ ન પાવસી. ૩

દોહા—પશ્ચિમ દિશિમંડણ તિલક, ઓપમ સિંહપુર નયર;
લચ્છિ નિવાસ અછે ભલું, જિહાં બહુ મયા ને મહેર. ૪

તિહાં શુભગાંગ નરેસરુ, ન્યાયે અભિનવ રામ;
ટાલે દુષ્ટ પાળે પ્રજા, દિયે પંડિતને બહુ દામ. ૫

તિણ પુર શ્રીધર નામથી, વસે ગણક અતિ છેક;
નાગિલા નારી તેહની, ધરણી તણે વિવેક. ૬

ધરણ પુત્ર હું તેહનો, એક જ ગણકનો જાણ;
યૌવન વયમાં આવિયો, અનોપમ અમલી માણ. ૭

ગણક પ્રિયંકર પરવડો, તેહી જ નગર મઝાર;
શીલવતી તેહની પ્રિયા, તસ પુત્રી સુખકાર. ૮

શ્રીદેવી દેવી પરે, રૂપકલા ભંડાર;
લઘુવયથી પણ ધર્મિણી, જિનમત વાસિત સાર. ૯

જીવદયાને પાલતી, શ્રીધરે માગી તેહ;
પરણાવ્યો નિજ પુત્રને, વાધે અતિ ઘણો નેહ. ૧૦

**॥ ઢાલ સાતમી ॥**

(કપૂર હોયે અતિ ઉજલો રે—એ દેશી; રાગ કેદારો)

હવે શ્રીદેવી તે વહૂ રે, વિનય વહે કરે કામ;
મન ગમતી પરિવારને રે, વધારે ઘર મામ રે ભાઈ.
જુઓ જુઓ કર્મવિલાસ. સહુ છે કર્મના દાસ રે ભાઈ, જુઓ૦
સુખ દુઃખ કર્મનાં ભાસ રે ભાઈ; જુઓ૦ ૧

સુકુલિણીથી ઘર રહે રે, વાધે પુણ્યનાં કાજ;
સતીય બિરુદ ધરે ઘણું રે, બિહુ કુલ વધારે લાજ રે ભાઈ. જુ૦ ૨

જેતાં કામ વહૂ તણાં રે, તેતાં કરે ધરી રાગ;
પણ સાસુ મન નવિ ગમે રે, જેમ કોકિલને કાગ રે ભાઈ. જુ૦ ૩

યતઃ—शय्योत्पाटनगेहमार्ज्जनपयःपावित्रचुल्लिक्रिया,
स्थालीक्षालनधान्यपेषणभिदा, गोदोहतन्मन्थनैः ॥

डिंभानां परिवेषणादि च तथा पात्रादिशौचक्रिया,
श्वश्रूर्भर्त्तननंददेवविनयैः कष्टं वधूर्जीवति ॥१॥

**અર્થઃ**–શય્યા ઉપાડવી, ઘરનું વાશીદું કાઢવું, જલ ગળવું, રસોઈ કરવી, થાલીઓ માંજવી, દળણું દળવું, ગાય દોહવી, છાશ કરવી, છોકરાંઓને જમાડવા, વાસણાદિ ધોવા, સાસુ, પોતાના સ્વામી, નણંદ, દિયર તેમનો વિનય કરવો, એટલાં કષ્ટોએ કરી વહુ જીવે છે. ૧

શ્રી જિનવચનની રાગિણી રે, બોલે મીઠા બોલ;
પિહરિયાને પૂછતાં રે, સુખ દુઃખ ન કહે તોલ રે ભાઈ. જુ૦ ૪

જિન અરહટ ઘટ ચંત્રિકા રે, યષ્ટિ કરે ખટકાર;
તિમ સાસુ વહુશું કરે રે, વગર કામે ફટકાર રે ભાઈ. જુ૦ ૫

નાઠું ભાંગું વીસર્યું રે, જે કાંઈ વિણઠું હોય;
વહુનો વાંક દેખાડતી રે, બીજો અવર ન કોય રે ભાઈ. જુ૦ ૬

કર્મ શુભાશુભ જે કર્યાં રે, ઉદયે આવ્યાં તેહ;
બહુ વિષવાદ ન ચિંતવે રે, દુઃખ સહે નિજ દેહ રે ભાઈ. જુ૦ ૭

એક દિન સસરાની મુદ્રિકા રે, પડી લાધી તેણીવાર;
વહુએ મૂકી થાનકે રે, કરે ઘરના વ્યાપાર રે ભાઈ. જુ૦ ૮

પૂછ્યું સસરે કિહાં ગઈ રે, મુદ્રા માહરી આજ;
એહવે વહુ આવી દીએ રે, વીંટી લીઓ મહારાજ રે ભાઈ. જુ૦ ૯

સાસુ શોક્ય સમી ભણે રે, લક્ષણ દેખો સ્વામ;
વહુ રૂપે એ ચોરટી રે, કિમ રહેશે ઘર મામ રે ભાઈ. જુ૦ ૧૦

પૂજ્યનાં ભૂષણ ચોરતી રે, ન ગણે કાંઈ શંક;
તો શું અવરનું દાખવું રે, પગ પગ દીસે વંક રે ભાઈ. જુ૦ ૧૧

વાઘણ પરે તે લવલવે રે, સીગલ પરડ સમાન;
આલ દીએ અમલાવતી રે, જિમ તિમ લવે નીશાન રે ભાઈ. જુ૦ ૧૨

હવે તે સુત આવ્યો ઘરે રે, સુણી શંખણી માતા વાત;
રીસે ધડહડતો કહે રે, અહો અહો વહુ ત્રિજાત રે ભાઈ. જુ૦ ૧૩

હાથે ગ્રહી નિજ નારીને રે, મારે મુશલ પ્રહાર;
શિર ફાટ્યું શોણિત વહ્યું રે, કીધો તેણે એ અનાચાર રે ભાઈ,
બલો ગમાર ભરતાર રે ભાઈ. જુ૦ ૧૪

શ્રીદેવી મન ચિંતવે રે, કૃતકરણી ફલ એહ;
નિમિત્ત માત્ર ફલ પર દિયે રે, એ જ ધૈર્ય નિઃસંદેહ રે ભાઈ. જુ૦ ૧૫

પીયરે જઈ કિણહીકે કહ્યું રે, દોડી આવી માત;
દુઃખભર છાતી ફાટતી રે, હા હા એ ઉતપાત રે બાઈ.
બોલાવે સુખશાત; હવે કોણ કહેશે મુજ માત રે બાઈ,
તાહરી મીઠી વાત રે બાઈ. બોલા૦૧૬

તેડી લાવ્યા પીયરે રે, કહે ઉઘાડીને નેત્ર;
તુજ વિણ સૂનું સવિ થશે રે, કિહાં ગયું મુજશું હેત રે બાઈ. બો૦ ૧૭

આડો માંડ્યો નવિ કદાજી, મુખે ન તૂસ ને રીશ;
અવિનય તો શીખી નથી રે, કરતી વિનય નિશદીસ રે બાઈ. બો૦ ૧૮

ઓલંભો નવિ આણીયોજી, રુદન ન દીઠું મુખ;
પિતા બાંધવ સયણાં સવેજી, ઉપાવતી બહુ સુખ રે બાઈ. બો૦ ૧૯

ભામણડાં લેઉં તાહરાંજી, એમ કહે સવિ પરિવાર;
કોણ જિનધર્મની વાતડીજી, કરશે વારોવાર રે બાઈ. બો૦ ૨૦

સાસુ પણ હવે શંખિણીજી, પોકારે કરી શોર;
ઘરણો હાહારવ કરેજી, મેં કીધું પાપ અઘોર રે ભાઈ. બો૦ ૨૧

કેઈ કહે નિર્લજ નાગિલા રે, જૂઠા-બોલી એ રાંડ;
કોઈ કહે પતિ અપરાધિયોજી, જેહવો આંક્યો સાંઢ રે ભાઈ. બો૦ ૨૨

વહુ મૂઈ તો છૂટશે રે, એ પાપિણીથી રે આજ;
હુઈ અચેતન તે સમેજી, લોકમાં ન રહી લાજ રે ભાઈ,
સાસરીયાથી આવી વાજ રે ભાઈ. બો૦ ૨૩

એહવે વૈદ્ય કોઈ આવીયોજી, કીધો મંત્ર પ્રચાર;
જલ છાંટી સચેતન કરીજી, તવ હરખ્યો પરિવાર રે ભાઈ. બો૦ ૨૪

કહે વૈદ્ય વારુ થયું રે, પણ નહીં એહનું આય;
ધર્મોષધિને સાચવોજી, જેમ આયતિ સુખ થાય રે ભાઈ,
કીધાં દુષ્કૃત જાય રે ભાઈ. બો૦ ૨૫

દેવ ગુરુ ધર્મ સંભારીયા રે, શરણાં સુણાવે ચાર;
સાધુ મુખે આરાધનાજી, કહે શુભ ભાવના ભાવ રે બાઈ. બો૦ ૨૬

જીવ ખમાવ્યા અતિ ભલાજી, લાખ ચોરાશી જેહ;
પાપથાનક અઢાર છેજી, વોસરાવીજે તેહ રે બાઈ. બો૦ ૨૭

સુકૃત ભણી અનુમોદનાજી, નિંદા દુષ્કૃતની કીધ;
શ્રી નવકાર સંભળાવતાંજી, પ્રાણ ત્યાગ તેણે કીધ રે બાઈ. બો૦ ૨૮

શુભ ધ્યાને શુભ સંગતેજી, શુભ ગતિ હોયે નિદાન;
તે પણ આગળ ભાખશેજી, જ્ઞાનવિમલ ગુરુ જ્ઞાન રે ભાઈ. બો૦ ૨૯

**॥ દોહા ॥**

માતપિતાએ મોહથી, કીધા બહુત વિલાપ;
જોર નહીં છે મરણશું, પણ એ મોહ સંતાપ. ૧

પ્રેત કાર્ય તેહનું કરી, સયણ થયાં ગત શોક;
ધર્મ કર્મ ઉદ્યમ કરે, વારુ જે છે લોક. ૨

નગર લોક ફિટ ફિટ કહે, જાણી નાગિલા વાત;
મુખ દેખાડી નવિ શકે, શ્રીધર ગણક સાક્ષાત. ૩

જઈ અનેથી ગામે વસ્યો, અન્ય ગણકની કાંય;
કન્યા નામે ઉમા અછે, પરણાવે ધરણને તાંય. ૪

સુગાલી ને શંખિણી, ક્ષણ ક્ષણ તે રિસાય;
મરમ વચન બોલે ઘણાં, નિઠુર ચિત્ત બલાય. ૫

આપ હઠિલી વાદિણી, તાડિણી વૈર વિલાય;
પ્રાય મળે પાછળ ઠીકરું, જસ સોવન ભાજન જાય. ૬

કૂડ કપટની કોથળી, કોઈ ન આવે દાય;
સાસુ દાસી પરિકરી, વાઘણી બકરી ન્યાય. ૭

પ્રત્યક્ષ પાપ આવી મલ્યું, સાસુ સસરો એમ;
ચિંતે મનમાં મુહ બલ્યાં, ધૂમ બાફ નહીં જેમ. ૮

દિન કેતે પરલોકમાં, સાસુ સસરો જાય,
હવે ઉમા નિઃશંકથી, ચાલ ચલાવે ઠાય. ૯

**॥ ઢાળ આઠમી ॥**

(માહરું મન મોહ્યું રે માધવ દેવા રે—એ દેશી; રાગ પરજીયો અથવા પ્રભાતી)

ધરણની જાયા રે માયા બહુ કરે રે, વશ કીધો નિજ કંત;
બાહિર ભીતર ક્ષણ નવિ તે વિના રે, ન રહે તે એકાંત. ૧

જગમાંહે જોજો રે મોહ વિટંબના રે, મોહની મહોટી આણ;
મોહે નડિયા તે નારી વશ પડ્યા રે, સુર નર કીધ હેરાન. જગ૦ ૨

મંત્ર્યો ઢાંઢો રે જેમ વશ ફેરીએ રે, તેમ ભંભેર્યો નાર;
અવગુણ સઘલા ગુણ કરી લેખવે રે, માને ધન્ય અવતાર. જગ૦ ૩

ધણિયાણી મુખ કીધો ધણીને કામણ્યો રે, જિહાં તિહાં સ્ત્રી ગુણ ગાય;
મિત્ર અછે તસ સોમદેવ નામથી રે, કહે તેહને ચિત્ત લાય. જગ૦ ૪

માહરી નારી રે સારી સહુ થકી રે, લક્ષણવંતી લાચ્છ;
સાચ કહું છું એ જોતા થકાં રે, અવર તે કાચ એ પાચ. જગ૦ ૫

મિત્ર કહે સુણ સ્ત્રી ગુણ ન વખાણીએ રે, નારીની એવી નીતિ;
પણ તાહરી નારી મેં એહવી લહી રે, કુલટા નારીની રીતિ. જગ૦ ૬

यतः— प्रत्यक्षे गुरवः स्तुत्याः, परोक्षे मित्रबांधवाः
कर्मांते दासभृत्याश्च, पुत्राश्चैव मृताः स्त्रियः १

**અર્થઃ**—પ્રત્યક્ષમાં ગુરુને વખાણવા, પરોક્ષમાં મિત્ર અને સંબંધીઓનાં વખાણ કરવાં, આપણું કાર્ય થઈ રહ્યા પછી દાસનાં અને અનુચરોનાં વખાણ કરવાં, પુત્ર અને સ્ત્રીનાં મરણ પછી વખાણ કરવાં.

એ ભમરાલી છે સહી ભોગ ભિખારણી રે, ભરમાવે તુજ ચિત્ત;
જો એહને વશ થઈશ તો છલશે સહી રે, લેશે તન મન ચિત્ત. જગ૦ ૭

અન્યને ચિંતે વલી અન્યને ભોગવે રે, ધરી વળી અન્યશું રાગ;
નદીપાણી પરે એ નીચગામિની રે, શ્યો ધરે મિથ્યા રાગ. જગ૦ ૮

ત્રિકરણે નારી એ નહીં તાહરી રે, એહશું કિશ્યો રે સનેહ;
પણ એ નારી નવિ રહે તુજ ઘરે રે, મ કરીશ ઇહાં સંદેહ. જગ૦ ૯

यतः— सती रे सती सो हम घर सती,
तुम घर सती सो अम घर हती;
अमे वसु रन्ने वन्ने, तुमे ते वारे क्यां,
आंखे पाटा किन्नर वाजे, अमे ते वारे त्यां. १

ગામ જાવાને મિષે રહેજે શહેરમાં રે, પછી છાનો ઘરમાંહિ;
આવીને દેખાડું રે કરણી એહની રે, જેમ તું જાણે પ્રાહિ. જગ૦ ૧૦

મિત્ર વયણ સુણી ચિત્તમાં ચમકિયો રે, એ કિશ્યું ભાખે વયણ;
જો નજરે દેખું તો સાચું લહું રે, ખલ પરઘરના ભંજેણ. જગ૦ ૧૧

ઘર જઈ નારીને ધરણો એમ કહે રે, જાવું છે પરગામ;
કામ કરીને વહેલો આવશું રે, તુમ વિણ સૂનું ધામ. જગ૦૧૨
જોરે કરી સ્ત્રી મનાવી નીસર્યો રે, ચિત્ત દુમણો થઈ વેગ;
મિત્ર તણે ઘેર બિહુ છાના રહ્યા રે, રાતિ થઈ કરે ઉદવેગ. જગ૦૧૩
તમ પસર્યો તે પેઠા બેહુ જણા રે, તસ્કર પરે ઘરમાંહિ;
આવી ઉમા તવ ક્ષણમાં પૂંઠથી રે, આવ્યો જાર ઉમાહિ. જગ૦૧૪
તે પલ્યંકે બેઠો દેખિયો રે, ધરણો વિચારે એ કોણ;
મજ્જન ભોજન કરીને સૂતો સેજડી રે, ભોગવે ભોગ અન્નૂણ. જગ૦૧૫
દેખી અસમંજસ એ રીશે ધડહડે રે, જાણે મારું જાર ને નાર;
વલી ચિંતે પાપ મોટું સ્ત્રીહત્યા તણું રે, લાગું મુજ એક વાર. જગ૦૧૬
તેહ ભણી ક્ષત્રિય જારને મારતાં રે, ન કહે કોઈ અન્યાય;
કાઢી ખડગ આરક્ષક સુત હણ્યો રે, છાનો રહ્યો ઘરમાંહિ.
જાણજો હવે શું થાય. જગ૦૧૭
રુધિરે ભીની દેખી સેજડી રે, ચમકી ઉમા મનમાંય;
હા હા એ શું અકારજ નીપન્યું રે, પણ દેખે નવિ કાંય. જગ૦૧૮
બાર ઉઘાડું દેખી ચિંતવે રે, માર્યો વેરવીએ કોય;
બાંધી પોટલી માથે ઉપાડીને રે, કૂપમાં નાખ્યો સોય. જગ૦૧૯
ધરણો ઘર બાહેર ચિંતવે રે, અહો અહો ધીઠી એહ;
ક્લિષ્ટ કુકર્મ કરે જુઓ કેહવી રે, ધિક્ ધિક્ એહશું નેહ. જગ૦૨૦
નિશા વળી ઘણી જાણી તે ઉમા રે, લીધો એક કડાહ;
વડાં વેડમી ખીચડ પૂડા લાપશી રે, તિલવટ તેલ અથાહ. જગ૦૨૧
ભરી કડાહ બહારે તાલું સાચવી રે, ચાલી પાલી નિર્ભીક;
ધરણો પણ પૂઠે થયો જોયવા રે, કિહાં જાશે કરહું નિરત્તિ. જગ૦૨૨
પુર બાહિર સમશાને ગિરિની ગુફા રે, તિહાં મંદિર છે એક;
તેહમાં બેઠી ધીઠી છે બહુ જોગિણી રે, પ્રણમે તેહ વિવેક. જગ૦૨૩
ખર્પરા યોગિણી તેહમાં છે વડી રે, હર્ષે બોલાવે તામ;
રે ઉમયા ભલે આવી બાલિકા રે, સીધું તાહરું કામ. જગ૦૨૪
તે બલિ આપી યોગિણી સંતોષી ઘણું રે, કરે વિનતિ તેણી વાર;
દીધો મંત્ર તુમે જે તે મેં સાધીયો રે, તેહનો બલિ એ સાર. જગ૦૨૫

હવે જો તરુઉડણની વિદ્યા દિયો રે, તો હું પતિ બલિ [૧]દેશ;
કૃષ્ણ ચતુર્દશી રાત્રે વહેલાં આવજો રે, પહેરી કાજલ વેશ. જગ૦૨૬

એમ કહી વિદ્યા વશીકરણી ને ચૂરણું રે, આપ્યો ઉમા સંપ્રેડ;
ઘર આવી તિહાં પતિ પણ પાછળ આવીયો રે, પણ ઘર લાગે વેડ. જગ૦૨૭

ભય બિભત્સ ને અચરિજ રૌદ્ર રસે ભર્યો રે, પણ ધરે મનમાં ધીર;
હાસ્ય શૃંગાર રસ છાંડ્યા મનમાંહે થકી રે, શાંતપણે થયું શરીર. જગ૦૨૮

ધિક્ ધિક્ કુલની નારી તે સારી ઘણી રે, હું થયો અતિ મતિમૂઢ;
મિત્ર પાસે જઈ યુગતે તે સવિ દાખવ્યો રે, કરણી જેહની ગૂઢ. જગ૦૨૯

મિત્ર પવિત્ર તું માહરો હિતકારી થયો રે, માત પિતા તું ભ્રાત;
એહ [૨]અપાય મહોદધિથી ઉગારિયો રે, જ્ઞાનવિમલ ગુરુ વાત. જગ૦૩૦

**॥ દોહા ॥**

મિત્ર કહે ચૂરણ થકી, વશ કરશે એ રંડ;
ધન સવિ એહને વશ હોશે, દેશે દંડ પ્રચંડ. ૧

યતઃ—रवि चरिये गहचरियं, ताराचरियं च चंदचरियं च;
जाणंती बुद्धिमंता, महिलाचरियं न याणंति. १
जलमज्जे मच्छ पयं, आगासे पंखियाण पयपंति;
महिलाण हियय मग्गो, तिन्निवि लोओ न दिसंति. २
सव्वथ्थ पंडिया सव्वथ्थ कुसला, सव्वथ्थ लद्ध लक्खाय;
महिलाण चरिय भणणे, मुक्खा अहवा तिरक्खाय. ३

અર્થ–૧. સૂર્ય, ગ્રહ, તારા અને ચંદ્રના ચરિત્ર અથવા ગતિવિધિ બુદ્ધિમાન લોકો જાણી શકે છે, પણ સ્ત્રીચરિત્ર કોઈ જાણી શકતું નથી. ૨. પાણીમાં મચ્છના પગલાં, આકાશમાં પંખીના પગલાં અને સ્ત્રીના હૃદયની ગતિ (માર્ગ) ત્રણે લોકમાં કોઈને દેખાતી નથી. ૩. સર્વમાં પંડિત, સર્વમાં કુશલ, સર્વ લક્ષણથી યુક્ત પ્રાણી અથવા ત્રિઅક્ષ (ત્રણ આંખવાળા) શિવ પણ સ્ત્રીનું ચરિત્ર કથવાને મૌન ધારણ કરે છે.

મિત્ર કહે નિંદા કિસી, નિવડી નિઠુર એ નાર;
મુખ દીઠે પણ એહને, પાપી હુવે [૩]જમવાર. ૨

ચિંતે ઘર જાઉં નહીં, બાળ મરણ કરું આજ;
કહે મિત્ર ચિંતે કિશ્યું, જાયે જેહથી લાજ. ૩

૧.દઈશ, આપીશ. ૨. દુઃખરૂપી મહાસમુદ્રથી ૩. જન્મારો.

દુશમન શિર પગ દીજીએ, સયણ જે સંતોષાય;
તેહવું કારજ કીજીએ, જેમ ઉન્મત્ત ઉમા દલાય. ૪
ઘર જાઈ ધન વશ કરી, રહેજે અતિ સાવધાન;
ગુરુદત્ત આલોયણ ગ્રહી, ટાલે પાપ નિદાન. ૫
પાપી પાપ થકી પચે, એહવી લોકા વાણ;
દિલગિરી મનમાં કાં કરે, સાહસ કરી પ્રમાણ. ૬

यतः—लंघनैः पच्यते रोगः, फलं कालेन पच्यते;
कुमित्रैः पच्यते राजा, पापी पापेन पच्यते. १

મિત્ર વયણ મનમાં ધરી, પહોતો ગેહ મઝાર;
સાહમી આવી અતિ ઘણું, મીઠી જેમ માંજાર. ૭
મીઠું બોલે પણ નવિ ગમે, લૂખી લાગે વાત;
મોઢે બચકા હા ભણે, જિમ મીંઢળ ગંધે ભાત. ૮
રણધીર જે કોટવાલ સુત, મૃતક તણી સુણી વાત;
કાઢ્યો કૂપથી તેહને, થયો અકારજ ઘાત. ૯
શહેરમાંહે થયો ગલગલો, ન પડી કાંઈ સૂઝ;
હાહાકાર સહુ કો કરે, પણ કિશ્યું ન જાણે ગુજ્જ. ૧૦
ધરણે ધન સવિ કાઢિયું, દાખી વણિજનું હેત;
મિત્ર ઘરે ભોજન કરે, જાણે સર્વ સંકેત. ૧૧
કોહ્યું કાંજી ખીચડી, કોહી ત્યજીએ જેમ;
ઘરઘરણી તેણી પરે ત્યજી, પૂછી મિત્રને પ્રેમ. ૧૨

**॥ઢાળ નવમી ॥**

(કાયા પુર પાટણ મોકલું—એ દેશી)

ધરણ ધીરજ ધરી ચાલીયો, ગ્રહી વર કાપડી વેશ રે;
દેશ પુર નગર જોતો ફરે, મૂક્યો આપણો દેશ રે. ૧
ધર્મથી દુરિત દૂરે ટલે, કુગતિ કુસંગતિ જાય રે;
મનહ મનોરથ સવિ ફલે, સયણ સઘળા મિલે આય રે. ધર્મ૦ ૨
એક દિન પર્વત પાસે રહ્યો, દીઠડો સિદ્ધ નર એક રે;
વિનયશું તસ પદ વંદીયા, પાસે બેઠો સવિવેક રે. ધર્મ૦ ૩
વિનયતણો ગુણ દેખીને, રંજિયો સિદ્ધ નર તેહ રે;
તું કોણ કિહાં થકી આવીયો, ભદ્રક ગુણ તણો ગેહ રે. ધર્મ૦ ૪

વાત કહી સર્વ કરતૂતની, જેહ થઈ તેહ તેણી વાર રે;
દોય પાતિક મુજ લાગિયાં, તેહનો કર તું નિસ્તાર રે. ધર્મ૦ ૫

સિદ્ધ ચિંતે એ મુગ્ધ ભદ્ર છે, અન્યથા કેમ કહે પાપ રે;
કહે વિચારી સુણ સુભગ તું, મુજને ચિંતા છે આપ રે. ધર્મ૦ ૬

સ્થિર મને બુદ્ધિ સવિ ઉપજે, સ્થિર મને ધર્મ ફલ થાય રે;
અથિર મન યોગથી નવિ હુયે, ઇહ પરભવ ફલ કાંય રે. ધર્મ૦ ૭

ધરણ કહે તુમને ચિંતા કિસી, તુમો મહાભાગ્ય વૈરાગ્ય રે;
સો કહે વિદ્યાધર ગુરે શીખવી, તસ સાધનનો નહીં લાગ રે. ધર્મ૦ ૮

યતઃ–चित्तायत्तं धातुबद्धं शरीरं, चित्ते नष्टे धातवो यांति नाशम्;
तस्माच्चित्तं यत्नतो रक्षणीयं, स्वस्थे चित्ते बुद्धयः संभवंति. १

અર્થ–આ સપ્ત ધાતુઓથી બંધાયેલું શરીર ચિત્તને આધીન છે, ચિત્ત નાશ પામવાથી ધાતુઓ નાશ પામે છે, માટે ચિત્તનું યત્નથી રક્ષણ કરવું જોઈએ, કેમકે ચિત્ત સ્વસ્થ હોય તો જ બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

તેહ સાધ્યા વિના મન તણી, માહરી ખટક નવિ જાય રે;
સાંભરે સર્વ શાતા થયે, કાંઈ અછે તાસ ઉપાય રે. ધર્મ૦ ૯

તેહ વિદ્યાને સાધન ભણી, જોઈએ કંચન રાશિ રે;
તુજ સમીપે તે દીસે નહીં, સિદ્ધ નર કહે કરી હાંસી રે. ધર્મ૦૧૦

ધરણ કહે રત્ન માહરે ઘણાં, તેહથી બહુલ સુવન્ન રે;
આગલે ચાલો તો તે દેઉં, તેહથી હેમને કરો ધન્ન રે. ધર્મ૦૧૧

ચિત્ત સુપ્રસન્ન કરો આપણું, સાધીએ ગુરુદત્ત મંત્ર રે;
પરઉપકાર જેથી સંપજે, તન મન ધન તે પવિત્ર રે. ધર્મ૦૧૨

સિદ્ધ નર ચિત્તમાં હરષિયો, વયણ સુણી ધરણનાં તામ રે;
ધૈર્ય ઔદાર્ય ગુણ બહુ લહી, અહો અહો એહ અભિરામ રે. ધર્મ૦૧૩

મુજ અજાણ્યાને એ વિશ્વસે, નવિ ખસે વચનની સીમ રે;
પાપભીરુ પણ તેહવો, સંતમાં એહ નિસ્સીમ રે. ધર્મ૦૧૪

સુરને ચિંતિત દિયે સુરગવી, નરને સુરધેનુ તે સેવ રે;
વિનયથી સર્વ સુપ્રસન્ન હુએ, તાત ગુરુ શેઠ ને દેવ રે. ધર્મ૦૧૫

તુષ્ટ થઈ સિદ્ધ નર તવ કહે, તું અછે ભદ્રક ભાવ રે;
એમ વિશ્વાસ નવિ કીજીએ, હોયે કલિમાં બહુ ખલ ભાવ રે. ધર્મ૦૧૬

મેં તુજ સત્ત્વ પરીક્ષા કરી, નહીં મુજ રયણ હેમ કામ રે;
અજ્ઞાત વિશ્વાસ તે નવિ ઘટે, આગે પણ સુણ્યાં ચાર નામ રે. ધર્મ૦ ૧૭

યતઃ—बाल्येनालिंगिता नारी, ब्राह्मणस्तृणहारकः
वने पक्षी मुखे काष्ठं, ग्रामे वेसरजीवकः १

હું છું નિઃસ્પૃહ મને ધુર થકી, પણ જોઉં છું નરરત્ન રે;
કર્ણ પિશાચી વિદ્યા દેઉં, કરીય કલ્યાણનું યત્ન રે. ધર્મ૦ ૧૮

એહ કલ્યાણ વિદ્યા અછે, ગુરુજીએ જે મુજ દીધ રે;
યોગ્ય નરને જો આપીએ, તો હોયે કાર્ય સવિ સિદ્ધ રે. ધર્મ૦ ૧૯

તાહરું ધન રહો તુજ કને, માહરે તો નહીં કાજ રે;
એમ કહી પાઠ વિદ્યા દિયે, તેણે પણ ગ્રહી હિત કાજ રે. ધર્મ૦ ૨૦

ભક્તિથી વિધિ સવિ સાચવ્યો, સાધી વિદ્યા તતકાલ રે;
શું અછે જેહ ન સંપજે, ગુરુ તણે વિનયે સુરસાલ રે. ધર્મ૦ ૨૧

રુઠડો વ્યાલ વેતાલ અહિ, વિષ અરિ દુષ્ટ કરે જેહ રે;
ગુરુ પ્રત્યનીકતા તેહથી, અશુભ કરે ભવ તેહ રે. ધર્મ૦ ૨૨

કેટલાએક દિન તિહાં રહી, આશીષ લહી શિર નામ રે;
નીસરિયો તે દેશાંતરે, ફરે પુર નયર બહુ ઠામ રે. ધર્મ૦ ૨૩

કૌતુક નવનવાં દેખતો, શીખતો વિવિધ આચાર રે;
એક દિન અંબતરુ તલે રહ્યો, કાઉસ્સગ્ગે એક અણગાર રે. ધર્મ૦ ૨૪

માનસ સર જસ નિર્મલું, આતમરામ રાજહંસ રે;
ઉભય પખ શુદ્ધ ક્રીડા કરે, સુમતિ હંસી સદા સંસ રે. ધર્મ૦ ૨૫

નિર્મલ ધ્યાન [૧]મુકતા ચૂગે, જાણે જડ ચેતન ભાવ રે;
ભાવવિભાવ વિવેચન કરે, ભવજલ તરણ ગુણ નાવ રે. ધર્મ૦ ૨૬

નિરખીઓ સાધુ નિશ્ચલ મને, વંદિયા તેહના પાય રે;
હરખ્યો હેજશું અતિ ઘણો, મનમાંહે ધન્ય એમ થાય રે. ધર્મ૦ ૨૭

કાઉસ્સગ્ગ પારી [૨]પૂંજી કરી, આસન ધરીય [૩]બઈટ્ઠ રે;
ધરણ કહે આજ સુરતરુ ફલ્યો, દર્શન તુમ તણું દિટ્ઠ રે. ધર્મ૦ ૨૮

કહો હવે ધર્મની દેશના, જેહથી જાય સવિ પાપ રે;
જ્ઞાનવિમલ ગુરુ વયણથી, સાંભળો સમકિત છાપ રે. ધર્મ૦ ૨૯

૧. મોતી ૨. પૂંજીને, ૩. બેઠા

॥ દોહા ॥

મુનિવર તિહાં ઉપદેશ દે, સરસ સુધા અનુકાર;
જયવંતો જગ ધર્મ છે, વિશ્વ તણો આધાર. ૧

દુર્ગતિ પડતા જંતુને, ધારે તેહિ જ ધર્મ;
ભાવધર્મ તે જાણિયે, જેહથી હોયે [1]શિવશર્મ. ૨

यतः–दुर्गति-प्रसृतान् जंतून्, धृत्या धारयते यतः
धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इति स्मृतः १
दुर्गतौ प्रपतज्जंतून्, धारणाद्धर्म उच्यते;
संयमादिर्दशविधः सर्वज्ञोक्तो विमुक्तये. २

**અર્થ–**૧. દુર્ગતિમાં પડતાં જીવોને દૃઢતાથી ધરી રાખે છે, અને આત્માને શુભ સ્થાનમાં મૂકે છે માટે તેને ધર્મ કહે છે. ૨. દુર્ગતિમાં પડતાં પ્રાણીને ધારણ કરી રાખે તે ધર્મ કહેવાય છે. સંયમાદિ દશ પ્રકારે સર્વજ્ઞે કહેલો ધર્મ નિશ્ચયે મુક્તિ માટે જ છે.

બંધુ નહીં તસ બંધુ છે, વળી અસહાય સહાય;
અસખાને એ સખા અછે, અનાથ નાથ ધર્મ ભાય. ૩

શત્રુંજય સમ તીર્થ પર, નમસ્કાર સમ જાપ;
દયા સમાન કો ધર્મ નહીં, એ ત્રિવિધે હરે પાપ. ૪

દર્શન જ્ઞાન ચારિત્ર તપ, એ ગુણ ચાર મહંત;
તે ગુણ ભાજન અરિહ સિદ્ધ, સૂરિ વાચગ મુનિકંત. ૫

તેહ સમ અવર ન મંત્ર છે, શિવ આકર્ષણ મંત્ર;
સિદ્ધચક્ર એ નામથી, સિદ્ધક્ષેત્ર ગિરિ તંત્ર. ૬

દાન દયા દમ જ્યાં અછે, તેહ ધર્મ જગ સાર;
એહથી જગમાં અતિ ઘણો, જસ શોભા વિસ્તાર. ૭

જીવ છકાય નિજ તનુ સમા, લેખવીએ નિરધાર;
ઇંદ્રિય દમન વૈરાગ્યતા, ધર્મ તણો એ સાર. ૮

પંચ પરમેષ્ઠી સ્મરણથી, ભવ ભવ આપદ જાય;
સંપદ સવિ આવી મળે, ઉભય લોક સુખદાય. ૯

જેહ અનંત જિન મુનિગણે, ફરસ થકી સુપવિત્ત;
શિવપદ પામ્યા જન ઘણા, કરી તન મન એકચિત્ત. ૧૦

---

૧. શિવસુખ

પાપ સહસ્ર ગમે કર્યાં, એ ગિરિથી હોયે નાશ;
સમકિત ફરસી જો ભજે, એ ગિરિ લીલ વિલાસ. ૧૧

દાનાદિક સવિ ધર્મ છે, શિવપદ કેરાં મૂળ;
જો સમકિત સુરતરુ મલે, તો હોયે ભવ પ્રતિકૂળ. ૧૨

સમ સંવેગ ભવત્યાગતા, અનુકંપા આસ્તિક્ય;
એ પાંચે કરી લખ્ખણે, લખીએ સમકિત શક્ય. ૧૩

ગુણહીનશું પણ કોપ નહીં, એ સમ લક્ષણ જાણ;
અભિલાષા જે મોક્ષની, તે સંવેગ વખાણ. ૧૪

આસ્રવ ત્યાગ ઇચ્છા ધરે, તે નિર્વેદ કહાય;
અનુકંપા દુઃખી ઉદ્ધરણ, દ્રવ્ય ભાવ ઠહરાય. ૧૫

દોષરહિત જે પુરુષ છે, તાસ વચન પરતીત;
તે આસ્તિક્યપણું કહ્યું, એ સમકિતની રીત. ૧૬

ધૃતિયુત તીર્થ પ્રભાવના, ભક્તિરાગ ગુણ હેત;
જિનશાસનની કુશલતા, એ ભૂષણ સંકેત. ૧૭

એમ મુનિ મુખથી દેશના, સુણી ધરણો કહે સ્વામ;
જિમ હત્યા પાતક થકી, છૂટું તે કહો ઠામ. ૧૮

કહે મુનિ તું પુણ્યાતમા, પાપથી પામે [૧]શંક;
નિશ્ચય તું લઘુ કર્મ છે, જાણે તું નિઃશંક. ૧૯

તપ કિરિયા ઉદ્યમ કરે, જઈ સિદ્ધાચલ ઠામ;
દુક્કર તપને આદરે, પાપ હોશે સવિ [૨]વામ. ૨૦

**॥ ઢાળ દશમી ॥**

(સુણ મોરી સજની રજની ન જાવે રે—એ દેશી (રાગ કેદારો તથા સિંધુડો)

મુનિવચન સુણી ધરણો ચાલ્યો રે, સમકિત પામી મનમાં મહાલ્યો રે;
પરઉપકારી તુમે જગનેતા રે, તુમચા ગુણ હું વાંચું કેતા રે. ૧

મુજ અપરાધીને તુમે તાર્યો રે, દેશના દેઈ જનમ સુધાર્યો રે;
પ્રણમી પ્રાયશ્ચિત્ત દિલે ધારી રે, નિંદે આતમ પાપ સંભારી રે. ૨

તીરથ યાત્રા કરણ ઉમાહ્યો રે, અનુક્રમે બહુ જનપદ અવગાહ્યો રે;
નયર કુશસ્થલ વાટે દીઠું રે, જોતાં લાગે મનમાં મીઠું રે. ૩

૧. ડર ૨. સુંદર, અથવા વામણા=નાના

દેવ જુહાર્યા સદ્ગુરુ વાંદ્યા રે, સાધર્મિક જન દેખી આનંદ્યા રે;
તે હું ધરણો નામે [૧]ગણીયો રે, એ મ્હારો અવદાત મેં ભણીયો રે. ૪

સિદ્ધ પ્રસાદે નૈમિત્તને જાણું રે, વાત ત્રિકાલની [૨]કેતિક જાણું રે;
મુજને સહુએ નૈમિત્તિક ભાષી રે, બોલાવે છે કરણી દાખી રે. ૫

એમ નિસુણીને નૃપતિ કુમારા રે, ચિત્ત ચમકીને કરેય વિચારા રે;
પૂછીજે હવે ભાવી વાત રે, રાજ્યભાર કેહને દેશે તાત રે. ૬

જય મુખ્ય કરીને ફલ હાથે લેઈ રે, નાણાદિક બહુ ભક્તિ કરેઈ રે;
ભાખે જય હવે ગણકના રાજા રે, અમ ચારમાં કોણ હોશે રાજા રે. ૭

જોઈ નિમિત્ત તે શિર તવ ધૂણે રે, જેમ ચિંતાતુર શિર નખ ખૂણે રે;
મુખે કહે અનિષ્ટ એ શું પૂછ્યું રે, રાજ્ય તે તુમને નહીં એમ સૂચ્યું રે. ૮

તુમ ચારેમાં [૩]રાજ્ય ન થાશી રે, એહ કહું છું પ્રશ્ન વિમાસી રે;
તવ જય બોલ્યો કોણ તે થાશે રે, અમો જીવતાં શું અમથી જાશે રે. ૯

નવ પરિણીત છે સૂર્યવતી દેવી રે, તસ સુત થાશે તે રાજ્ય લહેવી રે;
કટુક વયણ એમ ગણકનું નિસુણી રે, રૂઠા બંધવ ચારે જ્યું અરણી રે. ૧૦

તું શું જાણે અન્નનો કીડો રે, વચન પ્રહારે એહને પીડો રે;
સર્વ સુભટમાં જય છે તાજા રે, તે વિણુ બીજો કોણ હોયે રાજા રે. ૧૧

તવ બોલ્યો ધરણો સુણો ભાઈ રે, ચિત્ત પ્રસન્ને પ્રશ્ન વડાઈ રે;
ચિત્ત દ્વિધા છે માર્ગની ચિંતા રે, ફરી વલી જોશું થઈ નિશ્ચિંતા રે. ૧૨

એમ કહી લઈ ફળ ધનને મૂકી રે, ઉઠ્યો તિહાંથી ભાવઠ ચૂકી રે;
અનુક્રમે શત્રુંજયગિરિ તે જાવે રે, સાધુએ કહ્યું તપ તપે સમભાવે રે. ૧૩

હત્યા પાતકથી તે છૂટે રે, હવે એહનો સંબંધ [૪]સમેટે રે;
(ઇતિ ધરણ સંબંધ)
હવે કુમર મન ચિંતા પેઠી રે, માનું પરજલતી જાણે અંગીઠી રે. ૧૪

ચિંતામગ્ન થયા તે ચાર રે, સાચું થાશે તો શ્યો ઇહાં વિચાર રે;
એક કહે એ શું છે દેવ રે, સાચું જૂઠું શું નિત્યમેવ રે. ૧૫

એક કહે ઇહાં કરશું ઉપાય રે, જેથી જોષી વાણી જૂઠી થાય રે;
પૂર્વે પણ એહવી થઈ વાત રે, વીજળીથી બોલ્યો નૃપનો ઘાત રે. ૧૬

૧. ગણિ, ઉપાધ્યાય. ૨. કેટલીક ૩. રાજા. ૪. સમાસ કરે.

ભૂમિગૃહે રાજાને થાપી રે, ગણકની વાણી જૂઠી છાપી રે;
ઉદ્યમથી શું કાજ ન હોવે રે, બુદ્ધિ પ્રપંચ જો બહુલા જોવે રે. ૧૭

એક કહે જો સૂર્યવતીને રે, સુત થાશે તો હણશું તેહને રે;
એક કહે શું સર્વજ્ઞ એ છે રે, જિમ સમયે જાણશું પચ્છે રે. ૧૮

એમ માંહોમાંહે કરે વિચાર રે, કુમર જયાદિક બેઠા ચાર રે;
સેંદ્રી સખી તે ઊભી હેઠ રે, નીસરણી તળે સુણી ગઈ ઠેઠ રે. ૧૯

હર્ષ વિષાદે મનડું રોપ્યું રે, સૂર્યવતીને જઈ સવિ સોંપ્યુ રે;
રાત દિવસને ભાગે શોભે રે, જેમ મંદરગિરિ સુણી મન થોભે રે. ૨૦

ધરણ ગણકની સઘળી વાણી રે, સખી મુખથી જાણી તેણે રાણી રે;
કહે સખીને બહેન હવે શું થાશે રે, કેમ એ સંકટ દૂરે જાશે રે. ૨૧

સખી કહે સ્વામિની મ કરો ચિંતા રે, ભાવિને પ્રતિકાર દુરંતા રે;
રાજાને એ વાત જણાવો રે, જેમ ભાવિ તેમ થાશે એ ભાવો રે. ૨૨

ધર્મ સંભારો સમકિત ધારો રે, ચિંતા કરીને ભવ મ હારો રે;
ચિંતા જીવિત તનુને પીડે રે, ચિંતાથી સુખ ન રહે નીડે રે. ૨૩

સખી વયણાથી ધીરજ ધારે રે, જ્ઞાનવિમલ જિન ગુરુ સંભારે રે;
કાન દેઈ સુણજો વાત રે, આગળ શ્યા શ્યા હોયે અવદાત રે. ૨૪

**॥ દોહા ॥**

એક દિન રાણી પોઢિયાં, સુખ શય્યાયે જામ;
સુપન ચાર દીઠાં તિસે, નિશિ નિદ્રાયે તામ. ૧

રાકા નિશીથ સમયે ચલ્યું, વિધુમંડલ ઉદ્દામ;
તુરત માંહે ફરી આવીયો, નિશ્ચલ તેણે ઠામ. ૨

વિકચા[1] પદ્મ કુણહીક નરે, દીધું દેવી હાથ;
સંકુચિત થયું તુરત પણે, વિકસિત થયું દેવી હાથ. ૩

ચૈત્ય સુધા ધવલિત કર્યું, પણ વૃષ્ટિ મેલું થાય;
એમ જાણી તે રાણીએ, મણિમય કર્યું ઠહરાય. ૪

મુકુલિત છત્ર કુણહિક નરે, રાણી શિર ધર્યું આય;
તે વિકસિત થયું આફણી, એ ચાર સુપન સમુદાય. ૫

---

૧ ખીલેલું

જાગ્યા રાણી તતક્ષણે, દેખી સુપનાં ચાર;
પતિ આગળ પરગટપણે, ભાખે વિનયથી સાર. ૬

નરપતિ મન હરખ્યાં ઘણું, સુપન અર્થ ચિત્ત ધાર;
કહે રાણીને સુત હોશે, નિર્જિત દેવ કુમાર. ૭

ધર્મ કલ્પતરુ ફૂલિયો, ફળશે [1]સદળ [2]સચ્છાય;
સોભાગી મહિમાનીલો, સુત હોશે સુખદાય. ૮

રાણી પણ હરખી ભણે, [3]અવિતચ્છ સામિ વયણ;
વહાલું ને વૈદ્યે કહ્યું, વિકશ્યાં તન મન નયણ. ૯

હવે પ્રભાત સમયે થયે, નૃપ આવ્યો આસ્થાન;
બેઠા બહુ જન પરિવર્યા, કરતાં ગુણી જન જ્ઞાન. ૧૦

## ॥ ઢાળ અગિયારમી ॥

(વીરમાતા પ્રીતિકારિણી–એ દેશી)

નૃપતિ આદેશ દિયે મંત્રીને, સુપન પાઠક તેડો;
જેહ અષ્ટાંગ નિમિત્ત લહે, કહે જ્યોતિષ છેડો. ૧

ધન ધન ધર્મ સુરતરુ તણો, મહિમા અછે મહોટો;
સકલ મનવંછિત ફળ ફળે, માનું અમીઅ રસ લોટો. ધ૦ ૨

દિવ્ય ઉત્પાત અંતરિક્ષ છે, ભૌમ અંગ સરસત્ત;
લક્ષણ વ્યંજન જાણીએ, એહ અષ્ટાંગ નિમિત્ત. ધ૦ ૩

દિવ્ય તે નગર ગાંધર્વના, ઉલ્કા પ્રમુખ ઉત્પાત;
અંતરિક્ષ વાદલ વૃષ્ટિ મુખ, ભૌમ ભૂમિકંપ નિર્ઘાત. ધ૦ ૪

અંગ ફુરકણની ચેષ્ટા કરી, સ્વરનાદે પંખી વાણી;
લક્ષણ કર પદ આકૃતિ, વ્યંજન મશી તિલકથી જાણી. ધ૦ ૫

એહ અષ્ટાંગ નિમિત્તનો, કરે ત્રિવિધ નિવેડો;
સૂત્રાર્થ વાર્તિક ભેદથી, એહવા જાણને તેડો. ધ૦ ૬

તેડિયા ગણક આદર કરી, દેઈ માન સત્કાર્યા;
સુપન ચારે તિહાં દાખીયાં, તેણે અર્થ ચિત્ત ધાર્યા. ધ૦ ૭

---

૧. દલ (પત્ર) સહિત. ૨. સારી છાયાવાળું ૩. યથાર્થ

ચંદ્રમંડલ ચલી સ્થાનથી, કરી સ્થાનકે આવ્યું;
સુત કલાવંત હોશે સહી, સ્થાનાંતરે એમ જણાવ્યું.
પ્રથમ સુપનાર્થ એ ભાવ્યો. ધ૦ ૮

વિકચ પંકજ સંકુચિત થઈ, દેવી કર થકી વિકશ્યું;
થઈ વિયોગી સયોગી હોશે, બીજા સ્વપ્નફલ એ કહેશું. ધ૦ ૯

છત્રથી એક છત્રી નૃપતિ, હોશે આણ અખંડ;
[1]તૃતીય [2]સુહણા ફળ જાણજો, તેજ પ્રતાપ પ્રચંડ. ધ૦ ૧૦

ચૈત્ય મણિમય સદા નિર્મલું, કહ્યું તાસ ફળ એહ;
ધર્મકૃત ભાવિત સુત હોશે, ચોથા સ્વપ્ન ફળ તેહ. ધ૦ ૧૧

એહ સામાન્ય ફળ દાખિયું, પરં ભાવ ગંભીર;
એહના છે નૃપ અતિ ઘણા, કહી કોણ શકે ધીર. ધ૦ ૧૨

ગણક સંતોષિયા ઘર ગયા, પરિતોષ બહુ આપી;
તેહ સવિ અર્થ રાજા કહે, રાણી હર્ષ હૈયે થાપી. ધ૦ ૧૩

અનુક્રમે ગર્ભ વધતે છતે, થયા માસ જબ તીન;
ચંદ્રપાન દોહલો ઉપનો, ન સીઝે તેણે દીન. ધ૦ ૧૪

રાણી દીઠી નૃપે દૂબલી, જેમ શરદનો સિંધુ;
પૂછિયો તેણે તિહાં દાખિયો, દુષ્ટ દોહદ જેમ અંધુ. ધ૦ ૧૫

રાયે તે મંત્રી જણાવિયો, કહે કરું હું ઉપાય;
[3]મનોરથ રાણીનો પૂરશું, જોજો તુમ સુપસાય. ધ૦ ૧૬

દૂધ નવસૂત ધેનુ તણું, સીતા સંયુત કીધું;
રજતના થાલ માંહે ઠવ્યું, કર્યું તૃણા ઘર સિંધુ. ધ૦ ૧૭

એક નર ઉપર રાખીયો, તસ ઢાંકણને કાજ;
પૂર્ણિમા મધ્ય રાત્રે તિહાં, આણી રાણી કરી સાજ. ધ૦ ૧૮

ગુહ્યની વાત કહો કોણ લહે, સવિ બુદ્ધિની લીલ;
એમ કરી ચંદ્રમા પાઇયો, સુધા રસના કલ્લોલ. ધ૦ ૧૯

નૃપતિ રાણી બેહુ હરષિયા, અહો અહો મંત્રી પ્રપંચ;
શ્રીચંદ્ર નામ ઇતિ થાપશું, જવ જન્મનો સંચ. ધ૦ ૨૦

૧. પાઠા૦ ન્યાયવંત ભાગ્ય શોભા ઘણી ૨. સુપન ૩. પાઠા૦ એહની વાત છે કેટલી

નામ શ્રીચંદ્રની મુદ્રિકા, કરાવી તિહાં રાખે;
સફલ હોશે મનોરથ યદા, દેશું નામ સહુ સાખે. ધ૦ ૨૧

ચિત્ત આનંદ દંપતિ તણે, વધ્યો તેમ વિધુવેલા;
ત્રણ જગમાંહે માવે નહીં, જુઓ પુણ્યની લીલા. ધ૦ ૨૨

સુખ સમાધિ દિન નિર્ગમે, રમે જેમ ઋતુ સરિખે;
નયનથી નયન મેલાવડે, દીયે અતિ ઘણું હરખે. ધ૦ ૨૩

હવે પ્રતાપસિંહ નરપતિ, એકદા ક્રીડવા કાજ;
ચિત્તને રમણ ઉદ્યાનમાં, લેઈ સૈન્યનો સાજ. ધ૦ ૨૪

એહવે તુરત તિહાં આવીયા, [1]બુંબીયા જણ ઘણા કેઈ;
પૂછિયું શું છે તે કહે, સુણો વાત શ્રુતિ દેઈ. ધ૦ ૨૫

નૈઋતિ[2] [3]નીરધિને તટે, કણકોટ છે નામ;
રત્નપુર નામ વલી જાણીએ, એહવાં દોય છે ગામ. ધ૦ ૨૬

મલ્લ મહામલ્લ તેહના ધણી, થઈ એક માંહોમાંહિ;
વાયુ ને વહ્નિ મળી જેમ દહે, તેમ દુઃખ દીએ પ્રાહિ. ધ૦ ૨૭

દેશ પુર ગ્રામને પીડતા, જેમ નદીય પ્રવાહ;
શંક તે કોઈની નવિ ગણે, કર્યો વિષમ તેણે રાહ. ધ૦ ૨૮

તેહ સરૂપ જણાવવા, અમો આવિયા આજ;
બુંબારવ તેહનો એ કરું, હવે રાજ્યને લાજ. ધ૦ ૨૯

તે સુણી નૃપતિ અમરષ ધરી, કહે સૈન્યને વાણી;
ઘર જઈ સજ્જ થાઓ તુમે, સજો રિપુ તિલ ઘાણી. ધ૦ ૩૦

કેશરી અવર મદ નવિ સહે, તેમ શૂર તુંકાર;
સહે નહીં માનથી નવિ ગણે, વળી વિષમ પ્રહાર. ધ૦ ૩૧

આપ ઘરે આવ્યો વેગથી, રણતૂર વજડાવે;
પ્રયાણની ભેરી ભાંકારવે, અરિયણ ત્રાસ પાવે. ધ૦ ૩૨

જઈ અંતઃપુરે દાખીયો, પ્રિયે સૂર્યવતી દેવી;
વિજય યાત્રાએ જાવું થયું, અકસ્માત્ થઈ એહવી. ધ૦ ૩૩

૧. મોટા અવાજવાળા ઢોલ. ૨. નૈઋત્ય દિશામાં ૩. સમુદ્ર

સુખ સમાધે તું ઇહાં રહે, કરી શાંત મન વારુ;
વેગે રિપુ જીતી આવશું, અછે ચિત્ત તુજ સારુ,
[1]જેમ કરહલાને મન મારુ. ધ૦ ૩૪

સા કહે સ્વામી હું આવશું, તુમ સાથે ધરી માયા;
પ્રભુ તુમ વિણ કહો કેમ રહું, જેમ કાયા ને છાયા. ધ૦ ૩૫

નૃપતિ કહે તેં સાચું કહ્યું, પણ ગર્ભ છે પ્રૌઢ;
તેણે કરી તેડવું નવિ ઘટે, રણની વાત છે ગૂઢ. ધ૦ ૩૬

એમ સુણી ગદગદ સ્વરે કહે, સવિ કુમર વૃત્તાંત;
સેંદ્રિય સખી મુખથી લહ્યું, વળી નૈમિત્તક વચ કંત. ધ૦ ૩૭

તેહ ભણી મુજને ઘટે, તુમ સાથે આવેવું;
સુખદુઃખ સર્વ માહરે હવે, તુમ સાથે સહેવું. ધ૦ ૩૮

એમ સુણી આયતિ મતિ કરી, કહે દુઃખ મત ધરજે;
સર્વ શુભ કાર્ય થઈ આવશે, જ્ઞાનવિમલ મતિ કરજે.ધ૦ ૩૯

**॥ દોહા ॥**

હવે રાજા બેસી [2]તખત, તેડ્યા ચારે કુમાર;
કુલમંડણ આવો તુમે, અમ સાથે મ લાવો વાર. ૧

મનમાંહે એમ નૃપ ચિંતવે, જો સાથે આવે એહ;
સિંહ પરે નિર્ભય રહે, જેમ ગિરિ ગહ્વર તેહ. ૨

એમ જાણી આગ્રહ કરે, એક પંથ દો કાજ;
પણ જેહને મન આમલો, તે કેમ વધારે લાજ. ૩

માંહોમાંહે તેણે પરઠિયો, કરવો એહ જવાપ;
ઇહાં પણ કાજ હોયે આપણું, વળી ભલું માને બાપ. ૪

દુર્જન ઓછો નીરઘટ, એ બેહુ એક સ્વરૂપ;
માથે ચઢાવી રાખીએ, ખલ ખલ ન છોડે રૂપ. ૫

કુમર કરી મન મંત્રણો, જય મૂકી નિજ ગેહ;
સજ્જ થઈ ત્રણ આવીયા, સન્નાહિત થઈ દેહ. ૬

કરી પ્રણામ ઉભા રહ્યા, લઈને નિજ પરિવાર;
કહે રાજા જય કિહાં અછે, થાશે કેતી વાર. ૭

૧. જેમ ઊંટને મરુદેશ પ્રિય હોય છે. ૨. સિંહાસન પર

તે કહે જ્વરની માંદ્યતા, તેણે હેતે કૃશ ડીલ;
અમો જોરે પાછા વાલીયા, હવણા કાંઈક ઢીલ. ૮

વળી નૃપે તેડાવીઓ, જયને વાર બે ચાર;
પણ મુહ ટાલો કરી રહ્યો, કહી અનેક વિચાર. ૯

રાજા પણ ઉત્સુક થકી, કાર્ય તણે પરવશ;
જાણ્યું પણ નાણ્યું મને, ન ટલે જેહ અવશ્ય. ૧૦

**॥ ઢાળ બારમી ॥**

( નિદ્રડી વેરણ હુઈ રહી—એ દેશી)

અતિ ઉત્સુક નૃપ ચાલીયો, સાથે લીધો હો સેના સમુદાય તો;
જેઠીપુર જાણે જલધિનો, શુભ શકુને હો નૃપ ચાલ્યો જાય કે. ૧

ભાવી ભાવ ટળે નહીં, જો કીજે હો વળી કોડી ઉપાય કે;
એ ઉપચાર વચન અછે, હોયે કારણ હો જિહા કાર્ય સહાય કે. ભા૦ ૨

એમ અવિચ્છિન્ન પ્રયાણથી, વેગે પામ્યો હો અંબુધિનો તીર કે;
ચર મુખે શત્રુને જાણિયા, તસ જીતણ હો જાયે ધરી ધીર કે. ભા૦ ૩

સજ્જ થઈ રણરંગ રચી, તિહાં માંડે હો દારુણ રણ નૃત્ય કે;
દોય રિપુશું બળ કરે, રથી રથશું હો ગજે ગજ ભૃત્યે ભૃત્ય કે. ભા૦ ૪

ખડ્ગી ખડ્ગ [1]ધન્વી ધનુ, કુંતી કુંતે હો તુરંગી તુરંગેણ તો;
સામંતે સામંત ભડે ભડ, એમ ન્યાયે હો થાયે રણ ખેત તો. ભા૦ ૫

એમ સંગ્રામ કરતાં થકાં, રાજા બળ હો પામ્યું તિહાં હાર તો;
વૈરી બળ અતિ આકરું, જાણીને હો આવ્યા ત્રણે કુમાર તો. ભા૦ ૬

ગજ બેસીને તે ધસ્યા, રિપુ સેના હો મથી તેણીવાર તો;
જેમ મંદરે [2]ખીરનીરધિ, મથિયો તેમ હો જેમ દેવમુરાર તો. ભા૦ ૭

કાક નાશ નાશી ગયા, એક મલ્લ ને હો બીજો મહામલ્લ તો;
આપ તણા ભટ દેખીને, બળીયા કુંઅર હો જાણ્યા મહાશલ્ય તો. ભા૦ ૮

રોષારુણ નયણે કરી, વળી પીડે હો દાંતેશું હોઠ તો;
દૃઢ સન્નધ થઈને કહે, વાયે કંપે હો તેહવો નહીં કાઠ તો. ભા૦ ૯

દારુણ રણ માર્યું મલ્લે, કર્યો વિજયને હો તિહાં શસ્ત્રપ્રહાર તો;
મૂર્ચ્છાગત થયો દેખીને, ધાઈ આવ્યો હો સુતને પરિવાર તો. ભા૦ ૧૦

૧. ધનુર્ધારી ૨. ક્ષીરસમુદ્ર

તે પણ મલ્લે પ્રતિહત કર્યો, દેખીને હો પ્રતાપસિંહ રાય તો;
ખડ્ગે મલ્લ શિર છેદિયું, મલ્લસેના હો તવ દશ દિશિ જાય તો. ભા૦ ૧૧

જયરવ થયો નૃપ સૈન્યમાં, તવ નાઠો હો મહામલ્લ લેઈ જીવ તો;
રત્નપુરે નગરે ગયો, શેષ સેના હો થઈ દીન અતીવ તો. ભા૦ ૧૨

તદનંતર નૃપ તિહાં જઈ, તેહનો હો કણકોટ પુર રાજ તો;
આવી ચોખ ફેર ઘેરિયો, વશ કીધો હો મહામલ્લ આણી વાજ તો. ભા૦ ૧૩

તિહાં સમુદ્ર તટે ક્રીડતાં, નાવાદિકે હો ધરી હર્ષ અપાર તો;
સુખ સમાધિશું તિહાં રહે, હવે સુણજો હો પાછળ અધિકાર તો. ભા૦ ૧૪

હવે રાજા ચાલ્યા પછી, સૂર્યવતી હો ધરે મનમાં દુઃખ તો;
જિનવાણી મન ભાવતી, ધર્મે મતિ હો મન એહજ સુખ તો. ભા૦ ૧૫

એક દિન પ્રહ સમે પેખિયા, ઘરદ્વારે હો ભટ આયુધ ધાર તો;
સેંદ્રી સખીને કહે જુઓ, કોણ કેહનાં હો અછે કિશ્યો વિચાર તો. ભા૦ ૧૬

સેંદ્રી સખીએ પૂછિયું, કહે જયનાં હો અમે છું સુણ નાર તો;
દેવી ગર્ભ રાખણ ભણી, મૂક્યા છે હો અમને નિરધાર તો. ભા૦ ૧૭

એમ અસમંજસ વચન સુણી, સખી આવે હો કહે રાણી કાજ તો;
એ વિપરીત વયણ સુણી, કહે દેવી હો કેમ કરવું આજ તો. ભા૦ ૧૮

સેંદ્રી કહે નિમિત્તિયે, જે બોલ્યું હો તે અલિક ન થાય તો;
ધર્મબળે વિષમું સમું, પરને ચિંતવીયે હો તે આપને થાય તો.
એવો અછે હો વળી લોકોનો ન્યાય તો. ભા૦ ૧૯

ભદ્રકથી તેણે તેહનું, વચન માન્યું હો મનમાં વિષવાદ તો;
ઉતાવળથી પાળીયા, સાહસથી હો હોવે પ્રાસાદ તો. ભા૦ ૨૦

આપદે ધર્મ ન છોડિયે, એમ જાણી હો મનમાં ધરી ધીર તો;
કાર્ય કરે સવિ આપણાં, સખી રાણી હો વળી જયના વીર તો. ભા૦ ૨૧

દ્રોહી ચિંતિત નવિ ફળે, તસ કીધા હો થયા વ્યર્થ ઉપાય તો;
ધર્મ વિના ઇચ્છિત નહીં, જેમ અંકુર હો વિણુ મેહ ઉપાય તો. ભા૦ ૨૨

યતઃ–व्याघ्राणां च खलानां च, सर्पाणामरीणां तथा;
मनोरथा न सिध्यंति, तेनेदं वर्तते जगत्. १

અર્થ–વ્યાઘ્ર, દુષ્ટ, સર્પ અને શત્રુના મનોરથો કદી સિદ્ધ થતા નથી, એટલે જ દુનિયાનો વ્યવહાર ચાલે છે અર્થાત્ ધર્મથી જ સર્વ સિદ્ધિ છે.

કુલ અનુચિત એ ચિંતવે, દ્રોહીનું હો એ લેશે પાપ તો;
એમ મન થિર કરો સખી કહે, કિશ્યો ન કરવો હો ઇહાં કરડો જબાપ તો. ભા૦ ૨૩

સુખ સમાધે દિન ભોગવે, એમ કરતાં હો થયા પૂરણ માસ તો;
શુભ દિન શુભ વેળા ઘડી, દિશિ નિર્મલ હો શુભ વાયુ સુવાસ તો. ભા૦ ૨૪

શુભ રિખ યોગે ચંદ્રમા, શુભ ગ્રહ વળી હો આવ્યા ઉચ્ચ ઠામ તો;
દૃષ્ટિગોચર પણ શુભ થયો, અંશે અંશે હો બળીયા શુભ તામ તો. ભા૦ ૨૫

મધ્ય રયણીને અવસરે, અધરીકૃત હો દીપાદિક કાંતિ તો;
જેમ [1]પ્રાચી રવિને [2]જણે, તેમ પ્રસવે હો પુત્ર રત્ન મહાંત તો. ભા૦ ૨૬

હર્ષજળે રાણી હિયડલું, માનસ સર હો અતિ ભરિયું તામ તો;
સુત રાજહંસ રમે તિહાં, નિરખી નિરખી હો રોમાંચિત તનુ ધામ તો. ભા૦૨૭

લક્ષણ વ્યંજન ગુણ યુત, સોભાગી હો જન કામ સરૂપ તો;
પૂર્ણચંદ્ર સમ વદન છે, ફુલ્લરાજીવ હો લોચન અતિ રૂપ તો. ભા૦ ૨૮

અષ્ટમીશશી સમ ભાલસ્થળ, અકલંકિત હો શુભગાંગ પ્રચાર તો;
માનું અશ્વિનીસુત સુર થકી, આવી રહ્યો હો એકાકી સાર તો. ભા૦ ૨૯

સૌમ્ય ગુણે વિધુ સારિખો, નિજ તેજે હો જીત્યો જેણે ભાણ તો;
અધર અરુણમાં મંગળ અછે, ગૌર વર્ણે હો બુદ્ધ પરે ગુણખાણ તો. ભા૦ ૩૦

સકળ કળાનો ગુરુ અછે, કવિ નાયક હો સ્તવશે ગુણગેહ તો;
[3]છાયા સુત પરે અરિ ગણે, નવ ગ્રહ સમ હો નિરખે ધરી નેહ તો. ભા૦ ૩૧

બાળકને ફરી ફરી જુએ, દ્વારે નિરખે હો જયના ભટવર્ગ તો;
દારુણ જેમ ભટ સારિખા, હાથ જોડી હો રહ્યા કર્મના સર્ગ તો. ભા૦ ૩૨

હર્ષ વિષાદ ભયાનકા,–દિક રસનો હો થઈ શંકર ઠામ તો;
જ્ઞાનવિમલ સુદિશા થકી, હોશે જગમાં હો હવે વધતી [4]મામ તો. ભા૦ ૩૩

**॥ દોહા ॥**

સૈંદ્રી પ્રમુખ સખી પ્રત્યે, કહે ગદગદ સ્વર વાણ;
સખી જુઓ આજ માહરા, કર્મ તણા પરિણામ. ૧

---

૧. પૂર્વ દિશા ૨. જન્મ આપે ૩.શત્રુઓ તેની છાયાને પુત્રની જેમ ગણે છે. ૪. આબરૂ

ભૂપતિ પણ હવે ઘરે નહીં, પિતૃવર્ગ નહિ કોય;
ધાઈ દીએ વધામણી, તેહવો સમય ન હોય. ૨

ધિગ્ ધિગ્ માહરા કર્મને, દુઃખી શેખરી ભૂત;
ગીત નાદ અળગાં રહો, એ જયના યમદૂત. ૩

વંશ વિભૂષણ તિલક સમ, એ સુત રાખું કેમ?
એ સુભટને શું કહી, પાછા વાળું જેમ. ૪

દેવી દુઃખે દુઃખિયો, થયો સખી પરિવાર;
રાણીને મૂર્ચ્છાગમે, શીતળ વાયુ ને વારિ. ૫

કહે સખી ચિંતા મત કરો, ચિંતાયે વાધે વ્યાધિ;
બુદ્ધિ મિટે તનુબળ ઘટે, ચિંતા મહા ઉપાધિ.
જાયે જેહથી સમાધિ. ૬

દુઃખ ધરે હવે શું હુયે, કીધાં આવ્યાં કર્મ;
આપણ આપે છૂટીએ, સંભારો શ્રીધર્મ. ૭

એ સુતને ભાગ્યે કરી, જાશે સર્વ અપાય;
જે મનોરથ સુરતરુ ફળ્યો, તો વધશે મોરી માંય. ૮

[1]દૂધ પયોધર જેણે ઠવ્યું, ઉદરે વધ્યો દસ માસ;
[2]અદૃષ્ટ વશે સવિ સંપજે, કીજે કિશ્યો વિમાસ. ૯

એમ કહી નવરાવી ઘણું, શોભાવી શણગાર;
શ્રીચંદ્ર નામે મુદ્રિકા, પહેરાવી તેણી વાર. ૧૦

સખી સેંદ્રી સહુને કહે, અભિનવ શક્રનો પુત્ર;
જયંત પરે વપુ સુભગ છે, એહથી સમું ઘરસૂત્ર. ૧૧

સર્વ રત્નનું સાર મનું, અથવા પિંડ નવનીત;
નૃપ ઘરે કલ્પદ્રુમ ફળ્યો, વારુ સુગુણ વિનીત. ૧૨

યત્ન કરીને રાખીએ, કરવો એહ વિચાર;
પ્રભાત સમય એ જાયશે, લેશે એ જયકુમાર. ૧૩

તિહાં બળ કિશ્યું ન ચાલશે, હમણાં છો નિર્નાથ;
એહવું કાંઈ કલ્પીએ, જે દુશ્મન પડે ભૂયે હાથ. ૧૪

૧ સ્તનમાં દૂધ સ્થાપ્યું ૨. પ્રારબ્ધ

એક સખી વળી એમ કહે, સુત છાનો રહે કેમ?
તો પછી સઘળું જાણશું, સમજીશું જેમ તેમ. ૧૫

અપરા કહે એમ નવિ ઘટે, ન રહે ઘરમાં બાળ;
ઘર પેસતાં કોણ વારશે, કોઈ નથી રખવાલ. ૧૬

**॥ ઢાળ તેરમી ॥**

(રાજકુમર વર બાઈ ભલો ભરતાર—એ દેશી)

સૂર્યવતી કહે સખી પ્રત્યે, તું અછે બુદ્ધિનિધાન;
પ્રચ્છન્ન સુત એ કેમ રહે, કહે એહનું રે નિદાન.
મેરી બહેની કહે કાંઈ એહ ઉપાય,
દુશ્મન ભય દૂરે જાય, મે૦ ચિંતિત આપણું થાય. મે૦ ૧

વાદલ છાયો યદ્યપિ, હોયે સીત ધામ ગયણ;
તોયે પણ તમ આવરે, તિમ એ કુમરના નયણ. મે૦ ૨

રાતિ થોડી પાછલી, કરવું હજી બહુ કામ;
બુદ્ધિ તો ઉપજી નથી, કેમ રહેશે રે તે આપણી મામ. મે૦ ૩

પુણ્યથી સુત મુખ પેખીયું, વળી પુણ્યનો છે એ સહાય;
કહે સખી મુજને ઉપજે, લાધો અછે રે ઉપાય. મે૦ ૪

ઘર થકી બાહેર મૂકીએ, શુભ ઠામે એહ કુમાર;
તો દુશ્મન દાવ ફાવે નહીં, જાણે તૂઠો રે કિરતાર. મે૦ ૫

ઘર બાહેર ચાકર રહ્યા, તે પૂછે તો શી વાત;
દાખીયે કેમ સુત રાખીયે, કોણ કરે રે તિહાં પક્ષપાત. મે૦ ૬

કહે સખી ઘરની વાટિકા, તિહાં કુસુમના પુંજ;
શયન શય્યા કારણે, માલાકારણી છે રે તેહ પ્રયુંજ. મે૦ ૭

પ્રભાતે લેવા આવશે, તે પુષ્પના સમુદાય;
તેમાં નિધિ પરે ઘાલીયે, સુત રત્નને રે ચિંત્યો એ ઉપાય. મે૦ ૮

સૂર્યવતી રાણી કહે, એ વારુ ચારુ વિચાર;
ભામણે હું તુજ બુદ્ધિને, માહરી છે તું રે જીવન આધાર. મે૦ ૯

નિશા પશ્ચિમ યામથી, ઉદયાદ્રિ આવ્યો સૂર;
માનું નૃપસુત મુખ પેખવા, પ્રહ વાજ્યાં રે હવે મંગલ તૂર. મે૦૧૦

તુરતથી માલણી આવીને, સખી કરે તેહ વિચાર;
એક અંજન આંજે આંખડી, એક ઠવે રે કંઠે પુષ્પહાર. મે૦ ૧૧

એક કરે કુંકમ રોલશું, રચે આડિ અતિહિ નિલાડ;
એક કરે ચંદન છાંટણાં, એક પૂરે રે મનની રુહાડ. મે૦ ૧૨
એમ સખી સઘલી સુંદરી, મળી કરે નવ નવિ ભક્તિ;
નજરથી અળગો નવિ કરું, શું કીજે રે એવી કર્મની ગતિ. મે૦ ૧૩
કિમ રહેશે એ એકલો નાનડો, મૂકતાં ન વહે હાથ;
ભૂખ્યાને મોદક મળે, નવિ મૂકે રે તેમ ગ્રહી રહે બાથ. મે૦ ૧૪
એક આલિંગે મસ્તકે, એક ધરે હૃદય મઝાર;
એક દીએ મુખ [1]બોકડી, એક કહે રે હોજો જીજીકાર. મે૦ ૧૫
કેશરી ગિરિકંદર રહે, તેમ રહે માહરા પ્રાણ;
એકલી હમણાં આવીને, હુલરાવીશ રે મારા જીવનપ્રાણ. મે૦ ૧૬
એમ ચિંતવી પુષ્પ લાવીયા, તેડાવી તેણી વાર;
પુષ્પ કરંડકમાં ઠવી, લઈ જાવે રે ભટ આગળ સાર. મે૦ ૧૭
ઉપવાટિકામાંહે જઈ, ગ્રહી હાથશું તે બાળ;
રતનકંબલે વીંટિયો, કુસુમપુંજમાંહે ઠવે તે બાળ સુકુમાળ. મે૦ ૧૮
સુભટ શંકા વારવા, નીકલે તું તતકાલ;
આવી ફરી મુજને કહે, એમ કહી શીખવે રે કર દેઈ કપાલ. મે૦ ૧૯
સિંહાવલોકે જોયતી, સુતને તે વારોવાર;
આવીને સઘળું કહ્યું, થયું વીતક રે જે તેણી વાર. મે૦ ૨૦
મનુ [2]નંદનાનન પેખવા, ઉગિયો રવિ પરભાત;
હવે જય સુભટ આવીયા, વાસઘરમાં રે કહે કહો સુત વાત. મે૦ ૨૧
જોયો પણ નવિ દેખીઓ, સ્થિતિ પ્રસવની ઘરમાંહ;
પૂછે તવ સખી લોકને, શું જનમ્યું રે દેવીએ ઉચ્છાહ. મે૦ ૨૨
સખી ઉત્તર નવિ દીએ, તેણે જઈ જણાવ્યું ભૂપ;
તુરત આવી જય જુએ, નવિ દીઠું હો કોઈ પ્રસવ સરૂપ. મે૦ ૨૩
[3]ભટપે જોવરાવે [4]ભૂંયરા, પેટી પ્રમુખ બહુ તામ;
અંશમાત્ર કિહાં નવિ લહ્યો, ખેદ પામ્યો રે જય તેણે ઠામ. મે૦ ૨૪
જય કુમર કહે સેંદ્રી પ્રત્યે, શું થયું એહ અનિષ્ટ;
જર માત્ર દેખાવી જિસે, મનમાંહે રે દેખી થયા સંતુષ્ટ. મે૦ ૨૫

૧. બોકડી=ચુંબન ૨. પુત્રનું મુખ ૩. ભટ (સૈનિક) પાસે ૪. ભૂમિગૃહ

જયને કહે તે અમારડા, મનોરથ રહ્યા મનમાંહિ;
સુત સુતા રહો વેગળા, સુતા હોવત રે દેવી હરખિત તાંહિ. મે૦ ૨૬

જય હરખ પામ્યો તેહનો, પરિવાર હુઓ દેખી મ્લાન;
ચિત્તમાંહે એમ ચિંતવે, વિણઔષધ રે ગયો વ્યાધિ અમાન.મે૦ ૨૭

લોકલજ્જાએ હાહા કરે, મનમાંહે હર્ષ અમાત;
પુરમાંહે ઉત્સવ નવનવા, ઉમેદે રે ગમતાં દિન રાત. મે૦ ૨૮

શું શું જમાવ હવે થાયશે, ભૂપાલ આંગણ આજ;
શી વધામણી મેલશું, હાહા દૈવે રે શું કીધું અકાજ. મે૦ ૨૯

પિશુન હીયડું કિનહીશું, લીધું કલ્યું નવિ જાય;
મુખ મીઠા માયાવીયા, કોલ કલિયા રે પરે હોય બહુ માય. મે૦ ૩૦

એમ કહી જય પહોતો ઘરે, જાણે ઉતારીયો ગ્રહભાવ;
થઈ શાતા સખીને કહે, તુમે દીઠા રે ખલ મનના ભાવ. મે૦ ૩૧

દેવી કહે તું ઉતાવળી, જાઈને નંદન લાવ;
ક્ષુધા તૃષાયે પીડ્યો હશે, આણીને રે મુજ કર દેખલાવ. મે૦ ૩૨

એમ સુણી સખી તે તિહાં ગઈ, મનમાં ધરીને ઉમેદ;
જ્ઞાનવિમલ ગુરુ ધ્યાનથી, હોશે સંપદ રે જાશે સવિ ખેદ. મે૦ ૩૩

**॥ દોહા ॥**

કુસુમપુંજ જઈ જોઈઓ, પણ દીઠો સુત નવિ તેથ;
શું ભૂલી હું જાયગા, નહીં આવ્યો કોઈ એથ. ૧

નિધિ પરે ફરી ફરી જોઈઓ, દીઠો નહીં કુમાર;
મૂર્ચ્છા પામે બહુ રડે, કરે વિલાપ અપાર. ૨

ગદગદ સ્વર બોલી જિસે, નિશ્ચે સુત કુશલની વાત;
પુત્ર ન દીઠો જોયતા, એ મહોટો ઉતપાત. ૩

નિસુણી વજ્રાહત થઈ, દેવી કરે વિલાપ;
પારદ પાવક ઉપરે, જેમ ન રહે ધરી આપ. ૪

કદલીદલના વીંજણા, બાવના ચંદન વારિ;
સીંચી વાળી ચેતના, દેવીને પરિવાર. ૫

જેમ દરિદ્રીને કરે, સુરતરુ સુરમણિ વસ્તુ;
પામી પણ ન રહે યથા, એમ એ તનય પ્રશસ્ત. ૬

શું કોણે એ અપહર્યો, કોણે વિણાશ્યો હોય;
શું થયું એ પુત્રને, ખબર કહે ઇહાં કોય. ૭

**॥ ઢાળ ચૌદમી ॥**

(મનભમરા રે—એ દેશી ॥ રાગ ગોડી)

કરે વિલાપ રાણી ઘણું, સુત માહરા રે;
તું જીવન પ્રાણ આધાર, ઘણું મુજ પ્યારા રે.
દુષ્ટ દૈવ તેં શું કર્યું સુ૦ દીધો દુઃખ અંબાર. ઘ૦ ૧

નિધિ દેખાડી જેમ લીએ સુ૦ પીરસી ભોજન થાળ; ઘ૦
પાડી મેરુ ચઢાવીને સુ૦ મનોરથ છેદ્યો કુદાલ. ઘ૦ ૨

દૂષણ માહરાં કર્મનાં સુ૦ દોષ ન અવરનો કોય; ઘ૦
કઠિણ પાપ જે આચર્યાં સુ૦ ઉદયે આવ્યાં સોય. ઘ૦ ૩

પંચાચાર વિરાધીયા સુ૦ દીધાં ગુણીજન આલ; ઘ૦
કે કીધી શીલખંડના સુ૦ કે પાડ્યા મહુઆલ. ઘ૦ ૪

કર્માદાન સમાચર્યાં સુ૦ કે જૂ માંકડ લીખ; ઘ૦
પૂંજો તાવડ નાખીયો સુ૦ કે ભાંજી વળી ભીખ. ઘ૦ ૫

જ્ઞાન દેવ ગુરુ સાધારણા સુ૦ દ્રવ્યના કીધા નાશ; ઘ૦
શોક્યનાં બાળ વિછોહીયાં સુ૦ પાડ્યા દૂધ વિનાશ. ઘ૦ ૬

કામણ મોહન કરડકા સુ૦ દીધા બહુલ શરાપ; ઘ૦
વૃદ્ધ વિનય નવિ સાચવ્યા સુ૦ ચોરીનાં કીધાં પાપ. ઘ૦ ૭

દુષ્ટ કરમ કેઈ આચર્યાં સુ૦ પાછળ ભવ ભવ જેહ; ઘ૦
તે કેવળી જાણે સવે સુ૦ એ દુઃખનો નહીં છેહ. ઘ૦ ૮

હા શ્રીચંદ્ર કિહાં ગયો સુ૦ દે તારો દેદાર; ઘ૦
નયણે નિહાળું નાનડા સુ૦ આ સફળ કરું અવતાર. ઘ૦ ૯

એમ વિલાપ બહુ સાંભળી સુ૦ રાજ્ય કુળે થયો શોક; ઘ૦
સ્વજન સવે તિહાં આવીયા સુ૦ આવે સવિ નિજ લોક. ઘ૦૧૦

કહે રાણીને તિહાં સહુ સુ૦ મ કરો શોક લગાર; ઘ૦
દુર્લંઘ્યા ભવિતવ્યતા સુ૦ આપ કર્મકૃત ચાર. ઘ૦૧૧

જ્ઞાનતત્ત્વ રાણી તુમો સુ૦ જાણો છો જિનવયણ; ઘ૦
શું વિલાપ કીધે હોયે સુ૦ ઉઘાડો નિજ નયણ. ઘ૦૧૨

લભ્ય હોયે તે લાભીએ સુ૦ નહિ ઇહાં કોઈનો દોષ; ઘ૦
દોહિલો જેમ જેમ સાંભરે સુ૦ તેમ તેમ લહે ઘણ શોષ. ઘ૦ ૧૩

જેમ ઘનવૃષ્ટિ વનદવ સમે સુ૦ તેમ જિન ધ્યાનથી શોક; ઘ૦
બંધુ વર્ગ એમ થિર કરી સુ૦ ઘર પહોતો સવિ લોક. ઘ૦ ૧૪

પરમેષ્ઠી સમરણ કરી સુ૦ ક્ષણ એક સૂતી યામ; ઘ૦
સ્વપ્નાંતર સીત વસ્ત્રશું સુ૦ આવી સુરી અભિરામ. ઘ૦ ૧૫

સુણ વત્સે! જાગે અછે સુ૦ કિંવા નિદ્રામાંહે; ઘ૦
માત! નીંદ મુજ કિહાં થકી સુ૦ હું હમણાં દુઃખમાંહે. ઘ૦ ૧૬

મુજ ભાગ્યે તમો આવીયા, મુજ માતા રે;
નયનને ઉપન્યો આનંદ; કરો સુખશાતા રે.
સા કહે કુલદેવી અછું, મુજ માતા રે;
વિજયી છે તુજ નંદ; કરો સુખસાતા રે. ૧૭

પુષ્પપુંજથી મેં સહી, સુણ બેટી રે;
મૂક્યો અનેરે ઠામ, મહાગુણ પેટી રે.
તુજ પાસે રહેતાં થકાં, સુ૦ દેખી વિઘનનું ઠામ; મ૦ ૧૮

દુઃખ મનમાં તું મત કરે સુ૦ તુજ સુત છે સુખ ધામ; મ૦
બારે વરસે આજથી સુ૦ મળશે ભૂપતિ હોય; મ૦ ૧૯

કન્યા અનેક તે પરણશે સુ૦ વિવિધ કળા ગુણગેહ; મ૦
શ્રીચંદ્ર કુમર સોહામણો સુ૦ ઇહાં મત ધરજે સંદેહ; મ૦ ૨૦

એમ કહી કુલદેવી ગઈ સુ૦ મૂકી નિદ્રા તામ; મ૦
રાણી હર્ષિત મન થઈ સુ૦ સંભારે જિનનામ; ઘ૦ ૨૧

સેંદ્રી પ્રમુખ સખીને કહી સુ૦ સુપન તણી સવિ વાત; ઘ૦
સખી કહે એ સવિ સાચલું સુ૦ એ કુલદેવી સાક્ષાત. ઘ૦ ૨૨

એ અવિતથ્ય વાણી હોજો સુ૦ રાણી કહે મુખ વાચ; ઘ૦
મંગલમાલા ઘર ઘરે સુ૦ શ્રી જિનધર્મ તે સાચ. ઘ૦ ૨૩

દેવપૂજ આવશ્યકશું સુ૦ દાનાદિક બહુ કર્મ; ઘ૦
વિધિશું વારુ સાચવે સુ૦ ધર્મ કર્મના મર્મ. ઘ૦ ૨૪

એણે સમે તેહિજ નગરમાં સુ૦ લક્ષ્મીદત્તાભિધ શેઠ; ઘ૦
લક્ષ્મીવતી તેહની પ્રિયા સુ૦ લચ્છી કરે જસ વેઠ. ઘ૦ ૨૫

ધર્મી શર્મી ને ધની સુ૦ પણ નહીં તાસ [1]અપત્ય; ઘ૦
મધ્ય રયણીએ તે લહી સુ૦ સુપન એહવું સત્ય. ઘ૦ ૨૬

શ્વેત વસ્ત્ર ગોત્રદેવતા સુ૦ આવી કહે શેઠ ઊઠ; ઘ૦
કલ્પવૃક્ષ દેઉં તુજ ઘરે સુ૦ હું ગોત્રદેવી તૂઠ. ઘ૦ ૨૭

[2]સયણ સવે તેડી કરી સુ૦ સુત જન્મોત્સવ મંડ; ઘ૦
તે નિસુણીને માંડીયો સુ૦ ભોજન વિધિ [3]ઘૃતખંડ. ઘ૦ ૨૮

કુસુમપુંજ લેવા ભણી સુ૦ મોકલિયા નિજ દાસ; ઘ૦
તિહાં કુસુમ થોડાં મળ્યાં સુ૦ આવ્યા ફરીને દાસ. ઘ૦ ૨૯

શેઠ! આપ નૃપ વાડીયે સુ૦ કુસુમ કાજ ગયો લેણ; ઘ૦
જય નૃપની આણા લહી સુ૦ વિવિધ કુસુમની શ્રેણ. ઘ૦ ૩૦

પુષ્ફકરંડ[4] ભરાવીયા સુ૦ સેવક પાસે જામ; ઘ૦
એણે સમે ભાગ્ય તણે વશે સુ૦ ફળિયા મનોરથ તામ. ઘ૦ ૩૧

પ્રતાપસિંહ નંદન તિસે સુ૦ ફરકાવે નિજ પાદ; ઘ૦
પુષ્ફમાંહે મધુકર પરે સુ૦ ચિંતે શેઠ આહ્લાદ. ઘ૦ ૩૨

અદ્‌ભુત રૂપ ગુણનો નિધિ સુ૦ નિરખ્યો નંદન તેહ; ઘ૦
તરણિકિરણ પરે દીપતું સુ૦ સૌમ્ય સુધા સુઅછેહ. ઘ૦ ૩૩

સાર મંદાર તરુ પરે સુ૦ છાયા કાંતિ સશ્રીક; ઘ૦
ભૂષણ ભૂષિત મૃદુ તનુ સુ૦ રત્નકંબલ મુદ્રા નીક. ઘ૦ ૩૪

રૌરઘરે મનુ નીપની, સુત માહરા રે,
અતર્કિત રત્નની વૃષ્ટિ; સુણો સવિ સજ્જન રે.
એ સુત રત્નને આપિયો સુ૦ એ વનદેવીની સૃષ્ટિ. સુ૦ ૩૫

મધ્ય રયણીયે ગોત્રદેવીએ સુ૦ જે કહ્યું તે થયું સત્ય; સુ૦
સેવા સફળ થઈ એહની સુ૦ પર્યાગતની નિત્ય. સુ૦ ૩૬

નિજ મૃદુ કરકમળે ગ્રહ્યો સુ૦ ઠવે કુસુમ કરંડકમાંહે; સુ૦
ફૂલે બહુ મૂલે કરી સુ૦ લેઈ ગયો નિજ ઘરમાંહે. સુ૦ ૩૭

લક્ષ્મીવતીને આપિયો સુ૦ કહી વિસ્તર તસ વાત; સુ૦
જ્ઞાનવિમલ વાણી સુણે, જે હોયે સુખણી ધાત. સુ૦ ૩૮

૧. સંતાન ૨. સ્વજન ૩. ઘી અને ખાંડ (સાકર) ૪. ફૂલના કરંડિયા

## ॥ દોહા ॥

સા કહે વારુ એ નીપન્યું, લાધ્યું મહોટું રત્ન;
ભાગ્ય મનોરથ કલ્પતરુ, ફળીયો એહ અયત્ન. ૧

અહો અહો તુમ ધીરતા, અહો અહો બુદ્ધિ પ્રપંચ;
રાજગેહ મિષ સાહસી, નહીં કાંઈ ખલ ખંચ. ૨

અહો અહો દૃષ્ટિ સુકુમારતા, પાકાં પૂરવ પુણ્ય;
થાકાં દુરિત હવે આજથી, નીકાં ઇષ્ટ અગણ્ય. ૩

ગૂઢ ગર્ભ માહરી પ્રિયા, થયો સાંપ્રત સુત જન્મ;
કરો વિવિધ વધામણાં, દાન પુણ્ય વિધિ ધર્મ. ૪

પાવન થઈ જિન દેહરે, સ્નાત્ર મહોત્સવ સાર;
કીજે નવ નવ છંદશું, નાટક ગીત ઉદાર. ૫

મંગલ ધવલ તણી ધ્વને, પૂરિત દશ દિશિમાન;
યાચક જનને આપીએ, મનવંછિત [1]વર દાન. ૬

પુત્ર પ્રાપ્તિ હર્ષે કરી, થયો નગર આનંદ;
હર્ષ કોલાહલ નીપન્યા, જય જય શબ્દ અમંદ. ૭

દશ દિન સ્થિતિ વધામણી, ટાળી અશુચિ સંભાર;
બારસમે દિવસે વળી, તેડી સવિ પરિવાર. ૮

ચંદ્રબિંબ પરે સુખ દિયે, દીઠો એહ કુમાર;
તેહ ભણી નામ થાપીયું, શ્રી શ્રીચંદ્ર કુમાર. ૯

અંક ખીર મજ્જન વળી, મંડન ક્રીડા ધાવિ;
પાંચે પાળીતો વધે, જિમ મુનિ સુમતિ સભાવ. ૧૦

## ॥ ઢાળ પંદરમી ॥

(રાગ સારંગ—જીહો કુંઅર બેઠો ગોખડે—એ દેશી)

જીહો નંદનવન જેમ સુરતરુ, જીહો ગિરિ દરિ ચંપક છોડ;
જીહો તેમ તેમ દિન દિન વાધતો, જીહો પહોંચે મનના કોડ.
મહાજન પેખો પુણ્ય વિશેષ;
જીહો પુણ્ય પ્રમાણે અતિ ઘણું, જીહો આય મિલે સુવિશેષ,
વિબુધ જન પેખો પુણ્ય વિશેષ. ૧

૧. શ્રેષ્ઠ દાન

જીહો યદ્યપિ લખપતિ તે હુતો, જીહો પણ સુત ભાગ્યને હેત;
જીહો કોટિધ્વજ શેઠી થયો, જીહો મણિરયણાને સંકેત. વિ૦ ૨

જીહો ષષ્ઠી જાગરણા થકી, જીહો નામ કરણ શ્રુતિવેધ;
જીહો ચૂલા થાપન મૂંડનં, જીહો અન્ન પ્રાશન સંવેધ. વિ૦ ૩

જીહો ચંક્રમણાદિ સર્વે ક્રિયા, જીહો યાવત્ વરસ પ્રમાણ;
જીહો વળી કુલાચાર બહુ પરે, જીહો તે કીધા ભલે મંડાણ. વિ૦ ૪

જીહો બંધુ સયણ ને નાતમાં, જીહો નાગર જનના થોક;
જીહો અંકથી અંકે લીએ ઘણું, જીહો વહાલો જેમ રવિ [1]કોક. વિ૦ ૫

જીહો સુખકારી સવિ લોકને, જીહો ન કરે હઠ સંતાપ;
જીહો વિકૃતાકાર ધરે નહીં, જીહો મીઠા જસ આલાપ. વિ૦ ૬

જીહો બાળ અબાળ પરાક્રમી, જીહો પંચ વરસ થયાં જામ;
જીહો પૂર્વ સંકેત તણી પરે, જીહો સવિ વિદ્યાનું ઠામ. વિ૦ ૭

જીહો જે દીઠું જે સાંભળ્યું, જીહો એક વાર જે હોય;
જીહો તે સઘળું લીલાથકી, જીહો ટંકોત્કીર્ણ પરે જોય. વિ૦ ૮

જીહો એક દિન જાય ઉદ્યાનમાં, જીહો જનક સંઘાતે કુમાર;
જીહો રથ ચઢી લીલા કારણે, જીહો કૌતુક કાજે કુમાર. વિ૦ ૯

જીહો ચંપક નાગ પુન્નાગનાં, જીહો ફોગ ફણસ માકંદ;
જીહો સાલ રસાલ મૃણાલિકા, જીહો વાપી કમલનાં વૃંદ. વિ૦૧૦

જીહો શતક સહસ લખ પત્રની, જીહો વિવિધ નલિનની જાતિ;
જીહો અગર તગર એલા લવા, જીહો નાગલતાની ભાતિ. વિ૦૧૧

જીહો એમ અનેકવિધ જોવતાં, જીહો વાડી વન ઉદ્યાન;
જીહો એહવે અચરિજ જે થયું, જીહો તે સુણજો થઈ સાવધાન. વિ૦૧૨

જીહો વાજિત્રનાદે વાજતે, જીહો ગાતાં ગુણિજન કોડિ;
જીહો દાન મહા દેતે થકે, જીહો અતિ ઘણ હોડાહોડિ. વિ૦૧૩

જીહો નાટક પેટક થાવતે, જીહો ધવલ મંગલની શ્રેણ;
જીહો હર્ષ કોલાહલ અતિ ઘણો, જીહો મુખે ન કહાયે કેણ. વિ૦૧૪

જીહો ગિરિવર સમ કુંજર ચઢી, જીહો છત્ર ચામર વીંજાય;
જીહો સારિકા[2] એક દીઠી કુમરે, જીહો પાળા[3] આગલ એ જાય. વિ૦૧૫

૧. ચક્રવાક પક્ષી ૨. પોપટી, મેના ૩. પાયદલ સૈન્ય

જીહો મંત્રી સામંત પ્રમુખ ઘણા, જીહો ચો પખેર પરિવાર;
જીહો ગાજે ગજની બહુ ઘટા, જીહો હણહણતા હયખાર. વિ૦ ૧૬

જીહો રાણીપરે એક સારિકા, જીહો અચરિજકારી રે એહ;
જીહો નગરથી બાહેર આવતાં, જીહો તે વનમાં ધરી નેહ. વિ૦ ૧૭

જીહો તે વનમાંહે અછે ભલું, જીહો તુંગ તોરણ પ્રાસાદ;
જીહો આદિ જિણંદ તણો અછે, જીહો દર્શને હોય આહ્લાદ. વિ૦ ૧૮

જીહો અતિ ઉત્સવ આડંબરે, જીહો આવી ચૈત્ય દુવાર;
જીહો ગજથી તે તિહાં ઊતરી, જીહો પેસે ચૈત્ય મઝાર. વિ૦ ૧૯

જીહો કુમરે તે દીઠી જિસે, જીહો હર્ષિત હૃદય હરાણ;
જીહો ચિંતે એ શું માનુષી, જીહો અથવા દેવ વિન્નાણ. વિ૦ ૨૦

જીહો અથવા જો તિરિયંચિણી, જીહો કેમ જાણે સરૂપ;
જીહો નાગર લોકે પરિવરી, જીહો એ તો અચરિજ રૂપ. વિ૦ ૨૧

જીહો એમ વિચાર મનમાં કરે, જીહો એક સ્ત્રી આવી તામ;
જીહો સુખ આસનથી ઊતરી, જીહો કહે નિજ સેવકને તામ. વિ૦ ૨૨

જીહો તાત તણી આજ્ઞા લઈ, જીહો પૂછે કુમર સંદેહ;
જીહો તુમો કોણ છો એ કુણ અછે, જીહો પશુરૂપે ગુણગેહ. વિ૦ ૨૩

જીહો શ્યો મહોત્સવ છે મોટકો, જીહો કેમ આવી પ્રાસાદ;
જીહો સવિ વૃત્તાંત કહી તમ તણું, જીહો ટાળો સંશયવાદ. વિ૦ ૨૪

જીહો કુમર વચન સુણી સા કહે, જીહો સુણ શૃંગાર કુમાર;
જીહો એહ નગરનો રાજિયો, જીહો પ્રતાપસિંહ સુખકાર. વિ૦ ૨૫

જીહો હમણાં રત્નપુરે અછે, જીહો જનપદ જીતણ કાજ;
જીહો સૂર્યવતી તેહની પ્રિયા, જીહો સેંદ્રી સખી હું આજ. વિ૦ ૨૬

જીહો વૃત્તાંત હવે કાબર તણું, જીહો સાંભળ તું સુકુમાળ;
જીહો મુજ સ્વામિનીને એ વાલહી, જીહો હંસી રાજમરાલ. વિ૦ ૨૭

જીહો જન્મભૂમિ છે એહની, જીહો કર્કોટક નામે દ્વીપ;
જીહો એક ધની શેઠે તિહાં થકી, જીહો આણી રત્નપુર દીપ. વિ૦ ૨૮

જીહો તિહાં પ્રતાપસિંહ આગળે, જીહો ભેટ કરી બહુ મૂળ;
જીહો કાવ્ય સૂક્તિ સુભાષિતે, જીહો કર્યો રાજા અનુકૂળ. વિ૦ ૨૯

જીહો સૂર્યવતી રાણી તણો, જીહો જાણી પુત્રવિયોગ;
જીહો લેખથકી રાજા તિહાં, જીહો માને દિલ ઘણું શોક. વિ૦ ૩૦

જીહો હા હા દૈવ કિશું થયું, જીહો શુભસૂચક ચઉ સ્વપ્ન;
જીહો તેહનો મહિમા નવિ રહ્યો, જીહો જેમ સ્વપ્ને અસ્વપ્ન. વિ૦ ૩૧

જીહો રાણી દુઃખ વિસારવા, જીહો સચિવશું કરીય વિચાર;
જીહો નરભાષાએ બોલતી, જીહો ઇહાં મૂકી તેણે વાર. વિ૦ ૩૨

જીહો જિનભાષિત વૈરાગ્યના, જીહો કહે ઉપદેશ રસાલ;
જીહો જિનભક્તિ રાણી તિસે, જીહો ચિંતે ફળ્યો સુરસાલ. વિ૦ ૩૩

જીહો ધર્મગોષ્ઠિ કરતાં થકાં, જીહો જાતો ન જાણે કાલ;
જીહો ઉત્તમ સંગતિથી હોયે, જીહો દિન દિન મંગલમાલ. વિ૦ ૩૪

જીહો પુણ્યે હોયે મતિ નિર્મલી, જીહો પુણ્યે ઉત્તમ સંગ;
જીહો પુણ્યે જિન ગુરુ ધર્મનો, જીહો પામે પાવન ગંગ. વિ૦ ૩૫

જીહો દેવી એહની સંગતે, જીહો ધર્મકથાયે કાલ;
જીહો નિર્ગમતાં દિન બહુ થયા, જીહો વંદે દેવ ત્રિકાલ.
જીહો જ્ઞાનવિમલ કહી ઢાળ. વિ૦ ૩૬

**॥ દોહા ॥**

પહેલાં સાધુ તણે મુખે, સાંભળિયું છે એમ;
નૃપપુત્રી આવતે ભવે, થાઈશ તું ધરી પ્રેમ. ૧

તે મુનિવયણે સંગ્રહ્યો, સમકિતપૂર્વક ધર્મ;
પાલે અહોનિશિ સાચવે, શ્રાવકનાં ષટ્ કર્મ. ૨

રાણીને ઘણું વાલહી, પ્રાણ થકી સુખદાય;
ઉત્તમ કેરી પ્રીતડી, દિન દિન વધતી થાય. ૩

ઓછાશું જે પ્રીતડી, કરતાં ચિત્ત કુમલાય;
નીચનેહ ખરશબ્દ જ્યું, ઘટત ઘટત ઘટ જાય. ૪

દેવી તો વારે ઘણું, પણ તપ કરે કઠોર;
જે આપોપું આગમે, તિણશું કેવું જોર. ૫

અઠ્ઠાઈ ઉપવાસની, કીધો તપ નિર્માય;
એ સુખકારી સારિકા, ભવ લહ્યો પુણ્ય પસાય. ૬

આજ અઠ્ઠાઈ મહોત્સવે, કીધી ચૈત્ય પરિવાડ;
પુરમાંહે હવે બાહિરે, આવી ઘણે [1]રુહાડ. ૭

આદિનાથના ચૈત્યમાં, વિધિશું કરી પ્રણામ;
પેઠી છે પ્રભુ વાંદવા, નવનવ ભાવ અભિરામ. ૮

સેંદ્રી એમ કહી વાતડી, શેઠ પુત્રે જાણી જામ;
અહો અહો મન ચિંતવે, પુણ્યોદયનાં કામ. ૯

જાતિ અછે તિર્યંચની, દેખો દક્ષતા એહ;
પુણ્ય સામગ્રી કેહવી, મળી અછે સસનેહ. ૧૦

જિનમંદિરમાંહે જઈ, જોઉં એહની ભક્તિ;
તિર્યંચ પણ જિન અર્ચવા, કિમ દેખાડે શક્તિ. ૧૧

## ॥ અથ સારિકાકૃત સ્તુતિ ॥

### ॥ ઢાળ સોળમી ॥

(રાગ કાફી મારુ—હરિયે આપી રે, વૃંદાવનમાં માળ—એ દેશી)

નમો નમો શ્રી આદિજિણંદને, કરતી ત્રિવિધ પ્રણામ;
પંચાભિગમે નમન કરંતી, કેવલજ્ઞાની નામ,
ભાલે ધરી લલામ.
પ્રભુજી પ્યારા રે, પુણ્યથકી મેં દીઠા.
પ્રાણ આધારા રે, સરસ સુધાથી મીઠા. ૧

રાજપુરુષ ઉપયોગ કરાવે, કોલાહલને સમાવે;
સાચી વાણીએ ભાવના ભાવે, સહુને અચરિજ થાવે,
વાજિત્રનાદ વજાવે. પ્રભુ૦ ૨

હું તો કાબરી બાબરદ્વીપની, સાસ ભરી એ દેહી;
સ્વામી બરાબર કો નવિ દીઠો, તુંહી અનેહી અદેહી. પ્રભુ૦ ૩

તું નિકલંક અને નિર્મોહી, તું અદોહી ઉદાસી;
માહરા મનમાંહેથી કેણી પરે, કહો હવે કેમ ફરી જાસી. પ્રભુ૦ ૪

જેમ પંકજમાં મધુકર પેસે, તેમ મનકજમાં પેઠો;
તુમ દર્શન પામી નવિ હરષે, તે નિગુણો ને ધીઠો. પ્રભુ૦ ૫

---

૧ હોંશ

હું તિર્યંચણી ને વળી પંખણી, લાખેણી તુમ સેવા;
પામીએ તો એ અનોપમ ભાગ્યે, જિમ ભૂખ્યાં વર મેવા. પ્રભુ૦ ૬

ભવ ભવ તાહરી આણા સુરગવી, હોજો અવિચળ ભાવે;
તેહથી ગોરસ સમકિત સૂધું, જ્ઞાન ને ચરણ જમાવે. પ્રભુ૦ ૭

જિમ ઘૃત આપ સ્વભાવે નિર્મળ, રસ શોધ્યો કહ્યો ન જાવે;
તિમ તુમ હેતે નિજ સ્વરૂપ તે, નિરાવરણ પ્રગટાવે. પ્રભુ૦ ૮

ઇંદ્ર અનંતા જો સમકાલે, ભક્તિ કરે જો કબેહી;
તો પણ પ્રભુગુણ સમતા નાવે, તો હું તિર્યંચણી કેહી. પ્રભુ૦ ૯

સારિકા એણી પરે આદિ દેવની, ગુણથુતિ કરવા લાગી;
સહુ પ્રશંસે જુઓ એ અચરિજ, જ્ઞાનવિમલ મતિ જાગી.પ્રભુ૦૧૦

ઇતિ સારિકાકૃત સ્તુતિ

**॥ દોહા ॥**

વિધિશું નાહી વાવમાં, કરી ચંચૂપુટ શુદ્ધ;
મંગળ આઠ ભરે તિહાં, મુક્તાફળે વિશુદ્ધ. ૧

પગર કુસુમનો તિહાં ભરે, ધૂપદીપનાં પાત્ર;
ભરે અબીરશું મૃગમદે, નવરાવે વળી સ્નાત્ર. ૨

પાવન કરે કર્મમળથકી, જન્મ જરા ને મરણ;
જેહથી જાયે તે કહી, પૂજા અર્થ પ્રવીણ. ૩

એમ પૂજા અર્ચા કરી, પાછે પગે વળે જામ;
જિનમુખ સામું જોવતી, કરતી બહુત પ્રણામ. ૪

**॥ ઢાળ સત્તરમી ॥**

(રાગ આશાવરી–જિનવરશું મેરો મન લીનો–એ દેશી)

સારિકાએ તિહાં કર્મ સંયોગે, કુમરને નયણે નિરખ્યો રી;
સુભગભાગ્ય ગુણનિધિ નિજકર વિધિ, નીપાયો હરિ સરિખો રી. ૧

આતમ ભાવ તણી ગતિ વિષમી, કુણહી કહી ન જાવે રી;
કર્મ શુભાશુભ સમયે સમયે, બાંધે પરિણતિ આવે રી. આ૦૨

સારિકા ફરી શ્રીજિનને ચરણે, આવી એણી પરે ભાખે રી;
ગાઢ સ્વરે જન્માંતરે ભર્તા, એ હોજો કહે સહુ સાખે રી. આ૦૩

દેવાધિદેવ તો તુંહી તુંહી, ગુરુ સુસાધુ નિર્ગ્રંથા રી;
ધર્મ અહિંસા લક્ષણ આણા,—રાધક ધારી પંથા રી. આ૦૪

એમ કહીને અણસણ સાગારી, લેવે જિનપદ મૂલ રી;
ઇમ નિસુણીને કુમર તિહાં બોલ્યો, સુણ પંખણી અનુકૂલ રી. આ૦૫

અહો અહો તાહરી ચતુરાઈ, પાઈ પણ તુજ ખામી રી;
એહવું નિદાન કરે કોઈ પ્રાણી, પણ તિર્યંચ ગતિ પામી રી. આ૦૬

વીતરાગ શાસનમાં એહવું, ભાખ્યું છે સુણ બાઈ રી;
ધર્મ કર્યો અનિદાન મુગતિ ફળ, સંવર ભાવ સખાઈ રી. આ૦૭

પંચામૃત જમી ખારા નીરનું, ચલુક છે એહ ઉખાણો રી;
સાચો કીધો તેં એ કરતાં, એ વિષવાદ મ આણો રી. આ૦૮

એ અટ્ઠાઈ મહોત્સવ જિનના, યાત્રાદિકની કરણી રી;
ઘણા જીવ અનુમોદન કરતાં, એ સમકિત વર ધરણી રી. આ૦૯

એહવું પુણ્ય કરી પંચામૃત, એ નિદાન તો ન ઘટે રી;
પણ લહીએ છે વાંક ન કેહનો, ભાવી ભાવ તે ન મિટે રી. આ૦૧૦

કુમર વચન એમ નિસુણી બોલે, સારિકા સારી વાણી રી;
મેં નિદાન રૂપે નથી કીધું, સુણ તું કુમર ગુણખાણી રી. આ૦૧૧

સંયમ શીલ સુસાધુ સમીપે, સમકિત મેં આદરિયો રી;
તેણે મુજને આગમિક ભવે તું, રાજસુતા ભવ ધરિયો રી. આ૦૧૨

સ્ત્રીજાતે તો વરની ઈહા, એહવો છે વ્યવહારો રી;
તિહાં મિથ્યાત્વી સંગતિ લહિયે તો, જાય એળે જનમારો રી. આ૦૧૩

ગાય ગલે જેમ કાષ્ઠની ઘંટા, તાસ વિડંબના દોહિલી રી;
તેહ ભણી જો સમકિત સંગી, વર સામગ્રી સોહિલી રી. આ૦૧૪

જિનભગતિ ને જિનમત સુમતિ, કુમતિ કલંક ન દીસે રી;
એહવી વાણી તેણે મેં દાખી, કુમર દેખી ચિત્ત વિકસે રી. આ૦૧૫

હું જાણું છું ધર્મ કરીને, વિષગરની આશંસા રી;
તેણે ધર્મે તો ચૌગતિ ફરિયે, તેહની નહીં પ્રશંસા રી. આ૦૧૬

કીધાથી અણકીધું વારુ, એહવી નહીં જિનભાષા રી;
અવિધિ ફળે ભવવિધિ શિવફળ દીએ, ધર્મબીજ વિધિ શાખા રી. આ૦૧૭

અશુભ નિદાન નવ બોલ્યા પ્રવચને, તેમાં એ નહીં આવે રી;
સારિકા નિજ ભાવ કહીને, કુમરને ઇમ સમજાવે રી. આ૰૧૮

તિહાં આવી છે સેંદ્રી નામે, સૂર્યવતીની આલી રી;
તેણે દેવીને વાત સુણાવી, આવી કહે માહરી વહાલી રી. આ૰૧૯

બળ્યું બળ્યું એ તાહરું સાહસ, દુષ્કર આહારને પચખે રી;
પહેલાં પણ તપ તાહરું ઉત્કૃષ્ટ, દુર્બળ તનુને નિરખે રી. આ૰૨૦

ભામણડળે જાઉં હું તાહરે, બહેની પારણું કીજે રી;
આવી આવાસે સુખ આલાપે, મુજને આનંદ દીજે રી. આ૰૨૧

આયુમાન જાણ્યા વિણ બહેની, અણસણની નહીં વાત રી;
જિનશાસનમાં એહવું બોલ્યું, તું છે પંખી જાત રી. આ૰૨૨

જિનમત જાણ્યો તેહને કહિયે, હઠ શઠ છોડે વેગે રી;
તેહ ભણી અઠ્ઠાઈ પારણા, કરી પછે કરજો નેગે રી. આ૰૨૩

સારિકા બોલે સ્વામિની જે તુમો, કહ્યું તે સઘળું મેં જાણ્યું રી;
પણ જિન આગળ જેહ પ્રતિજ્ઞા, કીધી હવે શું તાણો રી. આ૰૨૪

જ્ઞાની વચન પણ એહવું ભાખે, જે અહિનાણ બતાવ્યું રી;
તે પણ સમય અનુસારે જાણી, અણસણને [1]મનિ ઠાવ્યું રી. આ૰૨૫

યદ્યપિ કાંઈ વિભાવસ્વભાવે, અધિકું જેહ કહાણું રી;
તે મિથ્યા દુષ્કૃત હો મુજને, થિરતાયે નહીં રહેવાણું રી. આ૰૨૬

એમ કહી [2]કાબર મૌન કરે જબ, દેવી એહવું બોલે રી;
સખી તુમ વિણ ઇહાં વાસર[3] માહરા, કેમ જાશે[4] વિષતોલે રી. આ૰૨૭

રાણી ને વળી સર્વ સાહેલી, નગર લોક સવિ મેલી રી;
અણસણનો ઉત્સવ તિહાં માંડ્યો, ધર્મરાગ માંહે ભેલી રી. આ૰૨૮

દુરિત ઠાણ અઢાર આલોઈ, સુકૃત અનુમોદે સઘળાં રી;
દુષ્કૃત નિંદા મદ પરિહરણા, ચાર સરણ કરે વિમલા રી. આ૰૨૯

સકલ લોકને આનંદકારી, વારી દુષ્ટ કષાયા રી;
દેવી ઉપર પણ નહીં માયા, કેહની માયા કાયા રી. આ૰૩૦

૧. મનમાં ૨. મૈના ૩. દિવસ ૪. વિષ સમાન

દિવસ ત્રણ અણસણ આરાધી, પરભવ પામી મૈના રી;
ચંદન પ્રમુખે તે સંસ્કારી, સંભારી ગુણ તેહના રી. આ૦૩૧

મૂકી શોક રાણી રહે સુખમાં, કુમરે રાણી ભેટી રી;
પણ માંહોમાંહે કોઈ ન જાણે, સુત વેદન નવિ મેટી રી. આ૦૩૨

પિતા પાસ આવી સવિ તેહના, ગુણ અનુમોદન કરતો રી;
સઘળી વાત જણાવે હરષે, મિત્ર અનેક પરિવરતો રી. આ૦૩૩

પ્રજા લોકની વાણી એહવી, મેનાએ અણસણ કીધું રી;
એ ઉત્તમ ગયું મિથ્યામત તમ, જીવિતનું ફળ લીધું રી. આ૦૩૪

એમ અનુમોદના નિસુણી બેહુની, આપે પણ અનુમોદે રી;
ઘર આવીને જ્ઞાનવિમલ ગુરુ, ચરણકમળને વંદે રી. આ૦૩૫

॥ દોહા ॥

હવે તેહિજ પુરમાં વસે, મંત્રી ધીધન નામ;
મતિરાજ સુધિરાજ બેહુ, નંદન તસ ગુણધામ. ૧

પહેલો મંત્રી પદ ધરે, અનુજ અનુજ પદ ઠામ;
અનુજ પ્રિયા કમલા અછે, તસ સુત ગુણ અભિરામ. ૨

ચંદ્ર પરે નિર્મલ કલા, ગુણચંદ્રાખ્ય કુમાર;
શ્રીચંદ્ર કુમરને મિત્ર તે, પ્રીતિસ્થાન અપાર. ૩

ખીર નીર પરે તેહને, મૈત્રી પરમ પવિત્ર;
વિનય વિવેક ભક્તે કરી, સેવા કરે વિચિત્ર. ૪

શ્રીચંદ્ર તેહશું વીસશ્યો, મન લીધું તેણે ચોર;
પશ્યતોહર ગુણચંદ્ર થયો, તો હી ઉત્તમ શિર મોર. ૫

માંહોમાં નખ માંસ પરે, પ્રીતિ વહે અતિ નેહ;
અળગા ન રહે એક ઘડી, એક જીવ દોય દેહ. ૬

હવે પિતા મન ચિંતવે, [૧]પાઠવીએ જો પુત્ર;
જો ભણિયો સુત સંપજે, તો રાખે ઘરસૂત્ર. ૭

તાદૃશ [૨]પાઠક જોઈએ, શાસ્ત્રનીતિનો જાણ;
વૃદ્ધપરંપર આવિયો, નિર્લોભી ગુણખાણ. ૮

૧. ભણાવીએ ૨. અધ્યાપક

વિષય પ્રમાદ ન સેવતો, ઠવતો પગલાં ન્યાય;
એહવો જો પાઠક મલે, તો ભણતાં સુખ થાય. ૯

ગંગા તીરથી આવિયો, શ્રીગુણધર ઉવઝાય;
શેઠે આવ્યો સાંભળી, સાથે બહુ સમુદાય. ૧૦

પૂર્વે ચાર વખાણીયા, ચિત્તજ્ઞાન નર જેહ;
તેહના ગુરુ પણ એહ છે, સકળ કળાના ગેહ. ૧૧

અરિહંત મતને અનુસરે, સકળ શાસ્ત્ર પરવીણ;
નીતિવૃદ્ધ [1]સુધી સંત છે, સ્ફુટવચ કાર્ય અદીન. ૧૨

શેઠે તે ઘર નોતરી, દીધાં વળી બહુમાન;
પુત્ર [2]પાઠવા [3]પ્રારથ્યો, પ્રભુ કરો આશ પ્રમાણ. ૧૩

પાઠક કહે તુજ પુત્રને, નિરખું લાવો આહીં;
આકારી પગે પાડીયો, લાવણ્યગુણની છાંહીં. ૧૪

ગુરુપદ પ્રણમી પ્રેમશું, પિતા ચરણ પ્રણમેવ;
બેઠો ઉચિત સ્થાનકે, વિનયથકી સ્વયમેવ. ૧૫

સર્વત્ર લક્ષણે અલંકર્યો, દેખી તેહ કુમાર;
યોગ્ય જાણીને હરષીયા, ઉપાધ્યાય તિહાં સાર. ૧૬

જાવાને ઉત્સુક હુતા, દેખી પ્રસન્ન થયું ચિત્ત;
ૐકાર કહી માનિયો, એહ કુમર સુવિનીત. ૧૭

**॥ ઢાળ અઢારમી ॥**

(રાગ સારંગ–લલનાની દેશી)

શ્રીગુણધર ઉવજ્ઝાયને, શેઠ દીએ બહુ દામ લલના;
નિઃસ્પૃહ ગુણથી નવિ લીએ, કુમર છે વિનયનું ધામ લલના. ૧

વિનય થકી સવિ ગુણ વધે, વિનય છે ધર્મનું મૂલ લલના;
શેઠ તાત ગુરુ માવડી, વિનયથી સવિ અનુકૂલ લલના. વિ૰ ૨

કહે ઉવજ્ઝાય સુણો શેઠજી, હું શ્રુતવિક્રયી નાહિ લલના;
જે ઉપગાર કરી ઇચ્છા કરે, તે નાણ કુશીલને પ્રાહિ લલના. વિ૰ ૩

વિનય કરી વિદ્યા લીએ, એ તો ઉત્તમ પક્ષ લલના;
અથવા વિદ્યાર્થી વિદ્યા લીએ, એ પણ બીજો દક્ષ લલના. વિ૰ ૪

૧. ઉત્તમ બુદ્ધિવાળા ૨. ભણાવવા ૩. પ્રાર્થના કરી

ધનથી વિદ્યા જે લીએ, તે તો નાહી યુક્ત લલના;
પુણ્યાત્માને દોયે હોયે, ત્રીજો કારણ ઉક્ત લલના. વિ○ ૫

જો વિનયી વિદ્યારથી, વાધે તેહથી ચિત્ત લલના;
અવિનયીને પણ તો દીએ, જો ધન લેવા ચિત્ત લલના. વિ○ ૬

કહે ઉવજ્ઝાય શુદ્ધ સ્થાનકે, કીજે શાસ્ત્ર અભ્યાસ લલના;
શેઠ કહે મેં વાસિયો, લખમીપુર છે પાસ લલના. વિ○ ૭

રાજાની આણાથકી, પહિલાં વાસ્યું જેહ લલના;
તિહાં આવાસ છે માહરા, પાવન કીજે તેહ લલના. વિ○ ૮

તે પંડિત સ્થાનક જોઈ, શાસ્ત્ર અભ્યાસને યોગ્ય લલના;
સામગ્રી તિહાં મેળવે, અશનાદિકના ભોગ લલના. વિ○ ૯

यतः– आचार्यपुस्तकनिवाससहायभोज्यं,
बाह्याश्च पंच पठनं परिवर्द्धयंति;
आरोग्यबुद्धिविनयोद्यमशास्त्ररागाः,
पंचांतराः पठनसिद्धिकरा भवंति. १

**અર્થ**–આચાર્ય, પુસ્તક, નિવાસ, નાણાકીય મદદ અને ભોજન એ પાંચ બાહ્ય કારણો ભણવામાં વૃદ્ધિ કરે છે અને આરોગ્ય, બુદ્ધિ, વિનય, ઉદ્યમ અને શાસ્ત્ર પ્રત્યે રાગ એ પાંચ અંતરંગ કારણો અધ્યયનને સફળ કરે છે.

શુભ મુહૂર્ત્ત શુભ ચંદ્રમા, યોગ લગન બળ જાણ લલના;
લેખશાળા મહોત્સવ તિહાં, માંડ્યો મોટે મંડાણ લલના. વિ○૧૦

વસ્ત્રાભરણે શોભતા, પાઠક તસ પરિવાર લલના;
બાહ્યે એમ શોભા બની, વિનયથી અંતર સાર લલના. વિ○૧૧

આદિ ૐનમો ભણે, વળતો અક્ષર પાઠ લલના;
દાન માન આપે ઘણાં, એ ઉચ્છાહના ઠાઠ લલના. વિ○૧૨

વ્યાકરણ કાવ્ય અલંકાર જે, જ્યોતિષ શાસ્ત્ર ને છંદ લલના;
ગણિતાગમ લક્ષણ કળા, શાસ્ત્ર અનેક અમંદ લલના. વિ○૧૩

સામુદ્રિક વાસ્તુક વળી, ભાષા તણા જે ભેદ લલના;
વળી શૃંગાર રસ મંજરી, શાલિહોત્ર ને વેદ લલના. વિ○૧૪

હોરા લગન ને નાડિકા, સ્વરોદય ને કાલજ્ઞાન લલના;
કલ્પવિદ્યા પિંગળ વળી, નાટકનાં વિજ્ઞાન લલના. વિ○૧૫

લિખિત ગણિત આદે કરી, કળા બહોંતેર જેહ લલના;
ઇત્યાદિક સઘળી કળા, શીખવજો ધરી નેહ લલના. વિ૦૧૬

ક્ષત્ર[1] યોગ્ય ક્ષત્રિયકળા, તેહનો પણ અભ્યાસ લલના;
રાધાવેધાદિક જિકે, ધનુર્વિદ્યાના વાસ લલના. વિ૦૧૭

તેમ શ્રીગુણધર ગુરુ તણા, ક્રમ સેવ્યા અતિ તેણ લલના;
ગુરુપ્રસાદથી તેહને, કરતલ પ્રાપ્તિ ન જેણ લલના. વિ૦૧૮

જેમ આદર્શમાં પ્રતિબિંબે, ભાસે સરિખે ભાસ લલના;
જલે તેલ પરે વિસ્તરી, તસ મતિ શાસ્ત્ર નિવાસ લલના. વિ૦૧૯

સકલ શાસ્ત્ર કુશલી થયો, કુમર અમરપતિ જેમ લલના;
ઉપાધ્યાય પણ નિજ ઘરે, ગંતુકામ થયા તેમ લલના. વિ૦૨૦

દૂષણ રહિત જે ભૂષણે, શોભાવ્યા સવિ તેહ લલના;
પાઠક ગમન લહી વારતા, કુમર કહે બહુ નેહ લલના. વિ૦૨૧

મ્લાન વદનકજ દેખીને, જેમ દિવસે શશિબિંબ લલના;
અશ્રુમોચન બહુવિધ કરે, ન સહું તુમ વિલંબ લલના. વિ૦૨૨

કુમરને દેખી એહવો, ન કરો એહવો શોક લલના;
નિશાસા નવિ મૂકીએ, છે સઘલાઈ થોક લલના. વિ૦૨૩

વાંક હોવે તે દાખવો, માતપિતાને સયણ લલના;
આજ લગે સુત તાહરો, દીઠું ન વિરુઉં વયણ લલના. વિ૦૨૪

કુમર કહે સુણો તાતજી, દુઃખ નહીં મુજને કાંય લલના;
પણ વિદ્યાગુરુ માહરા, [2]ગંતુક છે ઉવજ્ઝાય લલના;
તિણથી ચિત્ત કુમલાય લલના. વિ૦૨૫

કોણ મતિ મુજ દેયંશે, તત્ત્વ કહેશે વળી કોણ લલના;
જ્ઞાનાંજન કરી આંજશે, કહો કુણ મારાં નેણ લલના. વિ૦૨૬

એહવે અનુમતિ માગવા, આવ્યા પાઠકરાય લલના;
તેહવા કુમરને દેખીને, ધરતો દુઃખ સમુદાય લલના. વિ૦૨૭

અહો ભક્તિ અહો નેહલો, અહો અહો વિનય વિવેક લલના;
અહો અગર્વ નિર્દંભતા, પરશંસે અતિરેક લલના. વિ૦૨૮

૧. ક્ષત્રિય ૨. જનારા

કહે શેઠ સુત કારણે, જો પંચ દિવસ રહેવાય લલના;
તો અમ હિયડું ઉલ્લસે, કુમરને બહુ સુખ થાય લલના. વિ૦ ૨૯

ગુરુજીએ માની વિનતિ, રહ્યા વળી કેતોક કાલ લલના;
દાક્ષિણ્યથી સવિ નિપજે, મોહ મહોટો જંજાલ લલના. વિ૦ ૩૦

ગુરુ મુખચંદ્ર નિરખ્યા થકી, શ્રીચંદ્ર હરષ સમુદ્ર લલના;
તેહવો અતિહી ઉલ્લસ્યો, નીર ન માયે સમુદ્ર લલના. વિ૦ ૩૧

શ્રીગુણધર સુગુરુ તણા, ગુણ માણિક નિજ કંઠ લલના;
શ્રીચંદ્ર નિજગલ કંદલે, રાખે માળા ગૂંથી લલના. વિ૦ ૩૨

જ્ઞાનવિમલ ગુરુરાજથી, પામ્યા શ્રુતનિધિ સાર લલના;
તે ગુરુ કહો કેમ વીસરે, જેહના બહુ ઉપગાર લલના. વિ૦ ૩૩

॥ દોહા ॥

હવે પ્રતાપસિંહ રાજિયો, રિપુજનપદને જીતિ;
હઠશું રત્નપુરુ ગ્રહી, કરી આણાની રીતિ. ૧

ઉદધિરત્ન મણિમાણિકે, મુક્તાફળની કોડી;
વસ્તુ અપૂરવ બહુ લઈ, કોણ કરે હોડાહોડી. ૨

વાસર આઠ તિહાં રહી, વરતાવી નિજ આણ;
આપે અતિ ઊલટ ધરી, સેના બહુ મંડાણ. ૩

નયર કુશસ્થલ આવીયા, સાહમા આવે લોક;
નિજ નગરપતિ દેખીએ, હર્ષિત જિમ રવિ કોક. ૪

શેઠ સેનાપતિ મંત્રવી, સવિ સુહજ્જન પરિવાર;
લેઈ અપૂરવ ભેટણું, આવ્યા શેઠ કુમાર. ૫

જઈ રાજાના પાય નમી, બેસે યથોચિત ઠામ;
સ્વાગત કુશલ પૂછ્યું તિસે, સકલ લોકને તામ. ૬

શેઠ પાસે સુત દેખીયો, સુંદર સકલ શરીર;
દેખી નૃપ પૂછે તિસે, એ સુત કુણ વડવીર. ૭

શેઠ કહે તુમ દાસનો, એ નંદન છે સ્વામિ;
હર્ષિત મન કહે રાજિયો, સ્નેહ નયનથી તામ. ૮

સંપ્રતિ જાતિસ્મરણ છે, લોચન કેરો પ્રેમ;
સજ્જન મળવા ટળવળે, દુર્જન મળવા નેમ. ૯

કહે કણકોટપુરુ દિયું, એ સુતને સુખકાજ;
સ્નેહ જણાવે અતિ ઘણો, દૃષ્ટિયુગલ મહારાજ. ૧૦

દાન અવારિત આપતાં, આવે રાજ દુવાર;
નિજ ઘર મંગળ ધવલશું, આવે ધરી અલંકાર. ૧૧

લખમીદત્ત શેઠ આવિયા, નૃપતિ તણું બહુ માન;
લેઈને સુત સાથળે, દેતા અઢળક દાન. ૧૨

હવે ગુણધર ઉવજ્ઝાય જે, પાઉધરે નિજ ઠામ;
ધારબંધ જલતરણિ જે, પ્રમુખ વસ્તુ અભિરામ. ૧૩

વળી અનેક ગુણ યોગ્યતા, દિવ્ય વસ્તુ છે જેહ;
તેહ કુમરને આપીને, ચાલ્યા વધતે નેહ. ૧૪

**॥ ઢાળ ઓગણીશમી ॥**

(જીરે મહારે જાગ્યો કુંવર જામ, તવ દેખે દોલત મલી જીરેજી—એ દેશી)

જીરે મહારે હવે તે નગરમાંહે સાર, આઠ વસે વ્યવહારીયા જીરેજી;
જી૦ ધનપ્રિય ધન ધનસાર, ધનદત્ત ધનદ અનુકારીયા જીરેજી. ૧

જી૦ કમલાદિક તસ નાર, રૂપે રંભા ઉર્વશી જીરેજી;
જી૦ પુત્રી તેહની સાર, લખમી પ્રમુખ ગુણથી હસી જીરેજી. ૨

જી૦ લાવણ્ય રૂપ ચાતુર્ય, પ્રમુખ બહુ ગુણ સંપદા જીરેજી;
જી૦ ધનવતી લક્ષ્મીવતી આદિ, પ્રમુખ સુતા અતિશું મુદા જીરેજી. ૩

જી૦ પામી યૌવન વેશ, મદન રમણ નંદનવનં જીરેજી;
જી૦ જનક વિચારે તામ, દીજે કન્યાને ધનં જીરેજી. ૪

જી૦ શ્રીચંદ્ર પરે સૌમ્ય, નિરખીને મન ચિંતવે જીરેજી;
જી૦ જાણી એ વર છે યોગ્ય, લક્ષ્મીદત્ત શેઠ વીનવે જીરેજી. ૫

જી૦ લક્ષ્મીદત્ત પણ તેહ, વાત સુણીને હરખિયો જીરેજી;
જી૦ નિજ સુતને એ યોગ્ય, કન્યાગણ ગુણે પરખિયો જીરેજી. ૬

જી૦ શુભ દિન વેળા લગ્ન, જાણી વિવાહ માંડિયો જીરેજી;
જી૦ કન્યા આઠ ઉદાર, જાણો રત્નકરંડિયો જીરેજી. ૭

જી૦ પાણિગ્રહણ ઉદાર, કરાવે એકણ દિને જીરેજી;
જી૦ શોભે કુમર વિશેષ, આઠ કન્યા એકે મને જીરેજી. ૮

જી૦ કન્યા આઠે તે બાહ્ય, પતિ હૃદયે અંતર થકી જીરેજી;
જી૦ પ્રતિબિંબાણી તેહ, કાંતિ કલાપ ભરે છકી જીરેજી. ૯

જી૦ શ્રીચંદ્ર પૂરણચંદ્ર, સોળ કળા પરે મનુપ્રિયા જીરેજી;
જી૦ કન્યા શોભે તેણ, જેમ ઇંદ્રે જૂંભકપ્રિયા જીરેજી. ૧૦

જી૦ નિત્ય ઉદિત શ્રીચંદ્ર, દેખી ચંદ્ર કલંકિત થયો જીરેજી;
જી૦ શ્રીનિવાસ સુખ ઠામ, શ્રીચંદ્રને વદને રહ્યો જીરેજી. ૧૧

આઠ કન્યાનાં તથા તેના પિતાનાં અને માતાનાં નામ.

| પિતાનાં નામ | માતાનાં નામ | કન્યાનાં નામ |
|---|---|---|
| ૧ ધનપ્રિય | ૧ કમલસેના | ૧ ધનવતી |
| ૨ ધનદેવ | ૨ કમલવતી | ૨ ધનાઈ |
| ૩ ધનદત્ત | ૩ કમલસિરી | ૩ ધારણી |
| ૪ ધનસાર | ૪ કમલા | ૪ ધારુકન્યા |
| ૫ ધનેસર | ૫ કનકાવળી | ૫ લક્ષ્મીવતી |
| ૬ ધનગોપ | ૬ કુસુમસિરા | ૬ લીલાવતી |
| ૭ ધનમિત્ર | ૭ કનકાદેવા | ૭ લાછીબાઈ |
| ૮ ધનચંદ્ર | ૮ કોડિમદેવા | ૮ લીલાઈ |

જી૦ ગુણમણિ માણિકભૂમિ, કુમર રોહણગિરિ સારિખો જીરેજી;
જી૦ વિબુધે અલંકૃત સાર, ઇંદ્ર પરે જને પારખ્યો જીરેજી. ૧૨

જી૦ સુમનસ નંદન વાણિ, કંચનગિરિ જાણે વડો જીરેજી;
જી૦ ગંભીરમ ગુણે જલનિધિ, અધરીકૃત રહ્યો તે જડો જીરેજી. ૧૩

જી૦ એણી પરે ગુણની શ્રેણિ, આવી વશ થિર જાણીને જીરેજી;
જી૦ દાનાદિક બહુ પુણ્ય, કરતો નિજ કુળ જાણીને જીરેજી. ૧૪

જી૦ ઇત્યાદિક ગુણ કોડી, જોડ ન કોઈ એ સમી જીરેજી;
જી૦ કહેતાં નાવે પાર, જો મતિ હોયે સુરગુરુ સમી જીરેજી. ૧૫

જી૦ એક દિન હવે ગુણચંદ્ર, સાથે જાયે પુર બાહિરે જીરેજી;
જી૦ ક્રીડા કાજ કુમાર, ઉદ્યાનેથી ચઢી [1]વારણે જીરેજી. ૧૬

જી૦ સરોવર કેરે તીર, પટ આવાસમાં ઊતર્યા જીરેજી;
જી૦ તુરંગ[2] વિચિત્રની જાતિ, જાણે રવિરથથી [3]વીખર્યા જીરેજી. ૧૭

જી૦ દેખી તે અશ્વવૃંદ, શ્રીચંદ્ર ગુણચંદ્ર પ્રત્યે કહે જીરેજી;
જી૦ પૂછ તું એહનું મૂલ્ય, એ કેહવા કેહવું લહે જીરેજી. ૧૮

૧. ઘોડા પર ૨. ઘોડા ૩. છૂટા પડ્યાં

જી૦ તિહાં એક પુરુષ છે વૃદ્ધ, પૂછ્યું તવ એહવું ભણે જીરેજી;
જી૦ વેચ્યા તુરંગ અનેક, તેહની સંખ્યા કોણ ગણે જીરેજી. ૧૯

જી૦ પણ હમણાં છે સોળ, અશ્વ તે ઉત્તમ જાતિના જીરેજી;
જી૦ તે જોવાને કુમાર, આવે મિત્ર સંઘાતિના જીરેજી. ૨૦

જી૦ મિત્ર કહે કહો સ્વામિ, કોણ કોણ ઉત્તમ એહમાં જીરેજી;
જી૦ તિહાં લક્ષણે પ્રધાન, આખે કુમર છે જેહમાં જીરેજી. ૨૧

જી૦ ગંગાજલની જાતિ, ઉજ્જ્વળ ચરણ મુખે કરી જીરેજી;
જી૦ તાર્ક્ષ્ય નામ એ જાતિ, અષ્ટ મંગળ રેખે કરી જીરેજી. ૨૨

જી૦ રક્ત વરણ કીયાહ, વળી ખુગાહ છે સામલો જીરેજી;
જી૦ ચિત્ર વરણ હારાહ, ઘૃત પ્રભ સરાહ એ નિર્મલો જીરેજી. ૨૩

જી૦ કૃષ્ણ વરણ કાંઈ શ્વેત, એ ઉરાહ હય જાણીએ જીરેજી;
જી૦ કૃષ્ણ જાનુ કાંઈ પીત, રોકનાહ મન આણીએ જીરેજી. ૨૪

જી૦ એ નીલક હય જાતિ, હરિક હોલક સિત પિંગલા જીરેજી;
જી૦ એ પંચભદ્રની જાતિ, દોય અછે ગતિ આગલા જીરેજી. ૨૫

જી૦ હૃદય [1]પૃષ્ઠ મુખ પાસ, પુષ્ફિત શુભ લક્ષણે લિખ્યા જીરેજી;
જી૦ પંચમગતિએ પ્રધાન, એ દોય ઉત્તમ પારિખ્યા જીરેજી. ૨૬

જી૦ લાખ સુવર્ણને [2]મૂલ, એ પણ લેવા દોહિલા જીરેજી;
જી૦ ધોરિત વલ્ગિત પ્લુત્ય, એહવી ગતિના સોહિલા જીરેજી. ૨૭

જી૦ એહવે નૃપ વર્ગીય, રાજકુમર આવ્યા તિસે જીરેજી;
જી૦ જોઈ જોઈ [3]પ્રૌઢ શરીર, ઇચ્છાએ લીધા જિસે જીરેજી. ૨૮

જી૦ પોણે તથા અધ લાખ, દેઈ મૂલ્ય લેઈ ગયા જીરેજી;
જી૦ મોંઘા અને અતિ ઉચ્ચ, નહિ તુરગ ત્રણ તિહાં રહ્યા જીરેજી. ૨૯

જી૦ વાયુવેગ મહાવેગ, તુરગ દો પંચભદ્ર જાતિના જીરેજી;
જી૦ વેગવંત રથ યોગ્ય, લક્ષણ જોઈ ભાતિનાં જીરેજી. ૩૦

જી૦ હૃદયે વિચારી તામ, કુમર તે [4]હય દોય સંગ્રહે જીરેજી;
જી૦ લાખ દોય સુવર્ણ, મૂલ્ય દેઈને તેહ નિરવહે જીરેજી. ૩૧

જી૦ આવે નિજ ઘર જામ, તેહવે કુણહિકે શેઠને જીરેજી;
જી૦ જાઈ કહી સવિ વાત, આગળથી લહી ઠેઠને જીરેજી. ૩૨

૧. પીઠ ૨. મૂલ્ય ૩. મોટા, હૃષ્ટપૃષ્ટ ૪. ઘોડા

જી૦ અછે ત્રિવિધ સંસાર, મિત્ર શત્રુ ઉદાસીનતા જીરેજી;
જી૦ કહે તુમચો એ પુત્ર, જુઓ ડહાપણની [1]પીનતા જીરેજી. ૩૩

જી૦ રાજકુમરે જે લીધ, અશ્વ તે લઘુ મૂલ્ય પ્રૌઢ તનુ જીરેજી;
જી૦ આ મહા મૂલ્ય લઘુ અંગ, અશ્વ લીધા તુમ સુત મનું જીરેજી. ૩૪

જી૦ જેહ જનકની આણ, ન કરે તે સુત નહીં ભલો જીરેજી;
જી૦ કીધો એમ પોકાર, કોણહીક નરે ધરી આમલો જીરેજી. ૩૫

જી૦ શેઠ સુણી કહે એમ, રે ગાઢે સ્વરે શું લવે જીરેજી;
જી૦ ધન મુજ ઘરે સવિ જેહ, તે એહનાં ભાગ્ય વશે હવે જીરેજી. ૩૬

જી૦ એહનાં પુણ્ય પસાય, ધન ઓછું ન હોયે કદે જીરેજી;
જી૦ દૂર્વાકૂપનું નીર, વાધે કાઢ્યું જેમ નદે જીરેજી. ૩૭

જી૦ જ્ઞાનવિમલ સૂરિ એમ, ભાખે રાખે જે પ્રીતડી જીરેજી;
જી૦ ખલવચ સુણી મન ભંગ, ન કરે તેહની ધન ઘડી જીરેજી. ૩૮

**॥ દોહા ॥**

એહવે કુમર ઘેર આવિયો, પ્રણમી તાતના પાય;
કહે મેં [2]વાજીયુગ ગ્રહ્યા, લક્ષ દ્રવ્ય ઠહરાય. ૧

ભલું કર્યું મુખ એમ કહી, આપ્યું ધન નિજ હાથ;
પુત્ર ઉત્સંગે આરોપિયો, (જિમ) મુકુટે રત્નની જાત. ૨

પિતા આદેશથકી તિહાં, ગારુડ રત્નવિચિત્ર;
સુવેગ નામે રથ કારવ્યો, જોતાં નયન પવિત્ર. ૩

નૃપ સારથિના વંશનો, એક કુમર સુકુમાલ;
નામ ધનંજય સારથિ, ઉદ્યમવંત દયાલ. ૪

સ્નેહી સ્વામિદિલે ચલે, ગંભીરમ ગુણયુક્ત;
વિનયી ભક્તિ અતિ ઘણો, પ્રાપ્ત પરીક્ષ જે ઉક્ત. ૫

શુભ મુહૂર્ત્ત જોઈ કરી, લેઈ પિતા આદેશ;
મિત્ર સહિત તે સારથિ, રથનો કીધ નિવેશ. ૬

બુચકારી દોય અશ્વને, કર ફરસી સુકુમાલ;
સૂક્ષ્મબુદ્ધિ સુશિક્ષિતને, બાંધે ઘૂઘરમાળ. ૭

વસ્તુ નવીન અદ્‌ભુત ગુણે, દીઠે મન સુપ્રસન્ન;
થાયે તેમ વળી તેહના, કરવા બહુત યતન્ન. ૮

૧. જાડાપણું ૨. બે ઘોડા

મનમાં ચિંતે એહવું, જોઈજે રથ વેગ;
ઘોડા દોડ્યા વન ભણી, પ્રાયે જન ઉદ્વેગ. ૯

**॥ ઢાળ વીશમી ॥**

(યોગીસર ચેલાની દેશી)

કુમર મિત્ર ને સારથિ રે, બેઠા રથ કરી સજ્જ રે, અલબેલા વારુ.
અશ્વપરીક્ષા કારણે હો લાલ.
માનું ત્રિવર્ગ એ આફણી રે, ધર્મ અર્થ કામ સજ્જ રે, અલબેલા વારુ;
જનક તણી આણા લહી હો લાલ. ૧

નિજ નગરીથી નીસર્યા રે, કોઈ દિશિ ધરી મનમાંહે રે. અ૰
કૌતુકને જોવા ભણી હો લાલ.
અર્ધ પ્રહરમાંહે ગયા રે, પંચદશ યોજન બાહિ રે. અ૰
ફરી આવ્યા પાછા ઘરે હો લાલ. ૨

એમ સઘળી દિશિને વિષે રે, મન ઇચ્છાએ જાય રે. અ૰
સારથિ રથ હય સાનિધે હો લાલ.
નિશિદિન એમ ફિરતા રહે રે, જોતાં ક્રીડા ઠાય રે. અ૰
નયન કરાવે પારણાં હો લાલ. ૩

[૧]કદહીક કદહી પૂછે પિતા રે, [૨]વેલાતિક્રમ હેત રે. અ૰
કલ્પીને ઉત્તર દીએ હો લાલ.
બાહેર ભીતર જોયતાં રે, વાડી વન ઉદ્યાન રે. અ૰
નિશિદિન ઇચ્છાએ ફિરે હો લાલ. ૪

તુમ [૩]પાખે જમવું નહીં રે, તાત કહે એમ વાણી રે. અ૰
કરો ક્રીડા મન માનતે હો લાલ.
કુમર કહે સુણો તાતજી રે, એ યુગતિ છે વાત રે. અ૰
શીઘ્ર રમીને આવશું હો લાલ. ૫

પણ મુજ ઇચ્છા વાધતે રે, નહીં રહે મનહ સમાધિ રે. અ૰
તુમ આણા માહરે હજો હો લાલ.
શેઠ કહે હવે તાહરે રે, મન સમાધિ હોયે જેમ રે. અ૰
તેમ લીલા વિલસો સદા હો લાલ. ૬

૧. ક્યારેક, કબહીક ૨. વેળા પછી, મોડો ૩. સિવાય

રથ બેસી હવે એકદા રે, ત્રિકૂટ પર્વતે જાય રે. અ૦
તિહાં ભૈરવ યોગી અછે હો લાલ.
પદ્માસને બેઠો તિહાં રે, હર્ષ્યો તદ્‌ગુણ જાણી રે. અ૦
વત્સ! તું લઘુવય દેખીએ હો લાલ. ૭

વસ્ત્રાભરણે શોભીએ રે, સોવનરથ હય જોડિ રે. અ૦
દુષ્ટ વિષમ અટવી મહા હો લાલ.
કેમ એકાકી આવિયો રે, કહે યોગી સુણ બાળ રે. અ૦
કહે કૌતુકને કારણે હો લાલ. ૮

તુમ સરિખાના પ્રભાવથી રે, ભય ન હોયે કોઈ ઠામ રે. અ૦
સાહસિક જાણી કરી હો લાલ.
કહે ભૈરવ શ્રીચંદ્રને રે, કર મુજ વિદ્યા સહાય રે. અ૦
શાસ્ત્ર પ્રમાણે વિધિ સાધશું હો લાલ. ૯

આજ મધ્ય રયણી સમે રે, ઉત્તર સાધક થાય રે. અ૦
કુમરે વયણ તે ઊચર્યું હો લાલ.
એકલો તે પાસે રહી રે, વિધિશું કરે આહૂતિ રે. અ૦
કહે યોગી હવે તેહને હો લાલ. ૧૦

રે બાળક ઇહાં આવશે રે, અનેક વીર વૈતાલ રે. અ૦
વિશ્વસવું નવિ કેહથી હો લાલ.
ધૈર્ય ધરી કહે સાંભળો રે, નહિ ઇહાં કોઈ પરવાહ રે. અ૦
જેમ જાણો તેમ સાધજો હો લાલ. ૧૧

યોગી કહે મેં પરખીયો રે, સાહસિક શિરદાર રે. અ૦
હું તૂઠો તુજ સત્ત્વથી હો લાલ.
ક્ષુદ્રજીવ અંધકારણી રે, લિયે તું મૂલિકા એહ રે. અ૦
દુશ્મન જોરો નવિ ચલે હો લાલ. ૧૨

મહા પ્રસાદ કરીને લીએ રે, શ્રીચંદ્ર મૂલિકા તેહ રે. અ૦
પાય નમી યોગી તણા હો લાલ.
આજ્ઞા પામી તેહની રે, આવે નિજ પુર કાજ રે. અ૦
મનમાંહે હરખ્યો ઘણું હો લાલ. ૧૩

ઠામ ઠામ ક્રીડા કરે રે, કુમર ભમર પરે નિત્ય રે; અ૦
એમ સુખમાંહે દિન જોગવે રે હો લાલ.

કિહાં વિદ્યા કિહાં ઔષધિ રે, કિહાં વિષહર મણિજોગ રે. અ૦
પામે પુણ્ય પ્રસાદથી હો લાલ. ૧૪
નવ નવિ વસ્તુ પ્રશસ્તના રે, આવી મળે સમુદાય રે. અ૦
મિત્ર રથીના યોગથી હો લાલ.
પુણ્યે સઘળી સંપદા રે, પુણ્યે વંછિત ભોગ રે. અ૦
પુણ્યે અણચિંતિત ફળે હો લાલ. ૧૫
એ શ્રીચંદ્ર ચરિત્રનો રે, એમ પહેલો અધિકાર રે. અ૦
જ્ઞાનવિમલ સૂરે ભાખીયો હો લાલ.
આનંદમંદિર એહનું રે, નામ છે રાસનું એહ રે. અ૦
ભણતાં સવિ મંગળ હુવે હો લાલ. ૧૬

॥ સર્વ ગાથા ૮૩૨ ॥

इति श्री श्रीचंद्रकेवलिचरित्राधिकारे ढालबंध आनंदमंदिरनाम्नि रासबंधे, १ श्रीपार्श्वनाथप्रणाम, २ श्रीगौतमस्वामिगणधर विशालानगरीपाउधारण, ३ श्री चेटकमहाराजवंदनागमन, ४ श्रीदेशनाकथन तपोमाहात्म्ये श्री श्रीचंद्रकेवलीकथाकथन, ५ कुशस्थलिनगरवर्णन, ६ व्यवहारीआगमन, ७ दीपशिखानगरीवर्णनश्रवण, ८ श्रीप्रतापसिंहनृपस्य तत्र गमन, ९ चत्वार विशिष्ट पुरुषमिलन, १० सूर्यवतीपाणिग्रहण,११ शूरपल्लीजीतण, १२ तत्र सूर्यपुरनगरवास्तवन, १३ चार विशिष्ट पुरुषपरीक्षाप्रापण, १४ पश्चान्नगरं प्रतिचलनं, १५ धरणगणकसमागमन, १६ जयादिकुमरनिमित्तप्रच्छन, १७ धरणगणकस्ववक्तव्यताकथन, सिद्धाचलगमन, १८ तदनंतरं सूर्यवतीस्वप्नदर्शन, १९ श्रीप्रतापसिंहनृपस्य मल्लमहामल्लदेशनिग्रहण, २० जयादि कपटरचनाकरण, २१ सूर्यवतीगर्भरक्षण, २२ गोत्रदेवीवचनकथन, २३ लक्ष्मीदत्तश्रेष्ठि गृहे पुत्रप्रापण, २४ जन्ममहोत्सवनामादिकरण, २५ सारिकाअष्टाह्निकमहोत्सवे निदानकरण, २६ राज्ञ आगमन, २७ कणकोटपुरदेयण, २८ कलापठन, २९ अष्टकन्यापाणिग्रहण, ३० हयमूल्यग्रहण, ३१ रथयुंजन, ३२ विविधक्रीडाकरण, ३३ अनेकविशिष्टवस्तुलाभप्रापण, इत्यादि कथाकथनसुखसमयानुभवनस्वरूपमयः प्रथमोऽधिकारः समाप्तः ॥१॥

# ॥ શ્રી દ્વિતીયોऽधिकारः प्रारभ्यते ॥

## ॥ દોહા ॥

જય જય તું જગદીશ્વરી, જગદંબા જગમાય;
શ્રીજિનમુખકજ વાસિની, શારદ માત કહાય. ૧

તું ત્રિપદી ત્રિપુરા તથા, તું ત્રિરૂપમય દેવી;
શક્તિ સરૂપે ખેલતી, નવનવ રૂપ લહેવિ. ૨

જે ત્રિભુવનમાં ત્રિહું પદે, તે સવિ તુમ આકાર;
નિત્ય અનિત્ય ને ઉભય વળી, નિત્યાનિત્ય વિચાર. ૩

આદિ શક્તિ તું અભિનવી, તું ત્રિકાળ સ્થિર ભાવ;
તે પ્રણમીને સરસતી, અક્ષર જ્ઞાન પ્રભાવ. ૪

હવે શ્રીચંદ્ર તણો કહું, બીજો જે અધિકાર;
સાંભળતાં સુખ ઊપજે, વારુ છે વિસ્તાર. ૫

નિજાવાસમાં અન્યદા, બેઠા મિત્ર કુમાર;
ગોખે [૧]જોષ ધરી જુએ, [૨]દોલાખેલન સાર. ૬

અતિ મોટે આડંબરે, [૩]તૂર ને નાદ વિચિત્ર;
હય ગય રથ પાયક બહુ, પરવરિયા નૃપ પુત્ર. ૭

જયાદિક ચારે કુમર, દેખી પૂછે જામ;
એ કુણ આડંબર કિશ્યો, જાયે છે કિણ ઠામ. ૮

તવ ગુણચંદ્ર કહે ઇશ્યું, જાણે સઘળી વાત;
સ્વામિન્! એ કૌતુક તણું, નિસુણો પ્રભુ અવદાત. ૯

## ॥ ઢાળ પહેલી ॥

(રામચંદકે બાગ, ચંપો મોરી રહ્યો રી—એ દેશી)

દક્ષિણ દિશિને ભાલ, લલિત લલામ સમું રી;
તિલકપુર છે નયર, વૈર વિરોધ વમ્યું રી. ૧

શ્રીતિલકાભિધ રાય, પાયક કોડી ગમે રી;
રતિકારક રતિ નામ, [૪]ઘરણી ઘરણી ગુણે રી. ૨

તિલકમંજરી નામ, [૫]તનયા તાસ અછે રી;
પામી યૌવન ભાવ, સંપ્રતિ દેહ રુચે રી. ૩

---

૧. પ્રેમ ૨. હીંચકા પર હીંચતા ૩. એક પ્રકારનું વાજિંત્ર ૪. પત્ની, રાણી ૫. પુત્રી

વિશ્વસી સમુદાય, રુચિર લલામ જિસી રી;
રંભા મેના જાણી, ઉર્વશી સર્વ હસી રી. ૪

ઇક દિન તેણે સહુ સાખ, કીધો [1]પણ એહવો રી;
રાધાવેધનો જાણ, સાધક વર કરવો રી. ૫

અવર ન આવે દાય, રાય પ્રતિજ્ઞા સુણી રી;
પુત્રી પ્રેમ નિમિત્ત, આણી હર્ષ ઘણો રી. ૬

સ્વયંવર મંડપ તુંગ, માંડે નગરીપતિ રી;
કંકોતરી, સવિ ઠામ, મેલે કરી વીનતિ રી. ૭

આવ્યા બહુ રાજાન, માનવવૃંદ મળ્યા રી;
કૌતુક જોવા હેત, જાયે ન કેણે કલ્યા રી. ૮

એ જય આદિ કુમાર, તે પણ તિહાં જાવે રી;
ભૂરિ આડંબર સાથ, સામા તે આવે રી. ૯

સુમુહૂર્ત્તનો દિન શુદ્ધ, આજથી સત્તર દિને રી;
એંશી યોજન છે દૂર, નયર તે નહિ ય [2]કને રી. ૧૦

એહવી સઘળી વાત, શ્રીગુણચંદ્ર કહે રી;
ઉદ્દેશી શ્રીચંદ્ર, મિત્ર પવિત્ર લહે રી. ૧૧

લક્ષ્મીદત્ત પણ શેઠ, કહે ગુણચંદ્ર પ્રતે રી;
રાધાવેધ વિધાન, દેખન કોડ છતે રી. ૧૨

શ્રીચંદ્ર પૂછી જોય, જિમ મન હોંશ હુવે રી;
તિમ ઇચ્છા પુરેવિ, એહવું વચન લહે રી. ૧૩

તેહ જણાવ્યું સર્વ, કુમરને કર્ણ ધરી રી;
સત્ત્વવંત મતિવંત, પિતુ આદેશ કરે રી. ૧૪

દિવસ ગયા જબ સોળ, કુંકુમરોલ જિસ્યો રી;
સંધ્યા સમયે તામ, સારથિ મિત્ર વસ્યો રી. ૧૫

રથ બેસી ચિત્ત ધારી, પુર તે સંમુખ ભણી રી;
ન લહે કોઈ તસ ભેદ, વેદને જેમ ગુણી રી. ૧૬

પૂછું ન કાંઈ કુટુંબ, ઉલ્લંઘે પુહવી ઘણી રી;
ગિરિ વન સર પુર નયર, તરુવરરાજ નદી રી. ૧૭

---

૧. પ્રતિજ્ઞા ૨. પાસે

પૂર્વ દિશે જેમ સૂર, આવી ઉદય કરે રી;
તેમ પ્રભાતે શ્રીચંદ્ર, નયર તે નજરે ધરે રી. ૧૮
મૂકી રથ ઉદ્યાન, મિત્રને સાથ લેઈ રી;
મંડપ રાધાવેધ, કર્યો છે બેઠો તિહાં રી. ૧૯
નૃપસંકુલ તે ઠામ, મંચોન્મંચ ધર્યા રી;
ખલક મુલક સવિ લોક, થોકે થોક ભર્યા રી. ૨૦
થંભ છે એક ઉત્તંગ, ઉપર ચક્ર ફરે રી;
અવળાં સવળાં આઠ, પૂતળી એક ધરે રી. ૨૧
તેહનું રાધા નામ, વેધે તે વામ દૃગે રી;
જોવું તસ પ્રતિબિંબ, તેલના કુંડ વગે રી. ૨૨
ઊર્ધ્વમુષ્ટિ અધોદૃષ્ટિ, ધનુષમાં તીર ધરે રી;
ચક્રમધ્ય થઈ તીર, વેધે સત્ત્વ કરે રી. ૨૩
જે ભાગ્યાધિક હોય, તે કન્યા કીર્તિ વરે રી;
સંપ્રતિ સમયે તેહ, ત્રિભુવનમાંહે શિરે રી. ૨૪
વાજે તૂર ને નાદ, સાદ ન કોઈ સુણે રી;
વેત્રિણી રાજાવંશ, ભાખે જેહ મુણે રી. ૨૫
તિલકમંજરી સ્ત્રીરત્ન, આવે જેણ સમે રી;
સ્વયંવર મંડપમાંહે, નૃપ મન સર્વ રમે રી. ૨૬
વરમાલા લેઈ હાથ, દક્ષિણ પાસ રહી રી;
નિરખે નૃપના ભૃત્ય, ચિત્તની વૃત્તિ લહી રી. ૨૭
શ્રીષેણ ને હરિષેણ, પ્રમુખ ભૂપાલ મળ્યા રી;
ઇચ્છા સવિને એક, તિણથી કોઈ ન ટલ્યા રી. ૨૮
ધનુર્વિદ્યા અભ્યાસ, કરતા દેખી લહ્યા રી;
કન્યાએ સવિ તેહ, દેઉલ વાઘ કહ્યા રી. ૨૯
દેખાડી બહુ પ્રાણ, નાખે બાણ ઘણાં રી;
હાસ્યરસે મંડાણ, તેહની રહી ન મણા રી. ૩૦
કેઈ વાયે કરતાલ, ભાલે અંગુલી દિયે રી;
કોઈ ન સાધે વેધ, જે કીર્તિ કન્યા લિયે રી. ૩૧

લજ્જાલજ્જિત ગાત્ર, પાત્ર ન ગુણનો કહે રી;
જયાદિક સુકુમાર, નિજ મદ દૂરે વહે રી. ૩૨
કામપાલ વામાંગ, શુભગાંગ ભૂમિપતિ રી;
શ્રીમલ્લ ને વરચંદ્ર, [૧]ધન્વી કીર્તિ હતી રી. ૩૩
એક ચક્રનો વેધ, નરવર્મ ભૂપ કરે રી;
એહવે ભાંગ્યું બાણ, વિલખું વદન ધરે રી. ૩૪
દુષ્કર કાર્ય એ દેખી, દક્ષ તે બેસી રહ્યા રી;
જ્ઞાનવિમલ મતિવંત, તે ઉત્સુક ન કહ્યા રી. ૩૫

**॥ દોહા ॥**

ઇમ દેખી સવિ ભૂપનાં, વિક્રમ શરદ ઘનગાજ;
બહુ બોલા પણ એ નહીં, બહુ મોલા સવિ રાજ. ૧
શ્રીતિલક રાજા તિહાં, તિલકમંજરી તાય;
સવિ પરિજન ચિંતાતુરા, તિમ કન્યા [૨]ઉવજ્ઝાય. ૨
હવે શું નીપજશે ઇહાં, મૂઢ સચિવનાં વૃંદ;
એમ દેખીને બોલિયો, ભટ્ટરાજ એક મુકુંદ. ૩
ધન્વી માન ધરે જિકો, તે સુણજો રાજાન;
જે હોયે તે થજો પ્રગટ, સાધે જો સાવધાન. ૪
એમ સુણી ગુણચંદ્ર સખ, કહે શ્રીચંદ્રને એમ;
આ અવસર નીકો અછે, રાધા વેધે જેમ. ૫
અવસર લેઈને ચૂકીએ, તો શી નિપુણતા તાસ;
જે અવસર ભૂલે નહીં, તેહના કીર્તિ વિલાસ. ૬
સ્વામી! તુમે સુપરિચિત કર્યો, એ વિદ્યા અભ્યાસ;
કૃપા કરી તે અમ ભણી, દેખાવો સુવિલાસ. ૭
ભરિયા તે છલકે નહીં, જેહ ઊંડા ને અગાધ;
તે નર તો વિરલા અછે, પુઢવી મંડલ લાધ. ૮
મિત્રે પ્રેર્યો બહુ પરે, તબ શ્રીચંદ્ર કુમાર;
સાર[૩] પોતાનું ફોરવે, કહિયે તે અધિકાર. ૯

૧. ધનુર્ધારી ૨. પાઠક, અધ્યાપક ૩. સત્ત્વ

## ॥ ઢાળ બીજી ॥

(ફાગ ધમાલની દેશી)

સકલકલાનિધિ શ્રીચંદ્ર કુંઅર, આવે થંભ સમીપ.
શુદ્ધ ભૂમિકા નજર ધરીને, હરષે પુલ્લિત જેમ[1] નીપ.
સોભાગી સજ્જન સાંભળો હો.
અહો મેરે પ્યારે, સુંદર સહજ સુકુમાળ. સો૦ ૧

સજ્જ થઈને નમી નિજ ગુરુને, ભૂમિ ધનુષ ને તીર;
ગુણે જોડીને કરે ટંકારવ, ગાજે જેમ જલનિધિ નીર. સો૦ ૨

શાસ્ત્ર રીતે વિધિ સમ્યક્ કીધો, લીધી પ્રતિજ્ઞા ચિત્ત;
લઘુ કલશું રાધાવેધ સાધે, વાધે તવ ભૂપતિ ચિત્ત. સો૦ ૩

જય જય શબ્દ[2] અબ્ધિ પરે ઉલ્લસ્યા, વિકસ્યું કન્યા મન્ન;
ધન્યપણું ભાવી વરમાળા, કંઠે ઠવે કરી અન્ન. સો૦ ૪

અહો ભાગ્ય બળ રૂપ ને વિદ્યા, અહો અહો ધનુર્વિજ્ઞાન;
કોણ એ કેહનો સુત સુકુલીણો, બોલીયા તિહાં રાજાન. સો૦ ૫

તિહાં [3]સંમર્દ જનનો બહુ હૂતે, અવસર પામી તેહ;
મિત્ર કુમર જનમધ્ય થઈને, નીસરી ગયા વનછેહ. સો૦ ૬

મિત્ર કહે સ્વામી થિર થાઓ, પૂરો મનોરથ સર્વ;
નિજ કુલ હર્ષ કરો કન્યા ગ્રહ, મર્દો ગર્વિત જન ગર્વ. સો૦ ૭

કહે શ્રીચંદ્ર મિત્ર પ્રત્યે એહવું, ન ઘટે પરિણન કામ;
[4]પિતાદેશ વિણુ ઇહાં આવ્યો છું, જાણો છો સવિ મામ. સો૦ ૮

તો ઇહાં વિલંબનો સમય નહીં છે, સત્વર જઈએ આજ;
એમ કહીને રથ બેસી ચાલ્યા, નિજ પુર આવણ કાજ. સો૦ ૯

ઇણિ સમે તિહાં [5]ગાયન લોકે, ઓળખીયો તે કુમાર;
સૂર્ય છાબડે દાબ્યો ન રહે, કુસુમ પરિમલ વિસ્તાર. સો૦૧૦

શ્રી કુશસ્થલપુરે લક્ષ્મીદત્તહ, વ્યવહારીનો નંદ;
આઠ કન્યાવર ધીર ઉદારહ, નામથી કુમર શ્રીચંદ્ર. સો૦૧૧

સકલકલા શ્રીગુણધર પાઠક, પાસે શીખી જેણ;
નામ સુવેગરથે બેહુ તુરંગા, પવન પરે વાયુવેગેણ. સો૦૧૨

૧. એક ફૂલઝાડ ૨. સાગર ૩. કજિયા, ઘોંઘાટ ૪. પિતાની આજ્ઞા ૫. ગાયક, ચારણ

શ્રીપ્રતાપસિંહ ભૂપતિ અર્પિત, કણકોટ પુર તોષેણ;
તે શ્રીચંદ્ર કુમર એ જાવે, વાળો પાછા જનશ્રેણ. સો૦૧૩

यदुक्तं चरित्रे

विबुहगुणधर पासई, सयलकला जेण सिख्खिया विऊला;
इब्भसूयाणट्ठन्हं, रमणो सो जयउ सिरिचंदो. १
जस्स सुवेग रहिल्ला, अस्सुल्लण पवणवेय महवेया;
निव तोसदिण कणकोट, देसपहुअे सिरिचंदो. २

અર્થ–૧. વિબુધ ગુણધર પાસે જેણે સકલ કલાઓ શીખી છે અને આઠ શેઠકન્યાઓ સાથે જે રમણ કરે છે એવો શ્રીચંદ્ર જયવંત વર્તો. ૨. જેની પાસે સુવેગ નામે રથ છે અને પવનવેગ, મહાવેગ નામના બે અશ્વો છે, અને જેને રાજાએ પ્રસન્ન થઈને કણકોટ દેશ આપ્યું છે તે શ્રીચંદ્ર જાય છે.

હવે શ્રીતિલક નૃપતિ કહે સહુને, લાવો એહ કુમાર;
તે સુણી ગજરથ હય સેનાયે, જાયે જેમ પૂઠથી વાર. સો૦૧૪

વાયુવેગ પરે ચાલ્યા જાવે, ન મિલે પાછળ કોઈ;
ચમત્કાર પામ્યા નૃપ બોલે, અહો અહો સાત્વિક જોઈ. સો૦૧૫

દુષ્કર કીધું દુષ્કર છાંડ્યું, કહ્યું કાંઈ ન જાય;
પાછળ ગયા તે પાછા આવ્યા, વિનવે તિલક નૃપ તાય. સો૦૧૬

ઇમ નિસુણી રાજા દુઃખ પામ્યો, કન્યા પણ મુરછાય;
કરે વિલાપ શીતલ ઉપચારે, હા તાત હા ભ્રાત માય. સો૦૧૭

રાધાવેધને મુજ હૃદયનો, વેધ કરણ ગુણગેહ;
પતિ મુજને જો મૂકી જાવે, તો મુજ અનલમાં દેહ. સો૦૧૮

એમ વિલાપ કરતી તે કન્યા, દેખીને કહે તામ;
જયાદિક સવિ કુમર તિહાં કિણ, પહોતો અમ નયરી નિજ ધામ. સો૦૧૯

અમ પિતાએ કણકોટ નગરનું, દીધું છે સર્વસ્વ;
વસ્ત્રાદિકની યોગ્યતા હેતે, લક્ષ્મીદત્તનો સુત અચ્છ. સો૦૨૦

કન્યા શીઘ્ર તિહાં મોકલીએ, બળીયો જોડે સાથ;
તે નિસુણી રાજાદિક હરખ્યા, પડતાને દીએ જેમ હાથ. સો૦૨૧

હય ગય રથ ને વસ્ત્ર વિભૂષણ, મણિ માણિક ને રત્ન;
આપી સવિ રાજા સંતોષ્યા, નિજ નિજ પુરે જાયે યત્ન. સો૦૨૨

તિલકભૂપ કન્યાને ભાખે, પુત્રી મ કર વિલાપ;
નયર કુશસ્થલે તુજ વલ્લભ છે, મેલી ટાળું સંતાપ. સો૦૨૩

એમ વિચાર કરી મહેલે કન્યા, તેહવે સચિવ કહે સ્વામિ;
એક વિચાર સુણો તે દાખું, રાખું ન સ્વામીશું વામ. સો૦૨૪

મુજ સેવક ગયો જયને ઉતારે, તિહાં મળીયા છે મૂઢ;
એહ વિચાર કર્યો છે તેણે, મીઠા મુખ હૃદયનાં ગૂઢ. સો૦૨૫

આપણા ચાકરનો એ ચાકર, તેણે કર્યો રાધાવેધ;
લજવ્યા આપણને રાજામાં, અણપરણે ગયો [1]દુર્મેધ. સો૦૨૬

ભાગ્ય આપણું જે એહને એહવું, ગયો ચિત્તમાં ધાર;
તિહાં આવી કન્યા આપણથી, કેમ જાશે નિરધાર. સો૦૨૭

એહી વિચાર સુણ્યો તે દાખ્યો, તે ભણી કરીએ વિચાર;
કન્યાને ઇહાં રાખી તેડવા, મોકલીએ શીઘ્ર કુમાર. સો૦૨૮

ધીર નામે મંત્રી છે મોટો, બુદ્ધિબળી સાવધાન;
તે મોકલીને કુમર તેડાવો, જેમ હોયે સહુ મન માન. સો૦૨૯

હવે કુમર તુરત નિજ નયરી, આવ્યો બીજે દિન;
વિયોગથી બાહેર જોવાને, મોકલ્યા નિજ નર ધન્ય. સો૦૩૦

બીજ ચંદ્ર જેમ કૃશ નિર્મલ તનુ, નિરખી પામે હર્ષ;
રથથી ઉતરી પિતા પદ પ્રણમી, પામીયો પરમ ઉત્કર્ષ. સો૦૩૧

નિજ વસ્ત્રાંચલે સુત તનુ માંજે, ભાંજે વિરહ વિયોગ;
[2]વેલાતિક્રમ કારણ પૂછે, કહે પ્રભુ કૌતુક યોગ. સો૦૩૨

સુણી શેઠ સુત વચન રસાલાં, મૌન કરી કહે પુત્ર;
સપરિવાર સાથે ઘર આવ્યો, ભાવ્યો સવિ ઘરતણું સૂત્ર. સો૦૩૩

જેમ શ્રીચંદ્ર કહે તેમ ગુણચંદ્ર, દાખે સઘળી વાત;
જેમ ધ્વનિ [3]પડછંદે હોયે બમણો,અવર કાંઈ ન લહે તાત. સો૦૩૪

હવે કેતાઇક દિનને અંતરે, આવે જયાદિ કુમાર;
રાધાવેધ સંબંધનો વિસ્તાર, ભાષે નૃપ આગળ સાર. સો૦૩૫

ચમત્કાર ચિત્ત પામ્યો ભૂપતિ, સાધુ સાધુ કહે વાણ;
આપ નગરવાસી શેઠ-નંદને, સાધિયો વેધ સુજાણ. સો૦૩૬

૧. મંદબુદ્ધિ ૨. મોડા આવવાનું કારણ ૩. પ્રતિધ્વનિથી, પડઘાથી

રૂપ કાંતિ ગુણ એહનો અધિકો, અદ્ભુત ધનુષ કલા ય;
જ્ઞાનવિમલ ગુરુ એહનો ધન ધન, જે લહ્યો સુજશ સમુદાય. સો૦૩૭

॥ દોહા ॥

કહે રાજા એણે આપણો, કીધો જસ વિસ્તાર;
એ કુમરે એ સાધતે, જય લહ્યા જયાદિ કુમાર. ૧

તેહ કુમર છે માહરા, એ છે શેઠનો નંદ;
માહરે તો બેહુ સારિખા, પામ્યો બહુ આનંદ. ૨

દુષ્કર એ કરતાં થકાં, રાખ્યું માહરું નામ;
યશ સંયુત દેશદેશમાં, સીધાં વંછિત કામ. ૩

કોણ પાસે ક્યારે એણે, શીખી કળા અનેક;
લઘુ પણ અલઘુ પરાક્રમી, અહો ગંભીર વિવેક. ૪

મંત્રીરાજ વળી વીનવે, સુણો એક અચરિજ વાત;
શ્રીચંદ્ર કેવારે તિહાં ગયા, આવ્યા કેવારે આત. ૫

દીસે છે નિત્યે ઇહાં, શેઠ પુત્ર ગુણ સત્ર;
મુજ ભાઈ નંદન અછે, તે તસ મિત્ર પવિત્ર. ૬

એમ સુણી નૃપ અચરિજ ધરી, તેડે તિહાં ગુણચંદ્ર;
પુત્ર સહિત લક્ષ્મીદત્તને, સચિવપેં થઈ વિતંદ્ર. ૭

પૂર્વે પણ શેઠે સુણ્યો, જનમુખથી સંબંધ;
ઉત્સંગે ધરી પુત્રને, પૂછે કરી નિર્બંધ. ૮

વત્સ બાર પહોરે ગયો, તિલકપુરે કરી કાજ;
ફિરી આવ્યો તે સવિ કહો, કેમ મળીયા સવિ રાજ. ૯

લક્ષ્મીવતી પણ માવડી, કહે આવડી વાત;
હર્ષ નીરશું સીંચતી, કહે સુત શી તુજ ધાત. ૧૦

॥ ઢાળ ત્રીજી ॥

(પૂત ન કીજે રે સાધુ વેસાસડો / અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી)

વયણ સુધાનાં સયણ સોહામણાં, ભાષે લાજ ન રાખેજી;
જિન ગુરુ માત પિતા નૃપ આગળે, સંત તે સાચું ભાખેજી. ૧

પુત્ર કહે સુણો તાતજી મારા, એ સવિ તુજ પ્રસાદોજી;
સરોવર જળ જે પથીને ઉપકરે, તે સવિ જળ પ્રસાદોજી. પુ૦ ૨

પુણ્ય પ્રભાવેજી રથ તેહવો મળ્યો, સારથિ મિત્ર સંયોગજી;
અશ્વરતન પણ વેગ વિશેષતા, તેહનો મળિયો યોગજી. પુ૦ ૩

એક દિવસમાં શત યોજન જઈ, ફિરી આવે એ શક્તિજી;
તે કારણથી ગમનાગમનનું, એહવી મંત્રની શક્તિજી. પુ૦ ૪

હર્ષિત હૃદય થઈ માતા પિતા, સુતને એહ વિચારજી;
રાધાવેધ એ કિમ તેં સાધિયો, કન્યા પ્રાપ્તિ ઉદારજી. પુ૦ ૫

કરગ્રહ મૂકી તરત ઇહાં આવવું, એ સવિ કથા વિસ્તારજી;
ગુણચંદ્રે તે સઘળું દાખવ્યું, વિસ્મિત હૃદય મઝારજી. પુ૦ ૬

તુમ પૂછ્યા જાણ્યા વિણુ કિમ હોયે, પાણિગ્રહણ સંબંધજી;
ગિરુઆને [૧]ગુરુ-આણા બાહિરો, ન હોયે કાર્ય્ર પ્રબંધજી. પુ૦ ૭

તે કારણથી તુરત જ આવીયા, કોઈ ન લહે તસ [૨]અર્થજી;
હવે પાછળથી રે નૃપ કન્યા મંત્રી, પ્રમુખ આવેવા સમર્થજી. પુ૦ ૮

શેઠ સુણી સુતની શંસના, અહો ગાંભીર્ય નિરીહાજી;
ગુરુજન ભક્તિ અછે અતિ આકરી, ધન ધન એહના દીહાજી. પુ૦ ૯

આપ પ્રશંસા રે નિજ મુખે નવિ કરે, નહીં નૃપ-કનીનો લોભજી;
મિત્રનો યોગ અછે પણ તેહવો, અહો નિજ શક્તિનો થોભજી. પુ૦૧૦

શેઠ તણું ઘર ઉત્સવમય થયું, હર્ષ તણી સુણી વાતજી;
ગીત ગાન દાન માનાદિક ઘણાં, ધન ધન માત ને તાતજી.પુ૦૧૧

જય જય જીવ ચિરં બહુ નંદ જો, દીએ એમ બહુ આશીષજી;
મંગળ તોરણ હાથા તૂર્યના, નાદાદિક બહુત જગીશજી. પુ૦૧૨

એમ ઉત્સવ કરી સહુ જન ઘર ગયા, શ્રીચંદ્ર પણ નિજ ગેહજી;
કોટ બાહેર જે શ્રીપુર વાસીયો, તિહાં નિવસે સુસનેહજી. પુ૦૧૩

પૂરવ પરે વળી મિત્ર સાથે કરી, રથ બેસી સંધ્યાયેજી;
શુભ શકુને પ્રેર્યો પશ્ચિમ દિશે, ઉદ્દેશીને જાયજી. પુ૦૧૪

હવે બીજે દિવસે ઉત્સવ કરે, શેઠ આપણે ગેહેજી;
તેહવે આવ્યા સચિવ નરોત્તમા, કુમર આકારણ નેહેજી. પુ૦૧૫

ચામર છત્ર તુરંગ રથ ગજવરા, રાજ તણાં જે ચિહ્નજી;
નૃપ આદેશે રે શેઠ તણે ઘરે, આવ્યા કરવા સંબંધજી. પુ૦૧૬

૧. વડીલની આજ્ઞા ૨. આશય

શેઠ કહો તુમ પુત્ર કિહાં અછે, દાખો તે અમ ઠામજી;
રાજ ચિહ્ન શોભાયે અતિ ઘણું, શોભાવીજે ધામજી. પુ૦૧૭

હર્ષિત શેઠે સુત જોવરાવીયો, ગયો ક્રીડણને કાજેજી;
મિત્ર સહિત એ પૂરવલી પરે, આવશે હવે આજેજી. પુ૦૧૮

તે મંત્રીસર શેઠ સર્વે મળી, લેઈ ભેટણ બહુ દ્રવ્યજી;
પ્રતાપસિંહ નૃપ પાસે આવીયા, કહે વૃત્તાંત સુભવ્યજી. પુ૦૧૯

શેઠે દાખ્યો રે નિજ સુતનો સવિ, વિસ્તરથી અવદાતજી;
રાજા હર્ષ્યો ચિત્તમાંહે ઘણું, અહો અહો એહ સુજાતજી. પુ૦૨૦

રાજા પણ કહે સાંભળ્યું મેં હતું, જનમુખથી એ [1]ઉદંતજી;
ભાગ્યબલિ એ કુમર છે તુમ તણો, એ મોટો મતિવંતજી. પુ૦૨૧

ક્રીડા કરીને રે ઘરે આવે યદા, મેળવજો મુજ પાસેજી;
મુજ સુતથી પણ અધિકો એહને, જાણું છું એહ વિશ્વાસેજી. પુ૦૨૨

શેઠે મૂકી ભેટ તે સંગ્રહી, આપે બહુ સત્કારજી;
નૃપને પ્રણમી રે સવિ ઘર આવીયા, શેઠ મંત્રી પરિવારજી. પુ૦૨૩

હવે શ્રીચંદ્ર કુમર વનમાં ગયા, મધ્યરયણીની વેળાજી;
નિદ્રાળુ તિહાં કોઈક તરુતળે, સૂતો છે ધરી લીલાજી. પુ૦૨૪

રથ સારથિને રે મૂકી એકગમા, પાથરી મિત્રનું વસ્ત્રજી;
સુખે સૂતો રે મિત્ર છે જાગતો, પાસે રાખી શસ્ત્રજી. પુ૦૨૫

તેણે સમે તે તરુ શાખા ઉપરે, નિવસે [2]શુક યુગ એકજી;
કુમર [3]તેજાળો રે નિરખીને કહે, શુક પ્રત્યે શુકી સુવિવેકજી. પુ૦૨૬

નાથ એ જાણો રે રાજનંદન અછે, ભાગ્ય શિરોમણિ ભાલજી;
[4]માતુલિંગ રે બે છે આપણે, તે દીજે સુરસાલોજી. પુ૦૨૭

ગુરુ ફળ ખાધે રે રાજ્ય લહે ભલું, લઘુથી સચિવપદ હોયજી;
પ્રાહુણા ભક્તિ એ આપણે કીજિયે, નિરખો રે નર દોયજી. પુ૦૨૮

એમ કહી વેગે જઈ ફળ આણીયાં, તસ આગળ તે મૂકેજી;
સંત ન હોવે રે શૂને મન રહ્યા, અવસરે શુભ નવિ ચૂકેજી. પુ૦૨૯

કીર મિથુન ઊડી અન્ય વને ગયું, ફળયુગ ગુણચંદ્ર લેવેજી;
કુમરને આગળે તે ફળ [5]ઢોઈયાં, લીએ કરમાં સ્વયમેવેજી. પુ૦૩૦

૧. સમાચાર ૨.પોપટનું જોડું ૩. તેજસ્વી ૪. એક પ્રકારનું લીંબું જેવું ફળ ૫.મૂક્યાં

શુક વ્યતિકર સઘળો તિહાં દાખવ્યો, ફળ ગુણ ભાખ્યો તામજી;
હર્ષ ધરીને રે મિત્ર પ્રત્યે કહે, કિહાં તે શુકનું ઠામજી. પુ૦૩૧

તે ફળ લેઈ રે તિહાંથી ચાલીયા, બેસી રથે પંથે જાયજી;
આગળ જાતે રે સર એક આવીયું, તિહાં [1]પ્રહ સમય તે થાયજી. પુ૦૩૨

પ્રાતઃ સમયની રે સવિ કરણી કરી, પાવન કરી નિજ દેહજી;
ગુરુ ફળ [2]આપે રે વિધિશું ભોગવ્યું, લઘુ ફળ વહેંચી દેયજી. પુ૦૩૩

તસ પાસે એક નંદનવન જિસ્યું, વન એક છે અભિરામજી;
તે જોવાને કુમર તિહાં ગયા, સરસ [3]સચ્છાય સુઠામજી. પુ૦૩૪

જોતાં જોતાં રે વન શોભા તણી, બહુ બહુ ભાતિ વિનોદજી;
જ્ઞાનવિમલ ગુરુ તિહાં કણે નિરખીયા, વાધ્યો મનનો પ્રમોદજી. પુ૦૩૫

**॥ દોહા ॥**

શાંત દાંત અંતર બહિ, નિર્વિકાર પરિણામ;
ક્રિયાવંત સંયમ ગુણે, ચરણ કરણ અભિરામ. ૧

દયાવંત ષટ્કાયના, મૈત્રિપવિત્રિત કાય;
અપ્રતિબધ વાયુ પરે, કરે વિહાર અમાય. ૨

ધ્યાન ધરે ત્રિકરણપણે, તે દેખી મુનિરાય;
પરમ પ્રમોદે પ્રણમિયા, પૂજ્ય તણા તિહાં પાય. ૩

તીરથ જંગમ સાધુ છે, તસ દર્શન તે પુણ્ય;
મનમાંહે એમ ચિંતવે, આજ થયો હું ધન્ય. ૪

બેઠો યથોચિત આગળે, મુનિ નિરખે ધરી નેહ;
ભદ્રક ચિત્ત ભક્તિ મળી, એક જીવ દીય દેહ. ૫

ધર્માશીષપૂર્વક દીએ, અતિ ઉપદેશ રસાલ;
દુર્લભ માનવભવ લહ્યો, જિમ મરુમાં [4]સુરસાલ. ૬

કર્મભૂમિ વળી આર્ય એ, જનપદ જાતિ કુલવંશ;
તનુ [5]પટુતા ગુરુ આર્યની, સામગ્રીના અંશ. ૭

સાંભળવું આગમ તણું, સદ્દહણા રુચિ સાર;
આદરવું અંગે કરી, એ દુર્લભ આચાર. ૮

---

૧. પ્રહર, ત્રણ કલાક ૨. પોતે ૩. સુંદર છાયા ૪. આંબો ૫. સ્વસ્થતા

એ પામીને નવિ કરે, આદર જિનવર પંથ;
નરભવ એળે ગમાવીયો, (જેમ) અજગળે થણ પલિમંથ.[1] ૯

એમ જાણીને ભવિજના, ધારો સુધો ધર્મ;
ધર્મ વિના નવિ પામીએ, શિવગતિ કેરું શર્મ. ૧૦

**॥ ઢાળ ચોથી ॥**

(રાગ ધોરણી—વૈરાગી થયો—એ દેશી)

કહે મુનિવર તું યોગ્ય છે રે, ધર્મધુરાને કાજ;
ધરવાને ધોરી સમો રે, પડિવજ સમકિત આજ રે;
કુમર શિરોમણિ.
લક્ષણ લક્ષિત દેહ રે, જેણી પરે દિનમણિ;
દીપે જે ગુણગેહ રે, ધર્મ ચિંતામણિ. ૧

ભૂપ તણો તું પુત્ર છે રે, વળી પામીશ વર રાજ;
એ લક્ષણથી જાણીએ રે, નમશે પદ બહુ રાજ રે. કુ૰૨

છત્રોન્નત તુજ શિર અછે રે, છત્રપતિ તેણે હેત;
ઉન્નતિ વંશની શોભતી રે, વૃક્ષ પૃથુલ મતિવંત રે. કુ૰૩

ધર્મરત્ન પણ તે ધરે રે, જે શુભ લક્ષણ ગાત;
સર્વ થકી ઉપગારીયો રે, સમકિત રત્ન સુજાત રે. કુ૰૪

**અથ દેવવર્ણનં**

સર્વ ભાવ સવિ પરે લહે રે, જિત રાગાદિક દોષ;
ત્રિજગમાં હિતકારિયો રે, તે દેવ કૃત ભવશોષ રે. કુ૰૫

વચન યથાસ્થિતને વદે રે, કરે પણ તેહ આચાર;
એહવા દેવને આદરે રે, કરે અવરાં પરિહાર રે. કુ૰૬

ધ્યાવો એહિ જ સેવવો રે, શરણ ત્રાણ ગુણી એહ;
મોક્ષ મૂલ કારણ અછે રે, એહવો દેવનો દેવ રે. કુ૰૭

**અથ ગુરુવર્ણનં**

પંચ મહાવ્રત ધારકો[2] રે, નિરવદ્ય મધુકર વૃત્તિ;
લાભ અલાભે જે સમો રે, નહીં હીણી ચિત્તવૃત્તિ રે. કુ૰૮

---

૧. બકરીના ગલે આંચળ જેવા માંસના લોચા હોય છે, તે ધાવવાથી દૂધ ન નીકળે. ગલસ્તન=બકરીના ગલાનો આંચળ. ૨. સમાન, સમવૃત્તિ

નિરાશંસ ધર્મ આદરે રે, ઉપદેશે પણ તેહ;
કપટ પટવ લટપટ નહીં રે, ગુણમય છે જસ દેહ રે. કુ૦૯

**અથ ધર્મવર્ણનં**

નિર્દોષી દેવે કહ્યો રે, નિઃસ્પૃહ ગુરુ ધરે અંગ;
દુર્ગતિ પડતાં જંતુને રે, અવલંબન કરે તુંગ રે. કુ૦૧૦

ક્ષાંત્યાદિક દશ ભેદ જે રે, સંયમ સત્તર પ્રકાર;
દર્શન જ્ઞાન ચારિત્ર છે રે, તેહિજ ધર્મ આધાર રે. કુ૦૧૧

**ઇતિ સમ્યક્ત્વં**

એ સમકિતનાં અંગ છે રે, તત્ત્વ ત્રય નિરધાર;
નિશ્ચયથી સપ્તક ક્ષયે રે, સમકિત ગુણ નિર્વાર રે. કુ૦૧૨

એમ અનાદિ સંસારમાં રે, નવિ લાધું એહ રત્ન;
તિહાં લગે જીવ રુલે ઘણું રે, લેખે ન કાંઈ પ્રયત્ન રે. કુ૦૧૩

તેહ સમકિત વાસિત મતે રે, આતમભાવ જ થાય;
તિણથી સવિ ગુણ સંપજે રે, [1]આયતિ સિદ્ધ તે થાય રે. કુ૦૧૪

અર્થ સામાયિક વ્રત ગ્રહે રે, અવસર પામી કાય;
પંચ પરમેષ્ઠી નવકાર જે રે, મંત્ર જપે નિતુ ભાય રે. કુ૦૧૫

**અથ સામાયિકસ્યાર્થઃ**

રાગદોષથી સમ રહે રે, સવિ જન મૈત્રીભાવ;
વૈમાનિક સુર આઉખું રે, બાંધે તો મન લાય રે. કુ૦૧૬

[2]સુરગિરિ એકાવન દીએ રે, કોઈ એકઠા દાતાર;
એક સામાયિક સારખું રે, ન હોયે બરાબર સાર રે. કુ૦૧૭

દિન દિન એક લક્ષ સુવર્ણની રે, ખાંડી આપે કોય;
એક સામાયિક સારિખું રે, પુણ્ય ન હોય તું જોય રે. કુ૦૧૮

ત્રસ થાવર પ્રાણી વિષે રે, સમતા ભાવ સભાવ;
તે સામાયિક જન કહે રે, અવર તે કર્મના દાવ રે;
અવર તે કર્મ પ્રભાવ રે. કુ૦૧૯

ભગવતી અંગે ભાષીયું રે, આતમ તેહ સમાય;
અર્થ સામાયિક આતમા રે, નિરાવરણ નિરમાય રે. કુ૦૨૦

૧. અયત્ને, વગર પ્રયત્ને ૨. સુમેરુ પર્વત જે સોનાનો કહેવાય છે.

સમ કહિયે આતમ ગુણા રે, દર્શન જ્ઞાન ચારિત્ર;
આય લાભ તેહનો હુવે રે, તે સામાયિક તત્ત્વ રે. કુ૦૨૧

જિન મુનિગણ પણ આદરે રે, સામાયિક આચાર;
દ્રવ્ય ભાવલિંગ પરિણતિ રે, નિશ્ચયથી વ્યવહાર રે. કુ૦૨૨

પંચ પરમેષ્ઠી પદ એહનાં રે, કારણ કાર્ય સંબંધ;
ગુણી ગુણ અળગા નવિ રહે રે, આધારાધેય પ્રબંધ રે. કુ૦૨૩

ગુણ બારે એ અલંકર્યા રે, દૂરે દોષ અઢાર;
ધવલા અરિહંત ધ્યાઈએ રે, નામ જિન ભાવ વિચાર રે;
થાપન દ્રવ્ય પ્રસાર રે;
એ ચઉ નિક્ષેપે સાર રે. કુ૦૨૪

આઠ કર્મ ક્ષયે નીપનાં રે, આઠ અનંત ગુણ સિદ્ધ;
પદ્મરાગ પરે રાતડા રે, ધ્યાયીજે તો હોયે સિદ્ધ રે. કુ૦૨૫

છત્રીશ છત્રીશી ગુરુ ગુણે રે, આચારજ પીત વર્ણ;
ધ્યાતાં પ્રવચન ગુણ વધે રે, એહ ધ્યાયે તેહ સકર્ણ રે. કુ૦૨૬

[1]પણવીશ ગુણમણિ ભૂષિયા રે, ઉવજ્ઝાયા સુખસાર;
માળ પ્રિયંગુ સમ ધ્યાઈએ રે, કૃત અધ્યયન ઉપકાર રે. કુ૦૨૭

અંજન મણિ શીત ધ્યાઈએ રે, ગુણ સત્તાવીશ સાર;
સમય ક્ષેત્ર સવિ લબ્ધિનાં રે, ધારક જે અણગાર રે. કુ૦૨૮

દ્રવ્ય ભાવથી એ ગુણી રે, પદ પ્રણમે જે પ્રમાણ;
સર્વ પાપ તેહથી નસે રે, મહા મંગળ એ નામ રે. કુ૦૨૯

એ ત્રિહું લોકે શાશ્વતો રે, વળી ત્રિકાલ ત્રિહું ક્ષેત્ર;
તીરથ સંઘ પ્રવચન જિકે રે, તે પણ એ પદ મિત્ત રે. કુ૦૩૦

જનમ સમય પણ સમરીએ રે, જેમ આયતે લહે ધર્મ;
અંત સમય પણ સમરીએ રે, જેમ છૂટે ભવ કર્મ રે. કુ૦૩૧

આપદમાં સંભારતાં રે, થાયે આપદ નાશ;
સંપદમાં પણ સમરતાં રે, જિમ હોયે થિર તસ વાસ રે. કુ૦૩૨

જિમ અહિ ડંકિત વિષ તણો રે, ગરુડ મંત્રથી જાય;
અર્થ ભાવ જાણ્યા વિના રે, ફળદાયક શ્રદ્ધા થાય રે. કુ૦૩૩

---

૧. પચ્ચીસ

કામકુંભ ચિંતામણિ રે, કલ્પદ્રુમ [૧]મુખ જેહ;
તે તો એક ભવ ફળ દિયે રે, આ ભવભવ શુભ ફળ દેહ રે. કુ૦ ૩૪

યોગી ભોગી અનુભવી રે, તે પણ એ ધ્યાવંત;
પરમપદનો એ હેતુ છે રે, એ નવકાર મહંત રે. કુ૦ ૩૫

પ્રણવાદિક બહુ બીજ છે રે, તે પણ એહનાં સહાય;
જ્ઞાનવિમલ ગુરુ વયણથી રે, લહેજો તસ સંપ્રદાય રે. કુ૦ ૩૬

**॥ દોહા ॥**

જિન પૂજી પાવન મને, [૨]ગુણે લાખ નવકાર;
તે તીર્થંકર પદ લહે, માનવને અવતાર. ૧

કર આવર્ત્તે જે ગુણે, સાધુની પ્રતિમા માન;
ભૂત પ્રેત પ્રમુખા અરિ, ન છલે તાસ નિદાન. ૨

નંદાવર્ત શંખાવર્ત્તે ગુણે, ડાકણી રક્ષ વેતાળ;
મરકી મારિ ન હોયે કદા, નાસે દુરિત પ્રચાર. ૩

ચિંતિત એ નવકાર પદ, ભય સંકટ ચૂરેવ;
જેમ માતા રાખે પુત્રને, તેમ વંછિત પૂરેવ. ૪

હૃદય ગુફામાં નવપદો, વસે કેસરી સિંહ;
કર્મ [૩]મતંગજ નવિ રહે, સંચિત પૂરવ એહ. ૫

ન અક્ષરથી નાસીએ, [૪]સતસાગરનું પાપ;
એક પદે પચાસનાં, સાગર જાયે પાપ. ૬

સકલ પદે [૫]પણસય અતર, કેરાં અઘ નાસંત;
ગયા, જાય છે જાયશે, જે સેવે તે એમ મંત. ૭

જિનશાસનનો સાર છે, ચૌદ પૂરવ ઉદ્ધાર;
જસ મને એહની આસતા, શું કરે તસ સંસાર. ૮

**॥ ઢાળ પાંચમી ॥**

(ફાગની દેશી)

મોહનીય સ્થિતિ અંતર છે, સિત્તરી કોડાકોડ;
એક કોડ ઉણી રહે હુયે, પરમેષ્ઠીપદને જોડ. ૧

---

૧. પ્રમુખ, વગેરે ૨. ગણે ૩. હાથી ૪. સાત સાગરોપમનું ૫. પાંચ સો

આઠ કોડી અઠ લાખ છે, આઠ સહસ સત આઠ;
આઠ અધિકથી શિવ લહે, એ આગમનો પાઠ. ૨

નિશ્ચયથી નવકારનો, સ્વામી તેહ વિશુદ્ધ;
ગ્રંથિ ભેદ વિધિ તપયુતે, હોયે નવતત્ત્વહ બુદ્ધ. ૩

કુલધર્મે અભ્યાસથી, મંદ કષાય નિર્માય;
તેહને પણ ગુણ નીપજે, પુણ્યપ્રકૃતિ ઠહરાય. ૪

ગુણકારી બહુ પરે હુયે, જિમ જિમ આસ્રવ રોધ;
કર્મસુભટને ભાંજવા, જેહમાં છે પણ યોધ. ૫

અડસઠ પણતીશ સોળ અડ, ચઉ દુગ અક્ષર એક;
એ વિધાનથી જે ગુણે, ગુરુ આમ્નાય વિવેક. ૬

શાંત દાંત ઇંદ્રિય દમી, ગુરુ જિન કેરો ભક્ત;
શ્રદ્ધારુચિ ઉદાર મન પર, ઉપકૃતિ કરણ પ્રસક્ત. ૭

જે કૃતજ્ઞ કરુણા ભણી, હૃદય હોયે ઉલ્લાસ;
તે એ મંત્રની યોગ્યતા, ભણવા સુણવા ખાસ. ૮

યોગ્યાયોગ્ય જોઈ કરી, દેવો એ વર મંત્ર;
તે માટે તુજ યોગ્યતા, દેખી દેઉં મહંત. ૯

ભાવ ધરી ચિત્ત ધારજે, વરજે સમકિત રત્ન;
શંકાદિક પણ દૂષણાં, ટાલી કરજે યત્ન. ૧૦

ચરિત્રમાંહે છે ઇહાં કિણે, ગાથા કેરા બંધ;
પણ પ્રાયે તે એહમાં, આણ્યો અછે સંબંધ. ૧૧

શંખ પ્રવાલ સ્ફટિક મણિ, રત્ન ને રૂપ્ય સુવર્ણ;
રતાંજલી રુદ્રાક્ષશું, ચંદન ફળ શુભ વર્ણ. ૧૨

પંચવર્ણ શુભ સૂત્રની, માળા બોલી સાર;
રહસ્ય ઉપાંશુ ને ભાષ્ય એ, ત્રિવિધ છે જાપ્ય પ્રકાર. ૧૩

મેરૂલ્લંઘન નવિ કરો, કરો નખાગ્રે પ્રીતિ;
અવિધિ આશાતના ટાલતો, શુચિ થઈ ગણવા રીતિ. ૧૪

શૂન્ય અનાહત નાદે, અનાશંસિત સર્વ;
અંગૂઠાદિક મેળવી, જાપે લહે શિવ પર્વ. ૧૫

રક્તે મોહન લક્ષ્મી, પ્રાપ્તિ હોયે જો સાધ્ય;
રિપુઉચ્ચાટન હેતને, સામે હોયે સાધ્ય. ૧૬

યશ શોભા પરિવારની, વૃદ્ધે પીત કહીજ્જ;
રોગાદિક ઉપશમને, નીલ વિધાન ભણીજ્જ. ૧૭

તર્જની જ્યેષ્ઠાનામિકા, અને કનિષ્ઠા જાણ;
એ અંગુલીએ ગણવા રિપુ, છેદે સુખ યશ વાણ. ૧૮

ઇત્યાદિક બહુ ભેદ છે, વળી તિથિ નક્ષત્ર માસ;
રાશિ વર્ણના ભેદ એ, કાર્ય કરણ પરકાશ. ૧૯

મુદ્રા અડતાલીશ છે, તેહમાં મુદ્રા સાત;
ગરુદિક જે બોલી તે, ઇહાં અછે વિખ્યાત. ૨૦

નવ પદ જે સિદ્ધચક્રનાં, તે પણ અંતરભૂત;
ગુણ ગુણી ભાવે જાણીએ, આણીએ અતિ અદ્‌ભુત. ૨૧

શ્રીસિદ્ધસેન દિવાકરે, નિર્મિત એહનું તત્ત્વ;
અષ્ટપ્રકાશી સંમત, લેજો તેહથી સત્ત્વ. ૨૨

એમ એ જાપ છે ઉત્તમો, ઉભય લોક સુખદાય;
એહિજ નિજપણે ભાવતાં, જ્ઞાનવિમળ ગુણ થાય. ૨૩

## ॥ ઢાળ છઠી ॥

(એમ ધન્નો ધણને પરચાવે—એ દેશી)

એમ મુનિવરજી ધર્મ સુણાવે, હૃદયમાંહે ઘણું ભાવે રે;
મિથ્યામત તસ દૂરે જાવે, મિત્રત્વ ભેદ જણાવે રે. એમ૦ ૧

ઉલ્લસ્યો અંતર ભાવ તે સાચો, જાણે હીરો જાચો રે;
તત્ત્વ ત્રયની વાતે રાચો, ધર્મ ન હોવે કાચો રે. એમ૦ ૨

સમકિત મૂળ સામાયિકનું વ્રત, લેઈ ગુરુની સાખે રે;
કહે પ્રભુ જ્ઞાનાંજનથી નિર્મલ, નેત્ર કર્યાં એમ ભાખે રે. એમ૦ ૩

તુંહી સેવ્ય તુંહી ધ્યેય અમારે, હિતદાયક હિતભાષી રે;
ગુરુ વિણ ધર્મ કહો કેમ લહિયે, ગુરુ પ્રવચનનો સાખી રે. એમ૦ ૪

રસ શિર ધાતુ કલા ને વિદ્યા, ધર્મધનાર્જન સેવા રે;
ગુરુ ઉપદેશ વિના નવિ સીઝે, મંત્ર તંત્ર ને દેવા રે. એમ૦ ૫

યદ્યપિ મણિ બહુ મૂલું હોવે, પણ શતપુટ શોધન પાખે રે;
મુકુટાદિકમાં કોઈ ન જોડે, તેમ ગુરુ ગુણ સવિ આખે રે. એમ૦ ૬

માત પિતા પતિ બંધુ સખાઈ, તે ભવ ભવ આય મિલાઈ રે;
તેથી અધિક પ્રભુ ધર્મ સગાઈ, ભવ ભવ જે સુખદાઈ રે. એમ૦ ૭

ધન્ય ધન્ય કૃતપુણ્ય પૂનોતો, જે મેં તુજને દીઠા રે;
જન્મ સફળ થયો માહરો સાંપ્રત, તમે છો સહુ જન જેઠા રે. એમ૦ ૮

એમ સ્તવી નમી ગુરુ પદ પંકજ, શુભ અનુમોદન કરતો રે;
ગુરુ ગંભીર વચન ગુણકારી, મનમાંહે સમરંતો રે. એમ૦ ૯

કૃતનિશ્ચય પરમેષ્ઠી પદ ગુણવે, સામાયિક પણ સમયે રે;
કરવું સમકિતને શોભાવે, તે કરણી આચરવે રે. એમ૦ ૧૦

આશંસાયે ધર્મ ન સાધે, વાધે ન કોઈ ત્રિવર્ગ રે;
જેણે કરી આતમના ગુણ વાધે, ઇચ્છા ધર્મ અપવર્ગ રે. એમ૦ ૧૧

સમકિતવંતો મિત્ર સારથિ, રથ સંયુત થઈ ચાલે રે;
કૌતુક જોવા પૂર્વ તણી પરે, મહાટવી એક નિહાલે રે. એમ૦ ૧૨

તિહાં જાતે મધ્યાહ્ન થયા જવ, તૃષા કુમરને વાધે રે;
શુષ્ક પર્ણ પરે મ્લાન વદન તવ, દેખી મિત્રને દુઃખ વાધે રે. એમ૦ ૧૩

તિહાં જળ પ્રાપ્તિ કિહાંયે ન દીઠી, તપે જેમ અંગીઠી રે;
જલચિંતા કહો કેમ ભાંજશે, આપદ આવી ધીઠી રે. એમ૦ ૧૪

કહે સારથિને રથથી ઊતરી, તરુ ઊંચો આરોહી રે;
જળની શુદ્ધિ દિશો દિશ જોવા, તિણથી સુખીયા હોહી રે. એમ૦ ૧૫

જેમ કહ્યું તેમ સારથિએ કીધું, દૂરે જળનું ઠાણ રે;
દીઠું તેણે પંખી અનુસારે, વાતાદિક [૩]અહીનાણે રે. એમ૦ ૧૬

તે દિશે ઉદ્દેશીને ચાલ્યા, રથ બેસીને વીરા રે;
અનુક્રમે જાતાં સર એક દીઠું, બેઠાં તેહને તીરા રે. એમ૦ ૧૭

તે પાસે એક વન છે મોટું, વિવિધ જાતિ [૪]તરુરાજી રે;
નિર્મલ પાણી [૫]વસ્ત્રપૂત કરીને, પીએ કુમર સવિ માજી રે. એમ૦ ૧૮

૧. આજે ૨. મોટા, જ્યેષ્ઠ ૩. નિશાની ૪. વૃક્ષોની હાર ૫.કપડાંથી ગળીને

कीदृशं वनं ?

अंब कदंब जंबू जंबीरं, केतकि कनक अने कणवीरं,
करणां वरणां वरवा नीरं, उंचा अनोपम अतुल उशीरं. १

चंपक नाग पुनाग कुटीरं, पुंग लविंग एलावाटीरं;
फोग फणस माकंद मजीरं, साल साग उत्तंग शरीरं. २

ताल तमालही ताल खजूरं, मदन माकंद मंदार करीरं;
अशोक अंकोल किंशुक कोटीरं, बेठा छे कोकिल कल कीरं. ३

आलवाल सींचित वर नीरं, शीतल सरस सुगंध समीरं;
मातुलिंग सल्लकी अंजीरं, कर्कट कालिंग ने बीजपूरं. ४

धव खदिरा गुरु तगर तपखीरं, कुगर कुंदरु लोबान सिबीरं;
इत्यादिक तरु गण गंभीरं, एहवुं कानन देखत वीरं. ५

દક્ષિણ દિશિ ઉદ્દેશી ચાલ્યા, પાદ વિહારે હલકે રે;
આગળ નિકટ જતાં સર દીઠું, પરિમલ કમલના મહકે રે. એમ૦ ૧૯

तत्सरं कीदृशं ? काव्यं (शार्दूल०)

प्रोच्चं मित्रमनोरथालिसदृशं, दौर्ज्जन्यवन्निष्ठुरं,
पत्रालिप्रतिभंगितावधुमिवा–दृश्रेणिवत् शर्करा;
सच्छायासमनोभिरंचिततटामिष्टाप्तिवच्चेतसो,
मोदं प्रेक्षितवान् सरो महदिह श्रेयो वनं जीवनं. १

ઉપલબ્ધ વરપાલિ વિરાજિત, સમિત્ર ભૂપ સુત બેસે રે;
નીરતરંગ સારસ બક હંસા, દેખી શોભા વિકસે રે. એમ૦ ૨૦

અભિનવ માનસ સરસ સમાનં, હર્ષ કરણ તે નિરખે રે;
અનુક્રમે તેહની શોભા જોતો, ચમત્કારને પરખે રે. એમ૦ ૨૧

તીરે તીરે જાતે જાતે, રજક એક નળ નામે રે;
ચીવરને શુચિ કરતો દીઠો, વસ્ત્ર તપાવે તામે રે. એમ૦ ૨૨

વસ્ત્ર તણા સમુદાયમાં સાડી, એક લઘુ તડકે દીધી રે;
દેખી કુમર કહે સુણ બંધવ, કાંઈ વસ્ત્ર પરીક્ષા કીધી રે. એમ૦ ૨૩

મિત્ર કહે શું અદ્ભુત જાણો, તે વળી સ્વામી દાખો રે;
તે કહે પદ્મિનીની છે સાડી, મધુકર વૃંદને સાખે રે. એમ૦ ૨૪

પુષ્પગંધથી અધિક સુગંધો, હોયે પદ્મિનીનો [1]સ્વેદ રે;
તેહની એ સાડી દીસે છે, સ્ત્રીના છે ચઉભેદ રે. એમ૦ ૨૫

પદ્મ સુગંધ સ્વેદ પદ્મિનીનો, હસ્તિની હોયે મદ્યગંધા રે;
[2]ચિત્રક સરિખો ગંધ ચિત્રિણી, શંખિની હોયે મત્સ્યગંધા રે. એમ૦ ૨૬

यतः–पद्मिनी पद्मगंधा च, मद्यगंधा च हस्तिनी;
चित्रिणी चित्रगंधा च, मत्स्यगंधा च शंखिनी. १

अल्पनिद्राऽऽहारवती, पद्मिनी प्रणयप्रदा;
बह्वाहारा हस्तिनी च, चित्रिणी शंखिनी तथा. २

प्रसूते पद्मिनी पुत्रं, सद्‌गुणं हस्तिनी पुनः;
उद्धतं चित्रिणी शान्तं, दीनहीनं च शंखिनी. ३

पद्मिनी प्रौढप्रेमा च, हस्तिनी प्रेमदौर्हृदा;
चित्रिणी कार्यकृत् प्रोक्ता, शंखिनी क्षणिक नृता. ४

पद्मिनी स्वापराधं च, पश्यति हस्तिनी परं;
चित्रिणी दंभवत्येव, शंखिनी कलहप्रिया. ५

पद्मिनी सर्वतो दक्षा, कामदक्षा च हस्तिनी;
चित्रिणी भोजने दक्षा, शोकदक्षा च शंखिनी. ६

पद्मिनी अल्पकामा च, दीर्घकामा च हस्तिनी;
चित्रिणी चित्रकामा च, शंखिनी तु पुनः पुनः. ७

इत्यादि रसमंजरी शृंगारशतके कथितं.

અદ્‌ભુત વચન સુણી ગુણચંદ્ર, નળ ધોબીને પૂછે રે;
કોણ સ્થાનક ચીવર એ કેહનાં, કોણ નગરી એ શું છે રે. એમ૦ ૨૭

[3]રજક કહે સુણ સખ [4]વૈદેશિક, દીપશિખા નામે નયરી રે;
દીપચંદ્ર રાજા છે તેહનો, વશ કીધા છે વયરી રે. એમ૦ ૨૮

પદ્મ સરોવર નામે સરોવર, હું રજક છું તેહનો રે;
વસ્ત્ર સમુચ્ચય જે એ દીસે, [5]પ્રદીપવતી રાણી તેહનો રે. એમ૦ ૨૯

એ સાડી જેહની છે તે કહું, ભમરા કેડ ન મૂકે રે;
જો સો વારે ઉડાડી મૂકીજે, તો પણ ઠામ ન ચૂકે રે. એમ૦ ૩૦

૧.પસીનો ૨. કરિયાતું, એક વનસ્પતિ ૩. ધોબી ૪. વિદેશી ૫. દીપવતી નામ પણ છે.

ચંદ્રવતી નૃપની ભત્રીજી, શુભગાંગ રાયની રાણી રે;
કુમર અછે વામાંગ મનોહર, તસ બેની બિહુ ગુણખાણી રે. એમ૦ ૩૧

શશિકળા ચંદ્રકળા નામે છે, રૂપ લાવણ્યની શાલા રે;
રત્નપુરેશ મહામલ્લ નૃપને, પરણાવી છે રસાલા રે. એમ૦ ૩૨

ચંદ્રકળા બીજી લઘુ કન્યા, રૂપ ગુણે સવિ નારી રે;
અધરીકૃત છે એ માતુલ ગેહે, મેલી એમ નિરધારી રે. એમ૦ ૩૩

સાધુ વચન પૂર્વે સાંભળીયું, [૧]જોશી જાણે ભાખ્યું રે;
રાજાધિરાજના પત્ની હોશે, જન્મવેલા ઇમ દાખ્યું રે. એમ૦ ૩૪

સૂર્યવતીને સુત જે હોશે, તસ પટરાણી થાશે રે;
ઇતિ નિમિત્ત વચન આજ લગે, મળ્યું ન હવે જણાશે રે. એમ૦ ૩૫

સૂર્યવતીને પુત્રની ઇચ્છા, આજ લગે ન પુરાણી રે;
અને સ્વપ્ને શુભગાંગને ભાખ્યું, કુલદેવીએ એમ વાણી રે. એમ૦ ૩૬

મોકલજો માતુલ ઘર એહને, તુરત હોશે વિવાહ રે;
તે કુલદેવી વયણ કરેવા, આણી છે ઉચ્છાહે રે;
જ્ઞાનવિમલ કહે તાહે રે. એમ૦ ૩૭

## ॥ દોહા ॥

માતા ને ભાઈ બિહુ, દીપવતી વામાંગ;
પાંચસેં પાંચસેં ગજ તુરી, આણ્યા સાથે ઉત્તંગ. ૧

[૨]કર-મૂકાવણ દેયશે, અવર વળી બહુ આથ[૩];
માઉલ પણ બહુ દાયજો, દેશે તેહને સાથ. ૨

તે પદ્મિનીની [૪]શાટિકા, જિહાં ભમરા ગુજંત;
પૂછ્યા માટે મેં કહ્યું, મૂલ થકી વૃત્તાંત. ૩

પણ એ વાતાં વાત છે, કિહાં સૂર્યવતીને પુત્ર;
સંભાવના પણ મને નથી, કિમ વસશે ઘર સૂત્ર. ૪

અથવા વિધિ[૫]વ્યાપારનો, પાર ન પામે કોય;
જે મન ના ચિંતી શકે, તુરત માંહે કરે સોય. ૫

---

૧. જાણકાર (જ્ઞાની) જોષીએ ૨. હસ્તમેલાપ છોડતી વખતે ૩. અર્થ, ધન
૪ સાડી ૫. પ્રારબ્ધ

यतः– अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरी कुरुते;
विधिरेव तानि घटयति, यानि पुमान्नेव चिंतयति. १

અર્થ–નહીં બનવા યોગ્ય બને છે, બનવા યોગ્ય બનતું નથી. મનુષ્ય જે નથી ચિંતવતો, તે વિધિ (પ્રારબ્ધ) કરાવે છે.

સહેજે સહેજે આવિયા, રે વૈદેશિક મિત્ર;
જોઈ પુરના કૌતુકા, કીજે નયન પવિત્ર. ૬

રજક ઉક્તિ ઇમ સાંભળી, પામ્યા ચિત્ત ચમત્કાર;
પુર જોવાને ઉમહ્યા, મિત્ર સહિત કુમાર. ૭

કૌતુકી ન હુવે આળસુ, એહવી જનની વાણ;
સુકૃતીને તેહિજ ઉપજે, જે આયતિ ગુણખાણ. ૮

રથ મૂકીને તિહાં કણે, આગે જાવે જામ;
દેખે પટ મંડપ ભલા, ઉતારા અભિરામ. ૯

દેખી અચરિજ પાવતા, પૂછે નર તિહાં એક;
કટક કેહનું કિમ ઇહાં, ભાખો સકલ વિવેક. ૧૦

તે કહે સુણજો સુગુણ નર, શ્રીતિલક છે દેશ;
તિલકવતી નગરી તણો, તિલક નામ નૃપાદેશ. ૧૧

ધીર પ્રધાન છે તેહનો, તે આવ્યો ઇહાં આજ;
ચતુરંગિણી સેના સજી, કુશસ્થલ જાવા કાજ. ૧૨

તે સાથે ગાયન અછે, નામ વીણારવ જાણ;
સપરિવાર ગયો સંપ્રતિ, રાજભુવનને ઠાણ. ૧૩

ગીત ગાન ગંધર્વની, કળા સુગુણ અભ્યાસ;
એ સરિખો અવની તળે, અવર ન કો એ પાસ. ૧૪

કુમર તે એમ સાંભળી, ચિંતે મનમાં એમ;
એ સવિ સ્વામી દેખાવવું, કહે ગુણચંદ્ર ધરી પ્રેમ. ૧૫

**॥ ઢાળ સાતમી ॥**

(બે બે મુનિવર વિહરણ પાંગર્યાજી—એ દેશી)

નગર જોવાને હેતે સંચરે જી,
મિત્ર પ્રેમશું રાજકુમાર રે.

માંહોમાંહે તે આમંત્રણ કરે જી,
આવ્યા તવ એક ઉદ્યાન મઝાર રે. ૧

પુણ્યપ્રભાવે કુમર કલાનીલો જી,
જાણે કોઈ આવ્યો ઇંદ્ર જયંત રે.
પગ પગ પુણ્ય તણાં ફળ પરગડાં જી,
મહિમા મોટાઈ અતિ મહંત રે. પુ૦ ૨

શકુનને હેતે વનપાળક દીએ જી,
સારાં ફળ અંબ તણી જે સાખ રે.
રાજકુમારે તે બહુ સંતોષિયો જી;
ચિંતે મન એ ફળથી ફળની દાખ રે. પુ૦ ૩

એક દિશે તાલ તમાલ હિંતાલ છે જી,
એક દિશે નાગ પુન્નાગ ને સાગ રે.
એક દિશે લવિંગ અગરુ ને ચંદના જી,
એક દિશે વેલિ વાસંતી વાગ રે. પુ૦ ૪

એક દિશે પૂગ કંકોલ તણાં તરુ જી,
પાડલ ચંપક તિલક અશોક રે.
દાડિમ બિજોરાં દ્રાખ બદામનાં જી,
એક દિશે મેવાનાં તરુ થોક રે. પુ૦ ૫

વેલિ વનિતાએ તરુવર આલિંગીયા જી,
દેખી કામી મન નવિ ઠહરાય રે.
એક દિશે માધવીના બહુ માંડવા જી,
નાગરવેલી ઠેલી ન જાય રે. પુ૦ ૬

કિહાંકણે પવન હણ્યા દ્રુમ તાપસા જી,
પુષ્ફ ફળેશું કરતા પથિક આતિથ્ય રે.
પલ્લવઅગ્રે કરી કુમરને તેડવા જી,
વિહગ શબ્દે કરી કહેતા ગુણ અવિતથ્થ રે. પુ૦ ૭

એણી પરે વનની શોભા જોયતાં જી,
દીઠી તિહાં એકેકની ગુણખાણ રે.
કુસુમક્રીડા કરતી સખી સાથશું જી,
અહિનાણે કરી એહિ જ પદ્મિની જાણ રે. પુ૦ ૮

यतः—पाणौ पद्मधिया मधूककुसुमभ्रांत्या तथा गल्लयो—
नीलेंदीवरशंकया नयनयोर्बंधूकबुद्ध्याधरे;
लीयंते कबरीषु बांधवजनव्यामोहबद्धस्पृहा,
दुर्वारा मधुपाः कियंति तरुणी स्थान्यान्यहो रक्षति. १

તેહવી જાણી કુમર જાયે જિસે જી,
લજ્જા પ્રેમે કરીને નમતું [1]તુંડ રે.
મિત્ર સંઘાતે તિહાં દીઠો તિસે જી,
કુમરીએ તે પ્રેમસુધાનો કુંડ રે. પુ૦ ૯

મોહી તે રૂપે મનમાં ચિંતવે જી,
માનું એ મુજ પૂરવ ભવનો કંત રે.
તેહ ભણી ચેષ્ટા થાયે છે એહવી જી,
દીઠે કંતે સુખ હોયે અત્યંત રે. પુ૦ ૧૦

यतः—स्त्री कांतं वीक्ष्य नाभिं प्रकटयति मुहुर्वीक्षयति कटाक्षान्,
दोर्मूलं दर्शयति रचयति कुसुमापीडमुत्क्षिप्तपाणिं;
रोमांचस्वेदजृंभान् श्रयति कुचतटस्त्रंसिवस्त्रं विधत्ते,
सोल्लंठं वक्तिनीवीं शिथिलयति दशत्योष्टमंगं भिनत्ति. १

**ભાવાર્થ**—કામવશ થયેલી સ્ત્રી સ્વેચ્છિત સ્વામીને જોઈને એટલાં વાનાં કરે છે—પોતાની નાભિને બતાવે છે, કટાક્ષે કરી તેના સામું જુએ છે, હાથ ઊંચા કરે છે, કેશને વારંવાર ઉઘાડા કરી સમારે છે, રોમાંચ, પ્રસ્વેદ તથા બગાસાં વગેરેનો આશય કરે છે, વારંવાર સ્તન પરથી ખસેલા વસ્ત્રને ધારણ કરે છે, જેમ-તેમ વચન બોલે છે, પહેરેલાં વસ્ત્રની ગાંઠને છોડે છે તથા બાંધે છે, હોઠ ડસે છે તથા આળસ મરડે છે.

ચેષ્ટા એહવી કુમરીએ જાણી આપણી રે,
મૂકે ચતુર સખી તેહને પાસ રે.
એ કોણ મુજ મનધનનો અપહરુ રે,
રૂપ લાવણ્ય સવિ લક્ષણ ગુણ આવાસ રે. પુ૦ ૧૧

નામ કુલ ગોત્ર નયર ને જનપદે રે,
માતપિતા વળી વંશ વિખ્યાત રે.
ત્વરિતપણે જઈ પૂછ તું મિત્રને રે,
આવી કહે મુજને તે સવિ વાત રે. પુ૦ ૧૨

---

૧. માથું

એમ નિસુણીને ચતુરા તેણે પાસે ગઈ રે,
પ્રણમીને પૂછે વિનતિ એક રે.
[૧]રાજકની એ [૨]ચંદ્રકલાભિધા રે,
માહરી છે સ્વામિની એ સુવિવેક રે. પુ૦ ૧૩

પદ્મિની એ નિજ રૂપે જિતઉર્વશી રે,
તેહની હું સખી છું પ્રેમનું ધામ રે.
ચતુરા નામે તુમ ભણી મોકલી રે,
પૂછણ જાતિ કુલ સુવંશ નામ રે. પુ૦ ૧૪

તે ભણી કરી કૃપા સવિ દાખવો રે,
નિસુણી તવ હરખ્યો ગુણચંદ્ર મિત્ર રે.
ભાખે તિહાં સઘળું ચરિત્ર તે આપણું રે,
જાતિ કુલ વંશ ને ગોત્ર પવિત્ર રે. પુ૦ ૧૫

વારે તવ શ્રીચંદ્ર મિત્ર પ્રત્યે તિહાં રે,
કિશ્યું પ્રયોજન છે આપણું આજ રે.
વગર હેતુએ સંત ન દાખવે રે,
આપણે કહેતાં આવે લાજ રે. પુ૦ ૧૬

એમ કહીને મિત્રને કર ગ્રહી રે,
જાયે જવ નગરીમાં શ્રીચંદ્ર રે.
ગઢ મઢ મંદિર પોલ બજારની રે,
શોભા નિરખે તિહાં થઈ નિસ્તંદ્ર રે. પુ૦ ૧૭

આગળ જાતાં દીઠું એક દેહરું રે,
ઉત્તંગ જાણે અવનીતળે આવ્યો વિજયંત[૩] રે.
મણિમય શોભા મંદિર તોરણે રે,
દંડ કલશ ધ્વજપંક્તિ કરી ઝલકંત રે. પુ૦ ૧૮

નિરખી હરખીને પેઠા તેહમાં રે,
વંદે વિધિશું કરી મનડું નિજ ઠામ રે.
ચૈત્યવંદન કરે દશ ત્રિક સાચવી રે,
ભાખે તિહાં ભાવ થકી ગુણગ્રામ રે. પુ૦ ૧૯

૧. રાજકન્યા (કની=કન્યા) ૨. ચંદ્રકલા નામની ૩. વૈજયંત, ઇંદ્રનો મહેલ

यतः–तिन्नि निसिहि तिन्नि पया, हिणा तिन्नि चेवय पणामा;
तिविहा पुया य तहा, अवतिथ्थतिय भावणं चेव. १
तिदिसि निरखण विरई, पयभूमिपमज्जणं च तिख्खुत्तो;
वणाइतियं मुद्दाई, तिहं च तिविहं च पणिहाणं. २

ઇતિ દશત્રિકં

**॥ અથ ચૈત્યવંદન ॥** (શ્રીરાગેણ ગીયતે)

અરિહંત નમો ભગવંત નમો, પરમેસર શ્રી જિનરાજ નમો,
પ્રથમ જિનેસર પ્રેમે પેખત, સીધાં સઘળાં કાજ નમો. અ૦ ૧

પ્રભુપારંગત પરમ મહોદય, અવિનાશી અકંલક નમો;
અજરામર અદ્‌ભુત અતિશય નિધિ, પ્રવચન જલધિ મયંક નમો. અ૦ ૨

તિહુયણ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવ રસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાલ નમો. અ૦ ૩

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકળ સુરાસુર નરવર નાયક, સારે અહનિશિ સેવ નમો. અ૦ ૪

તું તીર્થંકર સુખકર સાહેબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત જીવન હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો. અ૦ ૫

કેવલજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષ ગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬

જગચિંતામણિ જગગુરુ જગહિત, કારક જગજન નાથ નમો;
ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭

અશરણ શરણ નીરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેસર, જ્ઞાનવિમલ સૂરીશ નમો. અ૦ ૮

**॥ પૂર્વ ઢાળ ॥**

એમ ચૈત્યવંદન કરતાં સાંભળી રે,
ચતુરા સખી ભાખે સ્વામિનીને તામ રે.
તેહ સુણીને સા કની દુઃખ ધરે રે,
કેણી પરે મળશે તે અભિરામ રે. પુ૦ ૨૦

માહરે તો એ વર એ ભવે મન ધર્યો રે,
અવરની ઈહા નહીં સુહણા માંય રે.

તેહવું જાણીને ઉદ્યમ કરો રે,
સખીઓ છો માહરી સહિયર બાંય રે. પુ૦ ૨૧

જાણો તેહનો એ નંદન હોયજો રે,
ભૂપ પ્રધાન કે શેઠ સંબંધ રે.
મનમાં ધાર્યો જે તે પતિ સતીને હુયે રે,
અવર મૂકી દિયો સઘળા ધંધ રે. પુ૦ ૨૨

નગરીમાંહે એ કિહાંયે જાયશે રે,
તેહ ભણી ચાલો એહને [૧] કેડ રે.
એમ કહીને સવિ વાહન ચઢ્યા રે,
ચાલ્યા કુમરની પૂઠે ન કરી જેડ રે. પુ૦ ૨૩

ચતુરા કોવિદા તુરત તે મોકલી રે,
આપે રહી ચૈત્ય સમીપે તેથ રે.
જોવે એમ નજરશું દૂર રહી હુતી રે,
અનિમિષ નયને કરી કુમર છે જેથ રે. પુ૦ ૨૪

જેમ ચકોરી ચંદ્ર તણી સુધા રે,
પીએ સાદરશું તેમ એ બાળ રે.
ગુણચંદ્રે પણ તિહાં દીઠી પદ્મિની રે,
સિંહાવલોકન કરતાં રાજ મરાળ રે. પુ૦ ૨૫

હર્ષ પામીને તેણે ભ્રૂસંજ્ઞા કરી રે,
કહ્યું નગરાદિક સઘળું ઠામ રે.
કન્યા પણ સમજી સવિ કરપલ્લવે રે,
વંશ કુલ ગોત્ર પવિત્ર જે નામ રે. પુ૦ ૨૬

ભાવ જણાવ્યો આપણ પદ્મિની રે,
[૨] ભ્રૂસંજ્ઞાથી સઘળી કીધી વાત રે.
વિલંબ કરાવો ઇહાં કણે મિત્રજી રે,
તો આવી બને સઘળી વાત રે. પુ૦ ૨૭

નિજ માતાને સર્વ જણાવે પદ્મિની રે,
તેણે પણ માંડ્યા તેહ ઉપાય રે.

૧. પાછળ ૨. આંખથી ઇશારો

ઉદ્યમ સહકારી કારણ સાધતો રે,
તો થાયે સિદ્ધ કાર્ય એ શાસ્ત્રનો ન્યાય રે. પુ૦ ૨૮

એહવે પ્રત્યેકે શ્રીજિનબિંબને રે,
પ્રણમી સ્તવી ગર્ભઘરેથી તામ રે.
નીકળી મંડપ બાહેર આવિયા રે,
જોવે તિહાં વિવિધ ભાતિ ચિત્રામ રે. પુ૦ ૨૯

ઉપળે ઉકેરી નવનવ પૂતલી રે,
નાટક કૌતુક કરતી રંગ રસાલ રે.
આપે દેખીને દેખાવે મિત્રને રે,
એમ કરતાં તે આવે ચૈત્ય દુવાર રે. પુ૦ ૩૦

મિત્રે વીનવ્યો સ્વામીજી બેસીએ રે,
ક્ષણ એક જિમ લહીએ આરામ રે.
બેસે તિહાં મિત્ર વયણથી જેટલે રે,
દીઠી તિહાં કન્યા અભિરામ રે. પુ૦ ૩૧

જેણી પરે ખેંચે છે [૧]ચમક લોહને રે,
જેમ હોયે વળી ચંચળ જલધિ તરંગ રે.
ચંદ્ર ચંદ્રિકા નિરખી તેમ થયું રે,
રૂપ નિરખણને કાજે ચંગ રે.
જ્ઞાનવિમલ સૂરિ કહે એકંગ રે. પુ૦ ૩૨

**॥ દોહા ॥**

અહો અહો એહનું વદન, નયન [૨]ભાલ વિશાલ;
વિપુલ કપોલ [૩]ગલસ્થલ, નાસા પુટ સુકુમાલ. ૧

અહો અહો મુખ સુભગતા, વિધુ પણ ધરે અંકભાવ[૪];
[૫]શ્રવણપાલિ [૬]દોલા જિસિ, રસના અમૃત તલાવ. ૨

[૭]બિંબાધર યુગ રાતડા, અહો અહો અદ્‌ભુત રૂપ;
જસ વપુ સુખમાં નવિ કરે, રતિકર મદન સરૂપ. ૩

મનુ વિધિ વામા રૂપ સવિ, રંભાદિક કર અભ્યાસ;
કીધાં એહને કારણે, કરવા રૂપ પ્રકાશ. ૪

---

૧. પારસમણિ ૨. લલાટ ૩. ગલું ૪. શરણભાવ, આશ્રય ૫.કાનનો આગલો ભાગ ૬. હીંચકો ૭. બિંબ ફળ જેવા હોઠ ( એ ફળ પાકે ત્યારે લાલ થઈ જાય છે)

અતિ સુંદર રૂપ દેખીને, ચિંતે મનમાં એમ;
વનિતા તો બહુ દેખીએ, પણ એહશું મન પ્રેમ. ૫

સ્નેહલ નયને જોયતાં, માંહોમાં તિહાં મિત્ર;
ચિંતે કારજ એહનું, થાઓ મન પવિત્ર. ૬

કહે કુમર હવે મિત્રને, અહો દુર્જય [1]ચિત્તચાર;
રોકાતું પણ નવિ રહે, જેહશું સ્નેહ વિકાર. ૭

ધીર વીર [2]કોટીર છે, સંસારે બહુ જન્ન;
પણ દુર્દ્ધર મન વશ કરે, તે વિરલા જગ [3]ધન્ન. ૮

મન વિકલ્પના સિંધુમાં, જસ વિવેક વર [4]યાન;
સ્મરગિરિથી [5]ભાગું નહીં, તે નર લહે બહુમાન. ૯

यतः—अहो आस्याआस्यं कटिरे नयने भालमरीरेः,
कपोलाभ्यां भद्रं शुकमुखिमिविघ्राणपुटकं;
श्रवः पाली दोलाकिंलवपुरी बिंबाधरयुगः,
किमन्यत्सर्वेपि प्रकृति सुभगास्त्ववयवा. १

સ્ત્રી મુખ લાવણ્ય ચંદ્રમા, દેખી પ્રેમજળ વૃદ્ધિ;
તારુણ ગર્જાયે ન ભંજીએ, તે નર પામે સિદ્ધિ. ૧૦

તિહાં લગે લજ્જા વિનય યશ, તિહાં પુરુષારથ હુંતિ;
કામ કટાક્ષ રમણી તણા, જિહાં લગે હૃદ ન પતંતિ. ૧૧

यतः—वामा वाममुखेंदुमंडललसल्लावण्यचंद्रातप,
प्रेखत्प्रेमपयः समुच्चयसमुत्फुल्लाधिकारोर्मिभिः;
तारुण्योच्चरातौ विवेकवहनं मध्ये मनोब्धे द्रुतं,
यस्माम्फुल्य न भज्यते स्मरगिरा स्तोकः सलोकः क्षितौ. १

આ શ્લોકનો ભાવાર્થ દસમી તથા અગિયારમી ગાથામાં છે.

सन्मार्गे तावदास्ते प्रभवति पुरुषस्तावदेवेंद्रियाणां,
लज्जां तावद्विधत्ते विनयमपि समा ंबते तावदेव;
भ्रूचापाकृष्टमुक्ताः श्रवणपथगतानीलपक्ष्माण एते,
यावल्लीलावतीनां न हृदि धृतिमुखोनालपक्ष्माण एते. २

---

૧. ચિત્તની ગતિ ૨. શિરોમણિ ૩. ધન્ય ૪. જહાજ ૫.તૂટ્યું

**ભાવાર્થ**–જ્યાં સુધી કાનપર્યંત લાંબા નેત્રરૂપ ધનુષ થકી કાલા પીંછવાલા લીલાવાલી સ્ત્રીના કમલ સમાન નેત્રકટાક્ષ નથી પ્રાપ્ત થયા, ત્યાં સુધી મનુષ્ય સારા માર્ગમાં રહે છે, ત્યાં પર્યંત ઇંદ્રિયોનો પરાભવ કરે છે, લજ્જા પણ ત્યાં પર્યંત છે, વિનયનું પણ ત્યાં પર્યંત આલંબન કરે છે, હૃદયને વિષે ધૈર્ય પ્રમુખ પણ ત્યાં સુધી રહે છે.

તે ભણી ઇહાં રહેવું નહીં, જિહાં સ્ત્રીજન બહુ આવંત;
એમ કહી ચૈત્યથી ચાલિયો, મિત્ર સહિત ગુણવંત. ૧૨

કુમર કરે આગે ચલો, થાયે છે ઉઅત્સુર;
દૂરપ્રેક્ષણ સ્ત્રી લાભની, ઇચ્છા કાંઈ ન ભૂર. ૧૩

પુરપોલે જબ આવિયા, રથ પ્રાપ્તિને કાજ;
પાછળ કોઈ દેખે નહીં, સખી કન્યા કોઈ દાસ. ૧૪

ચિત્તે ગુણચંદ્ર ચિંતવે, કેમ ઇહાં થાય વિલંબ;
ભૂખ્યા કેરી [1]આરતિ, ફળે ન તુરત હી અંબ. ૧૫

## ॥ ઢાળ આઠમી ॥

(નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયા—એ દેશી)

મિત્ર ધરે મન ભાવ, જાણે કોઈ આવી મળે,
એહવે એકણ પાસ [2]મુરજ ધ્વનિ સાંભળે.
કહે તવ કુમરને મિત્ર પ્રભો સુણ વિનતિ,
એ નિસુણવે ગીત, હોયે મુજ મન રતિ. ૧

જોઈ એ સંગીત પછી રથ આપણે,
જાઈશું મહારાજ મિત્ર એહવું ભણે;
મિત્ર તણું મન રાખણ કાજ તિહાં ગયા,
તાવત્ શ્રીચંદ્ર કીર્તિ સુણી વિસ્મય થયા. ૨

નૃત્ય કરે તિહાં નર્તકી કીર્તન તે કરે,
ધ્રુવપદ શ્રીચંદ્ર નામ કહી મુખ ઉચ્ચરે;
મન ચિંતે શ્રીચંદ્ર ઘણા છે નામથી,
કોણ જાણે કોણ હેતે અછે કોણ કામથી. ૩

કાન ધરી જવ ગીત સુણ્યું તવ હેજથી,
લક્ષ્મીદત્ત સુત શ્રીચંદ્ર સલુણો તેજથી;

૧. દુઃખથી ૨. એક જાતનું ઢોલ

લક્ષ્મીવતીનો નંદન ભોગ નિદાન છે,
જયવંતો તે આજ ચઉબુદ્ધિ નિધાન છે. ૪

તે સુણી કહે શ્રીચંદ્ર મિત્ર એ ઘર કેહનું,
કોણ સજ્જન પરિવાર નિમિત્ત છે જેહનું;
જેટલે જોવા જાય બિહું ઘર બારણે,
સામો દીઠો શેઠ રહ્યો મત્ત વારણે. ૫

વરદત્ત નામે શેઠ દેખીને ઓલખ્યો,
કહે કુમર તવ મિત્ર પ્રત્યે એ ચિત્ત લખ્યો;
એ મુજ તાતનો વાણિજ્ય કારક શેઠનો,
પુત્ર અછે તિહાં આવ્યો અમ ઘરે ઠેઠનો.
જો જાણશે એ આજ તો આપણને રાખશે,
તે ભણી ચાલો વેગે એ વિનતિ ભાખશે. ૬

કર ઝાલીને મિત્ર તિહાંથી નીકલ્યો,
દ્વારપાલે કહ્યું સર્વ જઈ વરદત્તને મળ્યો;
વરદત્તે તવ નિજ શેઠનો નંદન અટકળ્યો,
પણ એ વાત અસંભવ મનમાં ખળભળ્યો. ૭

તે શ્રીચંદ્રને પાસ [૧]તુરગ રથ ભટ ઘણા,
[૨]સહસ ગમે પરિવાર નહીં કાંઈ મણા;
તે એકલો કેમ હોય જઈને જોઈએ,
વાત ન મળતી એહ એ સંશય ધોઈએ. ૮

ચિંતિ આવે બાર જિસે તે ફરી ગયા,
જાણી પાછળ થાય બેહુ નજરે થયા;
ઓલખીયા તે કુમરને પદ પ્રણમી ઘણું,
ભાગ્ય સંયોગે આજ દરિસ લહ્યું તુમ તણું. ૯

વૃષ્ટિ થઈ વિણ વાદળ કુસુમ વિણુ ફળ થયું,
જીવન દિન ઘડી આજ સમય સફળું લહ્યું;
ભાગ્યવતી એ ભૂમિ જિહાં તુમ [૩]પાઉલાં,
ધરીએ હવે ધરી પ્રેમ ઘરે મુજ આઉલાં. ૧૦

૧. ઘોડા ૨. હજારોની સંખ્યામાં ૩. પગલાં

જે માહરે ઘર મંગળ ભવ્ય વધામણાં,
તે સવિ તુમ પસાય લેઉં તુમ ભામણા;
મુજને જાણી જાઓ આજ એમ કિમ હવે,
એ સવિ દોલત દામ તુમારા એમ કહીને સ્તવે. ૧૧

સેવકોપરિ સુપ્રસન્ન થઈ ઘર આવીએ,
લઘુ સુતનો લેખ શાલ ઉત્સવ મન ભાવીએ;
આવ્યા સહેજ સ્વભાવ હવે કરો મુજ કૃપા,
દાક્ષિણ પ્રેમ ને ભક્તિ દેખી ધરી મન ત્રપા. ૧૨

શેઠ ઘરે જબ આવીયા મિત્ર તે હરખીઓ,
ગુણચંદ્ર કાર્ય વિલંબ લહીને પરખીઓ;
કહે બાહેર રથ સારથિ છે તે આણીએ,
તે કીધું તેણે તેમ પ્રસન્ન મન જાણીએ. ૧૩

ગ્રહગણમાં જેમ [1]તરણિ તેજાલ નભોગણે,
તેમ વ્યવહારીમાં તેહ દીપંતો સહુ ગણે;
શેઠની પત્ની તામ વધાવે મુગતા ફળે,
દેતાં અઢળક દાન અવારિત નવિ ખલે. ૧૪

ભટ્ટલોક કહે સર્વ સભા ધણી આવિયો,
તદ્‌ગુણ ગીત ન ગાન બહુમાને ભાવિયો;
એહવે શ્રી દીપચંદ્ર નરેશે નિજ સભા,
પૂરી શેઠ સામંત પ્રમુખ વધતી પ્રભા. ૧૫

[2]વીણારવ ગંધર્વ કળામાં શિરોમણિ,
સોળ સજ્જન પરિવાર વીણાદિક રવગુણી;
રાધાવેધ વિધાન પ્રમુખ પ્રબંધ ઘણા ગાય છે,
અન્ય રાજકુમરની વિટંબણા થાય છે. ૧૬

આપ કર્યાં જે ગીત અપૂર્વ ધ્વનિ મન હરે,
મધુર ગુણે કરી સાર સુધાને અપહરે;
નવરસ ભાષા ભેદ રાગ બહુ શોભીએ,
તાન તાલ લય મૂર્ચ્છના વાજિત્ર થોભીએ. ૧૭

૧. સૂર્ય ૨. વીણારવ એ ગાયક(ચારણ)નું નામ છે.

નાદ છે પંચમ વેદ ભેદ એહના લહે,
યોગી ભોગી સર્વ નાદે મન થિર રહે;
તન મન કરી એકાગ્ર નિમેષ નયને કરી,
ઉચ્ચ ગ્રીવ અતીવ આદર ચિત્તમાં ધરી. ૧૮

સાંભળે સઘળા સભ્ય ભૂપ પૂઠે રહી,
ચંદ્રવતી દેઈ આદિ તરુણ પ્રદીપવતી સહી;
એમ નૃપની સવિ પરષદ મોદશું સાંભળે,
એહવામાં સખી ચતુરા ચંદ્રવતીશું મળે. ૧૯

કહે સ્વામિની ઉદ્યાનમાં રમવાને ગઈ,
ચંદ્રકળા તિહાં વાત સુણે જો જે થઈ;
રૂપવંત ગુણવંત પુરુષ કોઈ આવિયો,
જાણ્યો ન તાસ સરૂપ કુમરી મન ભાવિયો. ૨૦

એહવે આવી કોવિદા કહે તે પુરુષની,
વાત નામાદિક સર્વ નાહીં કાંઈ જંખની;
અછે [1]વિહારમાં તેહ કુમર જિન વંદતો,
દીઠો રૂપ સરૂપ કલા ગુણ ચંદ તો. ૨૧

કહે રાજા સખી તેહ સુગુણ નર જાણીઓ,
પુત્રી પ્રેમનો પાત્ર પરં છે વાણીઓ;
એ અજ્ઞાત કુલ શીલને કની કેમ દીજીએ,
ક્ષત્રિય માંહે શોભા કહો કેમ લીજીએ. ૨૨

તોહે પણ દીપચંદ્ર નરેશ જણાવીએ,
એમ કહી ગયા તે પાસે સર્વ સુણાવીએ;
દીપચંદ્ર કહે તામ હસી સાહમું જોઈ,
[2]નહીં ક્રીડાઘર શિશુનાં ધૂલિ ફરી ફરી હોઈ. ૨૩

એ પદ્મિની ગુણ અશેષ સકળ વનિતા વડી,
ઇદૃક્‌માત્ર વણિગને દેતાં શોભા શી સાંપડી;
મન કેમ હોયે પ્રસન્ન એ વાત છે લાંપડી,
જો શુભગાંગ નૃપ સુણશે તો વજાડશે ચાપડી. ૨૪

---

૧. મંદિરમાં ૨.બાળકો ધૂલિના ઘર બનાવી રમે, તે તૂટે તે ફરી બનાવાય, તેવી આ વસ્તુ નથી. કન્યા એક જ વાર દેવાય.

ચંદ્રકળા કેમ એહને વરશે જાણતી,
સૂર્યવતીનો પુત્ર વિવાહ મન આણતી;
તે તો મનોરથ સઘળા હૃદયમાંહે રહ્યા,
જે કાંઈ કર્મ લખ્યા તે થાય ન જાય કોણે કહ્યા. ૨૫

જો એહવો સંયોગ કરીજે તો યશ કિશ્યો,
આપણને જગમાંહે મળશે જિસ્યો તિસ્યો;
એમ કરતાં યથાશક્તિ સ્વયંવર મંડાવશું,
રાજ્યપુત્ર કોઈ યોગ્ય વિવાહ કરાવશું. ૨૬

એહવે ચૈત્ય સમીપે સુચંદ્રકલા ભણે,
સખી પ્રિયંવદા નામે જોઓ તે કિહાંઘણે;
લહી તેહનો આદેશ જોઈ પુર પરિસરે,
ઘર આપણ વન વાડી વાવિ સરોવરે. ૨૭

નવિ દીઠા તિહાં કોય મિત્ર કુમર બિહું,
આવી એહવી વાત જણાવી તે સહુ;
નિસુણી તેહ ઉદંત વિયોગ ભરી રડે,
ક્ષીણ નિસાસા મૂકીને ધરણી ઢળી પડે. ૨૮

હું નિર્ભાગ્ય શિરોમણિ આજ કિશ્યું કરશું હવે,
એહવો• વર પામીને ખોયો તે દહે હવે;
દુઃખપૂર મહમૂર તે એહવો ઊલટ્યો,
જેણે કરી ગુણના દેશ વિવેક ગિરિથી લટ્યો. ૨૯

ગોત્રદેવી કુલદેવી કહો મુજ કિહાં ગઈ,
સાર કરે નહીં કોય બેશુદ્ધિ તે ભઈ;
ચૈત્યમાંહે જે મયૂર શકુન ને પૂતલી,
પૂછે તેહની વાત જાણે થઈ વાઉલી. ૩૦

અરે શુક શુકી મેનાદિકને કહે મુજ પતિ,
કેમ બોલાવ્યો નાહીં ન રાખ્યો કરી થિતિ;
હવે માહરા કહો પ્રાણ કેણીપરે ધારશું,
કેહને દેખી આજ હૃદય દુઃખ વારશું. ૩૧

ઇહાં નહીં તુમચો વાંક એ વાંક છે માહરો,
મૂકી લજ્જા વિલગત તો શ્યો આશરો;

બહુલા એમ વિલાપ તે ચંદ્રકલા કરે,
શૂને ચિત્ત વનમાંહે હેવાન થઈ ફિરે. ૩૨

એહવે ચતુરા તામ આવી સઘળું કહ્યું,
ઉચિત વરાદિ ઉદંત જે માતપિતા લહ્યું;
વળી વિશેષ દુઃખપૂરે મૂર્ચ્છા પામતી,
સખીએ કીધી સજ્જ વિયોગ મન વામતી. ૩૩

પ્રિયંવદાએ તુરત પિતુને દાખવ્યું,
તેહવી લેઈ ઉત્સંગે સુતાને સુખ ઠવ્યું;
રે વત્સે ધર ધીરજ ત્યજ ઉત્સુકપણું,
થાશે સઘળું ભવ્ય મ કર મન દૂમણું. ૩૪

તું તત્ત્વજ્ઞ સુદક્ષ મહામતિ ધીર છે,
દુઃખ મ કર મન કાંઈ તું કોમલ વપુ અછે;
તુજ વિવાહે સ્વયંવર ઇચ્છા અતિ ઘણી,
જે છે તે તો જાણે શ્રીજ્ઞાનવિમલ ગુણના ધણી. ૩૫

**॥ દોહા ॥**

એમ નિસુણી પુત્રી કહે, તુજ કુખિ ઉપ્પન્ન;
સતીએ જે પતિ મન ધર્યો, તેહી જ વરે ન અન્ય. ૧

વિસ્તર સ્વયંવર મંડપે, કોઈ ન માહરે કામ;
વર શ્રીચંદ્ર જ માહરે, અથવા અનલનું ઠામ. ૨

પુત્રી નિશ્ચય એહવો, જાણી ચંદ્રવતી માય;
સુભટ પ્રત્યે એહવું કહે, વિનવો દીપચંદ્ર રાય. ૩

તેહિ જ વરને જોયવો, જે મન પુત્રી બદ્ધ;
અવર ન કોઈ સંભવે, એહ યથારથ લદ્ધ. ૪

કુમરી મૂર્ચ્છન વિલપવું, ચતુરાએ કહ્યું સર્વ;
દીપચંદ્ર રાજા પ્રત્યે, મૂકી મનનો ગર્વ. ૫

સભા વિસર્જી તુરતમાં, આવે ચૈત્ય મઝાર;
ગાયન જન પ્રધાન મુખ, અવર વળી પરિવાર. ૬

પ્રદીપવતી રાણી તિહાં, સખી તણે પરિવાર;
આવી સવિને પૂછિયું, પણ નવિ દીઠ કુમાર. ૭

રાજ્યપંથ રાજા જુવે, પણ ખબર ન લાધી કાંય;
એહવે ચંદ્રકલા સખી, કહે શુભ ચેષ્ટા થાય. ૮

વામ ચક્ષુ ફુરકે ઘણું, સખી હર્ષનું ઠામ;
મનવંછિત હોશે સહી, ટળશે ચિંતા કામ. ૯

તે સમયે કોઈ શુભ નરે, કહી કુમરની શુદ્ધિ;
રાજા આગળ અભિનવી, વરદત્ત ઘરે બહુ ઋદ્ધિ. ૧૦

રાજા શેઠ ઘરે ગયા, દેખી તિહાં શ્રીચંદ્ર;
લાવણ્ય રૂપ ને કાંતિભર, અધરીકૃત વર ચંદ્ર. ૧૧

શેઠે સિંહાસન રચ્યું, આવી બેઠા ભૂપ;
દીપચંદ્ર નૃપ પદ નમે, ભેટ કરી અનૂપ. ૧૨

નૃપ ઉત્સંગે લીએ કુમરને, ધરી પ્રમોદ અપાર;
એ સંગતિ દોહિત્રનું, પૂરી પ્રેમ અવધાર. ૧૩

ગુણચંદ્રે તિહાં કુમરનું, ચરિત્ર કહ્યું સુવિશેષ;
વીણારવે પણ દાખિયું, કરી મનમાં ઉલ્લેખ. ૧૪

કહે ગાયન અમે ગાઈઓ, રાધાવેધ પ્રબંધ;
તે એ શ્રીચંદ્ર જાણજો, ગુણમણિ કેરો સિંધુ. ૧૫

સુરગુરુ પણ નવિ કહી શકે, જસ ગુણ કેરો અંત;
અર્થિપ્રાર્થિત સુરતરુ, તિલકમંજરી કંત. ૧૬

अथ वीणारवगायनेन भणितं (गाहा)

राहावेहविहीअे सअँवर वरिओय तिलयमंजरीअे;
सव्व निव्व गव्वहरणो, वीरिक्को जयओ सिरिचंदो. १७

અર્થ–રાધાવેધ વિધિથી સ્વયંવર મંડપમાં તિલકમંજરી જેને વરી, તે સર્વ રાજાઓનું ગર્વ હરનારો એવો વીરશ્રેષ્ઠ શ્રીચંદ્ર જયવંત વર્તો.

**॥ ઢાળ નવમી ॥**

(રાગ કેદારો, રુક્મિણી રૂપે રંગીલી નારી–એ દેશી)

એહ ચરિત્ર પવિત્રનો લાલા, કુમરને દેખી ધામ;
જોવા કારણ આવીયા લાલા, પ્રદીપવતી મુખ તામ;
કુમરજી, રૂપે શિરોમણિ એહ.
એ તો ગુણમણિ કેરો ગેહ કુમરજી૦ ચંદ્રશું ચંદ્રકલાને નેહ કુમરજી૦;
એ યુગતું છે સસનેહ કુમરજી; રૂપે શિરોમણિ એહ. ૧

તિહાં તે કુમરને દેખીને લાલા, સવિ પામ્યા તે પ્રમોદ;
તે તો જાણે કેવળી લાલા, તે અનુભવનો મોદ. કુ૦રૂ૦ ૨

હવે વરદત્ત શેઠ ભેટણું લાલા, લેઈ નૃપને પાસ;
આવી કહે આજ માહરું લાલા, ભાગ્ય વધ્યું ફળી આસ. કુ૦રૂ૦ ૩

સાહિબ ચરણની રેણુએ લાલા, પાવન કીધું ગેહ;
એમ કહી જે ભેટણું કર્યું લાલા, તે શ્રીચંદ્રને દિયે ધરી નેહ. કુ૦રૂ૦ ૪

કહે નૃપ હવે શ્રીચંદ્રને લાલા, સુણો કુમાર [૧]કોટીર;
ચંદ્રકલા ભણી લીજીએ લાલા, આવી યૌવન તીર.
એ પદ્મિની પદ્મ શરીર. કુ૦રૂ૦ ૫

શુભગાંગ નૃપતિએ મોકલી લાલા, સકલ સામગ્રી મેલ;
વિવાહ કારણ કુમરજી લાલા, કરો તેહનો [૨]કર-મેલ. કુ૦રૂ૦ ૬

કુમર કહે યુક્તું નહીં લાલા, અચરિજકારી વચન્ન;
જો ફિરી ન કહું તો માહરો લાલા, [૩]દોલાયીતું મન્ન. કુ૦રૂ૦ ૭

કિહાં પૃથ્વીપતિ [૪]નંદની લાલા, કિહાં હું તુમ દાસનો પુત્ર;
સંયોગ સરિખો જોડીએ લાલા, શોભા હોય ઉભયત્ર. કુ૦રૂ૦ ૮

વજ્ર રત્નશું શોભિયે લાલા, સુવર્ણ મુદ્રિકા જેમ;
પણ કાચ [૫]ઉપલમાં જોડતાં લાલા, નવિ શોભીજે હેમ. કુ૦રૂ૦ ૯

રત્નમાલા વાયસ ગલે લાલા, જેમ ન વિભૂષા થાય;
કુબ્જ ગલે મુક્તાવલી લાલા, તેમ અકુલી ઘર કની થાય. કુ૦રૂ૦ ૧૦

પ્રાસાદને શિખરે રહ્યો લાલા, પણ કાક ન થાયે હંસ;
નીચ રાજ્ય અભિસિંચિઉ લાલા, તેમ ઉચ્ચ ન થાયે વંશ. કુ૦રૂ૦ ૧૧

દુષ્કુલથી સ્ત્રી રત્ન તે લાલા, લીજે એ શાસ્ત્રની વાણિ;
પણ સુકુલ સ્ત્રી દુકુલ નરે જોડીએ લાલા, એહવી નહીં કિહાં વાણિ. કુ૦રૂ૦ ૧૨

યતઃ—બાલાદપિ હિતં ગ્રાહ્યં, અમેધ્યાદપિ કાંચનં;
નીચાદપ્યુત્તમા વિદ્યા, સ્ત્રીરત્નં દુષ્કુલાદપિ. ૧

**ભાવાર્થ**—બાળકથી પણ હિતકારક વચન ગ્રહણ કરવું, અશુચિ પદાર્થમાંથી પણ સુવર્ણ ગ્રહણ કરવું, અને નીચ થકી પણ વિદ્યા ગ્રહણ કરવી તથા સ્ત્રીરૂપ રત્ન નીચ કુલમાં હોય તો પણ ગ્રહણ કરવું.

૧.શ્રેષ્ઠ ૨.કરમેલાપ, વિવાહ ૩. ડોલાયમાન ૪. પુત્રી ૫. પથ્થરમાં

તે ભણી સ્વયંવરે મેળવી લાલા, કીજે અતિહિ વિવાહ;
એ વિધિ છે રાજધાનીનો લાલા, જેમ હોયે સવિને ઉત્સાહ. કુ૦રૂ૦ ૧૩

વિનયવચન એમ સાંભળી લાલા, કહે દીપચંદ્ર નરેશ;
એ ગંભીર ગુણથી લહું લાલા, નિરહંકાર નરેશ. કુ૦રૂ૦ ૧૪

લોભ લેશ દીઠો નહીં લાલા, રાજકનીને હેત;
ઇત્યાદિક ગુણે જાણિયો લાલા, કોઈ ઉત્તમતા તવ ચેત. કુ૦રૂ૦ ૧૫

કેઈક કુળથી નીચ છે લાલા, પણ ગુણથી છે ઉચ્ચ;
કેઈક કુળ ઉંચા હુંતા લાલા, પણ ગુણથી હુએ નીચ. કુ૦રૂ૦ ૧૬

તું તો ગુણ-કુળે ઉચ્ચ છે લાલા, દીસે છે પ્રત્યક્ષ;
વ્યવહારી કુલ નીચ નહીં લાલા, તે તો દીસે શાસ્ત્ર સમક્ષ. કુ૦રૂ૦ ૧૭

રૂપ કાંતિ પંડિતપણે લાલા, તુમ સરિખા નહીં કોય;
નજરે ફરી ફરી જોયતાં લાલા, ઇહાં અસદૃશ્ય નહીં કોય. કુ૦રૂ૦ ૧૮

નીચ વખાણ્યો શિર ઉચ્ચ ધરે લાલા, [1]શરટ પરે વિકરાલ;
ઉચ્ચ વખાણ્યો નીચું જોયે લાલા, [2]લજ્જા-નામિત ભાલ. કુ૦રૂ૦ ૧૯

યતઃ—वाजिरासभवत् व्यक्तं तत्स्वयं बुध्यते बुधैः;
काकोऽहमिति जल्पन् च, हंसः किं वायसो भवेत्—१

**ભાવાર્થઃ**—ઘોડાનું અને ગધેડાનું સ્પષ્ટપણું ડાહ્યા પુરુષો તો પોતાની મેળે જ જાણે છે, અને હું કાગડો છું એમ કહેનાર હંસ કોઈ દિવસ કાક હોય? નહીં જ હોય.

તે માટે મનોરથ અમ તણા લાલા, પૂરો ઇહાં ન વિચાર;
એહ વિવાહ હર્ષે કરી લાલા, ભણવો ઇહાં ઊઁકાર. કુ૦રૂ૦ ૨૦

એમ કહે પણ ઇચ્છે નહીં લાલા, ન વદે લાજથી વયણ;
એમ જાણી સવિ આવિયા લાલા, શેઠ તણે ઘર સયણ. કુ૦રૂ૦ ૨૧

તદનંતર વર યુગતિશું લાલા, ભોજન વિધિશું સર્વ;
ન્હવરાવી જમાડીયા લાલા, પહેરાવી વળી સર્વ. કુ૦રૂ૦ ૨૨

ચંદનમાળે શોભાવિયા લાલા, રાખ્યા હઠ કરી તેહ;
ઊર્ધ્વ ભૂમિ ચિત્રમંડપે લાલા, બેસાડે સવિ નેહ. કુ૦રૂ૦ ૨૩

૧. કાંચીડો ૨. લજ્જાથી નમેલું

એહવે દીપવતી તણા લાલા, સુત વરચંદ્ર કુમાર;
વળી પદ્મિનીનો બંધુ છે લાલા, જે. વામાંગ કુમાર. કુ૦રૂ૦ ૨૪

સર્વ મળ્યા તિહાં એકઠા લાલા, નર્મ વચન કહે તામ;
કહે વિવાહની યોગ્યતા લાલા, ઇહાં નહીં વિલંબનું કામ. કુ૦રૂ૦ ૨૫

દુગ્ધમાંહે જેમ શર્કરા લાલા, જેમ નાગવલ્લી પુંગ વૃક્ષ;
કલ્પવલ્લી કલ્પદ્રુમે લાલા, એ શોભા લહે દક્ષ. કુ૦રૂ૦ ૨૬

તેમ તુમ યોગે પદ્મિની લાલા, હોશે મહોદય યોગ;
એહ કાર્ય કીધે હુંતે લાલા, બીજા બહુ શુભ યોગ. કુ૦રૂ૦ ૨૭

કુમર કહે એ સવિ ખરું લાલા, પણ હમણાં એ નવિ થાય;
દિશિ જોવાને નીકળ્યો લાલા, વિણ પૂછ્યે માય [1]તાય. કુ૦રૂ૦ ૨૮

વિનયી એ લક્ષણ નહીં લાલા, જિહાં [2]નિજછંદે ચાલંત;
તે ભણી માનવને કહી લાલા, લજ્જાલુ કુલવંત. કુ૦રૂ૦ ૨૯

લજ્જા ગુણની માવડી લાલા, લજ્જા ઋદ્ધિ નિધાન;
લજ્જાહીન જે માનવી લાલા, નહીં તસ જ્ઞાન ન માન. કુ૦રૂ૦ ૩૦

ચંદ્રવતી કહે તે ખરું લાલા, જે તુમે બોલ્યા વયણ;
એ તુમ કુલને ઉચિત છે લાલા, પરં તાત ભક્તિ પરવીણ. કુ૦રૂ૦ ૩૧

પણ પૂર્વે ઉત્તમ જના લાલા, ભાગ્ય પરીક્ષણ કાજ;
નીસરિયા છે પદપદે લાલા, તસ મળિયા છે ધન રાજ. કુ૦રૂ૦ ૩૨

તિહાં શું સવિ પૂછી ગયા લાલા, સર્વ છે ભાગ્યાધીન;
પિતા તેહવોહિ જ રહે લાલા, પુત્ર હોયે જગત મુદિન. કુ૦રૂ૦ ૩૩

કર્મ છે સહુનાં જુજુઆં લાલા, તે ભણી તુમે છો દક્ષ;
જ્ઞાનવિમલ ગુરુ ભાગ્યથી લાલા, સંપદ મળે કેઈ લક્ષ. કુ૦રૂ૦ ૩૪

## ॥ દોહા / સોરઠા ॥

સોરઠા–ચંદ્રવતીનાં વયણ, સાંભળી ચિંતે ચિત્તમાં;
નૃપ રાણી માતા બહિન, કિમ ઉત્તર દિઉં એહમાં. ૧

તેહવે કહે અમાત્ય, શું દુષ્કર એહમાં અછે;
ધન વિવાહ ને રાજ્ય, ગૃહીને તો એ સઘળું રુચે. ૨

---

૧. તાત, પિતા ૨. સ્વચ્છંદે

અમને કહેજો કોઈ, એહવું તો હોશે લિયાં;
ભરિયાં ભરે સહુ કોઈ, ન હોયે રેવા મરુથલે. ૩

કહે હવે ચંદ્રકુમાર, જગ સઘળો સરિખો નથી;
જે લઘુકર્મા સુઆચાર, તેહને શું અધિક સંતોષથી. ૪

કહે વામાંગ કુમાર, એહ વિવાહને માનશે;
પણ વિવેકને માન, દેખીને વળી જાણશે. ૫

અહો અહો કુમર વિવેક, [૧]રાજ્યકનીયે નિરીહ છે;
ભોગ મળે તો યોગ, વાંછે તે વિરલા અછે. ૬

છતા ભોગને છંડી, યોગ ગ્રહે ધીરજ ધરી;
કોઈ અછતા ઇચ્છંતિ, કર્મદિશા જસ આકરી. ૭

જે સંતોષ સમાધિ, સુખ આગલ ઉપમ નહીં;
ભવસુખ તે તૃણ માત્ર, ઉત્તમ તે ઇચ્છે નહીં. ૮

કહે શ્રીચંદ્ર સુકુમાર, રાજ્ય કુમર છો જગતિલા;
હૃદયે કરો વિચાર, કહો કુણ ગુણ વાણિજ્ય ભલા. ૯

દોહા—વણિક [૨]વધૂટી નિજ ઘરે, કરે રંધનાદિક કર્મ;
ક્ષત્રિય કુળની ઉપની, રાજ્ય સુતાને સુશર્મ. ૧૦

કિહાં ઘર નરપતિ કુલ તણું, કિહાં વણિક કુલ નીચ;
તુમ મનમાં નથી આવતું, પણ ન મળે એ સંચ. ૧૧

તુમો સવિ કન્યા પક્ષનાં, હિતચિંતક છો ભાય;
પણ એ વણિક તણે ઘરે, શી પરે સુખિણી થાય. ૧૨

જો એહવો યોગ મુજને, વિધિ જો મેલણ હાર;
તો શ્યાને વણિક કુલે, [૩]દેવત મુજ અવતાર. ૧૩

ઇમ નિજ વયણની ચતુરતા, કરી કરાવે મૌન;
સઘળી દેખીને થઈ, ચંદ્રકળા હૃદિ દૂન. ૧૪

આંસુ ઝળઝળીયાં ભરે, જિમ જલથલ ગત મીન;
ચંદ્રકલા થઈ બીજની,
દીન વદન ચિંતાતુરી, ખેદ ધરી હોઈ ખીણ. ૧૫

૧. રાજપુત્રીથી ૨. દુલહન, પુત્રવધૂ ૩. આપત

## ॥ ઢાળ દશમી ॥

(દેશી જતિની, વ્રતની મનસા જે આણી—એ દેશી)

થઈ દીન તે પુત્રી જાણી, ચતુરા ભાષે જઈ વાણી;
તવ પ્રદીપવતી તેડાવે, ઉત્સંગ ધરીને લડાવે. ૧

કહે પુત્રી તેં ભલો કરિયો, ગુણ લક્ષણે વર એ વરિયો;
ધન્ય તાહરી એ ચતુરાઈ, મન ખેદ ન કરજે બાઈ. ૨

દોહા

ઉત્તમ જે કારજ કરે, તે વિવેક બહુમાન;
જિહાં જિહાં જોડો સંપજે, તેહિ જ કરે નિદાન. ૩

ચાલ

વરદત્ત કહે હવે વાલી, તુમ્હ દીપતું અંગ નિહાળી;
કોઈ ક્ષત્રિય તેજ જણાવે, અમ મનમાં અવર ન આવે. ૪

કોઈ યદ્યપિ કર્મને ભોગે, હુઓ વળી વણિક કુલ યોગે;
તો શું કિશ્યું હીણુ લાગે, વિવાહ છે ગુણને રાગે. ૫

જો છે નિજ મનડું રાજી, તો શું કરે લોક ને કાજી;
અમો જાણી વણિકની જાતિ, દીધી કન્યા ભલી ભાતિ. ૬

દોહા

જેહને જે મનમાં વશ્યો, પરણે તેહિ જ કંત;
એક વાર કન્યા દિયે, એક વાર વદે સંત. ૭

એ કન્યા વિવાહથી, હોશે અનેક વિવાહ;
રાજ્ય ઋદ્ધિ લહેશો ઘણી, નિશ્ચયથી ઉચ્છાહ. ૮

ચાલ

નૈમિત્તિક વચન પણ એહવું, મળશે જ્ઞાનીના જેહવું;
ઘણી સંપદ સુખનો મેલ, હોશે નિત્ય નિત્ય રંગરેલ. ૯

એમ નિસુણી શકુન ગ્રંથીબંધે, ગુણચંદ્ર મનમાં સંધે;
કુલ ગ્રામાદિક જે સર્વ, દાસીએ જણાવ્યું પૂર્વ. ૧૦

તે માટે કરગ્રહ માનો, વિવાહ ન હોશે છાનો;
કોઈ પૂરવ ભવનો પ્રેમ, પ્રગટ્યો છે જાણ્યો નેમ. ૧૧

દોહા

એ પદ્મિની જિનધર્મિણી, જાણે જિનવર વયણ;
શ્રીસમ્યક્ત્વે પવિત્ર છે, જિનપૂજાદિ પ્રવીણ. ૧૨

શુદ્ધ શીલ લીલાવતી, પંચપરમેષ્ઠી જાપ;
કરતી ધરતી ધર્મ મને, કરે શાસ્ત્ર જબાપ. ૧૩

એણે જે મનમાં ધર્યો, વરશે પણ એ તેહ;
તે માટે તુમે હા ભણો, જેમ અમ વાધે નેહ. ૧૪

ચાલ

શ્રીચંદ્ર વિચારે ચિત્તે, જો આવી મળ્યું એ નિમિત્તે;
રાણીનું વચન ન ઠેલાય, કની પ્રેમ ન કહેણો જાય. ૧૫

કેતા મુખ દીજે જબાપ, એ તો લાગો હર્ષ સંતાપ;
ન નિષેધું તેહિ જ માન્યું, એ ન્યાયે મનડું પિછાણ્યું. ૧૬

તેડી ચંદ્રકળા તે બેટી, સવિ લક્ષણ ગુણની પેટી;
કહે વર ગળે વરમાળ ઠવીએ, મનોરથ સફળા મવીએ. ૧૭

દોહા

કહેત ખેવ હર્ષે કરી, તેણે કીધું તતખેવ;
માતા પૂઠે લાજ ધરી, ઊભી રહે કરે સેવ. ૧૮

ચંદ્રને જોઈ ચકોરણી, [૧]મોરી મયૂરનું નૃત્ય;
તેમ નિરખે આનંદશું, ચંદ્રકળા નિજ કંત. ૧૯

વિવાહ મંગલમાલિકા, પ્રગટી ઘરઘર ધોલ;
ઉત્સવ અતિહી આડંબરે, ચંદન છાકમ છોલ. ૨૦

ચાલ

ચતુરાદિક સર્વ સાહેલી, હર્ષી જિમ મેહે ઢેલી;
વરચંદ્રાદિક સવિ હરખ્યા, વામાંગ નૃપાદિક નિરખ્યા. ૨૧

હવે પાછલી રાત્રીને યામે, ઉઠ્યો કુમર કાય મિષ તામે;
જેહવે રથ પાસે આવે, નીચી ભૂમિ જાવાને ભાવે. ૨૨

તવ કહે ગુણચંદ્ર કુમાર, રાણીને એહ વિચાર;
રથારૂઢ કુમર એ જાશે, જાણ્યું નહીં પછે પછતાશે. ૨૩

દોહા

એમ નિસુણી ગુણચંદ્ર વચ, વામાંગાદિક રાય;
ચતુરાદિક પરિવાર સવિ, આવે તેણે ઠાય. ૨૪

૧. મયૂરી, મોરની

તદનંતર ચંદ્રવતી કહે, મરકલડું કરી હાસ;
પૂછીજે કાંઈ કહો, અછે વિદ્યા અભ્યાસ. ૨૫

કહે કુમર મનમાં રુચે, તે પૂછો ધરી ખંત;
વિદ્યા અણ સંભારી થકી, જાયે જેમ અણહુંત. ૨૬

ચાલ

ચંદ્રકળા સુણી કંત વયણા, કરી રોમાંચિત તનુ નયણા;
ગુણ તેર તાંબૂલના બોલ્યા, નહીં સ્વર્ગમાંહે તે સોહલા. ૨૭

લેઈ પાનનું બીડું હાથ, કહે કુમરને એ તાંબૂલ નાથ;
ગુણ કેતા એહના ભાખો, ગ્રહી બીડું હાથમાં રાખો. ૨૮

*यथा*

तांबूलं कटुतिक्तमुष्णमधुरं, क्षारं कषायान्वितं,
वातघ्नं कफनाशनं कृमिहरं दुर्गंधनिर्नाशनं;
वक्त्रस्याभरणं विशुद्धिकरणं कामाग्निसंदीपनं,
तांबूलस्य भवेत् त्रयोदश गुणा स्वर्गेपि ते दुर्लभाः. १

*—तथा षस्वामिन्नेभिरिदं त्रयोदश गुणैर्युक्तं प्रसादिकृत*

**ભાવાર્થ**–તાંબૂલ કટુ, તિક્ત, ઉષ્ણ, મધુર, ક્ષાર અને કષાય યુક્ત, વાત(વાયુ)ને તોડનારું, કફ હણનારું, કૃમિને નાશ કરનારું, મુખની દુર્ગંધીનો નાશકારક, મુખના આભરણરૂપ, મુખને શુદ્ધ કરનાર અને કામાગ્નિને પ્રદીપ્ત કરનાર, એમ સર્વ તેર ગુણ તાંબૂલમાં રહેલા છે, જે સ્વર્ગમાં પણ દુર્લભ છે.

*तथा अंतरंग बीटक कीदृशं इति पृष्टे—*

ચાલ

કહે એ તો દ્રવ્યથી બોલ્યું, એ તો સઘળે દીસે સોહિલું;
હવે અંતરંગ બીટક કહીએ, ચંદ્રકળાથી તેહનું લહીએ. ૨૯

દોહા

પ્રિયવચ નાગરવેલી દલ, શુદ્ધ પ્રેમ તે [૧]પૂગ;
સમકિત ચૂર્ણ કપૂર ધૃતિ, સરુચિ નિર્જર સંયોગ. ૩૦

એહવું બીડું મુખ ધરે, તસ સુગંધ મુખ સાસ;
ખયન ખાસ થાયે નહીં, જિનવર ધ્યાન ઉસાસ. ૩૧

૧. પૂગી ફળ, સોપારી

*कुमरीसंज्ञया चतुरा संख्या अंतरंगबीटक पृष्टः श्रीचंद्रः प्राह–*

संस्कृतभाषायाः काव्यं

सुन्नागपत्राणि मिथः प्रियं वचः, सत्प्रेमपूगानी सुदृष्टिचूर्णकः
संतोषकर्पूरसुगं वर्त्तिकां, तथेदृशं बीटकमस्तु मे विभौ १
सत्यं वचो नागरखंडबीटकं, सम्यकृत्वपूगं शुभतत्त्वचूर्णकं
स्वाध्याय कर्पूरसुगंधपूरितं, तदस्तु सख्यः शिवसौख्यकारकं २

**ભાવાર્થ–**(૧) અન્યોન્ય પ્રિય વાક્ય તે રૂપ તાંબૂલ પત્ર, રૂડા પ્રેમરૂપ સોપારી, રૂડી દૃષ્ટિરૂપ ચૂનો, સંતોષરૂપ બરાસ કર્પૂર, રૂડા સંગરૂપ લવીંગ એવું મારે તાંબૂલ બીટક જોઈએ. (૨) સત્ય વચનરૂપ તાંબૂલ પત્ર, સમ્યક્ત્વરૂપ સોપારી, શુભ તત્ત્વરૂપ ચૂનો, સ્વાધ્યાયરૂપ બરાસકપૂર, એવું તાંબૂલ હે સ્વામી! શિવસુખના કારણરૂપ છે.

ચાલ

વળી સખીને એણી પરે સૂચે, હવે સ્નાન તણા ગુણ પૂછે;
કહે દશ ગુણ સ્નાનના કહીએ, વિવેક શાસ્ત્રમાં એહવા લહીએ. ૩૨

यतः–स्नानं नाम मनःप्रसादजननं दुःस्वप्नविध्वंसनं
सौभाग्यायतनं मलापहरणं संवर्द्धनं तेजसः
रूपद्योतकरं शिरःसुखकरं कामाग्निसंदीपनं
स्त्रीणां मन्मथमोहनं श्रमहरं स्नानं दशैते गुणाः १

**ભાવાર્થ–**મનને પ્રસન્ન રાખનાર, માઠા સ્વપ્નનો નાશ કરનાર, સૌભાગ્ય કરનાર, મળનો નાશ કરનાર, તેજની વૃદ્ધિ કરનાર, રૂપને પ્રકાશ કરનાર, મસ્તકને સુખ કરનાર, કામાગ્નિનને સંદીપન કરનાર, સ્ત્રીના મનને કામદેવ ઉત્પન્ન કરનાર તથા શ્રમને નાશ કરનાર, એ દશ ગુણવાલું સ્નાન કહ્યું છે.

ચાલ

અંતરંગ સ્નાન હવે દાખો, કહે શમરસ અમીજળ ચાખો;
જેહથી વિષયપંક મળ જાવે, તૃષ્ણાનો તાપ ઉલાવે. ૩૩
વળી પૂછે ખીચડી ભેદ, ચતુરા કહે દાખો વેદ;
દ્રવ્યે તો સહુએ જાણે, પણ ભાવે સ્વામી વખાણે. ૩૪

*श्रीचंद्रः प्राह–*

દોહા

ગુણ તંદુલશું નીપની, કરુણા દાલિ સંજૂસ;
સમકિત ઘૃતશું જિમીએ, તો ભાંજે ભવભૂખ. ૩૫

यतः—गुणतंदूलनिष्पन्ना, सन्मैत्रीदाली सुंदरा
सम्यक्त्वघृतसंपूर्णा, क्षिप्रं का भुज्यतामियं १

**ભાવાર્થઃ**—ગુણરૂપ ચોખા તથા સારી મૈત્રીરૂપ સુંદર દાલ તથા સમ્યક્ત્વરૂપ ઘૃતે કરી યુક્ત ખીચડીનું ભોજન કરવું.

*अथ कुमरीभ्रूसंज्ञया कोविदासख्या अंतरंगलपनश्रीभोज्ये पृष्टे कुमर आह—*

ચાલ

લપનશ્રી જેહ ત્રિધારી, અંગ અગ્રભાવ પૂજા ધારી;
નાનાવિધ વેગર ભારી, વિધિ રચનાએ એહ ધારી. ૩૬

यतः—लपनश्री त्रिधा भक्ति,—श्चित्रभक्तिसुराजिता ।
सा नित्यं भुज्यमाना हि, तनुशोभां वितन्वतां ॥

**ભાવાર્થઃ**—ત્રણ પ્રકારની ભક્તિ, ચિત્ર વિચિત્ર ભક્તિએ કરી સુશોભિત, એવી લાપસી જમે છતે નિરંતર શરીર શોભાને વધારે છે.

*अंतरंगगुलपर्पटिकाभोज्ये पृष्टे पुनः कुमर आह—*

ચાલ

ગુલ પર્પટિકા કહો કેહી, જડ ભાવ ન લાધે જેહી;
અનુકંપ ઉચિત કીર્તિદાન, એહના જિહાં ભાવ પ્રધાન. ૩૭

અંતરંગે એહિ જ જાણો, મન કૃપણપણું નવિ આણો;
એમ ભોજનની દુરસાઈ, નિત કીજે તેહી ભલાઈ. ૩૮

यतः—त्रिधा दानममानं यद्बहुमानेन संयुतं
गुडपर्पटिका तूर्णं, भुज्यतां प्रत्यहं सखे १

**ભાવાર્થ**—પ્રમાણ વિનાનું ત્રણ પ્રકારનું દાન બહુમાને સંયુત કરવું, તેરૂપ ગોલપાપડીનું હે સખી! પ્રતિદિન ભોજન કરવું.

*अथ वरदत्तादिकुमारे देवगुरुधर्मतत्त्वे पृष्टे पुनः कुमर आह—*

ચાલ

શુદ્ધદેવ સુગુરુ શુદ્ધધર્મ, ભાખો હવે તેહના મર્મ;
જે વિણુ બહુ ભવમાં ભમિયા, ભવ ઇણ વિણ એળે ગમિયા. ૩૯

વળી દોષ અઢાર ન દીસે, અતિશય ગુણ જાસ જગીશે;
નિક્ષેપા ચારે સાચા, અવિતથ ચઉવિધ જસ વાચા. ૪૦

ત્રૈલાક્યમીહિત હિતકારી, વર જ્ઞાન ને દર્શન ધારી;
વળી સકલ દેવનો દેવ, ભવ ભવ કીજે તસ સેવ. ૪૧

સમકિતયુત ઇંદ્રિય દામે, જિનતત્ત્વ તણો રસ કામે;
પણ સમિતિ ગુપ્તિ જે ધારે, જે આપ તર્યા પર તારે. ૪૨
ષટ્કાય તણા જીવ રાખે, જિનમારગ સૂધો ભાખે;
નહીં મમતા સમતા વાસ્યા, એવા શુદ્ધ ગુરુને ઉપાસ્યા. ૪૩
વીતરાગ પ્રણીત હિતદાયી, મુનિ આદરે જેહ અમાયી;
જે પ્રવચનને અનુકૂળ, દયા આણી વિનય છે મૂળ. ૪૪
દુર્ગતિ પડતાને ધારે, દશવિધ ક્ષાંત્યાદિક સારે;
તે ધર્મ કહીજે સૂધો, સુણી સઘળા જન પ્રતિબૂધો. ૪૫
એ તત્ત્વત્રય જસ ચિત્તે, નિરુપાધિક અંતર વૃત્તે;
તે ત્રિભુવન તિળક સમાન, નર કહિયે જસ મન એ ધ્યાન. ૪૬
એમ ચંદ્રવતી જે રાણી, તેમ પ્રદીપવતી ગુણખાણી;
સવિ હરખ્યા સુણી તસ વાણી, જેમ સારંગ જેઠી પાણી. ૪૭
પ્રિયબોલા સખી હવે બોલે, કહો સ્વામિ કુણ તુમ તોલે;
અંતરંગ ભોજન દેખાડો, અમને ભરપૂર જમાડો. ૪૮
હવે કુમર તિહાં વળી ભાખે, હિતકારક માયા રાખે;
ચરમાવર્ત્ત ને ચરમ જે કરણ, ભોજન મંડપ ચિત્ત ઠરણ. ૪૯
સામગ્રી શુભ બાજોઠ, સિંહાસન ચિત્ત અકુંઠ;
ઉચિતાદિક ગુણ આંખ લિયા, ઉચ્છાહ સકળ જિહાં મળિયા. ૫૦
શુભરુચિ તિહાં થાળ વિશાળ, ગુણરાગ તે વાટિકા માળ;
ગુરુજન તે હોયે હિતકારી, તિહાં ભોજનવિધિ કરે સારી. ૫૧
પીરસે સમકિત સુખડલી, જેથી ભાજે ભવ દુઃખડલી;
પરમાર્થ સંસ્તવદળ દીઠાં, ગુણી સેવા શુભદળ મીઠાં. ૫૨
સુકુમાળપણું સુંહાળી, જિનભક્તિ જિલેબી ભાળી;
જે નિયમ તણો સાવધાન, તે વિવિધ જાતિ પકવાન્ન. ૫૩
મોટું મન મોતીચૂર, પચખાણ કહ્યાં ઘૃતપૂર;
ગીત ગાન તે મીઠા મેવા, વચ વચ તેહના રસ લેવા. ૫૪
શ્રુતજ્ઞાન તણી જે લીલા, શાલિ દાળ શુભાશય પીળા;
કરંબો કૃત કાર્ય વિવેક, હિત શિક્ષા ચમકા દેક. ૫૫

અનુભવરસ શીતળ પાણી, લેઈ પાવન થાઓ પ્રાણી;
એણી પરે અંતરંગ જમાડી, તિહાં પૂરી સહુની રુહાડી. ૫૬

દોહા

હવે વામાંગાદિક કહે, કહો અંતરંગ વિનોદ;
[૧]સારી [૨]પાસા સોગઠાં, સુણવાનો છે મોદ. ૫૭

[૩]ભવચોપટ ચોગાનમેં, થિતિથાનક સમુદાય;
રાગ દ્વેષ પાસા તિહાં, સોગઠ સોળ કષાય. ૫૮

કુમતિ કુઘરણીશું રમે, મદિયો આતમ રાય;
કૃષ્ણ નીલ તોરે નહીં, લેશ્યા રંગ બનાય. ૫૯

એ રામત જીતે નહીં, ભવ પ્રપંચકો ખેલ;
દાવ ન આવે પાધરા, આતમ અનુભવ મેળ. ૬૦

ચાલ

ચારિત્ર ચોગાને આવે, સમતાશું સંગતિ લાવે;
બાર ભાવના મૈત્ર્યાદિક ચાર, સોળ સારી દાવ ઉદાર. ૬૧

જ્ઞાન દર્શન પાસા દોય, સીત પીત લાલ રંગ જોય;
જીતે તવ ભવનો ખેલ, હોયે અનુભવશું રંગ રેલ. ૬૨

અવિરતિ મિથ્યાત્વ કષાય, પ્રમાદ ચોક ચોકડ એ થાય;
ત્રણ્ય યોગ તે તે યુગ જાણો, દાવ બે રાગ દ્વેષ વખાણો. ૬૩

અજ્ઞાન તે એક કહીજે, ચોકાશું પણ તે લહીજે;
ત્રણ દુગ એ પંચ લહીજે, એમ રામતનો રસ છીજે. ૬૪

એમ રામત જે રમી જાણે, જે અંતરભાવ વખાણે;
તે કહીએ રંગ રસીલા, જિનમતના જેહ વસીલા. ૬૫

અપર પાઠ

ચોવીશ દંડક દ્વાર સારી, ચોસઠ અનુભાગ વિચારી;
શુભ અશુભ તણા જે ઠાણ, અધ્યવસાયે અહીનાણ. ૬૬

બેહુ છકે થાયે બાર, જે અવિરતિ કેરાં દ્વાર;
બિહું ચોકે હોયે આઠ, જિહાં વિરતિ તણા હોયે ઘાટ. ૬૭

૧. ચોપટ ખેલનારો ૨. ગોટી ૩. અર્થ—આ મોહમત્ત આત્મારૂપી રાજા રાગદ્વેષરૂપી પાસાથી સોળ કષાયરૂપી સોગઠાથી કુમતિરૂપી ખરાબ સ્ત્રી સાથે સંસારરૂપી ચોપાટ રમી રહ્યો છે. કૃષ્ણ અને નીલ લેશ્યારૂપ કાલા અને નીલા ઘરમાં રાચી રહ્યો છે.

ગતિ આગતિ વચન ઉત્પાત, સારીની એ છે વાત;
એહના છે અર્થ અનેક, લહિયે જો હોય વિવેક. ૬૮

સુણી ભાવ એહવા વારુ, કહ્યા કુમર તિહાં મતિ સારુ;
જે ગુરુમુખથી અર્થ ધાર્યા, વળી અનુભવ જ્ઞાન વિચાર્યા. ૬૯

*अथ पुनः कुमरं प्रति वरदत्त आह–*

દોહા–સાત વ્યસન જે દ્રવ્યથી, તે દુઃખદાયક હોય;
પણ અંતરંગ જો વારિયે, તો પરમાનંદ હોય. ૭૦

દ્યૂત માંસ વેશ્યા સુરા, ચોરી[1]ખેટક પરદાર;
એકેકું સેવ્યું દીએ, નરક તણાં એ દ્વાર. ૭૧

એ તો જાતિ થકી ટળે, લજ્જાયે વળી જાણ;
પણ અંતરંગે ન ટાળીએ, તો હોયે નરક નિદાન. ૭૨

છપ્પય

[2]કર્મપ્રકૃતિ એ દ્યૂત, ખેલવું અહનિશિ વારો,
પરપરિવાદ પીઠિ માંસ, મોહ મદિરાને ડારો;
કુમતિવેશ સંયોગ, અદત્ત ચઉવિધ તે ચોરી,
આખેટક દુર્ધ્યાન, આસપર તે પર ગોરી.
એહી જ અંતરવ્યસન છે, અનાદિ દુઃખદાયકું;
જ્ઞાનવિમલ ગુરુ વયણથી, લહીએ એહ ઉપાયકું. ૧

દોહા

એણી પરે બહુવિધ જ્ઞાનની, ચરચા કરે કુમાર;
જે જે ભાવે પૂછિયાં, તુરત કહ્યાં તેણી વાર. ૭૩

*पुनः पृच्छति साधवः कीदृशाः सुखिनः इति पृष्टे कुमरः प्राह–*

છપ્પય–ધર્મ કહીજે તાય, માય જસ ક્ષમા ભણીજે,
ભ્રાતા સંયમ સાર, દયા જસ બહિન સુણીજે;
સત્ય સુમિત્ર પવિત્ર, ભૂમિતલ પોઢીય સજ્ઞા,
ભોજન જ્ઞાન સુતત્ત્વ, દશોદિશ વસ્ત્ર સમજ્ઞા.
વિરતિ નારી દીપક વળી, ચંદ્ર ચિહું દિશિ ઝળહળે;
જ્ઞાનવિમલ ગુરુ સાધને, સયલ કુટુંબ સાથે મળે. ૧

૧. શિકાર ૨. અર્થ–કર્મપ્રકૃતિરૂપ જુગાર, પીઠ પાછળ નિંદારૂપ માંસ, મોહરૂપી મદિરા, કુમતિરૂપી વેશ્યા, ચાર પ્રકારે અદત્ત તે ચોરી, દુર્ધ્યાનરૂપી શિકાર, પારકી આશારૂપી પરસ્રીગમન–એ અંતર વ્યસન છે.

નિજ ભુજ વર ઉપધાન, પવન અતિ વીંજણ ભાવે,
ચંદ્રોદય આકાશ, વિપુલ જસ અંત ન આવે;
મુક્તાફળ ઉપમાન, તાર માલા અતિ ફાવે,
દિશિ કન્યા અનુકૂળ, સુપરે જસ વાય ઢોળાવે.
ઋજુતા વિરતિ સુનારીશું, કરે કેલિ નિશદિન સતી;
જ્ઞાનવિમલ કહે નૃપતિ પરે, સુખે સોવે છે યતિ. ૨

નયર વિવેક ઉદાર, સાર સમકિત દૃઢ પાયો,
નવતત્ત્વહ દરબાર, બોધ મહેતો મન ભાયો;
ધર્મરયણ ભંડાર, દાન દમ ફળક નિપાયો,
રથ સીલાંગ અઢાર, સહસ્સ સેના સમવાયો.
આગમ નયની ગજઘટા, ધ્વજા મહાવ્રત લહલહે;
નય કહે સમ સંતોષ પરિમલ, અંગે ચંદન મહમહે. ૩

આગમ પાઠ સુગીત, રીતિ તિહાં વંશ વજાવે,
નાટક સયળ સંસાર, જીવ નટ નૃત્ય દિખાવે;
વજ્જૂઈ મદલ માન, તાન વળી લોભ જગાવે,
નટનાયક તિહાં મોહ, હાવભાવ ભલા સુણાવે.
એણી પરે ઋષિ રાજા સદા, જોયે તાન ઉલટ ધરી;
જ્ઞાનવિમલ મુનિરાજની, કીર્તિ ચિહું દિશિ વિસ્તરી. ૪

કષ્ટ લહે કેમ એહ, જેહ એતા પરવરિયો,
શ્રીજિનવરની આણ, છત્ર શિર ઉપર ધરિયો;
પહેર્યો શીલ સન્નાહ, તેગ સંવેગ કર લીધો,
જિન ઉપદેશ સુચક્ર, ધરિ સવિ થયો સુપ્રસિદ્ધો.
રાગ દ્વેષ દુશમન હણ્યા, હણી ચિંતા મન તણી;
જ્ઞાનવિમલ સૂધા સાધુની, અછે એ પ્રભુતા ઘણી. ૫

*अथ अंतरंगदीपालिका कीदृशी (शार्दूल०)*

सद्ध्यानोज्ज्वलदीपकः विलसतन् स्वाध्यायमारात्रिकः
शुद्धाहार सुभोजनः सुगुणवाक् तांबूलशोभाभृतः ।
अश्रीनिर्ममलक्ष्यपागमजजेष्टावनामोत्तरः
शीलालंकृतभागमुद्भवतु वोऽर्हद्धर्मदीपोत्सवः ॥१॥

*अथ श्रीचंद्रेण अंतरंगसाधुदीपोत्सवे उक्ते सति वारांगना नाट्यमध्ये तदेव गायन्नाह–*

**॥ ઢાળ ॥**

(મેરે પ્યારે રે એ દેશી)

દુઃખહરણી દીપાલિકા રે લાલ, પર્વ થયું જગમાંહે, ભવિ પ્રાણી રે;
જિન નિર્વાણથી થાપના રે લાલ, આજ લગે ઉચ્છાહ, મનોહારી રે.
સમકિતદૃષ્ટિ સાંભળો રે લાલ.૧

સ્યાદ્વાદ ઘર ધોલીએ રે લાલ, દર્શનની કરો શુદ્ધિ; ભ૦
ચારિત્ર ચંદ્રોદય ભલા રે લાલ, તે ટાલો રજની બુદ્ધિ. મ૦ સ૦ ૨

સેવ કરો જિનરાજની રે લાલ, દળ દોઠાં મીઠાશ; ભ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ, તે પકવાન્નની રાશિ. મ૦ સ૦ ૩

ગુણિજન પદની નામતા રે લાલ, તેહી જુહાર ભટાર; ભ૦
વિવેક રત્ન [1]મેરાઈયાં રે લાલ, ઉચિત તે દીપ સંભાર. મ૦
અનુમોદના તેલ સાર. મ૦ સ૦ ૪

સુમતિ સુવનિતા વાસીએ રે લાલ, મનઘર માંહે વિલાસ; ભ૦
વિરતિ સહેલી સાથશું રે લાલ, અવિરતિ અલચ્છી નિકાસ. મ૦ સ૦ ૫

ધર્મવાસના ચિત્તના રે લાલ, તેહિજ ભલા શણગાર; ભ૦
દર્શન ગુણ વાઘા બન્યા રે લાલ, સૂધા પર ઉપકાર. મ૦ સ૦ ૬

પૂરવ સિદ્ધકન્યા [2]પખે રે લાલ, જાનઈયા હુઆ અણગાર; ભ૦
સિદ્ધશિલા વર વેદિકા રે લાલ, કન્યા નિવૃત્તિ સાર. મ૦ સ૦ ૭

અનંત ચતુષ્ટય દાયજો રે લાલ, સૂધા યોગ નિરોધ; ભ૦
પાણિગ્રહણ જિનજી કરે રે લાલ, સહુને હર્ષવિબોધ. મ૦ સ૦ ૮

એણિ પરે પર્વ દીપાલિકા રે લાલ, કરતાં કોડી કલ્યાણ; ભ૦
જ્ઞાનવિમલ ગુરુ સેવતાં રે લાલ, પ્રગટે સકળ ગુણખાણ. મ૦ સ૦ ૯

*इति कुमरीप्रेरिताभिः पुनः कोविदादिभिः पृष्टे सति कुमर आह–*

ચાલ

કહો કંદુકની હવે કીલા, અંતરંગ ભાવની લીલા;
[3]ત્રણ નર એક નારિ ઘંઘાતી, મોહ નૃપતિ તણા છે સાથી. ૭૪

---

૧. દીપક ૨. પક્ષે ૩. ક્રોધ, માન અને લોભરૂપ ત્રણ નર અને માયારૂપ એક નારી—એ ચાર ઘનઘાતી કર્મ

ક્રોધ માન લોભ ને માયા, ભવકુંડે જે જન આયા;
ઉચ્છાળે અવિરતિ ગેડી, અજ્ઞાન દંડશું જેડી. ૭૫

પખે લીધા વિણુ પંખી, ભવ્ય અભવ્ય જીવ પક્ષી;
દુર્વાસના વાય વંટોળે, તેહથી ભવકુંડમાં બોળે. ૭૬

હવે ચારિત્ર નૃપના સાથી, તે પણ ભવમાં રમે હાથી;
દાન શીલ તપ ત્રિહું પુરિષા, ભાવના વનિતાને સરિખા. ૭૭

શ્રદ્ધા ગેડીશું ઉછાળે, સિદ્ધકુંડામાંહે ઘાલે;
ભવ્યપ્રાણીએ પદ લીધા, જે સમકિત ગુણથી સીધા. ૭૮

એમ રમત કરંતાં જીતે, ભવ ભયના ભ્રમણ અતીતે;
સુણી રામત એહવી વાત, સુણી સુખણી થઈ સખી જાત. ૭૯

એમ ગોષ્ટી કરી બહુ વાર, હરખ્યો સહુયે પરિવાર;
સખી ચંદ્રકળાને ભાસ, શ્રીચંદ્રનો કેહવો પ્રકાશ. ૮૦

यतः–लक्ष्मी केलिसरोऽट्टहासनिचयो दिग्स्त्री वधू दर्पण
श्यामा वल्लि सुमंखसिंधु कुसुमं व्योमाब्धिफेनोद्गमः
तारा गोकुल मुक्ति गौरनिगृहं छत्रं स्मरक्ष्मापते–
श्चंद्र श्रीसकलश्चिरं विजयतां ज्योत्स्ना सुधावापिका १

ચાલ

એમ નિસુણી કળાની વાણી, મનમાં હરખ્યા ગુણી પ્રાણી;
કહે કુમર હવે તુમે દાખો, ચંદ્રકળાનું વર્ણન આખો. ૮૧

*ततः कुमरः प्राह–(शार्दूल०)*

ॐकारो मदनद्विपस्य गगनक्रोडस्य दृष्ट्रांकुरः
तारामौक्तिकशुक्तिरंधतमसस्तंबेरमस्यांकुशः
शृंगारार्गलकुंचिकाविरहिणी मानच्छिदां कर्त्तरी
संध्या वारवधूनखक्षतिरियं चांद्रीकला राजते १

ચાલ

ચિત્ત ચમકી કહે સવિ તિહાર, ભલો યોગ મળ્યો અનુકાર;
પંડિત ગુણથી કુલ જાણ્યું, અનુપમ છે એમ પિછાણ્યું. ૮૨

એમ કરતાં રયણી વિહાણી, કર જાલીને લાવે તાણી;
તવ શેઠ કહે એમ વાણે, નહીં આવે કુમર એ પ્રાણે. ૮૩

અમ ઘર દેવપૂજા કરશે, નિયમાદિક સવિ અનુસરશે;
નહિ જોરનું ઇહાં છે કામ, મહોટા રહે જેમ મન ઠામ. ૮૪

એમ નિસુણી શેઠ ઘર પહોતા, ચંદ્રકળા સાથે ગહગહતા;
એહ ઢાલમાં અંતરંગ વાત, કહે જ્ઞાનવિમલ સૂરિ વિખ્યાત. ૮૫

**॥ દોહા / સોરઠી ॥**

સોરઠો—હવે દીપચંદ્ર નરસ્વામિ, પૂછે ગણકને તેડીને;
લગ્નવિવાહને કામ, શુભ દિન દાખો જ્યોતિષી. ૧

દોહા—કહે [1]ગણક પ્રભુ સાંભળો, શુદ્ધ [2]લગ્ન છે કાલ;
દીપચંદ્ર કહે કેમ મળે, સામગ્રી તતકાળ. ૨

કેમ શુભગાંગ નરેસરુ, આવે એતા માંહ;
એ તો લગ્ન ન સંપજે, દિન જુઓ અવર ઉચ્છાહ. ૩

નિમિત્તજ્ઞ કહે તે ખરું, એહવું લગ્ન ન કોય;
[3]રાધમાસ સીત પંચમી, બહુરેખા શુભ જોય. ૪

દોષ કોય નવિ એહમાં, જોતાં વિશ્વાવીશ;
એ સાચવતાં આપણી, વધશે અધિક જગીશ. ૫

તે માટે એ સાધીએ, કરજો પછે વિસ્તાર;
ઉત્તમને શુભપ્રકૃતિથી, નિત નિત મંગળ ચાર. ૬

તેહ વયણ [4]અંગીકરે, દીપચંદ્ર નરનાથ;
સવિ સામગ્રી મેળવે, હર્ષિત થયો સહુ સાથ. ૭

મુજ પુત્રી પુરવાસ છે, શેઠ મુખ્ય તસ નંદ;
તે મુજ પુત્ર સમો ગણું, પામું અધિક આનંદ. ૮

શ્રીચંદ્ર કુમર પાસે રહી, પ્રદીપવતી પણ એમ;
ચિંતી બહુ ઉત્સવ કરે, પુત્રી પુરને પ્રેમ. ૯

સપ્ત ભૂમિ આવાસ જે, શણગારે ઘર હટ્ટ;
ઠામ ઠામ વિવાહનાં, મંડાણા ગહગટ્ટ. ૧૦

નિજ ભૂષણથી શોભિયે, તનુછબી અધિક પ્રભાવ;
ઓછાને શોભા કરે, તે તો કૃપણ સ્વભાવ. ૧૧

૧. જોષી ૨. મુહૂર્ત ૩. વૈશાખ સુદી પંચમી ૪. અંગીકાર કરે

તેણે દિન શુભ રિખ યોગ શુભ, વાર લગ્ન સવિ સૌમ્ય;
વર્ણક ઉદ્વર્ણક વિધિ, પ્રારંભ્યા સવિ [1]હર્મ્ય. ૧૨

મંગલધવલ ધ્વનિ બહુ, વાજે મંગળ તૂર;
દિશિમંડળ બહેરું કર્યું, દિનકર અધિક સનૂર. ૧૩

**॥ ઢાળ અગિયારમી ॥**

(ટુંક અને તોડા વિચે હો, મેદીનાં દોયે રુંખ, મેંદી રંગ લાગો—એ દેશી)

[2]બંધુર સિંધુર ઉપરે રે, ચઢિયા ચંદ્રકુમાર, સુંદર સોભાગી.
બંદીજન જય જય ભણે રે, આવે મંડપ બાર. સુંદર સોભાગી.
લય લાગી તેણે તાન, વારુ વડભાગી.
દિયે દિયે અઢળક દાન, સહુ હોયે રાગી. ૧

ચતુરંગ સેનાયે પરવર્યા રે, નાટિકબદ્ધ બત્રીશ; સું૦
લગ્નોદય વેળા સધિ રે, હથલેવે સુજગીશ. સું૦ ૨

ચંદ્રકળા કર મેળવે રે, શ્રીચંદ્રકુમરને પાણ; સું૦
મંગળ ચારે વરતીયાં રે, વરતી જય જય વાણ. સું૦ ૩

તેણે સમયે સુખીયા સહુ રે, નહીં કેહને વિષવાદ; સું૦
કરમોચન વેળા દીએ રે, ગજ તુરંગ પ્રાસાદ. સું૦ ૪

વિધિશું ઉત્કૃષ્ટ ઉત્સવે રે, થયો શ્રીચંદ્રવિવાહ; સું૦
દીપચંદ્ર નૃપ પણ કરે રે, વિવાહનો ઉત્સાહ. સું૦ ૫

રુપ્ય સુવર્ણ રત્નાદિકે રે, પૂર્યા બહુ ધનકોષ; સું૦
યથાશક્તિ બીજા દીએ રે, સંબંધી નૃપ સંતોષ. સું૦ ૬

ધરણેંદ્રે આપ્યો અછે રે, અતિ બહુમૂલ્ય જે હાર; સું૦
ચંદ્રવતી પણ તે દીએ રે, દિવ્યપ્રભાવ ઉદાર. સું૦ ૭

પદ્મિની ભાઈ વામાંગ છે રે, તેણે દીધું બહુ દ્રવ્ય; સું૦
સિંહપુરથી જે આણિયો રે, જે જે વસ્તુ છે ભવ્ય. સું૦ ૮

પ્રત્યેકે પંચ વર્ણનાં રે, અશ્વ રથ ને પલ્યંક; સું૦
શ્રીકરી ભૂષણ મુદીકા રે, સિંહાસન બહુ અંક. સું૦ ૯

મુકુટ ઓશીશાં ચંદ્રુઆ રે, હેમ કચોલ ને થાલ; સું૦
શય્યા સવિ સાજે સજી રે, ઘર વળી તુંગ વિશાળ. સું૦૧૦

૧. મહેલ ૨. શ્રેષ્ઠ હાથી

ધ્વજ છત્ર તોરણ દીપિકા રે, કુંભાદિક સવિ રાછ; સું૦
કુંત ખડ્ગ ધનુ શર મુખા રે, શસ્ત્ર લોહનાં રાચ. સું૦ ૧૧

ભૂષણ સઘળી જાતિનાં રે, નીસાણાદિ અનેક; સું૦
પ્રત્યેકે પંચ પંચ શતા રે, દીધાં ધરી વિવેક. સું૦ ૧૨

રાજ સમાંગ વળી આપિયાં રે, સખી સહેલી થાટ; સું૦
ચતુરા કોવિદા પ્રિયંવદા રે, આનંદાદિ સુઘાટ. સું૦ ૧૩

બહોંતેર સખી સાભરણશું રે, આપી સેવા કાજ; સું૦
બત્રીશ પાત્ર બદ્ધ અતિ ભલા રે, શોલસ નાટક સાજ. સું૦ ૧૪

વળી શુભગાંગ નૃપ આવીને રે, દેશે દાયજો જેહ; સું૦
સાર સાર જે વસ્તુ છે રે, દીધી તે ધરી નેહ. સું૦ ૧૫

હવે પ્રભાતે ગજ બેસીને રે, જાયે નગરી માંહિ; સું૦
વિવિધ ઉત્સવ કરતા થકા રે, જેમ હરિ નંદનવન માંહિ. સું૦ ૧૬

એહવામાં એક જે થયું રે, નિસુણો થઈ સાવધાન; સું૦
કનકદત્ત વ્યવહારિયો રે, રૂપવતી કની નામ. સું૦ ૧૭

થઈ શ્રીચંદ્ર અનુરાગિણી રે, કહે જનકને એમ; સું૦
મેં મને શ્રીચંદ્રને વર્યો રે, અવરને વરવા નેમ. સું૦ ૧૮

પિતા કહે સુણ બાલિકા રે, તું દીસે છે મૂઢ; સું૦
શું તેં પુરમાં નથી સુણ્યું રે, એહનું અંતર ગૂઢ. સું૦ ૧૯

પદ્મિની કન્યા પરણવા રે, રાજાદિક મળી સર્વ; સું૦
અત્યાગ્રહથી મનાવિયો રે, ખટયામે તે પર્વ. સું૦ ૨૦

તુજ સરિખીની વાતડી રે, તે ન ધરે નિજ કાન; સું૦
તો આશા શી તેહની રે, ન કરીશ મનમાં માન. સું૦ ૨૧

એમ પિતા વયણાં સાંભળી રે, ચિંતાતુર તવ થાય; સું૦
ઘર વાતાયનમાં રહી રે, કલ્પે કોઈ ઉપાય. સું૦ ૨૨

એહા માંહે આવતાં રે, દીઠા શ્રીચંદ્ર કુમાર; સું૦
ગોખ તળે જવ નીકળ્યા રે, ગાજંતે પરિવાર. સું૦ ૨૩

[1]ભૂર્જપત્રમાંહે લખી રે, [2]વીંટી કુસુમચી માળ; સું૦
મેળે તેમ જેમ દંપતી રે, આગળે પડી રસાળ. સું૦ ૨૪

૧. ભોજપત્ર (લખવા માટે વપરાતાં એક ઝાડના પાંદડાં) ૨.ફૂળની માળામાં વીંટાળીને

ઊંચું જોયું જેટલે રે, દીઠી કન્યા રહી ગોખ; સું૰
અનુરાગિણીએ જે લખ્યું રે, ભાવ જણાવી જોષ. સું૰ ૨૫

હવે તેણે જે કાવ્ય લખ્યું તે કહે છે. તથાહિ—

निरर्थकं जन्म गतं नलिन्या, यदा न दृष्टं हि सुधांशुबिम्बं
उत्पत्तिरिंदोर्विफला च येन, स्पृष्टा प्रफुल्लानलिनी करैस्वैः १

ભાવાર્થ—નલિની (કમલ)નો જન્મ વ્યર્થ છે જો તેણે ચંદ્રબિંબનું દર્શન ન કર્યું. તેવી જ રીતે ઇંદુ (ચંદ્ર)ની ઉત્પત્તિ વિફળ છે જો તેણે પોતાની કિરણોના સ્પર્શથી નલિનીને વિકસ્વર ન કરી.

વાંચી ભાવિ નિજ મને રે, ચંદ્રકળા કર દીધ; સું૰
ઠામ ઠામ દાન દેયતા રે, શોભા યશ સવિ લીધ. સું૰ ૨૬

નિજ ઉતારે આવિયા રે, ભોજન વિધિ કરી ખાસ; સું૰
નગર લોક જમાડિયો રે, તે દિન ભક્તિ વિલાસ. સું૰ ૨૭

શેઠ સુતાએ મોકલી રે, સખી એક તસ પાસ; સું૰
ચંદ્રકલાએ કહાવિયું રે, આગળ પહોંચશે આશ. સું૰ ૨૮

હમણાં તો અવસર નથી રે, એમ કહી વાળી તેહ; સું૰
એહવે ધીર પ્રધાનજી રે, આવી મળ્યા ગુણગેહ. સું૰ ૨૯

કહે તિલકપુર આવવું રે, વિવાહ કરણને હેત; સું૰
તિલકમંજરી દીન છે રે, રાધાવેધ સંકેત. સું૰ ૩૦

કહે શ્રીચંદ્ર હવે ધીરને રે, તે જાણે સવિ તાત; સું૰
હું કાંઈ જાણું નહીં રે, આણા વિણુ નવિ થાત. સું૰ ૩૧

વીણારવ ગુણીજન કહે રે, ગાઉં તુમ ગુણ ગીત; સું૰
કુમર કહે હમણાં નહીં રે, ગાયન સમય સુવિનીત. સું૰ ૩૨

એમ કહીને બીજે દિને રે, ચાલ્યા ચતુર કુમાર; સું૰
સુસરે આવતા રાખીઆ રે, પણ ન રહ્યા તેણીવાર. સું૰ ૩૩

ગજ મૂક્યા સવિ તિહાં કણે રે, અવર સવે લીએ સાથ; સું૰
ચાલે મહાલે મોજશું રે, રાજાદિક ગ્રહી હાથ. સું૰ ૩૪

માર્ગ ઘણો ઉલ્લંઘતા રે, સુખીયા સઘળા લોક; સું૰
જ્ઞાનવિમળ સૂરિ એમ કહે રે, પુણ્યે સઘળા થોક. સું૰ ૩૫

॥ દોહા ॥

નૃપપુર જન જે આવિયા, બોલાવણને કાજ;
પાછા વાળે તેહને, કરી પ્રણામ સવિ રાજ. ૧

વિનય ભક્તિ ગુણ દેખીને, રંજ્યો સવિ પરિવાર;
આંસુ ઝળઝળિયાં ભરે, જોઈ ફરી વારોવાર. ૨

ગુણીના ગુણ જે ચિત્ત વસ્યા, તે વીસરે ન કિવાર;
સંભાર્યા ધાર્યા ઘણું, શ્વાસમાંહે સો વાર. ૩

શીખ દિયે કન્યા પ્રત્યે, વધૂયોગ્ય હિત વયણ;
આલિંગન ભીડી ભણે, નીર ઝરંતે નયણ. ૪

રાજા દીપ પ્રદીપવતી, માતા આપે શીખ;
યોગ્ય વધૂને જે ઘટે, ચંદ્રકળાને પેખ. ૫

યતઃ–अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता,
तत्पादार्पितदृष्टिरासनविधिस्तस्योपचर्या स्वयं,
सुप्ते तत्र शयीत तत्प्रथमतो, मुंचेच्च शय्यामिति,
प्राच्यैः पुत्रि निवेदिताः कुलवधूसिद्धांतधर्मा अमी. १

**ભાવાર્થ :–** પોતાનો સ્વામી આવે ત્યારે સામું ઊભું થવું, સ્વામી સાથે બોલવું પડે ત્યારે પતિના ચરણની સામું જોવું, પોતાની મેળે તેની સેવા કરવી, પતિ સૂએ તે પછી સૂવું, સ્વામી ઊઠે તે પહેલાં ઊઠવું, આ કુલવધૂના ધર્મ જાણવા.

શિશ સમર્પી સર્વને, ચાલ્યા બેહુ દલ તામ;
મારગ સીંચ્યો આંસુએ, જાતે વળતે ઠામ. ૬

વરદત્તને પણ વાળીઓ, પ્રીતિદાન બહુ દેહ;
નિજ ઘરની પરે તેહને, સંતોષી સસનેહ. ૭

સહુને પાછા વાળીને, પિતા મિલન ઉમાહ;
ચાલ્યા ચૌંપ કરી ઘણું, જોતા કૌતુક રાહ. ૮

ધીરસેન સેના અછે, તે ચાલે છે મંદ;
ગુણચંદ્ર તેહને રાખવા, સાથે ઠવ્યા અમંદ. ૯

શ્રીચંદ્ર રથે બેઠા ઘણું, વાયુવેગ પરે જંતિ;
તેહિ જ દિન નિશિ પામિયા, શ્રીપુર નયર મહંત. ૧૦

રથ મૂકીને તિહાં કણે, ગયા નિજ ગેહ મઝાર;
માત પિતા પદ પ્રણમિયા, હર્ષ આંસુ જલ ધાર. ૧૧

પિતર કહે તુમને થયા, દિવસ પંચ સુણ પુત્ર;
તે પંચ વરસ સમા થયા, સુણ અમચા ઘર સૂત્ર. ૧૨

એટલા દિન સુખમાં ગયા, કિંવા ઇચ્છાચાર;
અથવા હઠ કરી રાખીઆ, કિણહી રાજકુમાર. ૧૩

કહે શ્રીચંદ્ર તુમ મહિમથી, સઘળે લહ્યો સુખ ચયન;
જય સૌભાગ્ય ને લાભ બહુ, પામ્યું આદર અયન. ૧૪

ક્રીડા કરતાં મુજ મળ્યો, વરદત્ત તુમચો ભૃત્ય;
લેખશાળ ઉત્સવ હતો, તસ ઘરે બહુ પરે નૃત્ય. ૧૫

હઠ કરી મુજને રાખીઓ, આજ લહી આદેશ;
આવ્યો તુમચા પદ નમ્યા, કહ્યો એમ સંદેશ. ૧૬

પિતા સુણી તે હરષિયા, નિસુણી એહ ઉદંત;
કહે સુત તાહરું ચરિત્ર સવિ, સુણ્યું પ્રતાપસિંહ ભૂકંત. ૧૭

રત્નપુરો તુજને દીયો, કરી મોટો સુપસાય;
તેહ ભણી શુભલગ્ન દિને, પ્રણમો ભૂપતિ પાય. ૧૮

**॥ ઢાળ બારમી ॥**

(વીંછીયાની દેશી તથા મહારા પ્રાણપ્રિયા રે પાસજી—એ દેશી)

હવે માતા નિજ વસ્ત્રાંચલે, પ્રમાર્જે શિશુનું અંગ રે;
કહે ભામણડાં લિઉં તાહરાં, તુજ હોજો સુખ અભંગ રે. ૧

મનમોહન જીવન માહરા, કુંઅરજી પ્રાણાધાર રે;
કહે જનકને તુજ આજ્ઞા લહી, હું જાઈશ રાજ દુઆર[૧] રે. મ૦ ૨

માતા સુત તનુ નિરખે ઘણું, ચાટે જેમ વાછરુ ગાય રે;
તિહાં મીંઢળ બાંધ્યું દેખિયું, જમણે કર વિસ્મય થાય રે. મ૦ ૩

હરખી માતા કહે કંતને, દેખો કરગ્રહણનું ચિહ્ન રે;
જોઈ જનક તણા ચિત્તમાં વશ્યું, શું થયું કહો હર્ષે મન્ન રે. મ૦ ૪

કહે શ્રીચંદ્ર તવ સુણો તાતજી, કોઈ ગણકે[૨] પ્રેમને હેત રે;
મીંઢળ બાંધ્યું એ મુજ કરે, લાભ જાણી તસ સંકેત રે. મ૦ ૫

૧. દ્વાર ૨. જોષી

એમ ઉત્તર વાળી તાતને, સુખશું રહે નિજ ઘરમાંહે રે;
કહિયેક ક્રીડા કરે બાગમેં, કહિયેક વળી શ્રીપુરમાંહે રે. મ૦ ૬

આવાસે કહિયેક નિજ રુચે, ફિરે ગિરિ શિખરે બહુમાન રે;
એમ કરતાં કેતેક દિન અંતરે, થયો તે સુણજો સાવધાન રે. મ૦ ૭

ઊર્ધ્વ ભૂમે કુમર ક્રીડા કરે, પોતાના આવાસમાંહે રે;
એહવે વાજિંત્રના નાદશું, પૂરિત દિગ્મંડલ પ્રાહે રે. મ૦ ૮

બંદી જન કીર્તિ ગાવતે, તિહાં મળિયા લોક અનેક રે;
જિહાં જાય છે એ રાજમંડળી, બહુ જન નવવેશે છેક રે. મ૦ ૯

શેઠ ઘરને બારણે આવિયા, કિશું એ છે એમ કહે વાણી રે;
જેમ મુદ્રિકા ભૂષણ સંગોપીએ, તેમ ગોપે શેઠ ઘર ઠાણ રે. મ૦૧૦

દેખી સૈન્યને આકુલ તે થયો, એ શું ડોકરી ઘરમાં વાઘ રે;
એ તો રાઉલ જન દીસે અછે, અમ ઘર વ્યવહારી અતાઘ રે. મ૦૧૧

એહવે ગુણચંદ્ર આવી નમે, કહે તાતજી તુમ વહૂ એહ રે;
એ તો ચંદ્રકળા નૃપ નંદની, સવિ પરિકર દીસે તેહ રે. મ૦૧૨

સવિ વાત કહી વિવાહની, સુણી હર્ષ્યો ચિત્તમાં શેઠ રે;
પદ્મિનીને ગુણચંદ્ર કહે, પ્રણમો એ સુસરો નેઠ રે. મ૦૧૩

એ સાસુ આંસૂ હર્ષમાં, વરસે પામી ઉત્કર્ષ રે;
સોચ્છાહિ સુખ આલાપનાં, પૂછે તિહાં આણી હર્ષ રે. મ૦૧૪

ગુણચંદ્ર કહે કિહાં થાપીયે, એ ચતુરંગ સેના થાટ રે;
કહે શેઠ કુમરને પૂછીને, થાપો સઘળો એ ઘાટ રે. મ૦૧૫

વાતાયન બેઠા કુમરને, પ્રણમી પૂછે ગુણચંદ્ર રે;
કહો સ્વામી એ કિહાં થાપીયે, વાહન ગજ રથ અક્ષુદ્ર રે. મ૦૧૬

શ્રીપુર નગરે સવિ થાપીયે, લહી આદેશ તે તેમ કીધ રે;
સવિ વાત સુણી કહે શેઠજી, એ લાભ ઉત્કૃષ્ટો લીધ રે. મ૦૧૭

અહો ધૈર્ય અહો નિર્ગર્વતા, અહો વિનયપણું અહો લજ્જ રે;
પણ પુરપ્રવેશ ઉત્સવ તણો, મને હર્ષ રહ્યો અતિ સજ્જ રે. મ૦૧૮

હવે સપ્તભૂમિ આવાસમાં, રહી ચંદ્રકળા પતિ પાસ રે;
જેમ દોગુંદક સુર પરે, હરિ કમળા લીલ વિલાસ રે. મ૦૧૯

હર્ષે પૂરિત માનસા, થયા નાગરજન મનમાંહિ રે;
ઉત્સવ ઉત્સુકતા ઘણી, તેણે સમયે પુરમાં પ્રાહિ રે. મ૦૨૦

કેઈ ભાગ્ય સ્તવે ગુણને સ્તવે, રૂપ સારથી મિત્ર સહાય રે;
પદ્મિનીને પરિકર તણા, જનને થુણતાં દિન જાય રે. મ૦૨૧

હવે કુમર જયાદિક જેહ છે, તેણે કીધો એક વિચાર રે;
વીણારવ ગાયન આવીયો, ધીર સચિવ સંઘાતે સાર રે. મ૦૨૨

તેહને તેડીને એમ કહે, તમે કીધો શ્રીચંદ્ર પ્રબંધ રે;
પૂછ્યું તવ ગાયન કહે, રાધાવેધનો કહ્યો ગુણ બંધ રે. મ૦૨૩

કહે તે અમ આગળ ગાયવો, જેમ પામે પુરજન હર્ષ રે;
તિહાં શ્રીચંદ્ર પણ બેઠો હશે, તે કરશે દાનનો[૧] વર્ષ રે. મ૦૨૪

તિહાં વંછિત દાન તુમે માગજો, જે તુરગરત્નમાં એક રે;
તે તુમને અશ્વ આપશે, એમ યાચજો કરીય વિવેક રે. મ૦૨૫

મુખે મીઠા હૃદયે ધીઠડા, પર ઉન્નતિ સહે ન લગાર રે;
અણુહેતે પ્રીતિ લતા છેદે, એહવો દુર્જન આચાર રે. મ૦૨૬

ખળશે રથની ગતિ આફણી, ત્યારે લાભ ન એહવા હોય રે;
એમ કુબુદ્ધિ ધરી તસ શીખવ્યું, કરો કાર્ય એ અમચું જોય રે. મ૦૨૭

દાક્ષિણ લાજ ભય લોભથી,[૨] પડિવજિયું ગાયને તેહ રે;
હોયે જે જેહવી ભવિતવ્યતા, ઊપજે તેમ બુદ્ધિ સનેહ રે. મ૦૨૮

બીજે દિને ગાયને મેળવ્યા, સવિ લોક તણા આઘાટ રે;
કુમર પ્રબંધ તેમ ગાઈયો, જેમ પામે મણિ ધન ઘાટ રે. મ૦૨૯

આવ્યા તિહાં બહુ વ્યવહારીયા, સ્વજનાદિક મંત્રી સામંત રે;
નર નારી સુરાદિ નિરંતરે, આવી બેઠા મતિવંત રે. મ૦૩૦

શ્રીચંદ્રના ગુણની વર્ણના, અવરાં અવહેલણ રૂપ રે;
રાધાવેધનું સાધન ગાવતાં, સુણી શ્યામ વદન થયા ભૂપ રે;
જયાદિક કુમર અનૂપ રે. મ૦૩૧

હાસ્યાદિક રસ શંકર થયો, વિસ્મય બીભત્સ ને વીર રે;
એહવામાં શ્રીચંદ્ર આવીયા, રાધાવેધ કર્યો જેણે ધીર રે. મ૦૩૨

૧. વરસાદ ૨. સ્વીકાર્યું

સુખકર ગીત ગાયન ગાયતો, લહેતો તિહાં કંચન કોડી રે;
જેમ રાધા સાધીને ગયા, મિત્ર સાથે રથ ખેડી રે. મ૦૩૩

નૃપ આવ્યા તે જેમ તેમ ગયા, કન્યાના જેહ વિલાપ રે;
ધીર મંત્રીને તેડણ મોકલ્યા, વિસ્તર કહ્યા તેહ આલાપ રે. મ૦૩૪

રજનીને અંતે ચંદ્રમા, કહે શ્લોક અનેક પ્રકાર રે;
વરસાદે જવાસાની પરે, શોષીયા જયાદિ કુમાર રે. મ૦૩૫

(રાગ આસાવરી)

ગાઈએ રે શ્રીચંદ્રકુમારા,
નિજ રૂપે કરી નિર્જિત મારા;
ત્રિભુવનમાંહે ધૈર્યના ધારા,
એહવા અવર ન કો દાતારા. ગા૦૧

મતિ ચિત્તે ભારતી મુખકમલે,
ભાગ્ય ભાલે લખમી છે નિલયે;
ભુજે શૂરતા સત્ય વચને સહલે,
દાન કરે જિનધ્યાન મનોલે. ગા૦૨

કરણીએ દયા સ્થાનક પામી,
મુજ તનુમાં કાંઈ નહીં ખામી;
ઘણી રોષે કરી કીર્તિ તે કામી,
તે દશ દિશિ ફિરે ઠામ અપામી. ગા૦૩

ખાર જલધિ ને ચંદ્ર કલંકી,
રવિ તાતો ઘન છે ચપલંકી;
અર્થી અદૃશ્ય મેરુ કાષ્ઠ સુરતરુઆ,
સુરમણિ ઉપળ સુરગવી પશુ વરુવા. ગા૦૪

સૂધીધ્વ જિહ્વે સેવિત દીસે,
તુજ ઉપમાન કહું કેમ ચિત્ત હીસે;
તુજ દાનાદિક ગુણથી નિકસે,
સવિ ઉપમાન એ ચિત્ત ન પેસે. ગા૦૫

હે શ્રીચંદ્ર! તું ચંદ્રથી નિર્મલ,
પરસ્ત્રી ન ફરસે કરથી સામલ;

કાંઈ અપૂરવ ચંદ્ર કલામલ,
ફરસે તેહને યુક્ત મહાફળ. ગા૦ ૬

કલ્પદ્રુમ સમ તુમ તનુ જાણી,
શ્રી નિવાસ કરે થિરતા આણી;
મુખકજે પદ્મની મતિ પહિચાણી,
હૃદય ગંભીર જલનિધિ એમ જાણી. ગા૦ ૭

નાભિ તદભ્રમે કરપદ યુગલે,
અરુણ કમલની બુદ્ધિ વિમલે;
[૧]ફુલેંદીવર શંકાયે નયને,
દંતે વજ્રાકર મનુ અયને. ગા૦ ૮

એણી પરે સઘળે શ્રી રહી તાહરે,
અંગે સર્વની ઉપમા થાહરે;
ભટ્ટ કહે શું ઊણું અમારે,
હવે તુમ ગુણ કહીએ છે જિહા રે. ગા૦ ૯

### ઇતિ ગાયનકૃતસ્તુતિ

હવે એ ગુણ શ્લોકે કરી કહેવા તે શ્લોક કહે છે :–

बुद्धिश्चेतसि भारती च वदने, भाग्यं च भालस्थले,
लक्ष्मीर्वेश्मनि शूरता भुजयुगे, वाचि स्थितं सुनृतं;
दानं पाणितले रुचिस्तुतिमनस्यर्हत्क्रियायां दया,
स्थानाप्राप्तिरुषैवयात्पुरुदिशं श्रीचंद्रकीर्त्तिस्तव. १

आस्ये पद्मधिया गभीरहृदये वारांनिधेः शंकया,
नाभौ पद्मनदभ्रमाक्रमकरद्वंद्वेऽरुणाब्जेहया;
फुल्लेंदीवरवाञ्छया नयनयोर्दन्तेषु वज्राकर,
भ्रांत्या कल्पतरुभ्रमेण वपुषि श्रीचंद्र ते श्रीरभूत्. २

क्षारो वारिनिधिः कलंककलुषश्चंद्रो रविस्तीक्षणरुक्
जीमूतश्चपलाश्रयोर्धपटलादृश्यः सुवर्णाचलः
काष्ठं कल्पतरुर्दृषत्सुरमणिः स्वर्धामधेनुः पशुः,
श्रीश्रीचंद्रसुधाद्विजिह्वविधुरातत्केनशाम्यन्तव. ३

૧. વિકસ્વર થયેલા નીલકમલ

श्रीचंद्रकलामनोरमः स्पृशसि त्वं स्वकरैः परप्रिया उर्वी,
सृजति निर्मली चित्तं, यद्भुवि निर्मलोनिशं. ४

॥ પૂર્વ ઢાળ ॥

ઇત્યાદિક નિજ ગુણ સાંભળી, કહે ગાયનને વર માગ રે;
ધણ કણ પટકૂલ ને ભૂષણાં, નિજ ઇચ્છાએ દેઉં ત્યાગ રે. મ૦૩૬

એમ નિસુણી મૂઢ તેણે માગિયો, વાયુવેગ અશ્વ તે ત્યાંહિ રે;
અલ્પપુણ્યને મતિ તે કિહાંથકી, બુદ્ધિ કર્માનુસારિણી [1]પ્રાહિ રે. મ૦૩૭

તવ કુમર કહે શું માગિયું, અશ્વ આપું તુજ અનેક રે;
એ તો અશ્વ તણો યુગ રથ છે, ન હોયે ઇહાં એક વિવેક રે. મ૦૩૮

કહે શ્રીચંદ્ર હવે ગુણચંદ્રને, રથ લાવો શ્રીપુરે જેહ રે;
માગણનાં વંછિત પૂરીએ, કહે જ્ઞાનવિમલ સૂરિ નેહ રે. મ૦૩૯

॥ દોહા ॥

આણ્યો રથ તત્કાલમાં, કહે ગાયનને એમ;
એક તુરંગશું તાહરું, કારજ હોશે કેમ. ૧

માગ્યાથી અધિકું દીએ, તેહિજ કહીએ દાતાર;
મુહ દેખી માગે નહીં, મરે તે માગણહાર. ૨

તે માટે એ સુવેગ રથ, વાયુવેગ મહાવેગ;
અશ્વયુક્ત રયણે જડ્યો, આપું તે લિયો વેગ. ૩

વળી બીજું બહુ આપિયું, દાન માન સુનિધાન;
ચિરંજીવી ચિરં નંદ તું, કહે ગાયન ગુણગાન. ૪

એમ દેખી તેડાવીને, તિહાં અનેક છે ભટ્ટ;
તે શ્રીચંદ્રના ગુણ કહી, લેવા દાન ગહગટ્ટ. ૫

*एकेन भट्टेन उक्तं (कवित्त)*

ધીર વીર કોટીર, દાન શિરમુકુટ સમાણો,
તાહરે સુજસ કલાપ, વિશ્વ સવિ ઉજ્જ્વળ જાણો.
કાઢ્યો કૃપણતા શ્યામ, તેહ જઈને કિહાં રહિઉં,
કજ્જલ અહિ તવ વૈરી વદનપંકજ સંગ્રહિઉં.
કલકંઠવરણ ઘનઘોરમાં, કૃષ્ણદિશાદિક ભામરી;
શ્રીચંદ્ર દાનગુણ નીપની, કીર્તિ મૂર્ત્તિ તેહવી ધરી. ૧

૧. પ્રાહ=કહેવું

*अपरो भट्टः प्राह—*

સોમભટ્ટ કહે અદ્ભુત કેહનો કોણ રસ પૂછ્યો,
તવ કહે કવિરસ સાર એહનો એ જસ ઇહાં સૂચ્યો,
શ્રીચંદ્ર જસે જગ ઉજ્જ્વળ કર્યો, કાલિમા કહો ક્યાં ગઈ,
તસ અરિ મુખે તસ નારી, જાઈ ત્યાં નિર્ભય રહી. ૧

કવિત

ધીર તું જય વીર અવર કવિ તેહને પૂછે.
કુણનું તેહ કહે ભટ્ટ પત્રમાં એ વિકસ્યું.

કવિનામા છંદ

શ્રીચંદ્ર તુમ યશં ત્રિભુવન ઘોલે, શ્યામળપણું કિહાં કિહાં ખોલે;
કજ્જળ ભમર તુમ અરિમુખ કમલઇભ, હય મુહ મૃગમદ કોકિલ ગલે. ૧

*(शार्दूल०)*

वीरत्वं जय को भवान् कविरिदं किं पत्रमत्रास्ति किं,
काव्यं वाच्यगुणोऽत्र कोऽद्भुतरसः स प्रोच्यतां श्रूयतां;
श्रीचंद्रत्वदनल्पशुक्लयसशाश्वेती कृते विष्टपे,
यत्काम्यं शशिकज्ञलादिषु हि तत् विद्वट्वशा दुर्दशाः १

*एकेन कविना कलकंठेन अस्यैव उत्तरार्द्धकृतं—*

वीरत्वं श्रीचंद्रत्रिजगद्विभित्तवयशः सत्पुंडरीकं मदं;
ब्रह्मस्थानमरालबालसुवियदं भृंगालिभिश्चुंबते.
श्रीचंद्रत्वदनल्पशुक्लयसशाश्वेती कृते विष्टपे,
यत्काम्यं शशिकज्ञलादिषु हि तत् विद्वट्वशा दुर्दशाः १

દોહા—એમ નિસુણી બીજો ભણે, અર્ધ સમસ્યા પાઠ;
એહી જ બિહું પદ પાછળાં, આગળે નવલો પાઠ. ૧

છપ્પય

શ્રીચંદ્રમહીંદ્ર ભાવ એક અવર કહીજે,
નવ જસ સિત પુંડરીક, ત્રણ જગ ઉજ્જ્વળ કીજે.
ગયો આકાશ તિહાં બ્રહ્મકમળ વળી વાહનહંસા.
ધવલ થયા તસ સંગ કૃષ્ણગુણથી જનસ્યા.
તિહાં જઈ કમલમાંહે રહ્યા, ભ્રમર શ્રેણી રૂપે થઈ,
અથ ચંદ્રમા ઉજ્જ્વળ થયો, પણ અગમિશે અસિતા રહી. ૨

લક્ષદાનં

તવ ત્રીજો ભણે ભટ્ટ એહ તો બોલ્યા સાચું,
એ નૃપનો જસ રાશિ એક રસનાએ કેમ વાચું.
કિં બહુના કહે હોય એહથી અવર ન દૂજો,
ખાગ ત્યાગ પરભાગ થાગ ગુણે એહી જ પૂજો.
જે જગ ઉજ્જ્વળ વસ્તુ છે, તે શ્રીચંદ્ર યશ દેશ છે;
નરરૂપ ભૂપતિ લખ્ખોયમેં, એહ વાત અમ મન રુચે. ૩
લક્ષદાનં

છંદ

એમ સોમેશ્વર ને વીરેશ્વર માહેશ્વર, માધવ ભૂધેશ્વર;
એણી પરે કુમરની કીર્તિવિલાસે, ગામ ઠામ જનકાદિક પ્રકાશે. ૧
*ततः सोमेश्वरकविना उक्तं. चंद्रः*

चंद्रशून्ये क्षयादोषा, करः कलंक्ययंतुता
सदोदितोवसांतस्तन्माश्रीव्यक्तिं व्यधाद् भुवि १

**॥ પૂર્વ દોહા ॥**

એમ ત્રણ પંડિતને દીએ, કનક રયણની કોડિ;
યથાયોગ્ય સવિ સાચવે, ભોજનવિધિ કરે હોડિ. ૬

સજ્જન ગુણિજન સાધુજન, ભક્તિ કરે તિહાં યોગ;
ચમત્કાર ચિત્ત પામિયા, ધન ધન કહે પુરલોગ. ૭

નૃપ અથવા નૃપ નંદના, એ સમ દાન સમર્થ;
શેઠ પુત્રને સારિખા, કોય ન એ પરમાર્થ. ૮

દાન તણો અતિશય ઘણો, દેખી થયા લયલીન;
પણ શેઠે ઇમ ચિંતવ્યું, કુળ વણિકનું દીન. ૯

ધન તો પામીજે ઘણું, પણ અશ્વ ન એહવી જોડ;
ન મળે તે ભણી ધન દેઈ, અશ્વ લિયો ફરી જોડિ. ૧૦

એમ એકાંતે પુત્રને, તેડીને કહે વાત;
ભાગ્ય શિરોમણિ તું અછે, કુલમંડણ તું જાત. ૧૧

દીધું દાન તે ભલું કર્યું, એ તુમ યુગતું હોય;
પણ નૃપદાનથી અધિક જે, દીજે તે અવસર જોય. ૧૨

આપણ તો વ્યવહારિયા, છીએ એહ આધીન;
તેહથી અધિક ન કીજિયે, ન રહે વિનય પ્રવીણ. ૧૩

એ નૃપપુત્ર તુમ ઉપરે, દીસે છે રોષાળ;
છળ જોવે છે અતિ ઘણા, જેમ ઉંદર ને બિલ્લાડ. ૧૪

ધીર પ્રધાને પણ કહ્યું, પહેલાં જે થઈ વાત;
તે પણ ચિત્તમાં ધારવી, ગાફિલ માર્યા જાત. ૧૫

જાસ પ્રસાદે પામિયે, કન્યાદિકના લાભ;
તે રથ કેણી પરે આપિયે, જો ધરતી પર હોયે આભ. ૧૬

મૂલ્ય સવાયું દેઈને, રથ તુરગની જોડિ;
લીઓ પાછી એ સમ નકો, કરતા હોડાહોડિ. ૧૭

રાજાને કરો ભેટણું, જેમ રાજા હોયે પ્રસન્ન;
તો સવિ મનોરથ સંપજે, સહુ કહેશે ધન્ય ધન્ય. ૧૮

## ॥ ઢાળ તેરમી ॥

(ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર—એ દેશી)

વચન સુણી એમ તાતનાંજી, ઉત્તર હૃદયે વિચાર;
વિનય કરીને વીનવેજી, ખમો અપરાધ અપાર;
સુણો તાતજી માહરા, માનો મુજ વચન પ્રમાણ;
સુણો તાતજી માહરા, તુમે છો સુગુણ સુજાણ;
સુણો તાતજી માહરા, શિર ધરું તુમચી આણ. ૧

દીધું દાન જે યાચકાંજી, તે પાછું ન લેવાય;
તે લેઈ નૃપને દીજિયેજી, તો લોકમાં હાંસી થાય. સુ૦
નીચમાં નીચ કહાય. સુ૦ ૨

કેઈ રથ કેઈ હય ધન ઘણાજી, ભાગ્યથી મળિયું સર્વ;
વળી બહુ મળશે ભાગ્યથીજી, તુમ પરસાદે સર્વ. સુ૦ ૩

શેઠ કહે સુત તે ખરુંજી, એહવું તો જગમાંહિ;
રાજાદિ ઇચ્છે ગજ રથાજી, દેઈ ધન લેવે ઉચ્છાંહિ. સુ૦ ૪

જે તે દુર્લભ દેખીએજી, તે એમ લેવે લોક;
અર્થી ધન સાટે દીએજી, એહમાં કોઈ ન શોક. સુ૦ ૫

કુમર તવ અણબોલ્યા રહ્યાજી, નિજ થાનક ગયા તામ;
ઉત્તર દેતાં નવિ વધેજી, વૃદ્ધશું ન રહે મામ. સુ૦ ૬

વયણ નયણ મણ સયણનાંજી, જિહાં લગે હોય સુપ્રસન્ન;
તિહાં લગે રહેવું તિહાં સુંદરુંજી, ન રહેવું જિહાં દુઃખમન્ન. સુ૦ ૭

ધિક્ ધિક્ પરવશતાપણુંજી, ચાલ તું નરકનું દુઃખ;
શું કીધું શું દેયશુંજી, યાચક કવિને સુખ્ખ. સુ૦ ૮

હવે રહેવું તો નવિ ઘટેજી, ભાંગે મનશી પ્રીતિ;
[1]ખટવો માંકણનો છાંડવોજી, એહિ જ ઉત્તમ રીતિ. સુ૦ ૯

સાહસથી સવિ સંપજેજી, જિહાં સાહસ તિહાં સિદ્ધિ;
ભાવિ ભાવ જિકે હોશેજી, તિહાં તેહવી હોયે બુદ્ધિ. સુ૦૧૦

યતઃ–को विदेशः सुविद्यानां, किं दूरं व्यवसायिनां
कोऽतिभारः समर्थानां, कः परः प्रियवादिनां १

देशाटनं पंडितमित्रता च, वारांगना राजसभाप्रवेशः
अनेकशास्त्रार्थविलोकनानि, चातुर्यमूलानि भवंति पंच २

तादृशी जायते बुद्धिर्व्यवसायाश्च तादृशाः
सहायास्तादृशाः ज्ञेयाः यादृशी भवितव्यता ३

**ભાવાર્થ–(૧)**રૂડી વિદ્યાવાળાને કયો પરદેશ હોય છે? વ્યવસાયીને શું દૂર છે? સમર્થને શો ભાર છે? મીઠાં વચન બોલનારને કોણ જુદો છે? (૨) દેશાટન, પંડિતની મિત્રાઈ, વારાંગનાનો સંગમ, રાજસભામાં પ્રવેશ, અનેક શાસ્ત્રોનું જોવું એ પાંચ ચાતુર્યના મૂલ છે, (૩) જેવું ભાવી હોય તેવી બુદ્ધિ થાય, વ્યવસાયો પણ તેવા જ થાય અને સહાય પણ તેવા જ થાય છે.

આજ રજની પ્રથમ [2]યામમાંજી, ન કહું કોઈને કાંહિ;
નિસરવું એમ ચિંતવીજી, કરી પરદેશ ઉચ્છાંહિ. સુ૦૧૧

મિત્ર જાણશે તો બળ કરીજી, રાખશે અથવા સાથ;
આવેશે તો નહીં બનેજી, એકાકી ખડ્ગ હાથ. સુ૦૧૨

ચંદ્રકળા વળગી ગળેજી, કેમ મુજ વિણુ ધરે ધીર;
મુજ કાજે સવિ છંડિયુંજી, માત પિતા ધન ધીર. સુ૦૧૩

યૂથભ્રષ્ટ જેમ હરિણલીજી, વિરહાતુર રણમાંહે;
તેમ વિયોગ મહારો લહીજી, દુઃખિણી એ ઘરમાંહે. સુ૦૧૪

૧. ખાટલો ૨. પહોરમાં

તે ભણી એ સમજાવીનેજી, જાઉં પછી વિદેશ;
એમ ચિંતીને આવિયોજી, ચંદ્રકળા [1]સંનિવેશ. સુ૦૧૫

વાત કહી સઘળી તિહાંજી, સમજાવી તે બાળ;
તિહાં જે સ્નેહનાં વયણડાં જી, કોણ કહે તે વાચાળ. સુ૦૧૬

સ્નેહ માન નવિ સંપજેજી, તે જાણે કિરતાર;
કે નિજ મનડું ભોગવેજી, જીવિત તસ આધાર. સુ૦૧૭

શીખ ભલામણ તિહાં કરીજી, ચાલે જેહવો કુમાર;
તેહવે મિત્ર આવી મળ્યોજી, શ્રીગુણચંદ્ર કુમાર. સુ૦૧૮

કહે સ્વામી એક વિનતિજી, ગાયને કીધી જેહ;
ભૂપ કુમરના વયણથીજી, માગ્યો અશ્વ મેં એહ. સુ૦૧૯

મેં માહરી બુદ્ધે કરીજી, નવિ માગ્યું એ સ્વામિ;
હવે તે પાસે જઈ નવિ શકુંજી, તુમે દીધું બહુ દાન. સુ૦૨૦

તુમે ચક્રી દાતારમાંજી, વેચાણા અમો દાન;
તે માટે ઉચિત ધન દિયોજી, લ્યો રથ પાછો નિદાન. સુ૦૨૧

સુણી વાત કુમર કહેજી, દીધું ફરી ન લેવાય;
રથશું કામ ન કો અછેજી, બોલ્યું અબોલ્યું ન થાય. સુ૦૨૨

*उक्तं च–(शार्दूल०)*

**जिह्वैकैव सतामुभे फणभृतां स्त्रष्टुश्चतस्त्रोऽथवा,**
**ताः सप्तैव विभावसोर्निगदिताः षट् कार्त्तिकेयस्य च;**
**पौलस्त्यस्य दशैव ताः फणिपतेर्जिह्वासहस्त्रद्वयं,**
**जिह्वालक्षसहस्त्रकोटिगुणिता नो दुर्जनानां मुखे.**

અર્થ–સજ્જન પુરુષને તો એક જ જીભ હોય છે, જ્યારે સર્પને બે જીભ હોય છે, બ્રહ્માને ચાર, સૂર્યને સાત, કાર્ત્તિકેયને છ, રાવણને દશ, અને શેષનાગને બે હજાર જિહ્વા હોય છે; પણ દુર્જનને તો લાખ હજાર કરોડ ગણી જીભ હોય છે; અર્થાત્ જે બોલ્યું ફરી જાય છે તે દુર્જન હોય છે.

એમ કહી મિત્રને વાળિયોજી, અવર ન કહી કોઈ વાત;
લેઈ ઉત્સંગે હ્રદયે ભીડીનેજી, ચંદ્રકળા સુવિખ્યાત. સુ૦૨૩

૧. મહેલ

વિરહ દુઃખ ધરવું નહીંજી, ધૈર્યથી સઘળી વાત;
એ સંપદ્ સવિ તાહરેજી, સુખે રહેજો દિન રાત. સુ૦૨૪

એહવે ધનંજય સારથીજી, આવી કહે સુણો સ્વામિ;
રથ બેસી ગાયન ચલેજી, પણ હય ન વહે તામ. સુ૦૨૫

એમ નિસુણી શ્રીપુરે ગયાજી, કુમર લેઈ પરિવાર;
કુમર દેખીને હર્ષશુંજી, અશ્વ કરે હેંષાર. સુ૦૨૬

નયણે આંસુડાં ઝરેજી, ન પીએ ચારિ ને વારિ;
તવ શ્રીચંદ્ર નિજ કરે કરેજી, ફરસે તેણી વાર. સુ૦૨૭

અશ્વ તણા ગુણ મુખે કહીજી, સમજાવે ધરી પ્રેમ;
હમણાં સમય છે એહવોજી, અનૃણ કરો ધરી ખેમ. સુ૦૨૮

ગાયનને તવ સોંપિયાજી, અશ્વ તે સરળ સ્વભાવ;
સ્વામિભક્તિ એમ જાણીએજી, વરતે સ્વામીને ભાવ. સુ૦૨૯

વીણારવ આશીશ દેઈજી, ચાલે તિહાં ધરી પ્રેમ;
સર્વ વસ્તુ અધિકારીયોજી, ગુણચંદ્ર કીધો તેમ. સુ૦૩૦

સેનાપતિ ધનંજય કર્યોજી, વળી જે હોતા જેણે ઠાય;
તે તે તિહાં કણે થાપિયાજી, કરી મોટા સુપસાય. સુ૦૩૧

પરદેશે જાવા ઇચ્છુંજી, સહુને કહી દીએ માન;
શ્રીપુર શ્રીદપુરી સમુંજી, કીધું અતિ બહુમાન. સુ૦૩૨

અનુચર સહચર જે હતાજી, કર્મકરાદિક સર્વ;
તે સઘળા સુખીયા કર્યાજી, જાણે સર્વ સુપર્વ. સુ૦૩૩

જ્ઞાનવિમળ ગુરુ દેવનુંજી, ધર્મ તણું વળી ધ્યાન;
ધરતા કરતા લોકનેજી, ઉપકૃતિ કરણ નિદાન. સુ૦૩૪

**॥ દોહા ॥**

વાહન વાજી ગજેંદ્રરથ, શ્રીકરી બદ્ધ સુભટ્ટ;
પરવરિયા હવે તિહાં થકી, ગેલેશું ગહગટ્ટ. ૧

અંગરક્ષક અંગ સેવકા, પંચ સહસના થાટ;
પંચ સહસ્ર વાજિત્રના, બંદીજનના થાટ. ૨

નૃપ પરે બહુમાને કરી, આવ્યા આપણે ગેહ;
માત પિતા પરિવારને, મળીયા ધરી બહુ નેહ. ૩

એહવા માંહે આવિયો, ધીર પ્રધાન ઉદાર;
પ્રણમી શ્રી શ્રીચંદ્રને, મિત્ર ગુણચંદ્ર કુમાર. ૪

શેઠે ધીરને નોતર્યો, ભક્તિ કરે ધરી હર્ષ;
ધીર કરે હવે વિનતિ, પાણિગ્રહણ ઉત્કર્ષ. ૫

શેઠ કહે સુણો ધીરજી, દિન દોય પછી નૃપ પાસ;
જાશે પુત્ર મળવા ભણી, તુમો પણ રહેજો પાસ. ૬

રાજાને તે વિનવી, તસ આયસ લહી ખેમ;
કામ તુમારો થાયશે, તિલકમંજરી પ્રેમ. ૭

સૂર્યવતીની ભાણેજી, ચંદ્રકળા વહુ જેહ;
તે પણ રાણીને મળે, વાધે બહુલ સનેહ. ૮

પિતા વયણ મિત્રે સુણ્યાં, તે કહે કુમરને જામ;
ચિંતે ચિત્ત એહવું તિહાં, કેમ પહોંચશે મન હામ. ૯

એમ વિચારી આવીયા, ભોજનશાલે કુમાર;
દિવસ ભાગ છે આઠમો, ભોજનને આચાર. ૧૦

કહે માડી મોદક દિયો, માયે કરી [૧]રુહાડિ;
પીરસ્યા મોદક બહુ પરે, કરી કરી બહુ લાડ. ૧૧

લાડૂ ગાડૂ જેવડા, લાખણીયા રસદાર;
કસ મસીયા સિંહ કેસરા, સુધા શાક સિરદાર. ૧૨

ખંડ ખંડ દેઈ સર્વને, વહેંચીને તેણી વાર;
વળી વૈકાલક વિધિ કરે, અશનાદિ સુવિચાર. ૧૩

નિજાવાસે આવી કરી, કહે ગુણચંદ્રને એમ;
કણકોટ પુરે થાપીયા, મંત્રી પ્રમુખ બહુ પ્રેમ. ૧૪

નામાં લેખાં તે કરો, એમ કહી જોડ્યો તથ્થ;
બીજા પણ બહુ જોડીયા, જે જે ઠામ સમથ્થ. ૧૫

ચંદ્રકળા ઘર આવીયા, આણી અતિ આણંદ;
ત્રિવિધ મેળ સવિ સાચવી, જેમ [૨]કલકંઠ [૩]માકંદ. ૧૬

૧. હોંશ ૨. કોયલ ૩. આંબો

## ॥ ઢાળ ચૌદમી ॥

(રાગ મારુણી—રામ ઘરણી કાં આણી રે—એ દેશી)

તાત કહ્યું સઘળું તિહાં દાખે, રાખે કાંઈ ન શંકા રે;
તું માહરે મન વલ્લભ બહુ છે, તાહરો કાંઈ ન વંકા રે;
વહાલી, ચંદ્રકળા તું રાણી, જોઈ હવે વળીઉં છે દાને;
તાતની બુદ્ધિ હણાણી હો વહાલી, ચંદ્રકળા તું રાણી. ૧

માત પિતા ગુરુ દેવની વાણી, અમૃતથી અધિક પહિચાણી રે;
તેં જાણી ને મેં નવિ જાણી, તેણે મુજ મતિ મુંઝાણી હો. વ૦ચં૦ ૨

યતઃ—अमृतरसादप्यधिका, शिक्षा मातुः पितुर्गुरुजनस्य
ये मन्यंते न मनाक्, ते विहिताः सर्वदा कुधियः

ભાવાર્થ—અમૃતરસથી પણ અધિક એવી માતાપિતા, ગુરુજનની શિક્ષાને જે કિંચિત્ પણ નથી માનતા તે કુબુદ્ધિ જાણવા.

એમ નિસુણીને ચંદ્રકળા ચિંતે, અહો નિર્ગર્વતા સ્વામી રે;
દાનશક્તિ જે ભક્તિ અનોપમ, અહો ગંભીરતા પામી હો. વ૦ચં૦ ૩

કહે સ્વામી તુમ પાવન મનથી, કિહાંયે અશુભ ન હોવે રે;
રાજઋદ્ધિ મળશે તુમ બહુળાં, દુઃખ તુમ સામું ન જોવે રે;
સ્વામી, જાઉં તુમ બલિહારી. ૪

શકુન ગ્રંથિ બાંધી તિહાં કુમરે, પ્રેમની ગાંઠ સંઘાતે રે;
કેટલાએક દિન દેશાંતરે જઈ, આવીશ હું સુખશાતે હો. વ૦ચં૦ ૫

ભાગ્ય તણી પણ પરીક્ષા લાભે, કૌતુક બહુ દેખીજે રે;
વજ્રાહત પરે એ વચન સુણી, હૃદયે અંચલ ભીંજે હો. સ્વા૦જા૦ ૬

હું વિષકન્યા કાંઈ ન વીસર્જી, કાંઈ પાલણડું નવિ ત્રુટૂં રે;
શ્વશુર વર્ગને દુઃખ હેતે થઈ, કાંઈ હૃદય ન ફૂટું રે. સ્વા૦જા૦ ૭

નાથ ઇહાં રહો મુજ [1]ઉપરોધે, કાંઈ અછે [2]ઉણેરું રે;
હય ગય રથ ધન કંચન કોડી, રયણ ઘણે ઘર પૂર્યું રે. સ્વા૦જા૦ ૮

ભાગ્ય તુમારું શું નવિ દીઠું, સંશય કોઈ ન મુજને રે;
રુદન કરંતી દેખીને કહે, [3]સમ છે માહરા તુજને હો. વ૦ચં૦ ૯

---

૧. પ્રતિબંધથી ૨. ઓછપ ૩. સોગન

તું ધણિયાણી તું કલ્યાણી, ધીર મધર મતિ જાણી રે;
સ્વભુજ નિર્મિત વિભવ રુચે છે, એહ મહત્વની ખાણી હો. વ૦ચં૦૧૦

માત પિતા મિત્ર સયણ સંબંધી, કોઈને હું નવિ પૂછું રે;
તુજશું પ્રેમ અછે મુજ ગાઢો, મનની વાત સવિ [૧]સૂચું હો. વ૦ચં૦૧૧

તે માટે મુજને દે અનુમતિ, આજ ઇચ્છિત કરું કાજ રે;
કહો તો હું તુમ સાથે આવું, જિહાં પતિ તિહાં સવિ રાજ હો. સ્વા૦જા૦૧૨

માતપિતાદિકનું દુઃખ મુજને, કોઈ ન ચિત્તમાં લાગે રે;
પણ તુમ દર્શનના વિરહથી, તે સવિ આવી લાગે હો. સ્વા૦જા૦૧૩

દૈવપણું મુજ એહવું આવ્યું, સુખ સઘળાં તુમ સાથ હો;
અભિમાનદ્રુમ ભાજી સવિ ગુણ, પંખી થયા અનાથ હો. સ્વા૦જા૦૧૪

काव्यं (शार्दूल०)

उड्डीना गुणपत्रिणः सुखफलान्याराद्विशीर्णान्यधः
पर्यस्ताः परितो यशस्तबकिताः संपल्लताः पल्लवाः
प्रागेव प्रसृताः प्रमोदहरिणा च्छायाकथांतर्गता
दैन्यारण्यमतंगजेन महता भग्नेऽभिमानद्रुमे १

**ભાવાર્થઃ**–મોટા દૈન્યરૂપ અરણ્યના હસ્તીએ અભિમાનરૂપ વૃક્ષ ભાંગ્યે છતે ગુણોરૂપ પક્ષીઓ ઊડી ગયાં, સુખરૂપ ફળ ઘણે દૂર પડી ગયાં તથા યશરૂપ પુષ્પ ચારે તરફ પડ્યાં, પૂર્વે પ્રશસ્ત થઈ એવી સંપદ્‌રૂપ લતા નાશ પામી, પ્રમોદરૂપ હરિણ અન્ય વૃક્ષછાયામાં જઈ બેઠાં.

સખીવૃંદ માંહે છું તોપણ, પતિ વિણુ સૂનું ભાસી રે;
પતિ વિણુ નયર તે વયર કરે બહુ, તેણે હું સાથે આસી હો. સ્વા૦જા૦૧૫

કહે કુંઅર એ મુજને જુગતું, પણ પગ બંધન મોટું રે;
પરદેશે ફરતાં લાગે છે, પગ ચલવું તે ખોટું હો. વ૦ચં૦૧૬

પતિવ્રતાનું એહિ જ લક્ષણ, જે પતિ કહે તે માન્ય રે;
મુજ કહેણથી તુમો ઘરે વસો, વાળો સહુનું વાન હો. વ૦ચં૦૧૭

દેવપૂજાદિક ધર્મ આરાધો, સાધો ગૃહીનો ધર્મ રે;
સમકિતમૂળ શીલ ગુણ રોપો, ઓપો પુણ્યનાં કર્મ હો. વ૦ચં૦૧૮

ધર્મ થકી મુજને સુખશાતા, તુમને પણ ઇહાં વારુ રે;
ભાવિ ભાવ તે હૃદયે ભાવો, સુખ દુઃખ આતમ સારુ હો. વ૦ચં૦૧૯

૧. સૂચવું

એમ કહીને પોતાને વસ્ત્રે, આંસુડાં તે લૂહે રે;
મણિ ભૂષણ હિતશિક્ષા દેઈને, પ્રેમ વચન પડિબોહે હો. વ૦ચં૦૨૦

દાસ દાસી સખી સહચર અનુચર, સહુની ભલામણ આપી રે;
પતિ જાવાનો નિશ્ચય જાણી, ભાષે એમ સમાપી રે. વ૦ચં૦૨૧

મત જાઓ એમ કહે અપમંગળ, જાઓ કહે નિઃસ્નેહ રે;
યથારુચિ કહે ઉદાસીનતા, દૂર રહ્યે દહે દેહ હો. સ્વા૦જા૦૨૨

સાથે આવું એ વચન અસત્યતા, [1]નાવું કઠિન એ વાણી રે;
[2]પ્રસ્થિત સમયે બોલી ન જાણું, નેહ [3]ગહેલી રાણી હો. સ્વા૦જા૦૨૩

કાર્ય કરી તુરત દર્શન દેજો, લેજો જગ જશવાદ રે;
શ્રીનવકાર તણી અંગ રક્ષા, ધરો ટાળી વિષવાદ હો. સ્વા૦જા૦૨૪

યતઃ—मागच्छेत्यपमंगलं व्रज इति स्नेहेन हीनं वच—
स्तिष्ठेति प्रभुता, यथारुचि कुरुष्वेत्येत्युदासीनता ।
स्वार्थेऽन्वेमीति चैत्यसद्ग्रहवचो नैमित्तिवाक् तुच्छता
प्रस्थानोन्मुख ते प्रयाणसमये वक्तुं कथं वेत्त्यहं ।।

**ભાવાર્થ—**ન જાઓ એમ કહું તો અમંગળ થાય, જાઓ એમ કહું તો સ્નેહવિનાનું વાક્ય કહેવાય, રહો એમ કહું તો મને અધિકારીપણું આવે, યથારુચિ કરો એમ કહું તો ઉદાસીનતા થાય, સાથે આવું એમ કહું તો કડવું વચન કહેવાય, નૈમિત્તિક વાત કહું તો તુચ્છતા થાય, તે માટે હે પ્રસ્થાન કરનાર સ્વામી, તમારા પ્રયાણ સમયે કેવી રીતે બોલું?

શિર શિરબંધે મુખે મુખ, પુટકાયે, વજ્રસન્નાહ રે;
હસ્તે આયુધ પદતલે રક્ષક, પંચ પદ ધરો ઉચ્છાહ હો. સ્વા૦જા૦૨૫

ચાર ચૂલાપદે આતમ રક્ષા, શિલાવજ્ર ભૂપીઠ રે;
વપ્ર વજ્રમય બાહિર કરવો, ખાઈ અંગાર સંપુઠ હો. સ્વા૦જા૦૨૬

વજ્રમંડપ કરી બાહિર રહેવું, એહવું નિશદિન કરવું રે;
માર્ગે રણ સંકટમાં વિશેષે, એહિ જ ચિત્તમાં ધરવું હો. સ્વા૦જા૦૨૭

અષ્ટ મહાભય નિકટ ન આવે, પાપ પંકજ સવિ જાવે રે;
સંપદ્ સઘળી વિણ તેડી આવે, વહાલાં મિલણું થાવે હો. સ્વા૦જા૦૨૮

૧. ન આવું ૨. પ્રસ્થાન સમયે ૩. ઘેલી

અહીં "પરમેષ્ઠીનમસ્કાર" એ સ્તોત્ર ભણવું, ન્યાસ, મુદ્રા, કવચ, પ્રસ્થાનાસનાદિ વિચાર ગુરુ મુખ થકી જાણી લેવો.

તુમ પંથે સવિ મંગળ હોજો, ફરી વહેલા આવેજો રે;
શ્વાસ પરે અમ સંભારેજો, સુખ પત્ર [1]નિયતે દેજો હો. સ્વા૦જા૦૨૯

યદુક્તં–तव वर्त्ममि वर्त्ततां शिवं, पुनरस्तु त्वरितं समागमः
अयि साधय साधयेप्सितं, स्मरणीया समये वयं वयः

**ભાવાર્થ**–તમને માર્ગને વિષે નિરુપદ્રવ વર્તજો, વળી તરત સમાગમ હોજો, વાંછિત સાધજો અને અમને અવસરે સંભારજો.

સ્નેહ ગોષ્ઠિનાં વચન ગ્રહીને, ફળ દીધું તે લીધું રે;
કાંઈ દ્રવ્ય તે ઉચિત લેઈને, હૃદય તે સ્ત્રીને દીધું હો. વ૦ચં૦૩૦

તિણહિ જ વેળા ઘરથી પુરથી, સાહસિક શિરદાર રે;
નિસરિયો ધરિયો નિજ કરમાં, તીખી અતિ તરવાર હો. વ૦ચં૦૩૧

કુબેર દિશે ચાલ્યો ધરી ચુંપે, નવનવ કૌતુક જોતો રે;
પુર ઉદ્યાન સર વાપી ગિરિ નદી, નિર્ઝરણા મઠ પહોતો હો. વ૦ચં૦૩૨

ધર્મ સહાયી મન નિરમાયી, જોઈ શકુનથી વાણી રે;
એકદિશે ઉદ્દેશી ચાલ્યો, ચતુર કળા ગુણખાણી હો. સ્વા૦જા૦૩૩

કિહાંએક ચોપઈ બંધે રાસક, બંધે ધ્રુવપદ બંધે રે;
રાધાવેધ સંબંધક શ્રીચંદ્રના, સુણે અદ્‌ભુત પ્રબંધે હો. સ્વા૦જા૦૩૪

તિલકમંજરી ઉપલંભાના દોધક, વાદ છંદ છપ્પાયા રે;
કિહાંએક વાયુવેગ તુરગ રથ, ગુણચંદ્રાદિ સહાયા હો. સ્વા૦જા૦૩૫.

ગોપાલિકા શાલિ ગોપી કૌટંબિની, ગાયે ગાયન બાલી રે;
કિહાં આરામણિ કિહાં હિંચોલા, રમતી રમણી બાલી હો. સ્વા૦જા૦૩૬

કોઈ કાતંતી કોઈ નાચંતી, કોઈ પાણીએ જાતી રે;
ખાંડણે પીસણે પાપડ વણાણે, રાત્રી જાગરણે ગાતી હો. સ્વા૦જા૦૩૭

યતઃ–खंडण पीसण जलवहण, बाहिर भूमि गयाइं;
देवभवण पाप्पडवणण, रसगुट्ठी महिलाइं. १

નિજ ગુણ નિજ કરણે સાંભળતો, મળતો સહુનાં મનમાં રે;
વેષ પરાવર્ત્ત કરી સુખશું, ફરે પુર ગિરિ સર વનમાં હો. સ્વા૦જા૦૩૮

૧. નિયમિત રીતે

હવે પાછળ ધીર મંત્રી પ્રભાતે, રાજસભાએ નૃપ આગે રે;
શ્રીચંદ્રને વિવાહ નિમંત્રણ, કારણ કરી બહુ રાગે હો. સ્વા૦જા૦૩૯

તિલકમંજરી કેરી વાત જ, ધીર પ્રધાને દાખી રે;
નિસુણી મન હરખ્યો અતિ રાજા, જ્ઞાનવિમલ ગુરુ સાખી હો. સ્વા૦જા૦૪૦

॥ દોહા ॥

સેનાની દીપચંદ્રનો, આવ્યો કન્યા સાથ;
તે પણ નિજ વીતક કહે, પય પ્રણમી નરનાથ. ૧

ચંદ્રકળા વિવાહનું, જે થયું સરસ ચરિત્ર;
રાજાએ પણ દાખીયું, સૂર્યવતીને પવિત્ર. ૨

સૂર્યવતી કહે માહરી, ચંદ્રવતી જે [૧]ભયણી;
તેહની ચંદ્રકળા સુતા, દેખું હર્ષિત નયણિ. ૩

નૃપ આદેશ લેઈ ગયા, કુમર તણે જવ ધામ;
ચંદ્રકળા ઉત્સંગમાં, લેઈ દીએ બહુ માન. ૪

તિહાં તેણે સવિ પૂછિયું, કુશળ ખેમની વાત;
કરમોચન દાન દેખીને, પ્રત્યેકે જે જાત. ૫

ચમત્કાર ચિત્ત પામીને, કહે રાજા કિહાં કુમાર;
રાજાને વળી શેઠીએ, મેળી બહુ પરિવાર. ૬

ઠામ ઠામ સઘળે તિહાં, જોવરાવ્યો કુમાર;
પણ કિહાંએ લાધો નહીં, જેમ મરુમાં [૨]સહકાર. ૭

તિહાં દુઃખ પામ્યા અતિ ઘણું, રાજા શેઠ પરિવાર;
શ્રીગુણચંદ્ર તો અતિ દુઃખી, રતિ નવિ લહે લગાર. ૮

થલગત મીન પરે ટળવળે, સંભારી તસ નામ;
પ્રેમ મહાદુઃખ હેતુ છે, એમ બોલે ગુણધામ. ૯

પ્રેમ તણો પ્રે લેઈને, યમનો લેઈ મકાર;
પ્રેમ ઇસી પરે નીપનો, તિણથી દુઃખ દાતાર. ૧૦

પ્રેમ પ્રેમ સહુ કો કરે, પણ પ્રેમ તે પૂરું વેર;
ગતિ મતિ છોડીને ફિરે, જાણે ખાંડ [૩]ગળેફ્યું ઝેર. ૧૧

૧. ભગિની, બહેન ૨. આંબો ૩. વીંટેલું

પ્રેમ તે પ્રાણીને કરે, પ્રાણ તણો પરવાસ;
પ્રેમ તે હિમ પર દાઝવે, મુખ મૂકે નિસાસ. ૧૨

શેઠ કહે નિર્ભાગ્ય હું, મૂલ્યે લિયું રથ ફેરી;
તેણે વયણેથી નીસર્યો, લીધું દુઃખ ઉદેરી. ૧૩

માતા કહે કદિ મુખથકી, નવિ માગે સુત કાંય;
મોદક આવી માગીયા, દીધા વળી વહેંચાય. ૧૪

પણ મેં ઇમ નવિ જાણિયું, જે કરશે એમ વિકલ્પ;
સુત વિણ સવિ સૂનાં થયાં, મંદિર શહેર સુખ તલ્પ. ૧૫

[1]જળે તેલ ખળે ગુહ્ય જેમ, પાત્રે પસરે દાન;
તેમ પસરી એ વાતડી, પુરમાં તેહ નિદાન. ૧૬

## ॥ ઢાળ પંદરમી ॥

(માલીકેરે બાગમે, દો નારિંગ પક્કે રે લો, અહો દો૰—એ દેશી)

સૂર્યવતી કહે નંદની, કેમ સ્વયંવરે થાપ્યો લો; અહો કેમ૰
કેમ વિવાહ એ નીપનો, કેમ દાયજો આપ્યો લો. અહો કેમ૰ ૧

વાત કહી સઘળી તિહાં, જેમ આવી પરણ્યા લો; અ૰
યાવત દીધું દાન જે, ગાયને ગુણ વરણ્યા લો. અ૰ ૨

રાજ્યકુળે થઈ વાત જે, કુમર નવિ દીસે લો; અ૰
ચંદ્રકળા ગેઈ ઘરે, ચિત્તે નવિ હીંસે લો. અ૰ ૩

ગુણચંદ્ર રુદતો તિહાં ગયો, દુઃખિયો ચંદ્રકળા પાસે લો; અ૰
કહો સ્વામી તુજ મુજ તણો, કિહાં ગયો કબ[2]આસે લો. અ૰ ૪

જો જાણો તો દાખવો, આધું દુઃખ થાવે લો; અ૰
વહાલા વિણ જે[3]દિહડલા, તે તો દુઃખમાં જાવે લો. અ૰ ૫

મુજશું અંતર નવિ હતો, પણ ન કહ્યું કાંઈ લો; અ૰
જાણું એ દુઃખ પામશે, બહુ એમ મન લાઈ લો. અ૰ ૬

એમ સુણી ચંદ્રકળા કહે, સવિ ગુહ્યની વાતાં લો; અ૰
તે કુણહી નવિ જાણિયો, જે નિશિમાં જાતાં લો. અ૰ ૭

---

૧. જલમાં તેલ, દુષ્ટ મનુષ્યના મનમાં ગુપ્ત વાત, પાત્રને આપેલું દાન જેમ ફેલાય છે, ગુપ્ત રહેતા નથી તેમ. ૨. આવશે ૩. દિવસ

અહો અહો મનની ગૂઢતા, અહો અહો સાહસ ધીઠા લો; અ૦
તે સજ્જન કેમ વીસરે, જેહના ગુણ મીઠા લો. અ૦ ૮

રાજાદિક સવિ નયર તે, લોકે નવિ પાયા લો; અ૦
એમ દિન ત્રય લગે [1]સોચીયા, માનું રયણ ગમાયા લો. અ૦ ૯

અન્નપાન ને બહુમાન, વાણિજ્ય વ્યાપારા લો; અ૦
ગીત ગ્યાન શુભધ્યાન તે, નવિ કેણે ધાર્યા લો. અ૦ ૧૦

હવે ચોથે દિન જ્ઞાની મુનિ, કોઈ તિહાં આવ્યા લો; અ૦
નૃપ નૃપપત્ની ને શેઠ, પ્રમુખ સમુદાયા લો. અ૦
અહો ચંદ્રકળા સહાયા લો. અ૦ ૧૧

વંદી મુનિના પાયને, ઠાય આપ આપણે લો; અ૦
બેઠા ચિત્તડું લાઈને, મુનિ દેશના પભણે લો. અ૦ ૧૨

દેશના અંતે સૂરજવતી, કહે સાધુજી લો; અ૦
મેં જયભયથી પુત્ર જે, મૂક્યા નિર્બાધેજી લો. અ૦ ૧૩

ઉપવનિકામાં પુષ્ફ, તણે સમુદાયે લો; અ૦
તિહાંથી લીધો કેણે, કહો જેમ સુખ થાવે લો. અ૦ ૧૪

જ્ઞાન થકી તવ સાધુજી, ભાષે સહુ સુણીએ લો; અ૦
ભદ્રે ભાગ્યવંત પુત્ર તે, તેહની સુણીએ લો. અ૦ ૧૫

તસ હિત જાણ ગોત્રજ, દેવી કુળ ધણીએ લો; અ૦
જિહાં મૂક્યો છે તેહ, કહું હવે ભણીએ લો. અ૦ ૧૬

લક્ષ્મીદત્ત શ્રેષ્ઠી અછે, લખમીવતી રાણી લો. અ૦
કોટીધ્વજની કીરતિ અછે, જગમાંહે જાણી લો. અ૦ ૧૭

મૂક્યો તિહાં તુજ પુત્રને, તે પુત્ર પરે પાલે લો; અ૦
નામ દિયો શ્રીચંદ્ર તે, મુદ્રિકા નિહાલે લો. અ૦ ૧૮

અરે રાજન! તુમે પહિલાં, [2]અંકે બેસાર્યો લો; અ૦
તિહાં રે અંતર સ્નેહનો, ઘણો મન ધાર્યો લો. અ૦ ૧૯

કણકોટ નયરનું, રાજ્ય દીઉં અતિ નેહે લો; અ૦
તન દીઠે તપે, તન્ન એ લોકે કહીએ લો. અ૦ ૨૦

૧. દુઃખી થયા. ૨. ખોળામાં

દાન ગુણે એ ઉદારને, દેખી શેઠ બોલે લો; અ૦
વણિક કુલે એ વાત, નૃપતિ કુલ તોલે લો. અ૦ ૨૧

વચને દુમણો હોઈને, ગયો તે વિદેશે લો; અ૦
મળશે ભૂપતિ હોઈને, તુમને એક વરસે લો. અ૦ ૨૨

ઇમ નિસુણી મુનિવયણને, સયણ સવિ હરખ્યાં લો; અ૦
બમણો વાધ્યો પ્રેમ તે, બેહુ કુલ નિરખ્યાં લો. અ૦ ૨૩

નૈમિત્તિકનું વચન જે, મળ્યું જ્ઞાની વયણે લો; અ૦
ચિંતે મનમાંહે એમ, જોશું કદિ નયણે લો. અ૦ ૨૪

ચંદ્રકળા ગુણચંદ્ર તે, વિશેષે સુખીયા લો; અ૦
સજ્જન ઉન્નતિ વાતને, સુણી ખલ દુઃખીયા લો. અ૦ ૨૫

માગધ પંડિત લોક, કવિત બહુ ભાખે લો; અ૦
શ્રીગુણચંદ્ર ગુણના તેહ, દાન બહુ દાખે લો. અ૦ ૨૬

મુનિ નમિ નિજ થાનકે, જાયે સવિ આનંદી લો; અ૦
ઉત્સવ પુરમાં થાય, છોડ્યા સવિ બંદી લો. અ૦ ૨૭

સૂર્યવતી કહે ગંધ, મતંગજ માહરે લો; અ૦
તે પટ હસ્તી હોઈ, આવે સુત જિહા રે લો. અ૦ ૨૮

ચંદ્રકળા હવે કિહાં રે, ભૂપતિ ગેહે લો; અ૦
શેઠ ઘરે વળી કિહાં રે, શ્વસુર પખ નેહે લો. અ૦ ૨૯

કિહાંરેક શ્રીપુર માંહે, સુખે તિહાં રહતી લો; અ૦
ધર્મ તણા ઉચ્છરંગ, સદા તિહાં કરતી લો. અ૦ ૩૦

ધર્મ થકી સવિ વંછિત, સીઝે સહેલાં લો; અ૦
ઇષ્ટ સયણ સંયોગ, આવી મળે વહેલાં લો. અ૦ ૩૧

અવસર ધર્મનો પામી, કરે નવિ પહેલાં લો; અ૦
તે જાણો નરમાંહે, ગણીજે ઘહેલાં લો. અ૦ ૩૨

यतः–धर्मोऽयं धनवल्लभेषु धनदः, कामार्थिनां कामदः,
सौभाग्यार्थिषु तत्प्रदः किमपरं पुत्रार्थिनां पुत्रदः
राज्यार्थिष्वपि राज्यदः किमथवा नानाविकल्पैः कृतै,
स्तत् किं यन्न करोषि किंतु कुरुते स्वर्गापवर्गा अपि.

**ભાવાર્થ**–ધર્મ જે છે તે ધન જેને વહાલું હોય છે તેને ધન આપનારો છે, કામની ઇચ્છા કરનારને કામ આપનારો છે, સૌભાગ્યના અર્થીને રૂડું ભાગ્ય દેનારો થાય છે. વળી પુત્રેચ્છાવાળાને પુત્ર આપનાર છે. રાજ્યની ઇચ્છા કરનારને રાજ્ય આપનારો છે. વધુ શું કહીએ? નાના પ્રકારના વિકલ્પોએ કરેલો ધર્મ શું શું નથી કરતો? અર્થાત્ સર્વ કાંઈ પ્રાપ્ત કરાવે છે. વળી સ્વર્ગ અને મોક્ષને દેનારો એવો ધર્મ છે.

## ॥ ઢાળ સોળમી ॥

(રાગ ધન્યાશ્રી)

ધર્મ પ્રભાવે પ્રગટે સઘળી સંપદા રે, રૂપ સુભગ સૌભાગ્ય;
ધર્મે જીવિત દીર્ઘ રોગ ન સંપજે રે, જેહને ધર્મશું રાગ;
સાંભરિયાં હવે આગે ગુણને ગાયવા રે. ૧

આપદ અટવી સંકટ નિકટ ન આવહી રે, ભય થાયે વિસરાલ;
કીરતિ કમળા વિમળા તેહની વિસ્તરે રે, જેહને ધર્મનો [૧]ઢાલ. સાં૦૨

રોગ શોગ વિયોગ વિલય જાયે સદા રે, સુમતિ સુંદરી સંયોગ;
મંગળમાલા લચ્છી વિશાળા તસ ઘરે રે, આયતી મુક્તિનો ભોગ. સાં૦૩

એ બીજો અધિકાર કર્યો મેં મતિ થકી રે, ચરિત્ર તણે અનુસાર;
ચાર પુરુષારથ પરે એ જાણીએ રે, અર્થ સુરૂપ વિચાર. સાં૦૪

જ્ઞાનવિમળ ગુરુ વયણ હૃદયમાં સાંભળી રે, સયણ લહ્યાં આણંદ;
ભણતાં ગુણતાં સુણતાં સજ્જનને હોયે રે, વંછિત સુરતરુ કંદ. સાં૦૫

॥ સર્વ ગાથા ૮૪૨ ॥

इतिश्री श्रीचंद्रस्य राधावेधविधानं त्वरितगृहागमन रथतुरगगतिगमन चंद्रकलापाणिग्रहकरणकरमोचन महादानपश्चाद् गृहागमनजयंतादिकुमरकुशिक्षित वीणारव गायनदानमार्गणअश्वदाने रथार्पण तत्श्रुतजनकखेदप्रापण विषवाद विधुरीतगृहान्निर्गमन एकाकीगमन पश्चात् मुनिवचने ज्ञापित श्रीचंद्रगमन राज्यप्राप्तिवर्षांते मिलन कथन परमानंद प्रापण इत्यादि चरित्रनिबद्ध नामा आनंदमंदिर नाम्नि महारासके द्वितीयोऽधिकारः संपूर्णः

૧. આશ્રય, શરણ

# ॥ अथ तृतीयोऽधिकारः प्रारभ्यते ॥

## ॥ દોહા ॥

બ્રહ્માણી વરદાયકા, વરગુણ મણિ ભંડાર;
વંછિત પૂરણ સુરલતા, જિનવાણી વિસ્તાર. ૧
જગદંબા જગદીશ્વરી, જયવંતી જગમાંહિ;
શક્તિરૂપ સઘળે ફિરે, ત્રિભુવન જેહની છાંહિ. ૨
કમલકરા કમલેક્ષણા, કમળ કોમળ સમ વાણ;
કમલાનના કમલાસના, વીણા પુસ્તક [૧]પાણ. ૩
તેહ તણી સાન્નિધ લહી, વળી ગુરુનો સુપસાય;
હવે આગળ શ્રીચંદ્રની, કથા કહું સુખદાય. ૪
મુદિત મને મેદિની ફરે, જોતાં નવનવ રંગ;
કિહાંએક રથ કિહાંએક હયે, કિહાંએક ચરણને સંગ. ૫
કિહાં દિવસે કિહાં રજનીયે, કિહાં પરગટ પ્રચ્છન્ન;[૨]
પરમેષ્ઠી પદ ધ્યાનથી, સદા મને સુપ્રસન્ન. ૬
ગુરુદત્ત ઔષધિ યોગથી, સઘળે નિર્ભય હેત;
આપદ્ તે સંપદ્ હુયે, જેહને પુણ્યસંકેત. ૭
વણિક હાટ દીનાર દેઈ, કરે ભોજનનું કાજ;
શેષ દીનારનો નવિ લિયે, સંતને હોયે મુખ લાજ. ૮
પાંચ સાત સાથે જમે, પણ એકાકી નવિ ખાય;
[૩]દુસ્થિતને છાનું દિયે, પરદુઃખ દેખી દૂણો થાય. ૯
શ્રીચંદ્ર ચંદ્ર કિરણ પરે, કુમુદામોદ કરંત;
સુખ શાતામાં [૪]મહીયળે, વિચરે તે વિલસંત. ૧૦

## ॥ ઢાળ પહેલી ॥

(રાગ મલ્હાર, આવ્યો રે આવ્યો રે, આવ્યો જલધર ચિહું પખે—એ દેશી )

ચાલ

હવે એક દિન રે તરુ ઉપર વાસો વસે,
તિહાં દેખે રે છાયા તનુની એક રસે;
અજુઆળી રે નિશિ પણ પુરુષ ન દેખીએ,
મન ચિંતે રે એ કાંઈ અચરિજ લેખીએ. ૧

---

૧. પાણિ, હાથ ૨. ગુપ્તપણે ૩. દુઃખીને ૪. પૃથ્વી પર

ત્રૂટક

લેખીએ એ કોઈ સિદ્ધ નર છે, અંજનાદિક યોગથી,
સંભવી એહવું ગયો પૂઠે, જોઉં શું છે ભોગથી;
શિર ભાર વહેતો તેહ જાણી, જાયે જવ તસ પાછળે,
છાયા ન દેખે તેહની તિહાં, વૃક્ષ ઘન જિસ્યા મળે. ૨

ચાલ

રહ્યો ઊભો રે, વિસ્મય થઈને તિહાં કિણે,
રવિ ઊગ્યો રે, દેખી પદ પદ્ધતિ મુણે;
અનુસારે રે, પગલાં લેઈ ચાલીયો,
આગે જાતાં રે, મહા પર્વત એક ભાળીયો. ૩

ત્રૂટક

ભાળી તિહાં એક ગુફા મોટી, માંહે પગ તે પેસતાં,
પણ ન દેખે નીસર્યાનાં, જાણી મન કરે સામતા;
તસ પાસે વાપી અછે તિહાં તરુ, મૂલ કોટર એક છે,
તિહાં નીર ફળ આહાર કરીને, રહ્યો તેહમાં તે પછે. ૪

ચાલ

જોવે દૃષ્ટે રે, કુમર તિહાં તસ વાટડી,
ત્રીજે યામે રે, જે થયો તે સુણો ચાપડી;
ગુફામાંહેથી રે, પુરુષ એક તે નીકળ્યો,
[૧]ધુંસર વેશે રે, યુવા ચોર તે અટકળ્યો. ૫

ત્રૂટક

અટકળ્યો વાવે જળ પીઈને, લેઈ વારી પાછો ફરે,
મૂકી જળ તિહાં ફરી પાછો, ગુફામાંહેથી નીસરે;
શિલા દેઈ વાવે આવી, સ્નાન મજ્જન તિહાં કરી,
ગાંઠ છોડી તેણે સમયે, ગુટિકા લેઈ મુખમાં ધરી. ૬

ચાલ

તદનુભાવે રે, અદૃશ્ય થઈ તે ચાલીયો,
છાયા દેખી રે, આતપે પુર ભણી હાલીયો;
ગયો દૂરે રે, જાણી કુમર પાછો ફર્યો,
આપ બળથી રે, શિલા ઉઘાડી માંહે [૨]ગર્યો. ૭

૧. તેલી, ઘાંચી ૨. ગયો

ત્રૂટક

તે ગર્યો [૧]દરીમાં એક મોટું, ગેહ દેખે રયણે ભર્યું,
તે માંહે તરુણી એક કન્યા, મધ્ય યૌવન આચર્યું;
કહે ભગિની કેમ એકાકી, રહે ઇહાં કિણ કારણે,
તવ સજળ નેત્રે કહે વિદેશી, ચરિત્ર મારું જે સુણે. ૮

ચાલ

નાયકપુર રે, વિપ્ર વસે સારથિપતિ,
અધિકારી રે, નાયક પણ છે દ્વિજપતિ;
મંત્રી પણ રે, રવિદત્ત નામે ભૂદેવ છે,
તસ પત્ની રે, શિવમતી નામે સુશેવ છે. ૯

ત્રૂટક

શિવમતી તે હું ઇહાં આવી, તેહ કારણ સાંભળો,
તે ગામમાં થાયે નિત્યે, [૨]ચોરિકાનો મામલો;
તિહાં ગામ લોકે મળીને કહ્યું, દ્વિજપતિને ચોરનો,
ભયનિરાસને કરણ હેતે, કરે આરક્ષક જોરનો. ૧૦

ચાલ

કહે રક્ષક રે, સિદ્ધ ચોર કોઈ અછે,
તસ નિરતજ રે, ન પડે જિહાં તિહાં તે ગચ્છે;
જે ઝાલે રે, બીડું તસ ઘર તે મુખે,
તેણે કારણ રે, ગામમાં કોઈ ન રહે સુખે. ૧૧

ત્રૂટક

સુખે કોઈને નીંદ નાવે, કહ્યું મંત્રી તેડીને,
તુમથી જો ન વળે ચોર તેહ તો, મંત્રીપદ દ્યો છોડીને;
ધણી કુશસ્થળ દેશનો તે, તેહ રક્ષા [૩]કીજશે,
તેહ તુમને બહુ પરે હવે, ભળી શિક્ષા દીજશે. ૧૨

ચાલ

એમ નિસુણી રે, મંત્રી મનમાં કંપીયો,
કહે સુણો સ્વામી રે, હું ચોર ગ્રહું એમ[૪]જંપીયો;
લાજ દાક્ષિણ રે, છોડી ન જાયે ઉત્તમે,
જે ગિરુઆ રે, તે સઘળી વાતે નમે.૧૩

૧. ગુફામાં ૨. ચોરીનો ૩. કરશે ૪. બોલ્યો

ત્રૂટક

ભમે પુરમાં ચોર ગ્રહવા, આપ ઘર ખાલી કરી,
તવ ચોર આવ્યો કાંઈ ન દીઠું, ગ્રહી મુજને આકરી;
વસ્ત્રે કરી કર [1]આસ્ય બાંધી, ખંધે કરી ઇહાં લાવીયો,
રોષે કરી અવર ઘરમાં, દ્રવ્ય કાંઈ ન પાવીયો. ૧૪

ચાલ

ચોર ભાષે રે, હું રત્નાકર નામ છું,
તે દિનથી રે, એકલડી ઇણે ઠામ છું;
અરે બાંધવ રે, અવર કાંઈ જાણું નહીં,
એ તસ્કર રે દૃશ્ય અદૃશ્ય હોયે કિહાં કહીં. ૧૫

ત્રૂટક

કિહાંયે ગયો છે નિશા શેષે, ફિરી ઇહાં તે આવશે,
એમ દિન થયા ત્રણ આજ મુજને, ન જાણું શું થાવશે;
પણ બાળપુત્ર વિયોગ મુજને, હૃદયમાં ખટકે ઘણું,
હવે તુમે કોણ કિહાંથી આવ્યા, મુજ ભાગ્યથી કહો તે સુણું. ૧૬

ચાલ

કહે કાપડી રે, હું વિદેશી પંથી અછું,
મન ભાવે રે, જિહાં રુચે તિહાં રહું ગછું;
એમ નિસુણી રે, કહે તું ધર્મબાંધવ સહી,
બાંધી મોક્ષનું રે, ફળ મોટું બોલ્યું સહી. ૧૭

ત્રુટક

સહી માહરે બંધુ જાણું, જે વિયોગ પતિ સુત તણો,
તેહ [2]ભંજો આજ મારે, બહેન મુજને કરી ગણો;
દરી માંહેથી તેહ કાઢી, શિલા ફરીને દૃઢ કરી,
અનુક્રમે તેહને નગર આણી, મેળવી તે સુંદરી. ૧૮

ચાલ

તસ કંતે રે, સત્ત્વ પ્રશંસ્યું તેહનું,
શિવમતીએ રે, ભક્તિ કરે હિત જેહનું;
બહુ આપે રે, કંચન [3]પ્રમુખ તે નવિ લીએ,
ઉપકૃતિ કરી રે, ફરી વંછે તે [4]નંદીએ. ૧૯

૧. મોઢું ૨. ભાંગો ૩. વગેરે ૪. નિંદીએ

ત્રૂટક

નંદીએ નહીં તેહ સજ્જન, જે ઉપકૃતિ કરી ઇચ્છીએ,
તોહે પણ સંભારવાને, આપ મુદ્રા તે દીએ;
તિહાં થકી હવે ફિરી ચોર થાનક, જોયવાને તરુ તળે,
આવી ઊભો રહ્યો જેતે, તેહવે તિહાં અટકળે. ૨૦

ચાલ

એહવે એક રે, મ્લાન વદન નર આવતો,
ચોર જાણી રે, પાસે તેહ બોલાવતો;
માંહોમાંહે રે, પૂછે નામ સોહામણું,
કહે કાપડી રે, લક્ષ્મીચંદ્ર નામ મુજ તણું. ૨૧

ત્રૂટક

ભણું માહરું નામ રત્નાકર, કુમર ચિંતે જો એ કહે,
તો ઉઘાડું દ્વાર દરીનું, હૃદય કોણ કેહનું લહે;
કુમર પૂછે કેમ સચિંતા, મિત્ર દીસો છો તુમો,
કહે કલ્પિત એહ ઉત્તર, કાર્ય બહુ શિર છે અમો. ૨૨

ચાલ

કહે એહવી રે, વાત [1]નિવાત પરે મીઠડી,
એહવે આવ્યા રે, [2]અધ્વગ પંચ તિણ વાટડી;
માંહોમાંહે રે, સુખ પૃચ્છા કરે જેટલે,
મુખથી ગુટિકા રે, બાંધે ચોર વસ્ત્રાંચલે. ૨૩

ત્રૂટક

ભલી બુદ્ધે કુમરે દીઠી, ચિંતવે મન એહવું,
એહ ગુટિકા ગ્રહણ કાજે, છળ કરું કંઈ તેહવું;
શિર વસ્ત્ર બેહુનાં કરી ભેળાં, હસી કહે એમ વાતડી,
શિલા તળે એ વસ્ત્ર મૂકી, જોઈએ એકલ જડી. ૨૪

ચાલ

નિજ બળથી રે, જે કાઢે તેહને દીઉં,
[3]હેમમુદ્રા રે, માંહે છે તોપણ લીઉં;
એમ પણ[4] કરી રે, પંચ કર્યા તિહાં સાખીયા,
ચોરે લોભથી રે, પણ સાચું એમ ભાખીયા. ૨૫

૧. સાકર ૨. મુસાફર ૩. સોનાની વીંટી ૪. પ્રતિજ્ઞા

ત્રૂટક

રાખીયા તે બેહુ શિલા હેઠે, વસ્ત્ર કુમરે મૂકીયા,
નિષ્કાસણને જોર બહુલો, ચોર કરી તે ચૂકીયા;
કુમરે બળથી સર્વ લીધાં, વસ્ત્ર સહુ સાખે તદા,
ગુટિકા સંયોગે કુમર હરખ્યો, ચિત્તમાંહે અતિ મુદા. ૨૬

ચાલ

તે પંચમાં રે, ફળ પાકાં સહકારનાં,
મૂલ્યે લેઈ રે, વહેંચી દીયે તેણી વારમાં;
સહુ ખાવે રે, તૃપ્ત થયા મન અતિ ઘણું,
ચોર ચિંતે રે, ઉઘાડે એ ગુફા બારણું. ૨૭

ત્રૂટક

બારણું એ જો જાણશે તો, ગુફા માહરી જોયશે,
તો હવે માહરું જોર ઇહાં કણે, કિશું આગળ થાયશે;
એહવે નાયકપુર ધણીનો, તૂર રવ તવ સાંભળ્યો,
તે પંચ નાઠા પ્રથમ તિહાં કણે, ચોર પણ દશ દિશ પુળ્યો. ૨૮

ચાલ

હવે [૧]કાપડી રે, વિજય ને વસ્ત્રાદિક ગ્રહી,
તે ગુટિકા રે, મુખ દેઈ અદૃશ્ય તિહાં રહી;
તરુ ઉપર રે, સાવધાન જોઈ સહી,
ભૃગુ કટકના રે, નર પાળા આવ્યા વહી. ૨૯

ત્રૂટક

વહી આવે પદ વિલોકે, ચોર તે દીઠા નહીં,
ગયા ક્યાં ઇમ સુભટ ભાષી, નિજ પુરે તે ગયા વહી;
કુમર પણ કોઈ દિશે ઉદ્દેશી, ચાલીયો મહી મંડળે,
ગુટિકા પ્રભાવે એક સમયે, પાયસાલે જઈ મળે. ૩૦

ચાલ

તિહાં સૂતા રે, પંથી બહુ દેશ-દેશના,
તસ વાણી રે, નિસુણે કાને એકમના;
વેતાલિક રે, એક બોલ્યો ગાથા કહી,
છપ્પયમાં રે, તે બોલ્યો સુણજો સહી. ૩૧

૧. કાર્પાટિક, સંન્યાસી

ત્રૂટક

કહી એહવું ગાહા ભાખે, કુમર તવ તિહાં સાંભળે,
તવ એક[1] અપર વિદેશી બોલ્યો, વચન તારું નવિ મળે;
તે શેઠ કેરો પુત્ર સુણીયો, તું કહે નૃપનંદનો,
તે વાત મળતી નહીં તવ ફરી, કહે[2] બંદી શુભ મનો. ૩૨

છપ્પય

રાધાવેધ વિધાને, તિલકમંજરીએ વરિયો,
પદ્મિની ચંદ્રકલાએ, જિણ વરિયો બહુ પરવરિયો;
શીખી કળા જેણે સર્વ, ગુણી ગુણધર ગુરુ પાસે,
ગુણચંદ્ર મિત્ર સુવેગ, અશ્વરથ દાન વિલાસે.
શ્રીપ્રતાપનૃપ કુલતિલો, સૂર્યવતી સુત ચિરંજયો,
શ્રીચંદ્રકુમર તે સાહસી, નામ લિયે આનંદ ભયો. ૧

अथ गाहा

नयरे कुसस्थलं मिय, पुहवि स पयावसिंह कुलचंदो;
सिरि सूरियवई तणुओ, सिरिचंदो जयउ भुवणयले. १

रायावेह विहिए सयंवरे वरिओ तिलयमंजरीए;
सव्व निव्व गव्व हरणो, वीरिक्को जयउ सिरिचंदो. २

सिंहपुरवर नरेसर, सुहगांग सुयाइ पुव्वभव नेहो;
पउमणि चंदकलाए, परणीओ जयउ सिरिचंदो. ३

અર્થ–૧. કુશસ્થળ નગરના પ્રતાપસિંહ પૃથ્વીપતિના કુલચંદ અને સૂર્યવતીના પુત્ર એવા શ્રીચંદ્ર પૃથ્વીતલ પર જયવંત વર્તો. ૨. રાધાવેધ વિધિથી સ્વયંવર મંડપમાં તિલકમંજરી જેને વરી, તે સર્વ રાજાઓનું ગર્વ હરનારો એવો વીરશ્રેષ્ઠ શ્રીચંદ્ર જયવંત વર્તો. ૩. સિંહપુરના રાજા શુભગાંગની પુત્રી પદ્મિની લક્ષણવાળી ચંદ્રકલા પૂર્વભવના નેહથી જેને પરણી તે શ્રીચંદ્ર જયવંત વર્તો.

ચાલ

હું હમણાં રે, કુશસ્થલ નયરે હતો,
આવી પદ્મિની રે, ચંદ્રકળાશું રહે મળપતો;
વીણારવને રે, દાન દિયું રથનું જિહા,
દુહવાણો રે, દિલમાં શેઠ ઘણું તિહાં. ૩૩

૧. અપર=અવર, બીજો ૨. ચારણ, ભાટ

ત્રૂટક

કિહાં એહવું દાન ન સુણ્યું, રાજા વિણ પરલોકને,
ઇત્યાદિક વચને રોષ પામી, કુમર પામ્યો શોકને;
એહવે ધીર પ્રધાન આવી, રાય વિનવીને કહે,
શ્રીચંદ્રને તુમો દિયો આદેશ, તિલકમંજરી કર ગ્રહે. ૩૪

ચાલ

તવ નરપતિ રે, કુમરની ખબર કરે જિસે,
તવ સુણિયો રે, ગયો પરદેશે કુમર તિસે;
તેણે દુઃખથી રે, દુઃખીઓ પુરજન નૃપકુલં,
નવિ ચાલે રે, ભાવિકર્મ પ્રતિ બળં. ૩૫

ત્રૂટક

બળ કાંઈ ન ચલે કર્મ સાથે, કહે સવિ મળી ભાવિયા,
એહવે જ્ઞાનવિમળ ગુરુ તિહાં, અતિ આનંદે આવિયા;
સૂર્યવતીએ પ્રશ્ન કીધો, [1]આપ પુત્ર અછે કિહાં,
જ્ઞાનબળથી સર્વ ભાખ્યું, ચરિત્ર યાવત્ ગમન જિહાં. ૩૬

**॥ દોહા ॥**

હમણાં પરદેશે ગયા, તે શ્રીચંદ્ર કુમાર;
વરસ અંતે મળશે સહી, જોડી રાજ્ય પરિવાર. ૧

રાજા રાણી હરષિયાં, સુણી નિજ પુત્રની વાત;
શેઠ શેઠાણીને કહે, ધન ધન તુમો માય તાત. ૨

ગીત કવિત તિહાં તેહનાં, કહે બહુ બંદી ભટ્ટ;
દાન માન પામ્યા ઘણા, ગલી ગલી ગહગટ્ટ. ૩

તિહાં મેં પણ બહુ ધન લહ્યું, જાઉં છું નિજ ગેહ;
તે માટે મેં ભાષિયો, રાજપુત્ર સસનેહ. ૪

એહ ચરિત્ર નિજ સાંભળી, જે પામ્યો આનંદ;
તે તો જાણે કેવળી, અપર ન જાણે મંદ. ૫

પ્રીતિદાન તસ આપિયું, કુમરે તેણી વાર;
ગુડ ઘૃત પ્રમુખ પરને દીએ, જે પંથીજન ધાર. ૬

વળી તેહિ જ વેશે કરી, આગળ ચલ્યો કુમાર;
દૃશ્ય અદૃશ્ય કિહાં કણે, નિજ ઇચ્છા અનુસાર. ૭

---

૧. પોતાનો

અનુક્રમે અટવી પામિયા, દુઃસ્થિત દંડાકાર;
પુણ્યબળે તે સાહસી, કરુણાવંત કુમાર. ૮

તિહાં રાત્રે એક તરુ તલે, આવી રહે કુમાર;
તે તરુ શુક સ્થાનક અછે, નિશા મુખે તેણીવાર. ૯

ચણી કરી તિહાં શુક ઘણા, આવ્યા બોલે વાણ;
કોણ કિહાંથી આવિયા, પૂછે તેહ સુજાણ. ૧૦

વૃદ્ધ[1]કીર એક બોલિયો, ત્રણ દિને આવ્યો છું આજ;
તવ લઘુ શુક કહે તાતજી, શું એહવું હતું કાજ. ૧૧

કે કોઈ અચરિજ દીઠડું, તિણથી કાલવિલંબ;
તવ [2]જીરણ શુક દાખવે, સુણો વત્સ અવિલંબ. ૧૨

**॥ ઢાળ બીજી ॥**

(ભો નણદી હો લાલ ઝરુખે દિલ લગા—એ દેશી. એલાચીના રાસમાં છે.
અથવા મોરા સ્વામી હો, વાત સુણો એક સાચી—એ દેશી)

હાંરે નાના સૂડા હો, હાંરે નાના વચ્છા હો, વાત સુણો એક માહરી.
જે નિસુણીને આનંદ પામો, કરો તુમચી મતિ સારી.
મારા નાના સૂડા હો, વાત સુણો એક માહરી.

પૂરવ દિશે માહેંદ્ર નયર છે, તિહાં ત્રિલોચન રાજા; મા૦
ગુણસુંદરી નામે પટરાણી, જેહના સબળ દીવાજા. ના૦વા૦૧

સુતા સુલોચના છે [3]જાત્યંધા, ચોસઠ કળાની પ્રબંધા; મા૦
સા મતિ નયન હૃદયથી જાણે, શાસ્ત્રના સકળ સંબંધા. ના૦વા૦૨

રાજા મંત્રી પ્રત્યે એમ ભાષે, એ [4]પટુ-લોચન થાય; મા૦
પડહ વજાવો નયરમાં એહવો, જેમ કોઈ પરગટ થાય. ના૦વા૦૩

જે સાજાં કરે લોચન તેહને, અર્ધ રાજ્ય ને પુત્રી; મા૦
તેહને આપું થાપું પાસે, રાખું તેહશું મૈત્રી. ના૦વા૦૪

માસ પાંચ થયા [5]ડિંડિમ વાજે, છઠો માસ છે બેઠો; મા૦
પણ તસ ભાગ્ય બળેથી કોઈ, આજ લગે નવિ દીઠો. ના૦વા૦૫

લઘુ કીર એક બોલ્યો તત્ક્ષણ, કહો તાતજી સોઈ; મા૦
એવું ઔષધ કોઈ કિહાં છે, જેહથી નયન [6]સજ્જ હોઈ. ના૦વા૦૬

૧. પોપટ ૨. વૃદ્ધ ૩. જન્મથી અંધ ૪.સ્વસ્થ લોચનવાળી, દેખતી ૫.નગારાં ૬. સ્વસ્થ

વૃદ્ધ કહે એહનું છે ઔષધ, શિશુ કહે ઇહાં અથ દૂરે; મા૦
વૃદ્ધ કહે ઇહાં અછે પણ એ, ગુહ્ય ન કહિયે નિશિપૂરે. ના૦વા૦૭

यतः–दिवा निरीक्ष्य वक्तव्यं, रात्रौ नैव च नैव च;
संचरति महाधूर्तः वटे वररुचिर्यथा. १

**ભાવાર્થઃ**–દિવસમાં ગુહ્ય વાક્ય જોઈને બોલવું, અને રાત્રિમાં તો બોલવું જ નહીં; કારણ કે રાત્રિમાં ધૂર્ત જનો ફર્યા કરે છે. તેમ કરતાં જો બોલીએ તો વડમાં વરરુચિની પેઠે થાય.

બાળક સ્ત્રી મૂરખ કેરો, હઠ છોડ્યો કિમહી ન છૂટે; મા૦
કહે તાતજી તે છે તો દાખો, જેમ મન સંશય ખૂટે. ના૦વા૦૮

એહિ જ તરુમૂલે દોય વલ્લી, સપ્રભાવ પીતવર્ણી; મા૦
એક અમૃત સંજીવિની છે, બીજી નિર્ઘૃણ વ્રણની હરણી. ના૦વા૦૯

પહેલીનાં દળ લાંબાં પહોળાં, બીજીનાં દળ નાનાં; મા૦
વૃત્તાકારે શસ્ત્ર નિવારે, એહ લતાનાં માનાં. ના૦વા૦૧૦

તેહ વચન કુમરે સવિ સુણીયાં, ગુણીયા થઈ એકંગે; મા૦
તે ઔષધિ યુગલ લેઈ ચાલ્યા, તે પુર દિશિ મનરંગે. ના૦વા૦૧૧

ત્રણ દિને તે અટવીને અંતે, આગળ જાતાં આવ્યો; મા૦
ઉદ્વશ જનપદ નયર પણ ઉદ્વશ, શોભાએ ચિત્ત ભાવ્યો. ના૦વા૦૧૨

[1]કૂપારામ સરોવર વાપી, તરુ છાયાએ શોભે; મા૦
ગઢ મઢ મંદિર પોલ વિપણની, શ્રેણી દેખી મન થોભે. ના૦વા૦૧૩

પણ નર પશુ [2]ઉજ્ઝિત દેખીને, કૌતુક ચિંતે મોટું; મા૦
પેસે પુરમાં જેહવે ત્યારે, વચન સુણી અતિ કોટું. ના૦વા૦૧૪

[3]સારિકા એક સંભ્રમથી ભાખે, પંથી મ પેસ ઇણ પુરમાં; મા૦
કેમ [4]વારે છે સુણ વૈદેશિક, વિઘન અછે તનુ ઘરમાં. ના૦વા૦૧૫

કુમર કહે એ કોણ નગર છે, કોણ રાજા ભય કેહનો; મા૦
કેમ સૂનું પુર તું પણ કોણ છે, ચરિત્ર કહે મુજ એહનો. ના૦વા૦૧૬

તે સારિકા કહે સુણ વૈદેશિક, કુંડળગિરિ એ દીસે; મા૦
એ જનપદ ચોફેર રહ્યો છે, કુંડળપુર નામ જગીશે. ના૦વા૦૧૭

---
૧. કૂપ અને બગીચા ૨. નિર્જન, ઉજ્જડ ૩. મેના, પોપટી ૪. રોકે

અર્જુન નામે રાજા એહનો, પાંચ પ્રિયા તસ સારી; મા૦
સુરસુંદરી મુખ્યા છે રાણી, રૂપે રતિ વીસારી. ના૦વા૦૧૮

તેહ નગરીમાં ચોરી થાવે, દિવસ ગયે ખટ સાતે; મા૦
નૃપતિ [1]તલાર જોવે તે તસ્કર, પણ નવિ આવે ઘાતે. ના૦વા૦૧૯

એક દિને તસ્કર ધન લેઈ જાતો, દીઠો ભૂપતિ જિહારે; મા૦
તસ પૂઠે છાનો ગયો રાજા, જાણ્યું તલાર પરિવારે. ના૦વા૦૨૦

એમ જાણી તે તસ્કર ધૂર્તે, દૃષ્ટિ સકળની વંચી; મા૦
કોઈક મઠમાં પેસી ધન સવિ, મૂકે મનડું ખંચી. ના૦વા૦૨૧

નિદ્રાળુ તાપસ એક સૂતો, ધન તસ પાસે થાપી; મા૦
આપ ગયો નાશીને કિહાંએ, જૂઠ કલંકને આપી. ના૦વા૦૨૨

નિશા શેષે સુભટે મળી બાંધ્યો, તે કાપડીને વિગોઈ; મા૦
ધન લેઈ નિગ્રહ કરી હણિયો, થયો રાક્ષસ દુઃખ જોઈ. ના૦વા૦૨૩

રોષ થકી રાજાને માર્યો, વળી માર્યો બહુ લોક; મા૦
સૈન્ય દૈન્યથી દશ દિશિ નાઠું, માઠું જાણી શોક. ના૦વા૦૨૪

રાણી પાંચે તેણે રાખી, અંતઃપુરમાં રાગે; મા૦
તેહમાં ગર્ભિણી ગુણવંતી રાણી, આસન્નપ્રસવા લાગે. ના૦વા૦૨૫

જાણે છે જો નંદન થાશે, હણીશ બુદ્ધિ છે એહવી; મા૦
કર્મજોગે તેહને થઈ પુત્રી, ચંદ્રમુખી નામે તેહવી. ના૦વા૦૨૬

નવિ જાણીયે ભાવી શું થાશે, જે જાયે એ પુરમાં; મા૦
તેહને રાક્ષસ હણતો દીસે, વહે વૈર એમ મનમાં. ના૦વા૦૨૭

એમ નિસુણી પુરમાં તે પેસે, કુમર ધીરજ ધરી ચિત્તે; મા૦
વિવિધ [2]સૌધ માળાને જોતો, ઠામ ઠામ ભર્યું વિત્તે. ના૦વા૦૨૮

રાજભુવનમાં જાઈ પહેરી, રાજવેશ પોતાનો; મા૦
નૃપાવાસે ગોખે બેઠી રાણી, નિરખી પાછો વળતો. ના૦વા૦૨૯

કોમળ શય્યાની હીંડોળા, ખાટે આવી સૂતો; મા૦
પંચપરમેષ્ઠીની અંગરક્ષા, કરીને નિર્ભય હૂતો. ના૦વા૦૩૦

હવે [3]પલાદ [4]નરપદની પદ્ધતિ, દેખીને જબ આવે; મા૦
સૂતો દેખી મનમાં ચિંતે, કોણ એ પ્રગટ પ્રભાવે. ના૦વા૦૩૧

૧. કોટવાલ ૨. મહેલ, ભવન ૩. રાક્ષસ, માંસ ખાનાર ૪. માણસના પગલાં

કેમ આવ્યો એકલડો શૂરો, ધીર થઈ મુજ સેજે; મા૦
સૂતો છે પણ જળમાં ફેંકું, કે હણું ખડ્ગને તેજે. ના૦વા૦ ૩૨

શય્યા સહિત દંડે કરી ચૂરું, ચિંતીને હાક મારે; મા૦
રે શીયાળ કેશરીને ઠામે, આવે કેમ કિણ સારે. ના૦વા૦ ૩૩

ઉઠ ઉઠ ઉતાવળો મુજથી, શું નવિ બીહે રંકા; મા૦
શું મનમાંહે નથી ઉપજતી, વિષમ ઠામની શંકા. ના૦વા૦ ૩૪

રાક્ષસ વચન સુણીને જાગ્યો, ઓઢણ કરીને પાછું; મા૦
જ્ઞાનવિમળ મતિશું કરી તેહને, વચન કહે હવે સાચું. ના૦વા૦ ૩૫

**॥ દોહા ॥**

અરે નિદ્રામાં ન જગાડીએ, વિણ કામે એ નીતિ;
એહવું તું લેતો નથી, તોસે એહ અનીતિ. ૧

यतः–**धर्मनिंदी पंक्तिभेदी, निद्राच्छेदी निरर्थकः**
**कथाभंगी गुणद्वेषी, पंचैते परमाधमाः १**

**ભાવાર્થ–**ધર્મનો નિંદક, પંક્તિમાં જમનારાઓને ભેદ કરી જમનારો, નિરર્થક નિદ્રાનો છેદ કરનારો, કથાનો ભંગ કરનારો, ગુણનો દ્વેષી, એ પાંચ જન અતિઅધમ જાણવા.

વૈદેશી પંથે થાકિયો, પ્રાહુણ આવ્યો જેહ;
ઉત્તમ તસ સેવા કરે, દેખાડે બહુ નેહ. ૨

ઘર આવ્યાને અવગણે, અધમ કહીજે તેહ;
હું આવ્યો નિજ બળ થકી, કરવા શ્રમનો છેહ. ૩

શું જિમ તિમ [૧]બરકે ઘણો, ઘુરકે ગર્વે કાંય;
ક્રૂર કર્મ કરતો થકો, હજીય ન તૃપ્તો થાય. ૪

સદાચાર રાજદ્વારને, એહ અવસ્થા દીન;
કારાગારે પેખવી, ગર્વ કિશ્યો કરે દીન. ૫

રહે સમાખે સુખીયા, જાણું છું તુજ કર્મ;
મુખ પાખે એમ તાહરું, કોઈ ન કહેશે મર્મ. ૬

તું શસ્ત્ર નિઃશસ્ત્ર હું, તેણે શું ફૂલી જાય;
મૂરખ [૨]પીનતનુ તો કિશ્યું, કૃષતનુ પ્રાજ્ઞ સમ ન થાય. ૭

૧. બકે, બોલે ૨. પુષ્ટ શરીર

કાકપંતિ તરુ પરે રહી, તોપણ માન્ય ન હોય;
તટગત હંસને સારખી, શોભ ન પામે કોય. ૮

એમ અનેક વચ ચાતુરી, સુણી ચમક્યો મનમાંહિ;
હત પ્રભાવ થયો આફણી, નિરખી તેહની છાંહિ. ૯

કહે કોણ પરે સાહસી, તુષ્ટ થયો સત્ત્વ દેખી;
માગ માગ વર જે રુચે, કહે કુમર હવે પેખ. ૧૦

થાકો નિદ્રાળુ અછું, [૧]કરે કરી પગળાં ચોળ;
ઘૃત જળશું જેમ નેત્રને, સુખ હોયે વૈદ્યક બોલ. ૧૧

તે સાહસને લક્ષણે, જાણી ઉત્તમ જાતિ;
જેહવે નિજ કરે પગ છબે, કુમર કહે એ શી વાત. ૧૨

માંહોમાં કરી પ્રીતડી, કહે જો તૂઠો હોય;
તો ક્રૂરપણું [૨]પરહું કરી, સુનજરે માનવ જોય. ૧૩

રાજ્યદ્વાર મૂકી દીયો, પુણ્ય તણી કરો બુદ્ધિ;
તેહ સવિ તેણે આદર્યું, સાહસથી હોયે સિદ્ધિ. ૧૪

તે પલાદ પાયે પડ્યો, તું મુજ ધર્મ દાતાર;
હું શું તુજને ઉપકરું, નહીં કાંઈ એહથી સાર. ૧૫

## ॥ ઢાળ ત્રીજી ॥

(પાછી તે આપોજી, રાવણ જાનકી રે—એ દેશી)

ધીર વીર કોટીર તું રે, કુંડળપુરનું રાજ્ય રે;
ઉદ્ધર માહરા વયણથી રે, કહે પલાદ શિરતાજ રે; ૧

મોટો મહિમા છે ધર્મ નરિંદનો રે, અણચિંતિત ફળ દાય રે;
જિહાં પુણ્યવંત પગળાં ભરે રે, તિહાં [૩]રાન વેલાઉલ થાય રે; મો૦૨

રાજ્યપ્રિયા પાસે જઈ રે, કહે તુમ અમચાં ભાગ્ય રે;
એહ સુકૃતી આવી મળ્યા રે, ગયાં હવે દુરિત દુર્ભાગ્ય રે; મો૦૩

આજથી તુમો મુજ બહેનડી રે, ખમજો મુજ અપરાધ રે;
રાજ્ય દીધું મેં એહને રે, અળવે ચિંતામણિ લાધ રે; મો૦
એહથી સુખ નિરાબાધ રે; મો૦૪

---

૧. હાથે કરીને પગ દબાવ ૨. દૂર ૩. રાન=જંગલ, વેળાફૂલ=બંદર

કુમર કહે તુમો માવડી રે, પણ કોઈ તેહવો નર જોય રે;
રાજ્ય દીયો તો સુખે પળે રે, જે જાતિ કુળ ઉત્તમ હોય રે; મો૦૫

રાણી કહે પ્રભુ તુમ સમો રે, લક્ષણ ગુણથી ન દીઠ રે;
તરશ્યાં કરે આવી ચડ્યું રે, શું ન પીયે સુધારસ[1] મીઠ રે; મો૦૬

કહે ગુણવંતી માહરી સુતા રે, ચંદ્રમુખી કરો [2] નારી રે;
કહે અજ્ઞાતને ન દીજીએ રે, રાજ્ય ને કન્યા સાર રે; મો૦૭

યક્ષ કહે શું માતૃકા રે, મોટા નિઃસ્પૃહ હોય રે;
પણ ઉદયે આવી મળ્યું રે, તે કેમ ટળશે તોય રે; મો૦૮

રાજ્ય પલાદે આપિયું રે, કન્યા કીધ વિવાહ રે;
લોક આણીને વાસીયા રે, ગજ રથ સૈન્ય અથાહ રે; મો૦૯

આજ્ઞા વરતાવી તિહાં રે, જય શ્રીચંદ્ર ભૂપાલ રે;
ઋદ્ધિ સમૃદ્ધિ વાધી ઘણી રે, વર્ત્ત્યા મંગળમાળ રે; મો૦૧૦

કહે રાક્ષસ હવે રાયને રે, વજ્રખુરો જે ચોર રે;
જૂઠે આળે જે મરાવીઓ રે, મુજને જેણે જોર રે; મો૦૧૧

તે માટે કુંડલગિરે રે, મુખ્ય શિખર તસ ઠામ રે;
સુવર્ણ રયણશું પૂરીઓ રે, મેં હણીઓ છે તામ રે; મો૦૧૨

યક્ષ વયણથી તિહાં જઈ રે, લીધો તે સવિ માલ રે;
ચંદ્રપુરુ તિહાં વાસિયું રે, ગૃહ હટ શ્રેણિ વિશાલ રે; મો૦૧૩

યક્ષ ચૈત્ય તિહાં થાપિયું રે, મૂર્તિ[3] ઉપલની કીધ રે;
ચોર દેહ ઉપર રહી રે, નામ નરવાહન દીધ રે; મો૦૧૪

ફિરી આવ્યા કુંડળપુરે રે, દિન કેતા રહ્યા તંત્ર રે;
શ્વસુર વર્ગ મંત્રી લોકને રે, પૂછી સવિ તિહાં મંત્ર રે; મો૦૧૫

સિંહાસને થાપી પાદુકા રે, કરી મર્યાદા ચાર રે;
યક્ષ તણી આણા લહી રે, ચાલ્યા વલિય કુમાર રે; મો૦૧૬

વેશ પૂરવળો આદરી રે, છાની ગુટિકા યોગ રે;
માહેંદ્રપુરે ક્રમે આવીયા રે, નિશિ બાહેર કર્મયોગ રે; મો૦૧૭

તિહાં પહેલો સૂતો અછે રે, નામે લોહખુરો ચોર રે;
નયરમાંહે ચોરી કરી રે, અવસ્વાપિની યોગ પૂર રે; મો૦૧૮

---

૧. મીઠું ૨. પત્ની ૩. પથ્થરની મૂર્તિ

કહે કાપડીને એહવું રે, તું વહીશ ભાડે ભાર રે;
તેહ વચન અંગીકરી રે, ચાલ્યો સાથે તેણીવાર રે; મો૦૧૯

આગે જાતાં ભોંયરું રે, માંહે દીવાની જ્યોત રે;
રત્ને ભર્યું એક કામિની રે, દેખી અચરિજ હૂંત રે; મો૦૨૦

ચોર કહે પુત્રી એહની રે, ભક્તિ કરે ભલી ભાંત રે;
સા કહે આવો ઘર ભીતરે રે, સ્નાન ભોજન એકાંત રે; મો૦૨૧

તે સાંભળી કૂડ જાણીયો રે, બાંધી કાઢ્યો બહિ ચોર રે;
રોષથી સ્ત્રીને પૂછિયું રે, કહે તું કોણ કોણ એ ચોર રે; મો૦૨૨

સા કહે લોહખુરો અછે રે, ચોર એ પુત્રી તાસ રે;
લાવે નર સંકેતથી રે, હું હણું .કરી વેસાસ રે; મો૦૨૩

તેહને પણ કાઢી બાહરે રે, [૧]મુંદી [૨]દરીનું બાર રે;
છોડી ચોરને બંધથી રે, છૂટા મૂક્યા તેણીવાર રે; મો૦૨૪

પુત્રી લેઈ ચોર કિહાં ગયો રે, થયો પ્રભાત ઉગ્યો સૂર રે;
પંચપરમેષ્ઠિ સ્મરણ કરી રે, સંભારી નિયમ પ્રમુખનાં પૂર રે; મો૦૨૫

પેઠો મહિંદ્રપુર નયરમાં રે, બેઠો વ્યવહારીને [૩]હટ્ટ રે;
પડહો વાજતો આવિયો રે, એહવામાં ગહગટ્ટ રે; મો૦૨૬

પૂછે શ્યો પડહો [૪]વજે રે, કહ્યું તેણે સવિ વૃત્તાંત રે;
છ દિન ઉણ છમાસી થઈ રે, પણ નવિ છબે કોઈ સંત રે; મો૦૨૭

[૫]રાજ્યકની જાત્યંધ છે રે, સજ્જ કરે કોઈ નેત્ર રે;
અર્ધ રાજ્ય કન્યા દિયે રે, વળી બહુલાં ધન [૬]ખેત્ર રે; મો૦૨૮

તે નિસુણી નર આવે ઘણા રે, પણ કોઈથી અર્થ ન સીધ રે;
એમ સુણી પડહને ફરસીયો રે, કુમરે વાચા દીધ રે; મો૦૨૯

તેણે જઈ રાજા વિનવ્યો રે, કાપડી વિદ્યા સિદ્ધ રે;
પડહો તેણે ફરસીયો રે, તેડી આવો તે સિદ્ધ રે; મો૦૩૦

છત્ર ચામર ગજ આદિ દે રે, મોકલી તેડ્યો તેહ રે;
રાજ્યસભામાં આવીયો રે, દેખી પામ્યા નેહ રે; મો૦૩૧

આશીર્વાદ ઊંચે સ્વરે રે, દેઈ આસને ઉપવિષ્ટ રે;
વિનયગુણે કરી જાણીયું રે, કોઈક પુરુષ વિશિષ્ટ રે; મો૦૩૨

૧. બંધ કરી ૨. ગુફાનું બારણું ૩. દૂકાને ૪. વાગે ૫. રાજકન્યા ૬. ક્ષેત્ર, જમીન

પૂછ્યું સ્વામી તુમો કિહાં વસો રે, કહે તે કુશસ્થળે વાસ રે;
વૈદેશિકને શું પૂછવું રે, જિહાં ઘટ તિહાં ઘરવાસ રે; મો૦૩૩

પૂછે કાપડી તુમને અછે રે, સુખશાતા કલ્યાણ રે;
તે કહે તુમ પદ દરિસણે રે, કોઈક પુણ્ય પ્રમાણ રે; મો૦૩૪

કન્યા ભાગ્યથી આવીયા રે, તુરત કરો એ કામ રે;
તે કહે વંછિત થાયશે રે, જ્ઞાનવિમળ ગુરુ નામ રે; મો૦૩૫

**॥ દોહા ॥**

કહે કાપડી રાજા પ્રત્યે, દેખાડો કની તેહ;
તુરતપણે આણી તિહાં, તે કન્યા ગુણગેહ. ૧

દેખી હા હા ઉચ્ચરે, [1]રતને આવી ખોડ;
પ્રાયે રત્નદોષી અછે, વિધિ એ કવિની જોડ. ૨

यतः–शशिनि खलु कलंकः, कंटकं पद्मनाले
जलधिजलमपेयं, पंडिते निर्धनत्वं ।
दयितजनवियोगो, दुर्भगत्वं स्वरूपे
धनवति कृपणत्वं रत्नदोषी विधाता ॥

**ભાવાર્થઃ–**ચંદ્રમામાં કલંક, પદ્મના નાળમાં કાંટા, સમુદ્રનું જળ અપેય, પંડિતને નિર્ધનપણું, વહાલા જનનો વિયોગ, સ્વરૂપને વિષે દૌર્ભાગ્ય, ધનવાનને વિષે કૃપણપણું–એટલાં વાનાં કર્યાં, માટે વિધાતા રત્ન જેવા ઉત્તમ પદાર્થમાં પણ એકેક દોષ ઉત્પન્ન કરનાર છે.

પાવન પુહવી તળ કર્યું, જળના કરી છંટકાવ;
દશ દિશિ પૂજા બળિ દીયે, જપીયા મંત્ર પ્રભાવ. ૩

ઓં હ્રીં હ્રીં મુંડ ફુટ્, સ્વાહા મંત્ર વિશેષ;
શક્તિ ભવાની શાંબરી, કીધા બહુ ઉલ્લેખ. ૪

જીવ [2]અમારી પ્રમુખ બહુ, દીન દુઃખી ઉદ્ધાર;
વિધિ સઘળો તિહાં દાખિયે, મળિયા બહુ પરિવાર. ૫

[3]યવનિકા વિચ અંતરે, બંધાવી તે માંહે;
કન્યાને આણી ઠવી, સહુને હર્ષ ઉચ્છાહે. ૬

૧. રત્નમાં દોષ આવ્યો અર્થાત્ કન્યા સુંદર છતાં આંધલી બનાવી ૨. અમારી= કોઈને મારવો નહીં ૩. પરદો

કેવળજ્ઞાની દેવના, થાપ્યા પ્રૌઢા પટ્ટ;
ધૂપ દીપ ઉખ્ખેવણા, ગુણણાના બહુ ઘટ્ટ. ૭

કન્યા નયન [1]ચોપખેરથી, પત્રની પાળી બંધિ;
ઔષધિ રસ માંહે ભર્યો, શનૈઃ શનૈઃ કૃત સંધિ. ૮

ઔષધિ રસ અનુભાવથી, નેત્ર થયાં દ્યુતિપાત્ર;
પદ્મનેત્ર પરે વિકસિયાં, તરણી કિરણે પ્રભાત. ૯

દેવપૂજા વિધિ સાચવે, દિવ્યાભરણ વિશાળ;
ભાળ વદન મુખ અંગ સવિ, તરણી પરે તેજાળ. ૧૦

કન્યા કુમરને દેખતાં, [2]મનુએ દેવ કુમાર;
જન દેખીને નવિ કરે, વિધિપૂર્વક સુવિચાર. ૧૧

કુમર કહે રે ભદ્રકો, ચારુ નયનથી દેખ;
મુદ્રા નામ વંચાવીયો, શ્રીચંદ્ર નામ ઇતિ લેખ. ૧૨

હર્ષ થકી સ્તવના કરે, પ્રાણનાથ આધાર;
પહેલાં દીધી છે મુજને, તાત પ્રતિજ્ઞા સાર. ૧૩

હવે મેં આજ થકી વર્યા, જાણ્યો મેં આચાર;
જાતિ કુલાદિક સવિ લહ્યું, મુદ્રાને અનુકાર. ૧૪

કન્યા ધન્યપણું ભજે, મનમાં થઈ સંતુષ્ટ;
હવે કુમર કેમ સંચરે, સુણજો તે સવિ શિષ્ટ. ૧૫

**॥ ઢાળ ચોથી ॥**

(કાયા કામની બે લાલ—એ દેશી)

હવે તે તિહાં થકી બે લાલ, વેશ ભવ્ય પરિહરી,
ધાતુ રંગિત બે લાલ, વસ્ત્ર અંગીકરી.
અંગીકરી તે સવિ પહેરી, ભસ્મ [3]ધૂસર કેશ એ;
ભૂપ પાસે વહી આવ્યો, કહે કર્યો તુમ આદેશ એ. ૧

કન્યા આવી બે લાલ, પાછળ તેહવે,
નામે સુલોચના બે લાલ, સત્ય થઈ જેહવે.
ઠવે રાજા નિજ [4]ઉછંગે, દેખી અચરિજ સહુ ભણે;
જયજયારવ કરે ઉત્સવ, સુત જનમ પરે તે ઘણે. ૨

---

૧. ચારે બાજુથી ૨. મનુષ્યોમાં ૩. ધૂળવાળા ૪. ખોળામાં

કન્યા મેળી બે લાલ, મધ્ય અંતઃપુરે,
થુથુકારે બે લાલ, લૂંછણડાં કરે.
ધરે કરતળે અમૃતની પરે, વહાલી લાગે અતિ ઘણું;
ક્ષણ એક નજરથી દૂર ન કરે, વાત તે કેતી ભણું. ૩

હવે તે કાપડી બે લાલ, નૃપે ઘરે આણીયો,
રસવતી કાજે બે લાલ, સુભટે બહુ તાણીયો.
જાણીયે કેમ હવે મંત્રી સાથે, કરે રાય વિચાર એ;
દીજીએ એહને કેમ કન્યા, લહી કુલ આચાર એ. ૪

નૃપ આદેશે બે લાલ, મંત્રી ગયો પૂછવા,
કુલવંશાદિ બે લાલ, નામ સવિ સૂચવા.
હવે કેમ કુલ જાતિ કહેવાં, તેહ હસીને કહે કાપડી;
પાણી પી ઘર પૂછિયે એમ, કરે લોક જે વાતડી. ૫

એ ઉખાણો બે લાલ, સાચો દાખવ્યો,
શિર મુંડીને બે લાલ, વાર કુણ ભાખવ્યો.
દાખવ્યો જબ તુમો પડહ વજતાં, જેહ સાજી એ કરે;
તેહને અર્ધ રાજ કન્યા, દીઉં એહવો વર વરે. ૬

ગૂંબડ ફૂટે બે લાલ, વૈદ્ય વૈરી હુવે,
હવે ગુણ પૂછે બે લાલ, જાતિ કુલને જુવે.
જુવો તો તે સુખે જુવો, માહરી હા જતી નથી;
પણ કહીને જે પલટ જાવે, તેહથી બદ જાતિ કો નથી. ૭

તોહી સુણજો બે લાલ, વાતનો આમલો,
નયર કુશસ્થળે બે લાલ, લક્ષ્મીપતિ ગુણનીલો.
અતિ ભલો શેઠ છે તેહનો સુત, વ્યસનિયો ને નિજ મતિ;
ઘર થકી લખમી લેઈ છાની, દિયું જિમ તિમ હઠ હુંતિ. ૮

જનકે વાર્યો બે લાલ, પરિકરે પણ કહ્યું,
મેં નવિ માન્યું બે લાલ, ભૃતઘટે જળ વહ્યું.
કહે ન ચાલે એમ જાણી, ઘર થકી હું કાઢિયો;
વ્યસનથી જીવ શું ન પામે, દુઃખ જેમ અનાઢિયો. ૯

મહિયલે ભમતાં બે લાલ, એક સિદ્ધ જ મળ્યો,
સેવા કીધી બે લાલ, વ્યસન અપયશ ટળ્યો.

ફળ્યો તે નર મુજને બહુ, મંત્ર યંત્ર દિયે ઔષધિ;
ગુરુ પ્રસન્ને શું ન હોવે, વિનય મહોટો છે નિધિ. ૧૦

ગુણથી ગૌરવ બે લાલ, પામીએ જિહાં તિહાં,
નહુ નિજ કેરો બે લાલ, જાતિમદનો જિહાં.
તિહા વનનું કુસુમ લેઈ, શિર ધરે સહુયે જના;
અંગથી ઉપનો મળ છંડીજે, એ દૃષ્ટાંત છે શુભ મના. ૧૧

તે નરને મૂકી બે લાલ, હું ઇહાં આવીયો,
છું વ્યસનીયો બે લાલ, ધન ઉપર મન ભાવીયો.
ભાવિયો મેં ઇમ વ્યસન ન હોવે, ધન વિના તેણે પડહો છબ્યો;
એ કાર્ય કીધું જેહ પૂછ્યું, કહિયો એમ મુજ મરતબો. ૧૨

રાજા નિસુણી બે લાલ, કહે કિશ્યું કીજશું,
વ્યસની નરને બે લાલ, કની કેમ દીજશું.
ખીજશું તો પણ શુભ ન દીસે, વચન બોલ્યું નવિ રહે;
વાત એહવી નિજ અંતઃપુર, માંહે તે સવિને કહે. ૧૩

પુત્રી ભાખે બે લાલ, તાત ન એહવું,
ચરિત્ર ન હોવે બે લાલ, લક્ષણ જેહવું.
તેહવી ચતુર વચન રચના, જેમ મુદ્રાદિક લહ્યું;
શ્રીચંદ્ર નામે એહ મુજ વર, જનક આગે એમ કહ્યું. ૧૪

હરખ્યો રાજા બે લાલ, ગણક તેડાવિયા,
થાપે લગ્ન બે લાલ, મંત્રી સવિ આવિયા.
આવિયા કુમરને તેડવાને, તવ તિહાં દેખે નહીં;
સૌધઃ અંતઃપુર પુરીમાં, કિહાંયે તેહ ગયો વહી. ૧૫

એહવું નિસુણી બે લાલ, કની મૂર્ચ્છા લહે,
જેમ વનવલ્લી બે લાલ, હિમજલથી દહે.
વહે આંસુ નયણ રોવે, રોવરાવે વળી અન્યને;
કરે તે વિલાપ બહુલા, વિયોગે નર ધન્યને. ૧૬

તેણે દિન કુણહી બે લાલ, ન જમ્યું નયરમાં,
મંત્રી હુઆ બે લાલ, મૂઢમતિ હૃદયમાં.
વદે રાજા નગર લોકને, કોઈ કુશસ્થલ પુર થકી;
આવિયો જાણો તેહ પૂછો, ખબર લહિયે તેહ થકી. ૧૭

તેહને પૂછ્યા બે લાલ, શ્રીચંદ્ર છે ઘણા,
કુશસ્થલમાં બે લાલ, નહીં કાંઈ છે મણા.
ઘણા તેહમાં એક દાખે, લક્ષ્મીદત્ત સુત જેહ છે;
તે જામાતા અછે માહરા, શેઠ ધનનો મન રુચે. ૧૮

મુદ્રા તેહની બે લાલ, દેખી ઓળખ્યો,
ધન શેઠ પુત્રી બે લાલ, ધનવતીએ લખ્યો.
લખ્યા ગુણબુદ્ધિ એહી તેહિ જ, સુણી રાજા હરષીયો;
પુત્રીને કહે તેહ તાહરો, સુગુણ વર સંતોષીયો. ૧૯

હવે કહે રાજા બે લાલ, મંત્રી મહેલશું,
તેહને તેડણ બે લાલ, આવશે સહેજશું.
સહજ વાત એ એમ કહી તે, સહુ ગયા નિજ થાનકે;
સુલોચના પણ હર્ષ પામી, કાળ ઇમ ગયો પલકમેં. ૨૦

હવે વપુ ચિંતા બે લાલ, મિશ કરી ચાલીયો,
કુમર તિહાંથી બે લાલ, વેશ નિજ આલીયો.
જાળીયો બીજા વેશે તિહાં કિણે, બટુક થઈ દેશે ફિરે;
અનુક્રમે એક વન માંહે મહોટું, સજળ નિર્મળ તિહાં સરે. ૨૧

કમળે મળીયું બે લાલ, પંખી ગણ સંયુતં,
ક્રીડા જળની બે લાલ, પાળે જઈ આસિતં.
તુરત આગે જોય જેતે, એક ઉદ્યાન તે દીઠડું;
તેહમાંહે અછે આશ્રમ, સકળ અચરિજ મીઠડું. ૨૨

જોઈ એક ઠામ બે લાલ, તુરંગ વૃષભે ભર્યું,
કિહાં નર નારી બે લાલ, વિવિધ વેશે ધર્યું.
ધર્યું ચિત્તમાં કુમરે એહવું, નહીં એ યોગી તાપસા;
એ વિકલ્પે શું કર્યાથી, જોઉં જઈને છે કિશ્યા. ૨૩

જોવે જેહવે બે લાલ, તાપસ કુમર છે,
વલ્કલ પહેર્યાં બે લાલ, ચંદ્રાંક શિરે રુચે.
મંચ હિંડોળે ખાટ રમતો, કુમર એક દે ધૂમણી;
વેષ નરનો અછે કુમરી, ચિંતવે કુંડળપુર ધણી. ૨૪

પાસે દેખે બે લાલ, તાપસ બાળિકા,
બટુકને દેખી બે લાલ, કહે સુકુમાલિકા.

માલિકા કુસુમની દેઈ બોલે, બટુક બેસો તરુ તળે;
સુખે છાયાયે વીસમો એ, સુકૃત યોગ પુણ્યે મળે. ૨૫

રાયણ હેઠે બે લાલ, બેઠો બટુક તે,
જળ ફળ ઢોવે બે લાલ, મધુર કટુક ન તે.
મતે બંધૂર પ્રીતિ પૂછે, કવણ થાનક કોણ તુમો;
હોંશ સાંભળવાની સખીયો, છું વિદેશી પણ અમો. ૨૬

એહવે આવી બે લાલ, અપરા બાલિકા,
ગાતી મધુરું બે લાલ, દેઈ કર માલિકા.
કાલિકા નહીં નજર માંહિ, હિયે હરષ પ્રણાલિકા;
કહે ગાથા ધરી ઉચ્છાહા, મળી સઘળી આલિકા. ૨૭

યતઃ—चंद्रकला रायसुया, सा सव्वकल्लाण भायणं जयइ;
सिरिचंदोवरो जाए, सयमेव परिक्खिओण कओ. १

**અર્થ–રાજપુત્રી ચંદ્રકલા, જે સર્વ કલાનું ભાજન હતી તે શ્રીચંદ્રને સ્વતઃ પરીક્ષા કરીને વરી.**

સાંભળી એહવું બે લાલ, ચિત્તમાં ચિંતવે,
એ કેમ જાણે બે લાલ, વાત સઘળી કળે.
એહવે આવી એક વૃદ્ધા, વેશ વિધવા સીત પટા;
નર વેષને સ્ત્રી વેષ આપ્યો, કનીને કહી લટપટા. ૨૮

વૃદ્ધા બોલે બે લાલ, બટુક દેખી તિહાં,
કહો કોણ તુમે છો લાલ, આવ્યા ક્યાંથી ઇહાં.
કહે બટુઓ કુશસ્થળથી, આવીયો એમ સાંભળી;
હર્ષ કલરવ કરે તવ તિહાં, સખી સવિ ટોળે મળી. ૨૯

ભલું ભલું ભાખે બે લાલ, બટુઓ આવીયો,
વાત સુણાવે બે લાલ, ખબર કાંઈ લાવીયો.
તે ભાવીયો કોઈ ચંદ્રકળાનો, વર થયો કે નવિ થયો;
તે કહે લક્ષ્મીદત્ત અંગજ, વર વર્યા મહ બહુ થયો. ૩૦

સુણી એમ વાણી બે લાલ, કહે સઘળી સખી,
સાચી વાણી બે લાલ, હોયે સદા સુખી.
સુખ લહે હવે બટુક પૂછે, માત કહો એ કુણ જના;
કેમ જાણો રહો વનમાં, એહ અચરજ મુજ ઘના. ૩૧

મન મેલીને બે લાલ, કીજે વાતડી,
હું પરદેશી છું લાલ, પંથી કાપડી.
લાંપડી વાત તો મુજ ન ગમે, કહું તો રહું ચાપડી;
કહે વૃદ્ધા સુણ રે બટુઆ, મને મત જાણે હું બાપડી. ૩૨

નયર વસંતે બે લાલ, વીરસેન નરપતિ,
તેહની રાણી બે લાલ, પહેલી વીરમતી.
છતી બીજી વીરપ્રભા તિહાં, પહેલી તે હું જાણજો;
મંગુ નૃપની અછું પુત્રી, ચિત્તમાંહે આણજો. ૩૩

મુજ પિતાને બે લાલ, દોય પુત્રી વળી,
જયશ્રી પહેલી બે લાલ, વિજયવતી પાછળી.
ભલી જયશ્રી બહિન માહરી, પ્રતાપસિંહ નૃપને ઘરે;
જયાદિક તસ ચાર અંગજ, અછે રાજવિયા શિરે. ૩૪

માહરી અભિધા બે લાલ, વિજયવતી કહે,
સદામતી નામે બે લાલ, મંત્રીપદ મુજ વહે.
રહે એ પણ માહરો છે, પીતરીયો એ અમ તણો;
સ્થિતિ કહી મેં મૂળથી, સુણ જ્ઞાનવિમળ મતિના ધણી. ૩૫

**॥ દોહા ॥**

જિમ થયું ઇહાં કણે આવવું, તે સુણો બટુક પ્રધાન;
વીરપ્રભાને સુત થયો, નરવર્માભિધ તામ. ૧

શૂરવીર અતિ સાહસી, શાસ્ત્ર શસ્ત્રનો જાણ;
કાલ કેતે સુતા થઈ, ચંદ્રલેખા ગુણખાણ. ૨

તે એ નર વેષે રહે, સખી એહનો પરિવાર;
તદનંતર માહરે થયો, વીરવર્મ કુમાર. ૩

સાંપ્રતિ પાંચ વરિસો થયો, અછે એહ વનમાંહ;
એક દિન રાજાને થયો, કાલજ્વર દિયે દાહ. ૪

તવ વીરવર્મ કુમારને, સચિવ સદામતી તેડી;
દેજો રાજ્ય મુજ અનંતરે, પણ નવિ કરજો જેડી. ૫

એમ કહી રાજા સુર ગયો, નરવર્મ બળિયો પુત્ર;
રાજ્ય લિયે તે આપ બળે, નીસર્યાં કર્મ વિચિત્ર. ૬

વાટે એક પુરે આવતો, મળિયો નિમિત્તિક એક;
મંત્રી સદામતી પૂછિયો, કરી બહુ વિનય વિવેક. ૭

તે નૈમિત્તિક તેડિયો, મેં તસ કરી પ્રણામ;
સુત તસ ઉત્સંગે દિયો, કહો જે આગળ સ્વામ. ૮

કન્યાનો વર કોણ હુશે, રાજ્ય લહીશું કેમ?
ક્ષણ જોઈને તે કહે, છે તુમ શુભ સુખ ખેમ. ૯

મોટો વલ્લભ એહનો, ચંદ્રકલાપતિ જાણ;
પ્રતાપસિંહ નૃપનંદનો, પુત્રી વર ગુણખાણ. ૧૦

વળી જોઈને ફરી કહે, જાઓ ખદિર વનમાંહિ;
તિહાં રાજા દિનવૃક્ષ છે, રમો રાસ ઉચ્છાંહિ. ૧૧

જે નર ઉપર વરસશે, રાયણ દૂધ અપાર;
લિખિત શ્લોક અમને દેઈ, ગણક ગયો તેણીવાર. ૧૨

ચિત્ત અમારું હરષિયું, કીધો બહુ સત્કાર;
તિહાંથી ઇહાં વન આવિયા, લેઈ સાથે પરિવાર. ૧૩

ઇહાં આવીને મોકલ્યા, દોય નર યોગીવેશ;
તિહાં જઈ તેણે આવી કહ્યું, ચરિત્ર સવે અતિશેષ.[૧] ૧૪

ઉધવ માધવ બિહું જણે, ચંદ્રકળા વિવાહ;
પણ તેણે શેઠસુત દાખીયો, ભૂપપુત્ર નહિ કાંય. ૧૫

તે ભણી તે મળીયો નહીં, કરીએ કાલ વિલંબ;
નરવેષે સ્ત્રી વેશ પણ, વિવિધ વિનોદ અચંભ. ૧૬

**॥ ઢાળ પાંચમી ॥**

(થારા મેડા ઉપર મેહ ઝબૂકે વીજળી હો લાલ ઝ૦—એ દેશી)

ક્રીડા વિવિધ પ્રકાર સખીજનશું કરે હો લાલ, સ૦
કુસુમ તણા અવતંસ સખી જનને ભરે હો લાલ, સ૦
ગાયે વાયે નૃત્ય કરે મનમોદશું હો લાલ, ક૦
યોગ મળ્યો નહીં તેહ હવે કેમ વેદશું હો લાલ. હ૦ ૧

ઇમ સવિ નિસુણી વાત કુમર જવ ઉઠિયો હો લાલ, કુ૦
તેહવે રાયણ દૂધ ધાર તવ [૨]વૂઠિયો હો લાલ, ધા૦

૧. સંક્ષેપમાં, થોડુંક ૨. વૃષ્ટિ થઈ

હરષ તણો કલલાટ થયો તિહાં સુખકરુ હો લાલ, થ૦
ચંદ્રલેખાએ પામ્યો કંત મનોહરુ હો લાલ. કં૦ ૨

લજ્જાએ નતકાય માય વયણે તિહાં હો લાલ, મા૦
વરમાળા ઠવે કંઠ રાયણ તરુ છે જિહાં હો લાલ, રા૦
ફળ દળ અતુળ દુકૂળ મણી વિષ વારતા હો લાલ, મ૦
પ્રમુખ દિયાં બહુ દાન માન મન ધારતાં હો લાલ. મા૦ ૩

વીરમતી સુત આણી ઉચ્છંગે સંઠવ્યો હો લાલ. ઉ૦
વીરવર્મ એ બાળ એતા દિન મેં ગોપવ્યો હો લાલ, એ૦
હવે જેહવો તુમે સ્વામી કરેશો એહને હો લાલ, ક૦
આશ્રિત ગુણ વશ હોય લઘુ ગુરુ તેહને હો લાલ, લ૦ ૪

યતઃ–आश्रयवशेन पुंसां, गरिमा लघिमा च जायतेऽवश्यं
विंध्ये विंध्यसमानः, करिणो बत दर्पणे लघवः १

**ભાવાર્થઃ–**આશ્રયના વશે કરી પુરુષને લઘુપણું મોટાપણું પ્રાપ્ત થાય છે. કોની પેઠે? તો કે હસ્તીઓ વિંધ્યાચલ પર્વતમાં જ્યારે રહ્યા હોય ત્યારે વિંધ્ય પર્વત સમાન હોય છે, પણ દર્પણમાં તે હસ્તીને જોઈએ ત્યારે તે જ હસ્તી લઘુ દેખાય છે.

ગુણસંગે જે કુસુમ શિરે તે ધારીએ હો લાલ. શિ૦
ઈશે રાખ્યો ઇંદુ તે કલંક નિવારીએ હો લાલ. તે૦
એમ સાસુનાં વયણ સુણી શ્રીચંદ્ર ભણે હો લાલ, સુ૦
થાશે મંગળ લીલ અધૃતિ નવિ મન ગણે હો લાલ, એ૦ ૫

સોપ્યું સચિવને તામ ભલામણ સવિ કરી હો લાલ, ભ૦
કહે કુંડળપુરે જાજો જિહાં છે ચંદ્રપુરી હો લાલ, જિ૦
શીખ ભલામણ લેખ લખ્યા તે મંત્રીને હો લાલ, લ૦
હું જાઉં છું વિદેશ કાર્ય નિમંત્રીને હો લાલ. કા૦ ૬

કેતાક દિન વનમાંહે રહ્યો પરિવાર તે હો લાલ, રહ્યો૦
કુંડળપુર ઉદ્દેશી ચલે અસવાર તે હો લાલ, ચ૦
વચમાં આવ્યું મહેંદ્ર ત્રિલોચના રાજિયો હો લાલ, ત્રિ૦
સુલોચનાનો બાપ બહુ ગજ વાજિયો હો લાલ. બ૦ ૭

તેડ્યા કરી મનોહાર કહે નિજ વારતા હો લાલ, ક૦
હરખ્યો નૃપ પરિવાર સંબંધ સંભારતાં હો લાલ, સં૦

એહવે બંદી કોઈ કુશસ્થલથી આવિયો હો લાલ, કુ૦
કુંડળપુરની માંહે થઈ તે ભાવિયો હો લાલ. થ૦ ૮

ગાથા દોધક પાઠ ભણી ગુણ ઉચ્ચરે હો લાલ, ભ૦
સુણી શ્રીચંદ્રચરિત્ર સહુનાં ચિત્ત ઠરે હો લાલ, સ૦
ચંદ્રલેખા ને સુલોચના બેહુ અંગે મળે હો લાલ, બે૦
પ્રીતે પ્રીતિનો સંગ સાકર જેમ પય ભળે હો લાલ. સા૦ ૯

यतः—राहावेहविहीए, सयंवरे वरियो तिलयमंजरीऐ;
सव्व निव्व गव्वहरणो, वीरिक्को जयउ सिरिचंदो. १

सिंहपुरवर नरेसर, सुहगांग सुयाइ पुव्वभव नेहा;
पउमणी चंदकलाऐ, परणिओ जयउ सिरिचंदो. २

णयरे कुसस्थलंमी पुहवी स पयावसिंह कुलचंदो;
सिरि सूरियवइ तणुओ, सिरिचंदो जयउ भुवणयले. ३

અર્થ–૧. રાધાવેધ વિધિથી સ્વયંવર મંડપમાં તિલકમંજરી જેને વરી, તે સર્વ રાજાઓનું ગર્વ હરનારો એવો વીરશ્રેષ્ઠ શ્રીચંદ્ર જયવંત વર્તો. ૨. સિંહપુરના રાજા શુભગાંગની પુત્રી પદ્મિની લક્ષણવાળી ચંદ્રકલા પૂર્વભવના નેહથી જેને પરણી તે શ્રીચંદ્ર જયવંત વર્તો. ૩. કુશસ્થળ નગરના પ્રતાપસિંહ પૃથ્વીપતિના કુલચંદ અને શ્રી સૂર્યવતીના તનુજ એટલે પુત્ર એવા શ્રીચંદ્ર પૃથ્વીતલ પર જયવંત વર્તો.

વીરમતીને આગ્રહ કર્યો તિહાં રાખવા હો લાલ, ક૦
પણ ન રહ્યા તિહાં તેહ કુંડળપુર દેખવા હો લાલ, કું૦
સુખિયો સવિ પરિવાર કુંડળપુરમાં રહે હો લાલ, કું૦
હવે શ્રીચંદ્રકુમાર એકાકી વને વહે હો લાલ. એ૦ ૧૦

કૌતુક નવનવ ભાંત નિતાંત વિલોકતાં હો લાલ, નિ૦
આવ્યા એક પુર બાહેર પટ્ટાવાસ દેખતાં હો લાલ,પ૦
દેખી અચરિજ તેહ પૂછ્યો એક વાણિયો હો લાલ, પૂ૦
કહો શ્યો એ વૃત્તાંત હોયે જો જાણિયો હો લાલ. હો૦ ૧૧

સુણ બટુઆ દેઈ કાન એ કાંપિલપુર અછે હો લાલ, એ૦
જિતશત્રુ નૃપ પટરાણી રતિ મન રુચે હો લાલ, રાણી૦
કનકરથ તસ પુત્ર રમે છે રંગમેં હો લાલ, રમે૦
મિત્ર તણે પરિવાર કરી બહુ સંગમેં હો લાલ. ક૦ ૧૨

એક દિન ગાયન વીણારવ ઇહાં વાસો વસ્યા હો લાલ, ઇહાં૦
રાધાવેધ પ્રબંધ સુણી સવિ જન હસ્યા હો લાલ, સુ૦
નાયક તો શ્રીચંદ્ર કરીને ગાઈઓ હો લાલ, ક૦
દાન માન ધન લાભ બહુલ તિહાં થાઈઓ હો લાલ. બ૦ ૧૩

પણ ગાયન કહે એમ શ્રીચંદ્રને કર દિયો હો લાલ, શ્રી૦
તે ભણી મળિયું કાંઈ સુણી અચરિજ હુવો હો લાલ, સુ૦
તેહ પ્રબંધમાં વાત સુણી તે ચિત્ત ધરે હો લાલ, સુ૦
રાધાવેધ વિધાન તિલકપુરે જિમ કરે હો લાલ. તિ૦ ૧૪

આવો દેખાડું એહ આવાસ એ વસ્ત્રના હો લાલ, આ૦
મળિયા ક્ષત્રી કુમાર કરે શ્રમ શસ્ત્રનાં હો લાલ, ક૦
એ તો મહોટો થંભ માથે રાધા બની હો લાલ, મા૦
ભાજન તેલનું એહ કનીવેશે બની હો લાલ. ક૦ ૧૫

શિબિકારૂઢા એક કરી નર પુત્રિકા હો લાલ, ક૦
એ ધનુષને એ બાણ સાધે કરી યંત્રિકા હો લાલ, સા૦
એકે કીધો વેશ ભલો શ્રીચંદ્રનો હો લાલ, ભ૦
રથ મૂક્યો એક તરુતળે [1]વાજી સ્પંદનો હો લાલ. વા૦ ૧૬

સારથિ મિત્ર તે એક કર્યાં તિહાં કારિમા હો લાલ, ક૦
કારિમી કન્યા એક કરે વરમાલિકા હો લાલ, ક૦
લાગે અલાગે બાણ કોલાહલ તિહાં કરે હો લાલ, કો૦
લેઈ માળા ગળે કંઠ શ્રીચંદ્ર તે સંચરે હો લાલ. શ્રી૦ ૧૭

જાયે જાયે એહ ન કોઈ કર ધરે હો લાલ, ન૦
એણીપરે રાધાવેધની [2]અનુકૃતિ સવિ કરે હો લાલ, અ૦
એહવે પિંગળ ભટ્ટ ભણે દોય ગાથિકા હો લાલ, ભ૦
નિસુણી હર્ષ્યા સર્વ સુણી નિજ સાધિકા હો લાલ. સુ૦ ૧૮

यतः—लोईय मिच्छं दुविहं, देवगयं गुरुगयं मुणेयव्वं;
लोउत्तरं च दुविहं, देवगयं गुरुगयंतं च. १

ईह चउहा मिच्छंत्तं, सुव्वय वयणाउवज्जियं जेण;
समत्त तत्तदिट्ठी, सुरो सो जयउ सिरिचंदो. २

---

૧. ઘોડા ૨. નકલ

એ સવિ ભાવ કનકરથ કુમર તિહાં કરે હો લાલ, કુ૦
એ સવિ ચરિત્ર દેખાડ્યું વણિકે ધરી કરે હો લાલ, વ૦
કુમર સમીપે કનક,—વતી નૃપ નંદની હો લાલ, વતી૦
હર્ષ ધરી કહે એમ મહા આનંદિની હો લાલ. મહા૦ ૧૯

અંબ ધાવીને ભાખે એ ચેષ્ટા કારિમી હો લાલ, એ૦
દેખી ઉપજે રીજ તો સાચી મન રમી હો લાલ, તો૦
તે જો મળે સાક્ષાત્ તે તેહને પરણિયે હો લાલ, તો૦
નિશ્ચય કીધો એમ પ્રબંધ એ વરણિયે હો લાલ. પ્ર૦ ૨૦

તેહની સખી છે ત્રણ મંત્રીની દીકરી હો લાલ, મં૦
પ્રેમવતી ઇતિ નામ સારથવાહ દીકરી હો લાલ, સા૦
ધનશ્રી નામે શેઠ સુતા ત્રીજી અછે હો લાલ, સુ૦
હેમશ્રી ઇતિ નામ ત્રણેને મન રુચે હો લાલ. ત્રણે૦ ૨૧

તેણીએ પણ વર્યો એહ વરંવર સહુ વદે હો લાલ, વરં૦
ધાવી માયે સવિ તેહ જણાવ્યું નૃપ હૃદે હો લાલ, જ૦
નૃપ તે મોકલ્યા મંત્રી કુશસ્થળ તેડવા હો લાલ, કુ૦
વિરહ તણાં સવિ દુઃખ વ્યથાને ફેડવા હો લાલ. વ્ય૦ ૨૨

ચિંતે મનમાં કુમાર રખે કોઈ ઓળખે હો લાલ, રખે૦
તો પરવશથી કોઈ ન લહીજે મન સુખે હો લાલ, લ૦
એમ જાણીને તેહ તિહાંથી નીસર્યો હો લાલ, તિ૦
જોઈ તે પુર સર્વ વાડી વનમાં ફર્યો હો લાલ. વા૦ ૨૩

આગળ જાતાં ભૂમિ ઉલ્લંઘી તેણે ઘણી હો લાલ, ઉ૦
નગરી આવી એક શોભા જસ ચોગુણી હો લાલ, સો૦
બાહિર યક્ષનું દેવળ દેખી પેસે તિહાં હો લાલ, દે૦
દુઃખીઓ કર ગળે દેઈ નર બેઠો જિહાં હો લાલ. ન૦ ૨૪

ચિંતાતુર તે દેખી કહે તવ તેહને હો લાલ, ક૦
કોણ તું અરતિ કરે કાંઈ પૂછે તે તેહને હો લાલ, પૂ૦
સુણ વૈદેશિક પંથી માહરી જે વારતા હો લાલ, મા૦
કહેતાં આવે લાજ પણ વિવેક ન આરતા હો લાલ. વિ૦ ૨૫

કાંતિપુરનો ભૂપ નૃસિંહ નામે અછે હો લાલ, નૃ૦
પ્રિયંગુમંજરી નામ સુતા ગુણથી મચે હો લાલ, સુ૦

હવે માહરે જે દુઃખ અછે તે સાંભળો હો લાલ, અ૦
નૈઋતિ કૂણે એક અછે હેમપુર ભલો હો લાલ. અ૦ ૨૬

મકરધ્વજ છે રાય અપાયને ટાળતો હો લાલ, અ૦
મદનપાળ તસ પુત્ર કલાગુણ પાળતો હો લાલ, ક૦
વાતાયને રહ્યો તેહ યુવાન કૌતુક જુવે હો લાલ. યુ૦
એહવે દીઠી એક યોગિણી[૧] જાતી તિસે હો લાલ. યો૦ ૨૭

તેડી તેહને નામ પૂછે તે વાતડી હો લાલ, પૂ૦
કહે તુજ કુશળ કલ્યાણ અછે દિન રાતડી હો લાલ, અ૦
તવ યોગિણી કહે કાલા કુશળ ન પૂછિયે હો લાલ, કુ૦
એ સંસાર અસાર માંહે જેણે ગૂંચિયે હો લાલ. માં૦ ૨૮

**॥ અથ યોગિણી વાણી ॥**

જરા[૨] રાખસી જબ શિરે આવે, તવ યૌવનને નસાડે;
કાલા કેશ તે હોયે[૩] પાંડુરા, ઇંદ્રિય બળને પાડે. ૧

જર સુણ હો સસો જુવણ જાણો કાળ[૪] આહેડી કેડે;
કાલ્હા કુશળ શું પૂછે ભોળા, રૂપ કાંતિને ફેડે. ૨

પલક પલકમેં આયુ પલાયે, તો શી કુશળની વાતાં;
કામ ક્રોધ મદે પૂર્યો જીવડો, બાંધે નરકનાં ખાતાં. ૩

એક ઘડી છે પાહુરિયા પંખ, એક કાળો એક ધોળો;
જીવ જમાલે લેઈ પહોંચાવે, તો કુશળ કિહાંથી ભોળો. ૪

કુશળ તેહને જેહ ન જાયા, જાયા તેહ મરંદા;
તો શી કુશળની વાત કહીજે, એ દીસે જનવૃંદા. ૫

આસન મારે પણ આશ ન મારે, ભસ્મ ધૂણિ અંગ ધારે;
કંથા ધરે પણ વિકથા ન છંડે, તો શી મુદ્રા ધારે? ૬

પહેરી કોપિન પણ કિંપિ ન પરિહરે, માંડે જનશું માયા;
યુંહી સંસારમેં આયા જાયા, કીધા યોગ ન પાયા. ૭

ચાર ખાણ[૫] ચુલસી લખ જોણી, તિહાં રહી ભમી ભમી આયા;
વિષય પાયા તિણશું મન ટાળે, તો પરબ્રહ્મ હી પાયા. ૮

૧. જાતી એટલે જતી ૨ રાક્ષસી ૩ પીળાં ૪. શિકારી ૫. ચૌર્યાસી લાખ યોનિ

તે માટે જે જિનધર્મ જાણે, કુશળપણું તે વખાણી;
માહરે બાહ્ય અભ્યંતર કુશલં, જાણું શ્રીજિનવાણી. ૯

**॥ ઢાળ પૂર્વની ॥**

કહે યોગિની હું આવી કાંતિ નયર થકી હો લાલ, કાં૦
જાઉં કુશસ્થળ નયર કાર્ય ધરી મન થકી હો લાલ, કા૦
દેખાડે [1]પટ રૂપ તરુણીના રૂપનો હો લાલ, ત૦
દેખત ખેવ કુમાર તણું મન ચૂંપનું હો લાલ. ત૦ ૨૯

પૂછે કુમર આ રૂપ અછે કહો કેહનું હો લાલ, અ૦
કહે યોગિની નૃસિંહ રાજાની પુત્રીનું હો લાલ, રા૦
પ્રિયંગુમંજરી નામ કની કાંતિપુર રાયની હો લાલ, કાં૦
એ તો અછે લવમાત્ર તસ ગુણસમુદાયની હો લાલ. ત૦ ૩૦

શ્રીગુણધર પાઠક રાજ તણા મુખથી સુણ્યા હો લાલ, ત૦
શ્રીચંદ્ર ગુણસમુદાય એ તેહ પાસે ભણ્યા હો લાલ, એ૦
શ્રીચંદ્રને અનુરાગિણી કન્યા તે થઈ હો લાલ, ક૦
એ પટ દેવા કાજ જાઉં હું ઇહાં થઈ હો લાલ. જા૦ ૩૧

પટ લેવાને કાજ ઉપાય તે બહુ કરે હો લાલ, ઉ૦
પણ નાપે પટ યોગિની તિહાંથી સંચરે હો લાલ, તિ૦
તે તો કુશસ્થળ નયરે પહોંતી યોગિની હો લાલ, પ૦
પાછળ મદનનો માર કુમરને પીડની હો લાલ. કુ૦ ૩૨

તસ મિત્રે મળી તાત જણાવ્યો તેહનો હો લાલ, જ૦
તસ જનકે પણ કન્યા તાત માગ્યો તેહનો હો લાલ, તા૦
પણ તે [2]નાપે થાપે વાત પણ નવિ રુચે હો લાલ, વા૦
જસ જઠરે ન જરે [3]જાઉલી તો મોદક કેમ પચે હો લાલ. મો૦ ૩૩

यदुक्तं– जावागूजरणे जाड्यं, मोदकानां तु का कथा ।
वचनेऽपि दरिद्रत्वं धनाशा तत्र कीदृशी ॥

**ભાવાર્થઃ–**જ્યાં જાવળી પચવામાં જાડ્ય છે ત્યાં લાડુ પચવાની તો વાત જ શી? સારાં વચન બોલવામાં જ દરિદ્રત્વ છે તો ત્યાં ધનની આશા તો ક્યાંથી જ હોય?

તાત કહે સુણ પુત્ર [4]અધૃતિ ચિત્ત મત કરે હો લાલ, અ૦
નૃપપુત્રી કોઈ અધિક એહથી રૂપ શિરે હો લાલ, એ૦

૧. ચિત્રપટનું રૂપ ૨. ન આપે ૩. જાવળી ૪. અધીરજ

તોહે પણ રતિ ન લહે થલગત મીન જ્યું હો લાલ, થ૦
દેહ હોયે અતિ ક્ષીણ પ્રમેહી ઘૃત પાન જ્યું હો લાલ. પ્ર૦ ૩૪

મદનપાળ હું તેહ પિતાથી અણકહે હો લાલ, પિ૦
છાનો રહ્યો છું આય રૂપને પરવશે હો લાલ, રુ૦
કેતકી ગંધ આકૃષ્ટ અલિ જિણ પરે અટે હો લાલ, અ૦
આગળ ભાવિ વાત જ્ઞાનવિમળ મતિ તુમ વટે હો લાલ. વિ૦ ૩૫

**॥ દોહા ॥**

ઇહાં આવી છાનો રહ્યો, [1]આરામિકને ધામ;
માલિણીને મેં ઇમ કહ્યું, કહે સંદેશો તામ. ૧

હેમપુરી-પતિ પુત્ર છે, મદનપાળ તસ નામ;
તુમ પટ રૂપથી મોહિયો, તે આવ્યો મુજ ધામ. ૨

એક વાર માહરી કળા, રૂપ ચતુરતા સાર;
દેખી પછે જિમ મન રુચે, તિમ કરજે ઇષ્ટ વિચાર. ૩

તે આગળ ગુણ વર્ણના, એણી પરે કરજે બેન;
તે હોયે અનુરાગિણી, મુજને તો હોયે ચેન. ૪

એમ કહી દીએ બહુલ ધન, માલિણી જઈ કહે વાત;
સ્વામિની એહ નર સારિખો, અવર ન કો સાક્ષાત્. ૫

એમ બહુ બહુ ગુણ વર્ણના, કીધી તે સુણી સર્વ;
હસી લગારેક એમ કહે, જોઈએ એ ડહાપણ ગર્વ. ૬

એમ કહી પુષ્પોચ્ચય થકી, લેઈ રક્ત એક ફૂલ;
કર્ણમૂલે ધરી દૃષ્ટિથી, દૂરે કર્યું અમૂલ. ૭

વળી શત દળ રંગી કુંકુમે, કર્ણદૃષ્ટિ ધરી ખાસ;
હૃદય ઉપરે થાપિયું, એહ સમસ્યા વાસ. ૮

કન્યા માલિણીને કહે, એ પ્રત્યુત્તર લ્યાવ;
પછી વળી ડહાપણ તણા, સમજાશે બહુ ભાવ. ૯

તે આવી [2]આરામિકા, સંભળાવી સવિ વાત;
ઉત્તર તો રહ્યો વેગળો, ન સમજી વાતની ધાત. ૧૦

૧ માળી (આરામ=બાગ) ૨. માળણ

ચતુરાંની વાતાં ભલી, નહિ ઘહેલાની વાત;
ઓ વાતાંથી સુખ ઉપજે, ઓ વાતથી ઘર જાત. ૧૧

મહોકમ મદને મારિયો, કર્યું [૧]જાજરું અંગ;
પુરુષ માત્ર લિંગે રહ્યો, વહે [૨]ક્લીબનું અંગ. ૧૨

કિહાં જાઉં હવે શું કરું, એમ ચિંતાતુર મન્ન;
યક્ષાલયે આવી રહું, ભાવે ઉદક ન અન્ન. ૧૩

નૃપ પુત્રી પણ ઇહાં કને, આવે છે પ્રતિ દિન્ન;
નજરે પણ દીઠી નથી, દૈવ તણે અપ્રસન્ન. ૧૪

પોલિહારિણી[૩] એહની, કાઢે નરને દૂર;
જો કોઈ ધીઠો થઈ રહે, તો મારિ પડે મહમૂર. ૧૫

## ॥ ઢાળ છઠી ॥

(ઘણરા ઢોળા—એ દેશી)

મદનપાલ કહે માહરી રે,
દાખી દુઃખની વાત; મનરા મિત્તા.
કોઈ દુઃખ ભંજન નવિ મળે રે,
પર ઉપકારી જાત; મનરા મિત્તા.
દુઃખ સહિયે પણ નવિ કહિયે રે,
જેહ ન દુઃખનો જાણ; મનરા મિત્તા.
તુમે પરદેશી સુજાણ છો રે,
દીસો મોજ મહિરાણ. મનરા મિત્તા. ૧

આરીસા પરે સંક્રમે રે, પરદુઃખ હૃદયે જેહ; મ૦
વિરલા પરદુઃખ દેખીને રે, તે સજ્જન ગુણગેહ. મ૦ ૨

શ્રીચંદ્રને મન ઉપની રે, કરુણા અતિહિ રસાળ; મ૦
અહો દુઃખીઓ એ સ્ત્રી તણો રે, સ્ત્રી જગ મોટું જાળ. મ૦ ૩

ગુણધર ગુરુ ઇહાં આવિયા રે, પૂર્વે એ દેશ મઝાર; મ૦
સેવક તેણે કરી જાણીયે રે, મહોટો ગુરુ ઉપકાર. મ૦ ૪

અહો કુમરની દક્ષતા રે, કીધી સમસ્યા એહ; મ૦
રક્ત કમળ પરે માહરો રે, રાગી તું કૃત નેહ. મ૦ ૫

૧. જર્જર ૨. નપુંસકનું ૩. દ્વારપાલ સ્ત્રી

પણ મેં કાને ન સાંભળ્યો રે, દીઠો નજરે નાંહી; મ૦
તે ભણી રક્ત ફૂળ છાંડિયું રે, હૃદય માંહે પણ નાંહી. મ૦ ૬
શતદળ પરે નીરાગ છે રે, તે શ્રીચંદ્ર કુમાર; મ૦
મેં માહરે ગુણે રંગિયો રે, કાને ધર્યો દૃષ્ટિચાર. મ૦ ૭
તેહિજ હૃદયમાં થાપિયું રે, અવરાશું નહીં રાગ; મ૦
કુસુમ ભાવ એમ દાખિયો રે, જુવો એક પખો રાગ. મ૦ ૮
પંડિત માની એહ છે રે, પણ ન લહે એટલો ભાવ; મ૦
તો કેમ એહને [1]ઈહસે રે, થાશે કેમ સુખ ભાવ. મ૦ ૯
પણ ઉપકારી જેહ છે રે, ચિંતે પર ઉપકાર; મ૦
બુદ્ધિ પણ તેહવી કહે રે, જિમ સુખીયા હુયે નરનાર. મ૦ ૧૦
શ્રીચંદ્ર કહે હવે મદનને રે, શું કરીશ ભદ્ર ઉપાય; મ૦
દૃષ્ટિ મેળાપક નવિ થયો રે, તુમ બેહુને હવે તે વાય. મ૦ ૧૧
મદન કહે મિત્ર તુમ થકી રે, માહરે કારજ સિદ્ધિ; મ૦
એહવો નિશ્ચય મુજ મને રે, તે ભણી કોઈ કરો બુદ્ધિ. મ૦ ૧૨
એમ બેહું મંત્રણું કરે રે, તેહવે વાગ્યો શંખ; મ૦
મદન કહે તે આવતી રે, સખી પરિવારી અસંખ્ય. મ૦ ૧૩
આગળથી ઉદ્યાનમાં રે, ગયા તે બિહુ યોધ; મ૦
કુમરી કામાલયે પેસતી રે, દીઠી સખીના રોધ. મ૦ ૧૪
માડળ વીણા વાંસળી રે, શ્રીમંડળ કઠતાળ; મ૦
ભેરી ભુંગળ ભરહરે રે, વાજે તાલ કંસાળ. મ૦ ૧૫
ગાયે વાયે સ્વર દિયે રે, નાચે કરી બહુ તાન; મ૦
સ્થાન તાન ધ્વનિ મૂર્ચ્છના રે, વિવિધ વિવિધ લય માન. મ૦ ૧૬
એહવામાં એક કામિની રે, ધૂલી ધૂસર અંગ; મ૦
[2]મલિનાંબર કેશ વિખર્યા રે, પેઠી ચૈત્ય અનંગ. મ૦ ૧૭
હાહાકાર રોદન થયું રે, સખી કહે એહ સ્વરૂપ; મ૦
ગાવું રોવું કેમ મળે રે, એ તો અદ્‌ભુત રૂપ. મ૦ ૧૮
સખી એકને પૂછિયો રે, એહનો શ્યો વિસ્તાર; મ૦
સખી કહે મુજ વેળા નહીં રે, કહેવા એ અધિકાર. મ૦ ૧૯

૧. ઇચ્છશે, ચાહશે ૨. મેલા કપડાં

એક તણી દાઢી જલે રે, એક કહે કરું દીપ; મ૦
એ ઉખાણો સાચવ્યો રે, કાર્ય અછે એ પ્રતીપ. મ૦ ૨૦

એક સખી કહે આણીએ રે, વેગે કદલીપાન; મ૦
ઘનસારે વાસિત કરો રે, બાવના ચંદન વાન. મ૦ ૨૧

સ્વામિની મૂર્ચ્છા વાળીએ રે, તો અમ જીવિત ધન્ય; મ૦
સર્વ સખી મળી તેહની રે, વાળી મૂર્ચ્છા અન્ય. મ૦ ૨૨

પ્રજ્ઞા સખીને પૂછિયું રે, વાત તણો શ્યો મર્મ; મ૦
તે કહે એક સખી આપણી રે, મોકલી યોગિની ધર્મ. મ૦ ૨૩

તેહ કુશસ્થળ પુરે ગઈ રે, શ્રીચંદ્રની શુદ્ધિ હેત; મ૦
આપણી સ્વામિનીએ મોકલી રે, કરી યોગિની સંકેત. મ૦ ૨૪

શ્રીચંદ્ર કુમરને જણાવવા રે, નિજ ગુણ રાગની વાત; મ૦
તે તિહાં જઈ આવી ઇહાં રે, પણ ન મળ્યો કુંઅર જાત. મ૦ ૨૫

ન મળ્યો તે તો શું કરું રે, પણ તિહાં સુણ્યું ચરિત્ત; મ૦
શેઠ પુત્ર જાણી વર્યો રે, ભાગ્ય થકી ગુણ હૂત. મ૦ ૨૬

પણ તે રાજન સુત થયો રે, ઓલખિયો માય તાય; મ૦
એમ નિસુણી દુઃખિત થઈ રે, કારજ સિદ્ધિ ન કાંય. મ૦ ૨૭

તેણે તે વાત આવી કહી રે, તેહથી મૂર્ચ્છા થાય; મ૦
સ્વામિની દુઃખે સહુ દુઃખીરે, ન સૂઝે કોઈ ઉપાય. મ૦ ૨૮

એમ કહી સખી પુરમાં ગઈ રે, કરવા સુખની વાત; મ૦
શ્રીચંદ્ર કહે હવે મદનને રે, એ તો જાણી તુજ ઘાત. મ૦ ૨૯

ક્ષણ રાચે વિરચે ક્ષણે રે, વીજલી પરે નિર્બંધ; મ૦
તે સ્ત્રીના પ્રતિબંધથી રે, હોયે કર્મનો બંધ. મ૦ ૩૦

તે ભણી જો મન થિર હોયે રે, તો એ વિકલ્પને છોડ; મ૦

**અથ શિખામણની જકડી શ્રીચંદ્ર કહે છે—**

મદનપાલા બે સુંદર, સુંદર શીખ સુણીજે,
જણ જણ સેંતી બે, યારી પ્રીતિ ન કીજે.

કીજે નવિ પરતરુણી સેંતી, કેતી વાર એ પ્રીતડીયાં,
વિષફળીની પરે મુહડે મીઠી, પરિણામે દુઃખ વેલડીયાં,

શેલડીયાં પરે ગહિલો જાણે, અંતે વિરસ દુઃખ દેહડીયાં,
દિવાના પરે ફરે પુર વને, ભીંતર બાહિર સેરડીયાં. ૧

નીંદ ન આવે બે રસિક ન રયણી વિહાણે,
અન્ન ન ભાવે બે, ધીરજ મનમાં [1]નાણે.
નાણે કાંઈ શંકા જાણી રંકા, લંકાપતિ પરે દુઃખ પામે,
ગળ શોષ સંતાવે ઠોર ન પાવે, જન માંહે અપયશ પામે,
રાજ મર્યાદા ધરે નવિ તેહની, જેહની મતિ સ્ત્રીશું બાંધી,
ઇહ ભવ પરભવ કેરો કોઈ, પરમારથ ન શકે સાધી. ૨

રાગ દેખાવે બે, રાતિ કણયર કળીયાં,
અંતર કાળી બે, કાઠી બોર કે કળીયાં.
મળિયાશું હેજે હલીમળતી, છિન્નમેં છેહ દેખાવતીયાં,
ઝેર હળાહળથી પણ અધિકી, જેહની જાણીજે છતીયાં,
ઇંદ્ર ચંદ નાગિંદ ભોલાયે, નિસુણી નિરુપમ જસ વતીયાં,
હરિહર બ્રહ્મા તરુણી પુરંદર, વિકળ થઈ કરતા નતિયાં. ૩

વિષકી કદલી બે, ભૂમિ વિના જગ માંહિ,
વિફરી વાઘણ બે, વ્યાધિ મહા નિર્નામાહિ.
નિર્નામે કોઈ અપર મહાગ્રહ, વિષ નામાંતર નિપાયું,
ફણિ વિણુ સાપિણી પાપણી જાણે, જસ મન તરુણીશું લાયું,
દ્વાદશમો છાયા સુત બેઠો, જસ મન પરતરુણી ઈહા,
ગતિ મતિ છતિ સવિ હોઈ હીણી, હોયે વળી દુર્બળ દેહા. ૪

ઇમ મન જાણી બે, ચંચળતા નિવારી,
ધૃતિ મતિ ધરિયે બે, ગુરુ શિક્ષા ચિત્ત ધારી.
ધારીજે શિક્ષા થઈય દક્ષા, લખ્યા લેખ ન છૂટીજે,
તું કુમર ભૂપાળા, મદનપાળા સત્ત્વ થકી નવિ ત્રૂટીજે,
જ્ઞાનવિમળ મતિશું ચિત્ત ધરજે, શીખ હમારી અતિ સારી,
જેમ ઇહભવ પરભવે હોયે સુખકારી, સહેજ થકી સુણો નર નારી. ૫

**॥ પૂર્વ ઢાળ ॥**

એમ કરતાં જો કાર્યનો રે, કામ તણો મનકોડ. મ૦ ૩૧

તો ભાઈ રાજ્ય મૂકીને રે, શું ફરે પરદેશ; મ૦
એકબુદ્ધિ તુજને દિયું રે, તું કર સુંદર વેશ. મ૦ ૩૨

૧. ન આણે

ધન ઉપાય કરી મેલીએ રે, ધનથી હોયે સવિ કામ; મ૦
અવગુણ પણ ગુણ કરી લીએ રે, જગમાં મોહન દામ. મ૦ ૩૩

કુરૂપ રૂપ નિર્ગુણ ગુણી રે, પ્રાયે ચિંતિત થાય; મ૦
લોક તણો વ્યવહાર છે રે, પ્રાયે એમ કહાય. મ૦ ૩૪

કપટ થકી સવિ સંપજે રે, નિસુણી એહ વચન્ન; મ૦
જેમ તુજને મેળાવડો રે, થાશે તુમ મન પ્રસન્ન. મ૦ ૩૫

જ્ઞાનવિમળ મતિને બળે રે, હોશે તાહરું કામ; મ૦
હું પણ પરિચર્યા કરું રે, સેવક પરે રહી ધામ. મ૦ ૩૬

**॥ દોહા ॥**

દ્રવ્ય ગ્રહીને અતિ ઘણું, કરી નગરમાં વાસ;
તું કુમર છાનો રહે, હું છું તાહરી પાસ. ૧

તેણી પરે હું વરતીશ તિહાં, નૃપ જાણશે એમ;
શ્રીચંદ્ર કુમર છાનો અછે, તવ ઉપજશે પ્રેમ. ૨

ભાગ્ય હશે જો તાહરું, ન ચલશે કર્મનું જોર;
તે નિસુણી હર્ષિત થયો, જેમ ચકવાને [1]ભોર. ૩

તેણે સઘળું તેમજ કર્યું, [2]સાત ભૂમિ ઘર લીધ;
મદન રહ્યો તસ અંતરે, કુમરે કારજ કીધ. ૪

ઉચિત દાન તેહવાં દીએ, મેળે સજ્જનની ગોઠ;
વાત ચિત્ત સવિ કુમર તે, દાખે ઉપજે તૂઠ. ૫

મંત્રી સામંતાદિક સવે, યાતાયાત કરેવ;
તું મૌની યોગી પરે, રહેજે ઇહાં સ્વયમેવ. ૬

નિજ ચાતુર્ય ગુણે કરી, રંજ્યું આખું શહેર;
ભૂપ મંત્રી કન્યાદિકા, કરે સવિ ખહેર મહેર. ૭

ભૂપે ઘણો આગ્રહ કરી, મનાવિયો વિવાહ;
જાણે શ્રીચંદ્ર આવીયા, છાના નગરી માંહ. ૮

શણગારી સઘળી પુરી, લોક તણે મન હર્ષ;
સામગ્રી સવિ મેળવી, વિવાહના ઉત્કર્ષ. ૯

૧. સવાર, પ્રાતઃકાલ ૨. સાત માળનું

જોશી તેડી પૂછિયા, લીધું લગન નજીક;
રખે વિલંબે કાર્યની, સિદ્ધિ ન હોય નિર્ભીક. ૧૦

હર્ષ કોલાહલ અતિ ઘણો, નગરીમાં નિશદિસ;
એહવે વાતાયન રહ્યો, મદન સુણે સુજગીશ. ૧૧

ચિંતે [1]ભાયગ માહરું, આજ ફળ્યું નિરધાર;
ભાગ્યે પણ માહરે મળ્યો, આવી એહ કુમાર. ૧૨

હું પરણીશ હવે એહને, પ્રિયંગુમંજરી નામ;
કન્યા કર ગ્રહણે કરી, વધશે માહરી મામ. ૧૩

## ॥ ઢાળ સાતમી ॥

(હમચડીની દેશી—આજ મહારા આદીશ્વરને ઇણવિધિ વંદણ ચાલ્યા—એ દેશી)

લગન તણો દિન જેહવે આવ્યો, તેહવામાં તેણી વેળા;
પાણીહારી જાયે જળ ભરવા, કરતી માંહોમાંહે લીલા રે;
હમચડી, હમચડી માહરી હેલ રે;
એ તો મદનપાલને મહેલ રે. હમ૦૧

આવો આવો વેગે વેગે, પાછા ફરી ઘર જઈએ;
કૌતુક આજ અચંભમ હોશે, તે જઈ વહેલા જોઈએ રે. હમ૦૨

રાજ્યકુમરી દેવકુંઅરી પૂછે, શું તે કૌતુક હોશે;
તું શું જાણે બાળી ભોળી, સુર નર આવી જોશે રે. હમ૦૩

શ્રીગુણધર પાઠકની પાસે, પ્રિયંગુમંજરી કન્યા;
સકળ કળા શીખી છે તેણે, એહવી કોઈ ન અન્યા રે. હમ૦૪

શ્રી શ્રીચંદ્રકુમર પણ ભણિયો, તે પાઠકની પાસે;
પાઠક વયણ થકી અનુરાગિણી, કુમરી થઈ ઉલ્લાસે રે. હમ૦૫

પદ્મિની પ્રમુખ નારી ચઉભેદા, નાયક નરના ભેદા;
એ જાણે ને તે પણ જાણે, પૂછશે તાસ વિનોદા રે. હમ૦૬

સ્ત્રી નરનાં વળી લક્ષણ કહેશે, સામુદ્રિકને ભેદે;
ગાહા ગૂઢા ને હરિયાળી, ગૂઢ સમસ્યા ભેદે રે. હમ૦૭

પુરુષ તણી કળા વળી બહોંતેર, ચોસઠ સ્ત્રી કળા બોલી;
માંહોમાંહે તે પૂછશે, વાત કરશે દિલ ખોલી રે. હમ૦૮

---

૧. ભાગ્ય

સરખે સરખી જોડ મળી છે, એક ગુરુ પાસે ભણિયાં;
બાઈ પનોતાં એહ જ સરજ્યાં, આપણે બોથિલ ઘડિયાં રે. હમ૦૯

પહેલાં ગોષ્ઠી કરીને વેગે, કર મેળાવો કરશે;
તેહ ભણી વહેલાં ઘર જઈને, રાજ્યભુવન જઈ ધરશે રે. હમ૦૧૦

મદનપાળ ઘર બેઠો ગોખે, વાત સુણી [1]જળ-આણી;
ચિંતે મનમાં એ તો મારું, કેમ કરી રહેશે પાણી રે. હમ૦૧૧

કમલિણી ભ્રમર રહે તિહાં લીનો, તો અવરાનું શું જાય;
પણ કમળ પરાગ તણો પરિમલ તે, લેતે સહુ સુખ થાય રે. હમ૦૧૨

પરણશે તે વંછિત લહેશે, પણ સુણતાં શું જાય;
એહવી વાણી મદન તણે મન, વજ્ર બરાબર થાય રે. હમ૦૧૩

પાણીહારીની વાત જણાવી, આવી મિત્રની આગે;
મિત્ર કહે હવે [2]કૂપક ખણીએ, ઘર પ્રદીપન લાગે રે. હમ૦૧૪

કહે મિત્ર ઉદ્યમ બહુ કીધો, પણ તુજ ભાગ્ય ન દીસે;
એમ જાણું છું માહરી મતિથી, કેમ ભાવી શું હોશે રે. હમ૦૧૫

તોહે પણ એક બુદ્ધિ અછે સુણ, મુજથી વય તું લઘુ છે;
રૂપે તો મુજ સરિખો ભાસે, ભૂષણ મણિ પરે બહુ છે રે. હમ૦૧૬

માહરો વેશ લીએ તું હમણાં, તાહરો વેશ દીએ મુજને;
માહરે ઠામે તું કર ઝાલીને, કોઈ ન લહેશે તુજને રે. હમ૦૧૭

યાચના ભંગ કરે નહીં ઉત્તમ, તે ભણી બુદ્ધિ બતાવું;
અર્થી દોષ ન દેખે કાંઈ, તેણે પણ તેમ બનાવ્યું રે. હમ૦૧૮

વેષ પરાવર્ત્તે કરી તે સમ, દીસે ભૂષણે ભૂષ્યો;
સાદે વેષે પણ સુંદર દીસે, દ્વારપાળ કુમરને દેખ્યો રે. હમ૦૧૯

સર્વ સામગ્રી સજ્જ કરીને, ધવલ મંગળ ગીત ગાતે;
નાટક નવનવ છંદે થાતે, વાજિત્રના રવ વાતે રે. હમ૦૨૦

સુવર્ણરત્ન અવતંસ કરીને, દીપે કુંડળ જોડે;
મુદ્રાલંકૃત ગજવર ચડીઓ, છત્ર ચામરની જોડે રે. હમ૦૨૧

૧. પણિહારી ૨. આગ લાગ્યે કૂવો ખોદવો

બહુ ઉત્સવશું નગરમાંહે થઈ, પામ્યો નૃપનું ગેહ;
જેહવે આવે તેહવે બટુઓ, બોલ્યો એક સસનેહ રે. હમ૦૨૨

તારક નામે ભટ્ટ પયંપે, તેહના ગુણ વાચાળ;
અહો અહો અમે પૂરણ ભાગ્યે, નિરખ્યો ભાગ્ય રસાળ રે. હમ૦૨૩

गाथा– तईया विवाह समअे, धणवई पमुहाण अट्ठ कन्हाणं;
सिरिचंदो सिट्ठि घरे, जो दिट्ठो सो इमो जयउ. १

**અર્થ–લગ્ન સમયે ધનવતી વગેરે આઠ કન્યાઓને જે પરણ્યો છે તે શ્રીચંદ્રને શેઠના ઘરે અમે દીઠો છે, તે શ્રીચંદ્ર જયવંત વર્તો.**

એમ ગાથા નિસુણીને હરખ્યા, સવિ આપે તસ દાન;
નૃપ લેઈ નિજ અંકે કુમરને, આપે અતિ બહુ માન રે. હમ૦૨૪

રાજા આપે સિંહાસન બેઠા, પામી અતિ આણંદ;
સકળ લોકને વિસ્મય પેઠો, જુવો કુમર શ્રીચંદ્ર રે. હમ૦૨૫

પાદ પીઠે પુત્રીને થાપી, કહે રૂપ એ નિરખો;
કુંડળ નામ મુદ્રા અનુકારે, ગોષ્ઠી કરવા સરિખો રે. હમ૦૨૬

સર્વ લોકની સાખે ભાખે, પ્રિયંગુમંજરી પુત્રી;
રૂપે નિર્જિત માર કુમારેંદ્ર, ગોષ્ઠી કરો ધરી મૈત્રી રે. હમ૦૨૭

સ્ત્રીના ભેદ કહ્યા પ્રભુ કેતા, લક્ષણ જાતિ વિભેદ;
તે દાખો અમને હવે ઇહાં કણે, ભાંજો મનનો ખેદ રે. હમ૦૨૮

કહે શ્રીચંદ્ર ભદ્રગતિ ભદ્રે, સ્ત્રીના ભેદ છે ચાર;
પદ્મિની હસ્તિની ચિત્રિણી શંખિની, મૂલ ભેદ એ ચાર રે;
સુણીએ તાસ વિચાર રે. હમ૦૨૯

લોક થોક મળિયા સવિ જોવા, કરત કોલાહલ શોર;
કૌતુક એક અને વળી સહેજે, સુણવું જેમ ઘન મોર રે. હમ૦૩૦

કેઈક ઘરના કથલા કૂટે, કેઈ કરે પરનિંદા;
કેઈક આપ તણા ગુણ દાખે, મળિયા માણસ વૃંદા રે. હમ૦૩૧

પરણ્યો તે પરદેશે ચાલ્યો, છૈયાં છે મુજ નાનાં;
કેઈ કહે એ વેળાએ શું, રહીએ છાનામાનાં રે. હમ૦૩૨

સુખીયાને સઘળું એ સૂઝે, શું એહથી કાંઈ ન સૂઝે;
કમાઈએ જો ભારો વહીએ, તો ભારાથી ભેંશ દૂઝે રે. હમ૦૩૩

એક કહે માહરો રતનશી રૂડો, જેણે પિયુડો વિસાર્યો;
નાગાં ઉઘાડાં એ ઢાંકે, સુખે જાયે જમવારો રે. હમ૦૩૪

એક કહે મુજ સાસૂ કરડી, જોડે અજોડ્યા જોડા;
દેવરીયો મુને સબળ દહે છે, નણદી કટકના ઘોડા રે. હમ૦૩૫

એક કહે માહરે ઘણું દૂજાણું, ઘી ઉતરે છે થોડું;
માખણમાંહે સિહારી લાગે, કે જામણિ પડે મોડું રે. હમ૦૩૬

એક કહે જમવારો થયો પરણ્યાં, પણ સુખ દુઃખ વાત ન પૂછે;
મદદ માહરી કિસીયે ન કરે, ઘરની વાતે ગુંચે રે. હમ૦૩૭

આઈ માઈ બાઈ જાયું, માહરે કોઈ ન દીસે;
તોહે પણ આગળ આગળથી, પારકે પિટણે હીસે રે. હમ૦૩૮

પરદેશે જઈ પહોરો કરશું, નહિ કોઈનું ઓશિયાળું;
થોડા માંહે ઘણું બિગાડ્યું, અલ્યા તાહરું મુહ કાળું રે. હમ૦૩૯

એક કહે માહરે કર્ષણ પાકું, જ્વારી લાગે છે ઝાઝી;
લીંપણ ગૂંપણ પૂંછણ કામે, મુજને કીધી માજી રે. હમ૦૪૦

એક કહે એ કાંઈ ન સમજે, વાણોતરને ભલાવું;
દેવાળાની વાત જણાવી, કેમ કહીને સમજાવું રે. હમ૦૪૧

મહોટે ઠામે કરી સગાઈ, ઘર વાખરા સવિ ખમવા;
તુમને તો બાઈ કાંઈ ન ચિંતા, ન સાંભરે અમ જમવા રે. હમ૦૪૨

એકણ લગને આપણે બે પરણ્યાં, તાહરે છે ઘર ભરિયું;
હજી લગે માહરે નવિ આશા, એ કર્મે શું કરિયું રે. હમ૦૪૩

એક કહે અકહ્યાગરાં છોરુ, ખાધું ઊડી જાય;
જેમ કીજે તેમ વાંકા ચાલે, ઘરમાં કહ્યું ન થાય રે. હમ૦૪૪

સુખિયા છોરુ સહેજે કરડા, આખો દહાડો શૂલી;
સુખ દુઃખ તુમ વિણ કેહને કહીએ, મામી મોટી ધૂલી રે. હમ૦૪૫

પર્વ પોસાળે પહેલાં આપણ, કીધા વિણ કેમ ચાલે;
મનમાં મોટાઈ રહે ભારી, જેમ કૂતરો[1] વહેલ તળે[2] મહાલે રે. હમ૦૪૬

૧. રથ, વાહન ૨.મજા કરે

પહોલાં પાથરણાં કરી બેસે, કોડી કામ ન આવે;
નબળાને વકારી મારે, ધર્મ નામ ન સુહાવે રે. હમ૦૪૭

એમ ઇચ્છાએ કથલી કરતી, ધર્મ ઠામે પણ બેઠી;
તિણથી શી ધર્મ વાણી સૂઝે, કચ પચ કરે જે ધીઠી રે. હમ૦૪૮

જૂઠી સાચી વાતાં કરતી, ચાર મળી જિહાં ચાચી;
પરઘર ભંજણ ચાળા કરતી, કથલાની વાત પાછી રે. હમ૦૪૯

એમ બહુ સોર કરંતાં દેખી, રાજા પડહ વજાવે;
કરી એકાંત એ ગોષ્ઠી સુણજો, જેમ મનડું રિઝાવે રે. હમ૦૫૦

જ્ઞાનવિમળ મતિની એ વાતો, સજ્જન જન મન ધાતે;
પણ કાને સુણી મીઠી લાગે, જિમ ઘન તાપે નિવાત રે. હમ૦૫૧

**॥ દોહા / સોરઠા ॥**

સોરઠો–કહે શ્રીચંદ્રકુમાર, ચાર ભેદ એ સાંભળો;
ધુરથી ચિત્તમાં ધાર, મૂકી મનમાં આમળો. ૧

દોહા–એણે લક્ષણથી પદ્મણી, તરુણી તણાં વખાણ;
સવિ અંગે શુભ લક્ષણી, વિનયકળા ગુણખાણ. ૨

**અથ પદ્મિની લક્ષણ** (સવૈયો)

પદ્મ ઉપમાન દેહ, મુખજિત અમૃત ગેહ,
હંસગતિ ગમન રેહ, સ્નિગ્ધ તનુ દંત હૈ,
સુખી મગ્ન શ્યામ કેશ, દીર્ઘ નેત્ર કો હૈ નિવેશ,
પૃથુલ હી ઉરોજ દેશ, અલ્પ નિંદ લેતુ હૈ;
અલ્પ કામ અલ્પ માન, પતિસેં રહે એકતાન,
અલ્પ સ્વેદ અલ્પ રોષ વીજકી ચમક્ક હૈ,
અલ્પ હાસ અલ્પ ભાસ અલ્પ હૈ નિઘાસ તાસ,
પદ્માકર પુષ્પભોગ પ્રિયકી ધમક્ક હૈ.

ઇતિ ષોડશ પ્રકારે પદ્મિની લક્ષણં.

**અથ હસ્તિની લક્ષણ** (સવૈયો)

વિજિત ગતિ ગયંદ, તાસ મદમત્ત ગંધ,
થૂલ કેશ નૈન લઘુ પર, મત્ત વારી હૈ,
બહુ કામકો ઉમેદ, બહુ સ્વેદ બહુ ખેદ,
બહુત વ્યાપાર ભેદ, બહુત આહારી હૈ;

શંખવિષમ હૈ હસ્ત, મૌક્તિક પ્રિયપ્રશસ્ત,
આપમત રહે મસ્ત, ક્રોધ ભર ભારી હૈ,
હસ્તિનીકી એહ જાતિ, જાનિયે યું ભલી ભાતિ,
પદ્મિની થે વિજાતિ પર, બુદ્ધિબળ સારી હૈ.

ઇતિ હસ્તિની લક્ષણં

**અથ ચિત્રિણી લક્ષણ** (સવૈયો)

ચિત્રિણીકો વિચિત્ર ગંધ, ઉરુશોભા સુદૃઢબંધ,
એણ ગતિ સુખિમદંત, કેસકો કલાપ હૈ.
ઉન્નત ઉરોજ રોજ, નેત્રજિત નીલ સરોજ,
અલ્પ નીંદ હૈ હરોજ, મધુર આલાપ હૈ.
મિતાચાર મિતાહાર, વાર વાર કામ પ્રચાર,
મધ્ય સ્વેદ તીચ્છણ, કટાક્ષ ખેદ વ્યાપ હૈ.
મકર સમાન હસ્ત, ભૂષણ પ્રિયાવિહસ્ત,
અંગમેં અનેક રંગ, અનંગ કેરી છાપ હૈ.

ઇતિ ચિત્રિણી લક્ષણં

**અથ શંખિની લક્ષણ** (સવૈયો)

શંખિનીકો મત્સગંધ, શોભા કુચકી પ્રબંધ,
દીર્ઘ સ્તન દીર્ઘ દંત, ખરકી ગતિ ધારી હૈ.
[1]પિંગ નેત્ર પિંગ કેશ, કરતુ હૈ વિચિત્ર વેશ,
દીર્ઘ હાસ્યકો પ્રવેશ, દીર્ઘ કામ વિકારી હૈ.
દીર્ઘ રોષ દીર્ઘ શોષ, અકાજસે પીયત કોશ,
ન પેખત નિયદોષ, અમિત આહારી હૈ.
મત્સ સમ વિષમ હાથ, કલહપ્રિય કેલીયે સાથ,
દુસમનતા પ્રાણનાથસેં પણ ધારી હૈ.

ઇતિ શંખિની લક્ષણં

**॥ પૂર્વ દોહા ॥**

એમ એકેકીનાં હુયે, સોળ સોળ [2]અહિનાણ;
ઇમ કરતાં ચોસઠ હુયે, સંકર ભેદ પ્રમાણ. ૩

જાતિ લક્ષણ ગુણ ભેદથી, હોય એકમાં અનેક;
તે તો શાસ્ત્રથી જાણજો, જો હોયે ચતુરને છેક. ૪

---

૧. પીળાં ૨. નિશાની, લક્ષણ

મૂળ ભેદ બેહુ અછે, શુભા અશુભા સ્ત્રી જાણ;
શુભ લક્ષણથી હોયે શુભા, અશુભા અશુભ પ્રમાણ. ૫

કાંઈક નારીનાં કહું, શુભ લક્ષણ શુભ ગાત્ર;
લક્ષણ વ્યંજન ભેદથી, જાણીજે ગુણપાત્ર. ૬

## ॥ ઢાળ આઠમી ॥

(ગણધર દશ પૂરવધર સુંદર—એ દેશી)

પૂરણ ચંદ્રમુખી બાળ અરુણ સમ, દીપે તનુની છાયા રે;
વક્ત્ર વિશાળ અધર ઓષ્ઠ અરુણા, એ ષડ્ લક્ષણ શુભ જાયા રે. ૧

સુણીએ સ્ત્રીનાં અંગ સુલક્ષણ, નિર્લક્ષણ સ્ત્રી સંગે રે;
શુભ લક્ષણ નર હીણો થાયે, જેમ પય કાંજી પ્રસંગે રે. સુ૦૨

અંકુશ કુંડળ ચક્રની રેખા, જેહને [1]કરતળે હોવે રે;
પ્રથમ પુત્ર પ્રસવે તે નારી, પતિ દેશાધિપ જોવે રે. સુ૦૩

જસ કરતલ ગઢ તોરણ મંદિર, પદ્મ કુંભ છત્ર ચક્ર રે;
દાસ કુળે જાતાં પણ નરપતિ, પત્ની હોય રેખા ચક્ર રે. સુ૦૪

મયૂર છત્ર આકૃતિ જસ કરતલે, પુત્ર બહુલ રાજા રાણી રે;
હોયે તે ગુણવંત સુશીલા, પ્રેમ પ્રીતિ ગુણખાણી રે. સુ૦૫

વક્ર કેશકલાપ મુખ વર્તુલ, દક્ષિણાવર્ત્તા નાભિ રે;
પ્રીતિવંતી તે પુણ્યપનોતી, પુત્ર પુત્રીની લાભી રે. સુ૦૬

દીર્ઘ કેશ દીર્ઘાંગુલી નારી, દીર્ઘાયુ તે પામે રે;
ધન ધાન્યે પરિવારે વધતી, પતિ તેહને ઘણું કામે રે. સુ૦૭

ચંપક વર્ણી સ્નેહલ વયણી, સ્નેહલ નયણી શ્યામા રે;
સ્નિગ્ધ અંગી સ્નેહલ છે વાણી, એહવી અતિ સુખ પામે રે.
સુવર્ણ ભૂષણ કામા રે. સુ૦૮

જે નારીને હસતાં નીલવટ, સ્વસ્તિક હોયે આકાર રે;
ઘોડા હાથી સહસ ગમે તસ, વાહન બહુ પરિવાર રે. સુ૦૯

મસ તિલ લંછન ડાબે પાસે, ગલકુંચ મંડળ હોવે રે;
તે મહિલા સુત પ્રસવે નારી, દરિદ્રપણું તે ધોવે રે. સુ૦૧૦

અલ્પ સ્વેદ અલ્પ રોમ અલ્પ નિદ્રા, અલ્પ ભોજન અલ્પ હાંસી રે;
અંગાદિકે વળી રોમ ન હોવે, તે સ્ત્રી ઉત્તમ ભાસી રે. સુ૦૧૧

---

૧. હથેળીમાં

થણ ઊરુ કરિકર સમ નહીં રોમે, અશ્વપત્ર પરે યોનિ રે;
નિતંબ લલાટ પૃથુલ કૂર્મોન્નત, ગૂઢમણિ નાભિ ઊંડી રે. સુ૦૧૨

શીત ઉષ્ણ ઋતુ સરિખે સમયે, આલિંગન સુખ સરખું રે;
નિર્ધન કુળની હોયે યદ્યપિ, ધન લહે નરપતિ પરખું રે. સુ૦૧૩

રોમાલા જંઘા ને પયોધર, વદન ઓષ્ઠ રોમાલાં રે;
શીઘ્રપણે વિધવા તે હોયે, નાભિ લલાટ ભમરાલાં રે. સુ૦૧૪

સ્થૂલ જંઘા ચોફાળ પગ ચાપટ, કે દાસી કે વિધવા રે;
દરિદ્ર દુઃખ તણી સંવિભાગણી,[૧] મૃતવત્સા વા[૨] વંઝા રે. સુ૦૧૫

પૃષ્ટાવર્ત્તા પતિને મારે, હૃદયાવર્ત્તા પતિભક્તા રે;
કટિ આવર્ત્તા સ્વછંદચારિણી, ત્રિવિધ તરુણીની વિગતા રે. સુ૦૧૬

જે સ્ત્રીને વળી ત્રણ હોયે લાંબા, લલાટ ઉદર ભગ જેહને રે;
તે સ્ત્રી શ્વસુર દેવર વરને હણે, સુતસુખ ક્ષણ નહિ તેહને રે. સુ૦૧૭

કાલી જીભ પિંગ નેત્ર લંબોષ્ઠી, ઘુર્ઘુર સ્વર અતિ કાલી રે;
અતિ ગોરી ષટ એહી વરજો, સામુદ્રિકને નિહાલી રે. સુ૦૧૮

ગંડસ્થળ હસતાં પડે ખાડો, તે પણ ગેહે ન રહે રે;
ઇચ્છાચારી તે રહે ફરતી, કુલલજ્જાને ન વહે રે. સુ૦૧૯

પદપ્રદેશની અંગૂઠાથી વધતી, તે નિજ ઘરમાં ન ઠરે રે;
પાદ મધ્યમાં અંગુષ્ઠથી વધતી, કામ વિના તસ ન સરે રે. સુ૦૨૦

ચરણલંક ધરતી નવિ ફરસે, પાની હોય ઉપડતી રે;
અનામિકા પણ ભૂમિ ન ફરસે, તે જાર તણે ઘર રમતી રે. સુ૦૨૧

ચરણ કનિષ્ઠા ભૂમિ ન રસે, તે પણ જારશું વિલસે રે;
ઉદ્ધુત કપિલ કેશ રોમરાજી, દારિદ્ર દાસપણું ફરસે રે. સુ૦૨૨

વદનાકારે ભગ આકારી, જેમ કટિ તેહવાં નેત્ર રે;
જેહવા કર તેહવા પદ લહિયે, જંઘા તેહવી ધરે મૈત્ર રે. સુ૦૨૩

કાકસ્વરી કાકજંઘા દીર્ઘદંતી, પૃષ્ઠે હોયે રોમરાજી રે;
દશ માસે તે પતિ હણનારી, વિષકન્યામાં માજી રે. સુ૦૨૪

છિદ્રખાદ વિષમાંગુલી નારી, નાસ વંશે વિષમી રે;
તે નારી બહુ વૈર વધારે, અશુભ લક્ષણ પતિ ન ગમી રે. સુ૦૨૫

---

૧. મરેલા છોકરો જન્મે તે. ૨. વંધ્યા

ધમધમાટ કરતી જે ચાલે, વળી કરડકા થાવે રે;
તે નારી ઘણું વૈર વધારે, નીચ ગતિ દુઃખ પાવે રે. સુ૦૨૬

અતિ લાંબી અતિ ટૂંકી અતિ કૃશ, અતિ કાળી અતિ ગોરી રે;
એ દોભાગણી સઘળી ત્યજવી, વાદ કલહપ્રિય ધોરી રે. સુ૦૨૭

પાક પરઘર પ્રશંસે ને કરે, પરઘરની અનુકૂળા રે;
આસન અથિર ને ઉત્તર વાળે, તે સ્ત્રી વંશ પ્રતિકૂળા રે. સુ૦૨૮

પતિઆક્રોશે સુસર પખ વૈરિણી, જેહના પગ રહે પહોળા રે;
પરિહરવી પુત્રવતી તે પણ, વક્રમુખી પિંગડોળા રે. સુ૦૨૯

यतः—पिंगाक्षी कूपगंडा, परपुरुषरता, स्थूलजंघौर्ध्वकेशी;
लंबौष्ठी दीर्घवक्रा, प्रविरलदशना, श्यामताल्वोष्ठजिह्वा.
शुष्कांगी संगरक्ता, विषमकुचयुगा, नासिकाक्रांतवक्रा,
सा कन्या वर्जनीया, सुतसुखरहिता, भ्रष्टशीला च नारी. १

पीनोरू पीनगंडा सुशमितदशना, दक्षिणावर्त्तनाभिः
स्निग्धांगी चारुशुभ्रा पृथुकटिजघना सुस्वरा चारुकेशी,
कूर्मपृष्ठा धनूष्णाधिरदसमपृथुस्कंधभागा सुवृत्ता,
सा कन्या पद्मपत्रा सुभगगुणयुता, नित्यमुद्वाहयोग्या. २

મુખ સરિખું હોયે સહજ ડહાપણ, નેત્ર સમાન આચાર રે;
નાસા સમ ઋજુતાએ કથન કરી, તનુ સમ સુખપરિવાર રે. સુ૦૩૦

એમ અનેક સામુદ્રિક લક્ષણ,—લક્ષિત દેહા જાણી રે;
[1]કર-પીડન કરે તસ ઘર બહુળી, ઋદ્ધિ રાજ ધન [2]પાણી રે. સુ૦૩૧

અથવા વળી ચાર ભેદે નારી, [3]ઊઢા અને અનૂઢા રે;
એક સ્વકીયા ને પરકીયા, કામશાસ્ત્રમાં વૂઢા રે. સુ૦૩૨

જ્ઞાત અજ્ઞાત યૌવના લહીએ, પ્રૌઢા મધ્યા ધીરા રે;
વાસકશય્યા ને અતિસારિકા, કામકંદની કીરા રે. સુ૦૩૩

મુગ્ધા વિપ્રલબ્ધા, વિસ્રબ્ધા, પ્રોષિતપતિકા ભણીએ રે;
ભેદ અનેક લક્ષણ ગુણથી છે, [4]વાત્સ્યાયનમાં સુણીએ રે. સુ૦૩૪

૧. પાણિગ્રહણ ૨. પાણ=વ્યાપાર ૩. વિવાહિત ૪. વાત્સ્યાયન મુનિ રચિત કામશાસ્ત્રમાં

રસમંજરી રસિક પ્રિયા નાટક, શૃંગાર શતકે પ્રમુખા રે;
કામકામી જે હોયે તે જોજો, એહવા સકળ વિશેષા રે. સુ૦૩૫

રાંટા પગની આંટુ જોતી, શંખિણી ને સૂગાળી રે;
આપ તણાં લક્ષણ રાખેવા, વરજો એહવી[૧] બાળી રે. સુ૦૩૬

સામુદ્રિકનાં લક્ષણ જોઈ, પરણે કન્યા જાણી રે;
નિર્ધન કુળની પણ હોયે રાણી, જ્ઞાનવિમળ સૂરિ વાણી રે. સુ૦૩૭

॥ છંદ ॥

વિરલે દાંતે ને વિકરાળી, કોપ ઘણો ને દર્શને કાળી;
વક્ર નેત્ર વળી મુખડું તાણે, અહનિશિ આપો આપ વખાણે. ૧

ચાલ

વખાણે આલી હિયડે પાલી, પેટ પ્રજાળી મૂંછાલી;
ઘણ ક્રોધ ન છંડે, કલહ જ મંડે, માતા સાંઢ જેમ ત્રટકાલી;
મસ્તક કપિવેણી, કેશર નયણી બાબર ઘેટા બાળ જિસ્યા;
તે નારી પામી રીશ મ કરશો, અણપૂજ્યાનાં ફળ ઇસ્યાં. ૨

અથોત્તમા

સુહિત સુલક્ષણી રંગ રસાળી, કનક ચૂડીને પહિરણ ફાળી;
દક્ષિણ કરે જો દાન જ દીજે, તો ઇસી નારી નિશ્ચય પામીજે. ૧

ચાલ

પામીજે યુવતી સાસુ ગમતી, નણદહ ભગિની સુકુલીણી;
પરપુરુષ ન જોતી, વાત ન કરતી, તાંત ન ધરતી કેહ તણી;
જિનધર્મ ઉચરતી, પિયુમન ગમતી, શારદચંદ નિર્મલ જિસી;
પહેલે ભવે કોઈ મહાતપ કીધાં, તે નર પામ્યા નાર ઇસી. ૨

ઇત્યાદિક બહુ વક્તવ્યતા જાણવી.

**॥ દોહા ॥**

કહો નાયક હોયે કેટલા, તવ બોલ્યા કહે ચાર;
અનુકૂળ દક્ષિણ શઠ વળી, ધૃષ્ટ ભેદ એ ચાર. ૧

**હવે એ ચારનાં લક્ષણ કહે છે–**

જે પરરમણી રત નહીં, નિજશું નિત્યે રાગ;
તે અનુકૂળ નાયક કહ્યો, શુભ લક્ષણનો લાગ. ૨

ચિત્તે પરરમણી રમે, પણ વિકાર ન દેખાવ;
તે દક્ષિણ નાયક કહ્યો, કુલાચાર ન ચુકાવ. ૩

---

૧. બાલિકા, કન્યા

પ્રિય બોલે પણ પ્રિય નવિ કરે, ધરે કોપ પ્રચાર;
શઠ નાયક તે જાણીએ, એહવો ઘણો પ્રચાર. ૪

આપ અપરાધ ન જાણતો, અજ્ઞાને કૃત કર્મ;
અપમાન્યો પણ તેહવો, તે ધીઠો અકુશળ કર્મ. ૫

ઇત્યાદિક ભેદે ઘણા, નાયક ભેદ વિચાર;
વર્ણભેદથી જાણીએ, ચાર ચોક સોળ સાર. ૬

હવે સ્વામી રસ કેટલા, કહે નવ રસ સંસાર;
શૃંગાર હાસ્ય ને વીર રસ, કરુણ અદ્‌ભુત ભય ભાર. ૭

રૌદ્ર બીભત્સ ને શાંત રસ, એ વળી ત્રિવિધ સંભાર;
સ્થાપી સાત્ત્વિક સંચારિયા, ભાવે અનેક પ્રકાર. ૮

**હવે એ નવ રસનાં લક્ષણ કહે છે–**

દંપતી રાગે નીપજે, તે શૃંગાર[૧] દુ પ્રકાર;
સંયોગ ને વિયોગથી, સકળ જંતુ વિસ્તાર. ૯

તે પ્રચ્છન્નાપ્રચ્છન્નથી, તેહના બહુ વિસ્તાર;
હાસ્ય સહજ નિમિત્તથી, દુવિધ ભેદ સુવિચાર. ૧૦

દાન ધર્મ રણ ભેદથી, ઉત્સાહે હોયે ધીર;
કરુણા પણ શૃંગારથી, ભેદ હોયે કૃતવીર. ૧૧

અંગાવેશ ચેષ્ટા થકી, રૌદ્ર બીભત્સ વિશેષ;
ભાતિ સકળથી નીપજે, રસ ભયાનક દેખ. ૧૨

પૂરવ સકળ રસ પુષ્ટતા, આપ ગુણે જે તુષ્ટ;
તે નવમો વર શાંત રસ, તેહને કીજે પુષ્ટ. ૧૩

यतः–सम्यक्‌ज्ञान समुच्छान, शांतो निःस्पृह नायकः
रागद्वेषपरित्यागा, – च्छांतो रस उदाहृतः १

રાગ દ્વેષકો લેશ નહીં, સમ્યક્‌જ્ઞાન ગુણધામ;
આપસ્વભાવે મગ્નતા, અનુભવ શાંત ઇતિ નામ. ૧૪

કાવ્યપ્રકાશ અલંકારમેં, એહના છે વિસ્તાર;
તેહથી સઘળા જાણજો, જ્ઞાનવિમળ મતિ ધાર. ૧૫

૧. બે

## ॥ ઢાળ નવમી ॥

(નણદળ હો નણદળ ચુડલે યૌવન ઝલ રહ્યો—એ દેશી)

કહો સ્વામી બહોંતેર કળા, નરની દાખે જેહ; પ્રીતમ.
નિસુણી સહુને ઊપજે, ચતુર સભાને નેહ. પ્રીતમ. ક૦૧

[૧] લિખિત [૨] ગણિત [૩] ચિત્રરૂપ છે, [૪] ગીત [૫] નૃત્ય ને [૬] વાદ્ય. પ્રી૦
[૭] સપ્તસ્વર ખડ્જાદિકા, પુષ્કર ગતિનાં [૮] વાદ્ય. પ્રી૦ક૦૨

[૯] તાલમાન [૧૦] જૂવટ કલા, [૧૧] પાલા અષ્ટાપદ [૧૨] ખેલ. પ્રી૦
જનવાદવા તે [૧૩] દક્ષતા, સવિ અગ્રેસર [૧૪] મેલ. પ્રી૦ક૦૩

દૃગમટીનું [૧૫] જાણવું, [૧૬] અશન [૧૭] પાન ને [૧૮] વસ્ત્ર. પ્રી૦
તેહનું વિધે નિપજાવવું, [૧૯] વિલેપન [૨૦] શયન વિધિ તત્ર. પ્રી૦ક૦૪

[૨૧] આર્યા [૨૨] પ્રહેલિકા [૨૩] માગધિકા, [૨૪] ગાથા [૨૫] ગીતિકા [૨૬] શ્લોક. પ્રી૦
હિરણ્ય [૨૭] સુવર્ણ [૨૮] ચૂર્ણ [૨૯] યોગ જે, જાણે તેહના થોક. પ્રી૦ક૦૫

ભૂષણ વિધિશું [૩૦] પહેરવાં, તરણી સેવા [૩૧] પરિકર્મ. પ્રી૦
[૩૨] સ્ત્રી [૩૩] નર [૩૪] હય [૩૫] ગજ [૩૬] વૃષભ [૩૭] મણિ, [૩૮] કુર્કટ [૩૯] છત્ર [૪૦] ડંડ મર્મ. પ્રી૦ક૦૬

[૪૧] અસી [૪૨] કાકિણી એહનાં, લક્ષણ ગુણ ને દોષ. પ્રી૦
વાસ્તુ [૪૩] વિદ્યા ઘર થાપના, [૪૪] ખંધાર નગર [૪૫] માન પોષ. પ્રી૦ક૦૭

[૪૬] ચાર [૪૭] પ્રતિચાર જે કટકના, [૪૮] વ્યૂહ અને [૪૯] પ્રતિવ્યૂહ. પ્રી૦
[૫૦] યુદ્ધ [૫૧] નિયુદ્ધ તે જાણીએ, [૫૨] ચક્ર સંકટ [૫૩] ગરુડ [૫૪] વ્યૂહ. પ્રી૦ક૦૮

[૫૫] અતિયુદ્ધ [૫૬] અસિયુદ્ધ જાણીએ, [૫૭] મુષ્ટિયુદ્ધ [૫૮] બાહુયુદ્ધ. પ્રી૦
[૫૯] ધનુર્વેદ [૬૦] ક્ષુરપ્ર ભેદ જે, [૬૧] વૃષદ ઈસચ્છ [૬૨] લતાયુદ્ધ. પ્રી૦ક૦૯

[૬૩] હિરણ્યપાક [૬૪] સુવર્ણપાક જે, [૬૫] સૂત્રખેડ [૬૬] વસ્ત્રખેડ. પ્રી૦
[૬૭] ખેત્રખેડ [૬૮] ધટીખેડ [૬૯] કાષ્ઠઘટન તનુખેડ. પ્રી૦ક૦૧૦

[૭૦] સજીવ કરણ ને નિર્જીવ [૭૧] કરણં, શકુન [૭૨] વિહંગમ વાણિ. પ્રી૦
એ બહોંતેર નરની કલા, આગમ વચન પ્રમાણ. પ્રી૦ક૦૧૧

અન્ય સ્થાનકે આ પ્રકારે પણ બહોંતેર કળા કહી છે, તે કહે છે.

काव्यानि

१ २ ३ ४ ५ ६
लिखित पठित संख्या गीति नृत्यानि ताला
७ ८ ९ १० ११ १२
पटह मरुज वीणा वंश भेरी परीक्षा
१३ १४ १४ १५ १६
द्विरद तुरग शिक्षा धातु दृग् मंत्रवादा
१७ १८ १९ २०
वलि पलित विनाशौ रत्न नारी नृलक्षं १
२१ २२ २३ २४ २५ २६ २७ २८
छंदस्तर्क सुनीति तत्त्व कविता, ज्योतिः श्रुतिर्वैद्यकं
२९ ३० ३१ ३२ ३३ ३४ ३५ ३६
भाषा योग रसायनां जन लिपि स्वप्नेंद्रजालं कृषिः
३७ ३८ ३९ ४० ४१ ४२
वाणिज्यं नृपसेवनं च शकुनं वार्यग्नि संस्तंभनं
४३ ४४ ४५ ४६
दृष्टिर्लेपन मर्द्दनोर्ध्वगतयो बंधभ्रमौ द्वौघटे २
४७ ४८ ४९ ५०
पत्रच्छेदन मर्मभेदन कला कृष्यं बुवृष्टिज्ञता
५१ ५२ ५३ ५४ ५५
लोकाचार जनानुवृत्ति फलभित् खड्ग क्षुरीबंधनं
५६ ५७ ५८ ५९ ६० ६१ ६२ ६३ ६४ ६५
मुद्रा जो रद काष्ठ चित्रकृति दोर्दृग् मुष्टि दंडा ठसि
६६ ६७ ६८ ६९ ७० ७१ ७२
वाग्युद्धं गरुड सर्व भूतदमनं योगा नामालयः ३

इत्यादि चरित्रप्रकरणादावपि दृश्यते ॥

ચોસઠ મહિલાની કળા, અમને દાખો તેહ. પ્રી૦
१ २ ३ ४ ५ ६
નૃત્ય ઉચિત ચિત્ર વાજિત્ર, મંત્ર તંત્ર ગુણગેહ. પ્રી૦
કહો સ્વામી ચોસઠ કળા. ૧૨

७ ८ ९ १० ११ १२
જ્ઞાન વિજ્ઞાન દંભ જલથંભ, ગીતગાન મેઘવૃષ્ટિ. પ્રી૦
१३ १४ १५ १६
તરુરોપણ આકારગોપન, અન્ન સૃષ્ટિ ફલાકૃષિ. પ્રી૦ક૦૧૩
१७ १८ १९ २०
ધર્મવિચાર શકુન સાર, ક્રિયાકલ્પ સંસ્કૃતજલ્પ. પ્રી૦
२१ २२ २३ २४
ઘર નીતિ ધર્મનીતિ લીલા ગતિ, કામવિકારનાં જલ્પ. પ્રી૦ક૦૧૪
२५ २६ २७
સુવર્ણસિદ્ધિ વર્ણિક વૃદ્ધિ, સુરભિ તેલનું કર્મ. પ્રી૦
२८ २९ ३० ३१
હય ગજ લક્ષણ પરીખણ, નર સ્ત્રી લક્ષણ મર્મ. પ્રી૦ક૦૧૫

લિપિ અઢાર [32]પરિચ્છેદનો, [33]સુવર્ણ રત્નના ભેદ. પ્રી૦
[34]બુદ્ધિ તત્કાળ જે ઉપજે, [35]વાસ્તુસિદ્ધિના ભેદ. પ્રી૦ક૦૧૬

[36]વૈદ્યક્રિયા કામની [37]ક્રિયા, [38]ઘટભ્રમ [39]સારિશ્રમ [40]ચૂર્ણયોગ; પ્રી૦
[41]અંજનયોગ [42]હસ્તલાઘવં, [43]વચનપટુ [44]ભોજનવિધિ ભોગ. પ્રી૦ક૦૧૭

[45]વાણિજ્યવિધિ [46]મુખમંડનં, [47]શાલિખંડન [48]કાવ્યશક્તિ. પ્રી૦
કથા [49]કથન રોદન [50]કળા, [51]પુષ્પગ્રંથન [52]વક્રોક્તિ. પ્રી૦ક૦૧૮

[53]વેષવિધાન [54]આભરણવિધિ, સકળ [55]ભાષાનો વિશેષ. પ્રી૦
[56]ભૃત્ય ઉપચાર [57]ગૃહચાર એ, [58]પરવચન નિરાકરણ નિરેષ. પ્રી૦ક૦૧૯

[59]કેશબંધન [60]વીણાવાદનં, [61]લોકવ્યવહાર અંક [62]ચાર. પ્રી૦
[63]વિતંડાવાદ [64]પ્રશ્નપ્રહેલિકા, એ ચોસઠ સુવિચાર. પ્રી૦ક૦૨૦

ગણિત ત્રીસરી લીલાવંતી, ગુણાકાર ભાગાકાર. પ્રી૦
મૂલ ઘનવર્ગ ગણિતપદે, બોલ્યો બહુ વિસ્તાર. પ્રી૦ક૦૨૧

ઇત્યાદિક જે પૂછિયું, પ્રિયંગુમંજરીએ જેહ. પ્રી૦
તે શ્રીચંદ્રે દાખિયું, એક વિદ્યા ગુરુ તેહ. પ્રી૦ક૦૨૨

ગાહા ગૂઢા કેમ ભાષિયે, પ્રશ્ન પહેલિકા કેમ. પ્રી૦
વિવિધ જાતિ તે દેખિયે, વાધે મનનો પ્રેમ. પ્રી૦ક૦૨૩

**તદુચ્યતે–**

પઢમક્ખર વિણુ જગ જિવાડે, મજ્જક્ખર વિણુ જગને પાડે.
અંતક્ખર વિણુ સહુને મીઠો, સો સ્વામી મેં નયણે દીઠો.

**ઉત્તર–કાજળ.**

પઢમક્ખર વિણુ મીઠો લાગે, અંતક્ખર વિણુ પંખી લાગે,
મજ્જક્ખર વિણુ મુખમાં જાય, તે આવે તો બહુ પસાય.

**ઉત્તર–કાગલ.**

મજ્જક્ખર વિણુ જળમાં વસતો, આદિક્ખર વિણુ ઘર સોહંતો,
અંતક્ખર વિણુ સહુપે વહાલી, તુમને જોવાને મેં આલી.

**ઉત્તર–આંખડી.**

અંતક્ખર વિણુ વહે સંન્યાસી, મજ્જક્ખર વિણુ કરે અવિમાસી.
આદિક્ખર વિણુ લિખતાં બાળા, શિસે શોહા તે સુકુમાળા.

**ઉત્તર–રાખડી.**

**(કવિત્ત)**

દોઈ અક્ખર નર નારે, કોપ ચઢી નરને મારે,
દેખે સઘળા લોક થોક પણ કોઈ ન વારે;
નાઠો જાણી નાહ, કેડે શિર ઝાલી આણ્યો,
વળી દીએ બહુ માર, નારી ગુણ તેહ વખાણ્યો.
કર પગ વિણુ એમ ખેલના, કરે કરાવે અતિ ઘણી,
અવધિ કહી છ માસની, નારી વાંકી તે સુણી. ૧

**ઉત્તર–ગેડી દડો.**

**(કવિત્ત હરિયાળી)**

ત્રણ અક્ષરની નારી, નયરમાંહે બહુ દીસે,
વદન અનેક વિશાળ, જીભ કર પાય ન દીસે;
નાટક કરે અપાર, અન્ન ખાતી નવિ [1]ધ્રાયે,
કઈયે ન પીએ નીર, જીવ વિણ સઘળે વ્યાપે.
તે નારીને દાખવો, અવધિ માસ ષટ્ જાણીએ,
તુરત કહે જે તેહની, બુદ્ધિ સવિહુ વખાણીએ. ૧

**ઉત્તર–ચાલણી.**

**દોહા**

પીઉ પરદેશ સિધાવતે, કરે સમસ્યા નારી;
પય જળ સૂરિજ દ્વિરદના, કરે આકાર મનોહાર. ૧

**એ શું મંગાવ્યું ? તે કહો.**

ઉત્તર–

દોહા–તવ શ્રીચંદ્ર કહે ઇશ્યું, ખારોદક ગજ બાર;
મંગાવિયું ધણીયાણીએ, એ સંજ્ઞા ચિત્ત ધાર. ૨

પુનઃ–પીઉ પરદેશથી આવિયો, દીધી મુગતા રાશિ;
પ્રિયા કરે ગુંજ જાણીએ, નાખી દીએ કરી હાંસી. ૧

તેહનો હેતુ દાખીએ, કહે શ્રીચંદ્ર કુમાર;
અરુણ કરતળે બિંબિયા, નયનકાંતિ છબિ ધાર. ૨

૧. ધરાયે

**ઇતિ ગૂઢ સમસ્યા** (કુંડલિયા)

હૈયા મ કરીશ હોંશ તું, દેખી પરાઈ ઋદ્ધિ.
પર આશે શું નીપજે, જિહાં સાહસ તિહાં સિદ્ધિ.
જિહાં સાહસ તિહાં સિદ્ધિ, બુદ્ધિ પણ તેહવી આવે,
તેહવા મળે સહાય, દાય પણ તેહવા થાવે.
જે પામે સુખ ચેન, તેણે કાંઈ આગે દીયા;
ઇહાં નહીં કોઈનો ચાર, ધૈર્ય ધરી રહે તું હૈયા. ૧

**ઉત્તર–**

ગિરિ તનયા માતા તણો, જામાતા સુત યાન;
તસ ભખ તસ રિપુ પતિ, તસ બંધવ રિપુ જાણ. ૧

તસ રિપુ તસ સુત તુમ પ્રતે, મંગળ કરો વિચિત્ર;
આ અવસર તે થાપીએ, એહવું કહે પવિત્ર. ૨

**ઉત્તર–ગણેશ**

**॥ ઢાળ પૂર્વ ॥**

એણી પરે બહુવિધ શાસ્ત્રની, ગોષ્ઠિ થઈ તેણી વાર. પ્રી૦
નિસુણી આનંદ પામીયા, નાગર જન પરિવાર. પ્રી૦ક૦૨૪

વરમાળા કંઠે ઠવી, કીધા સવિ આચાર. પ્રી૦
મંગળ ચારે વરતીયાં, નાટકનાં દોકાર. પ્રી૦ક૦૨૫

મંગળ દ્વારે નાટક રહ્યાં, ચોરી મધ્ય વિભાગ. પ્રી૦
ચોથે મંગળે આપીયા, ચતુરંગ દળના લાગ. પ્રી૦ક૦૨૬

ઉચિત ઉત્સવ થયો અતિ ઘણે, પ્રિયંગુમંજરી સાથ. પ્રી૦
[1]બંધુર સિંધુરે તે ચઢ્યા, ચાલે બહુલે સાથ. પ્રી૦ક૦૨૭

સુણે પંથે અદ્‌ભુત ગિરા, નિજ સૌભાગ્ય કુમાર. પ્રી૦
શચિ શક્ર રતિ કામ તે, જેમ કમલા ને મુરાર. પ્રી૦ક૦૨૮

રોહિણી ચંદ્ર ગૌરિ ગિરીશનો, રન્નાદેવી ને સૂર. પ્રી૦
તેહથી એહનો અતિ બન્યો, યોગ સદા સસનૂર. પ્રી૦ક૦૨૯

એમ પુરવાણી નિસુણતાં, આવી આપણે ઠામ. પ્રી૦
સહુ સહુને ઠામે મોકલ્યાં, દેઈ દાન યથોચિત ઠામ. પ્રી૦ક૦૩૦

૧. શ્રેષ્ઠ હાથી પર

વાસ આગારે આવિયાં, સખી સંયુત પ્રિયા સાથ. પ્રી૦
સાવધાન હસિતાનને, સુખીયા શચિ હરિ સાથ. પ્રી૦ક૦ ૩૧

કાવ્ય ગોષ્ઠિ બહુ તિહાં કરે, શ્રી જ્ઞાનવિમળ મતિમંત. પ્રી૦
હવે તિહાં કણે જે થયું, તે સુણજો સવિ સંત. પ્રી૦ક૦ ૩૨

॥ દોહા ॥

ભાપણ[૧] સંજ્ઞાએ તેડિયો, મદનને તેણી વાર;
નિજ વચ સત્ય કરવા ભણી, એ ઉત્તમ આચાર. ૧

વપુચિંતા[૨] મિશ ઘર થકી, નીસરિયો જેણી વાર;
પ્રિયા તવ પૂઠે થઈ, કહે શ્રીચંદ્રકુમાર. ૨

વર્ચ્ચો ઘર જાવું અછે, તિહાં અછે બહુ નાર;
તુમો તો એણે થાનકે રહો, આવું છું એક તાર. ૩

ઊર્ધ્વ ભૂમિથી ઊતરી, અધો ભૂમિ આવેઈ;
શ્વસુર વર્ગથી જે લહ્યું, તે સવિ મદનને દેઈ. ૪

નિજ કુંડળ ને મુદ્રિકા, શ્વસુર દત્ત મુદ્રિકા જેહ;
તે પાસેથી સ્વયં લીએ, આપ વેશ તસ દેહ. ૫

કહે મદનને એહવું, તુજ મન તોષણ કાજ;
મેં એ સઘળું કીધલું, હવે જાઉં છું આજ. ૬

તે કહે સર્વ ભલું કર્યું, કરો યથારુચિ સ્વામી;
હર્ષ્યો મદન નયનાંજના,–દિક કરી બેઠો ઠામ. ૭

વેશ લઈ સવિ તેહનો, વાસ ઘરે જવ જાય;
આતુર હોયે ઉતાવળા, એહવો બોલ્યો ન્યાય. ૮

તેમ ચાલંતો આવતો, બેસંતો નગ તુંડ;
સ્તબ્ધપણે કંપે ચરણ કર, વિરુગ દેહ ભય ચંડ. ૯

દેખી તેહવો તે પ્રિયા, સખી યુત બાહેર આવિ;
કહે કોણ આવ્યો ઇહાં, મુજ પતિવેશ બનાય. ૧૦

કહે સખી ભદ્રે શું કહે, કાંઈ વ્યામૂઢ છે મન્ન;
તે વિણુ કોણ આવે ઇહાં, વેષભૂષણ પ્રચ્છન્ન. ૧૧

૧. આંખ ૨. દેહચિંતા (મલોત્સર્ગ)

પ્રિયંગુમંજરી કહે સખી, જો નવિ માનો વાત;
તો જાઈને પૂછીએ, સર્વ કથા સંઘાત. ૧૨

તેણે જઈ તેમ પૂછિયું, નાવે કાંઈ ઘાત;
શ્રીચંદ્ર તો નિશ્ચે નહીં, કોઈ અન્ય નર જાતિ. ૧૩

કહે સખી [૧]દૌવારિક હતો, એ તો આપણે દીઠ;
તેહને જઈ જોયો ઘણું, પણ તે કિહાંય ન દીઠ. ૧૪

હવે પ્રિયંગુમંજરી તિહાં, એક સખી તિહાં મેલી;
માતાને પાસે જઈ, કહે વચન દુઃખ મેલી. ૧૫

**॥ ઢાળ દશમી ॥**

(પ્યારો પ્યારો કરતી—એ દેશી)

હવે બોલી તાસ [૨]સવિત્રી, કેમ આવી તુરત તું પુત્રી,
કુશળ છે દેહ પવિત્રી, જેમ વિસ્વર બોલે તંત્રી, કેમ આવી૦
શ્રીચંદ્ર શ્રીચંદ્ર કરંતી, કેમ સુખ પામે દુઃખ કરંતી.
કેમ શ્રીચંદ્ર શ્રીચંદ્ર કરંતી. ૧

દુઃખ ભરી ફાટે મુજ છાતી, પિયુ ઠામે અપર નર જાતિ;
મેં દીઠો લજ્જા ઘાતી, બહુ પરે હું છું વિલલાતી રે માય. બ૦ ૨

માતા કહે શું બોલે, ગુંજા કંચન સમ તોલે,
ધમ્યું સોનું ફૂંકે ઢોળે, એહવી નવિ કરવી ટોલ રે માય. એહ૦૩

મેરુ શિખરે પંગુલ પૂગે, વળી સૂરજ પશ્ચિમ ઊગે,
પણ તુમ પુત્રી તેહી ન ચૂકે, પરણ્યો તે કિમહી ન મૂકે રે માય.
પિઉડો પિઉડો કરતી. ૪

સખી સઘળી માયે પૂછી, તેણે પણ તિમહિ જ સૂચી;
માતા મનમાંહે વગૂચી, જેમ જડતાળે હોયે કૂચી રે માય. પિ૦ ૫

રાજાને તેહ જણાવ્યો, [૩]પરભાતે તેહ તેડાવ્યો;
ભલી દૃષ્ટિ તેહ ધરાવ્યો, નહીં શ્રીચંદ્ર એમ ચિત્ત ભાવ્યો રે માય. પિ૦ ૬

કહે મુદ્રા કુંડળ લ્યાવો, કિહાં છે વળી તેહ બતાવો;
ફરી શાસ્ત્ર ગોષ્ઠિ સંભળાવો, જેમ હોયે મંગળનો વધાવો હો માય. પિ૦ ૭

હંસ ઠામે જેમ બગ રાજા, નૃપ ઠામે [૪]હુતાશન રાજા.
જેમ બોલ ન બોલે તાજા, કિહાં લાલ મણિ ને પાજા હો માય. પિ૦ ૮

૧. દ્વારપાળ ૨. માતા ૩. પ્રભાતે ૪. અગ્નિ

કહે રાજા રૂઠો કોણ તું, રે નિર્લજ ધીઠ નિગુણ તું;
નવિ બોલે કાંઈ તે વળતું, ગળું બેઠું થૂંક ન ગલતું હો માય. પિ૦ ૯

[1]નીલી કાંબે જબ મારે, તિહાં પંદરમું રત્ન દેવા રે;
ભય પામ્યો યથાસ્થિત ભાખે, મન શંકા કાંઈ ન રાખે રે માય. પિ૦૧૦

હું મદનપાળ છું નામે, આ મૂલ ચરિત્ર કહ્યું તામે;
એ બુદ્ધિ બટુકની સારી, એ મોટો નર ઉપકારી હો માય. પિ૦૧૧

મુજ વેશ લેઈ મુજ વયણે, જિણે કાલે કન્યા પરણે;
તે તો નિર્દંભ ઉપકારી, મેં ગતિ મતિ સઘળી હારી હો માય. પિ૦૧૨

મુજને દેઈ વેશ એ સઘળો, નવિ જાણું નજીક કે વેગળો;
ગયો કિહાં એ નહીં તે નબળો, શ્રીચંદ્ર અપર કે પહેલો હો માય. પિ૦૧૩

તે નિસુણી નૃપતિ સવિ તેડે, પુરલોકને કહો કરો કેડે;
એ વાતની ન કરો જેડિ, જિમ પુત્રીનું દુઃખ ફેડે હો માય. પિ૦૧૪

જોયો પણ કિહાંયે ન લાધો, રહ્યો કિહાંયે છપીને અલાધો;
એહવે તારક ભટ બોલ્યો, શ્રીચંદ્ર એ મેં ગુણ બોલ્યો હો માય. પિ૦૧૫

વિલપંતી પુત્રીને વારે, તું ખેદ મ કર બહુ વારે;
મળશે ભરતા પુણ્ય હેતે, પર કિમ ઓળખીશ સંકેતે હો માય. પિ૦૧૬

વામાંગ ફુરકણ આચારે, મેં દીઠો જેણે આકારે;
મુદ્રા દીધી છે મુજને, તો કિશિ ચિંતા નહીં તુજને હો માય. પિ૦૧૭

પિયુડો જિહાં લગે નવિ મળશે, તિહાં લગે મુદ્રા તુજ ફળશે;
અર્ચિશે તેહના પાયા, મુદ્રામાંહે નામ સોહાયા હો માય. પિ૦૧૮

સવિ મદન પાસેથી લીધું, આભરણ ગજાદિક સીધું;
સચિવાદિક સવિ મળી લેવે, પર વસ્તુ પોતાની ન હોવે હો માય. પિ૦૧૯

કહે રાણી મુદ્રા માહરી, આપો તે અમને ધારી;
કહે તે લેઈ ગયા દીસે, ઇમ નિસુણી રાણી વિકસે હો માય. પિ૦૨૦

જીવંતો મદનને રાખ્યો, કાંઈ ધન દેઈ નિજ કરી રાખ્યો;
એ પણ રાજાનો બેટો, પરદુઃખ એણી પરે મેટો હો માય. પિ૦૨૧

રાજા પુરલોક વખાણે, ઉપકૃતિ શિરોમણિ કરી જાણે;
હવે નયર કુશસ્થળે પ્રેખે, રાજા નિજ પ્રેખ સંપેખે હો માય. પિ૦૨૨

૧. લીલી સોટીથી જ્યારે મારે (માર એ પંદરમું રત્ન કહેવાય છે.)

તિહાંથી કિશિ ખબર ન પાવ્યા, વિલખા થઈ પાછા આવ્યા;
કહે રાજા હવે શુભ દિવસે, મોકલીશે સવિ તે દેશે હો માય. પિ૦૨૩

સુખશાતા સહુને થાવે, શ્રીચંદ્ર વર્યો મન ભાવે;
પુત્રી પણ તેહિ જ ધ્યાવે, ભાગ્યે સવિ શુભ થઈ આવે હો માય. પિ૦૨૪

હવે ક્ષત્રિય વેશ ધરીને, ચાલ્યા શ્રીચંદ્ર મન્ન કરીને;
ચંદ્રાદિક યશનો રાશિ, શ્રીચંદ્ર ચલે પરવાશિ હો માય. પિ૦૨૫

કોઈક મહા અટવી આવી, રવિ કિરણ ન હોવે પ્રભાવી;
જિહાં પલ્લિપતિના જોરા, ઠામે ઠામે ચરડ ને ચોરા હો માય. પિ૦૨૬

બહુ જાતિ જનાવર બહુલાં, મૃગ ચિત્રક શંબર શશલાં;
બહુ ભાતિના તરુઅર રાજી, હોઈ ધીરજ ધર બહુ રાજી હો માય. પિ૦૨૭

તિહાં જાતે તૃષાયે પીડે, ઉચ્ચ દેશે જોઈ તિહાં નીડે;
જળથાનક દીઠ સંકેત, એકણ દિશે જાય પંખી પોત હો માય. પિ૦૨૮

એહવે એક દિશે અતિ ઝલકે, તેજે રવિ મંડળ ચળકે;
તેજે અંધકાર પણાસે, ચિત્ત ચિંતે એ શું ભાષે હો માય. પિ૦૨૯

તેણે ઠામે જાઈ જાઈ જોવે, ચંદ્રહાસ ખડ્ગ એ હોવે;
કેહનું એ કોણે વીસાર્યું, કે ભૂચર ખેચરે ધાર્યું હો માય. પિ૦૩૦

તસ સ્વામી સઘળે જોયો, પણ દીઠો ન ક્યાંયે કોયો;
ચિંતે મન કિણહી વીસાર્યો, કિંવા પડ્યો કિંવા હાર્યો હો માય. પિ૦૩૧

એમ ચિંતી હાથમાં લેવે, ધારા તીખી તસ જોવે;
ઉપકાર સરિખી બુદ્ધિ, થાય એ નીતિ પ્રસિદ્ધિ હો માય. પિ૦૩૨

વંશજાલની ઉપરે વાહ્યું, કમળનાળ પરે છે દાયું;
વંશજાલ માંહે નર રહિયો, અધો મુખે તસ શિશ ઉદ્ધરિયો હો માય. પિ૦૩૩

અહો! કોઈ અકારજ મહોટું, થયું લાગું પાપ એ ખોટું;
નરકે પણ ઠામ ન પામું, કેમ એ અપરાધને વામું હો માય. પિ૦૩૪

એમ આતમ નિંદા કરતો, અજ્ઞાનપણું મન ધરતો;
આવ્યો તવ નરની પાસે, તસ કરે દીએ ખડ્ગ ઉલ્લાસે હો માય. પિ૦૩૫

હું છું અપરાધી તાહરો, કર છેદ હવે તું માહરો;
તે બોલ શકે નહીં બોલી, પાછું કર અસિ દીએ ઢોલી હો માય. પિ૦૩૬

[૧]કર-સંજ્ઞાએ જળ તિહાં માગ્યું, જળ પાઈ કુમરે વેર ભાગ્યું;
ઘણું ખમિયો પાયે નમિયો, જ્ઞાનવિમળ મતે મન ગમિયો હો માય. પિ૦૩૭

॥ દોહા / સોરઠી ॥

સોરઠા–તે પહોતો પરલોક, જાણી તે ક્ષણ તિહાં રહ્યો;
તે દુઃખથી ધરે શોક, નિરાહાર દિન નિર્વહ્યો. ૧

લેઈ અસિ તે હાથે, આગળ ચાલે જેટલે;
શ્રાંત થયો પડી રાતિ, પામ્યો વડ એક તેટલે. ૨

શયનને હેતે કુમાર, જોઈ સારી [૨]જાયગા;
દેખે કુશ સંથાર, વટ કોટર શાખા વચે. ૩

ચિંતે ચિત્તમાં એમ, કોઈ [૩]અધ્વગ સૂતો હશે;
પહેલાં કીધો તેહ, જાયે ઉપર જોવા જિસે. ૪

ઉપાડે તે દર્ભ, તિહાં કોટર એક દેખીયો;
ઢાંક્યું કાષ્ઠ તૃણેણ, તે પરહો કરી પેખીયો. ૫

ધરી સાહસ મનમાંહે, પેઠો તે વટ વિવરમાં;
આગળ એક સિલ્લાહ, દેખી અચરિજ ભૂરમાં. ૬

દોહા–શિલા ઉપાડી બિહું [૪]કરે, દેખે તવ સોપાન;
ઊતરીયો હળવે વળી, આગળ વિવર ઉદ્દામ. ૭

દેખે તેહમાં મોટકું, ભુવન એક પાતાલ;
દ્વિભૂમિક ધન પૂરિયું, રતન દીપકે જમાલ. ૮

ઉપર ભૂમિ મણિ ખચિત, મંડપ એક વિચિત્ર;
રત્નસિંહાસન માંડિયું, બેઠા કુમર જઈ તત્ર. ૯

તિહાં એક અપરક બારણું, સહેજે ઉઘડે જામ;
રત્નશય્યાએ વાનરી, દીઠી એક [૫]અભિરામ. ૧૦

તે દેખી મન ચિંતવે, એ તો અચરિજ દીઠ;
અનીદૃશ દેખી વાનરી, ભયચિંતા માંહે પઇટ્ઠ. ૧૧

શય્યા મૂકી તુરતમાં, લાગી કુમરને પાય;
વસ્ત્રાંચલ આકર્ષીને, બેસાડે તિણે ઠાય. ૧૨

૧. હાથના ઇશારાથી ૨. જગ્યા ૩. મુસાફર ૪. હાથે ૫. સુંદર

કહે કુમર તું માનવી, ચેષ્ટાએ દીસંત;
વાનરી રૂપે કિમ અછે, અચરિજ એહ [૧]મહંત. ૧૩

એહ ઉદંતને જાણવા, ઇચ્છાવંત છું આજ;
વાત મેલ જો સમજીએ, તો કોઈ સીઝે કાજ. ૧૪

## ॥ ઢાળ અગિયારમી ॥

(વાળું સવાયું વયર હું માહરું રે—એ દેશી)

હવે [૨]કપિની રુદતી થકી રે, કર સંજ્ઞાએ તેથ;
ભિતી માંહે છે આલીઓ રે, દેખાડે છે જેથ;
દેખાડે નજર સંકેત;
કૌતુકી કુમર કલાનીલો રે, સાહસીયા શિરદાર;
તેહી જ ધરણીના ધણી રે, અવર તે કાયર સાર. કૌ૦ ૧

તે સંજ્ઞા લેઈ કુમર તે ઉઠીયો રે, જોઈ તો કુંપા દોય દીઠ;
લીધા તે નિજ હાથમાં રે, અંજન [૩]દોવ [૪]ઉક્કિટ્ઠ. કૌ૦ ૨

એક કાળું એક ઊજળું રે, નિરખીને ચિંતે કુમાર;
તવ વાનરી સંજ્ઞા કરે રે, શ્યામાંજન નયન સંચાર. કૌ૦ ૩

તે અંજન મહિમા થકી રે, કન્યા થઈ અભિરામ;
દિવ્ય રૂપ વેશ ધારિણી રે, કરતી કુમરને સલામ. કૌ૦ ૪

કુમર કહે ભદ્રે તું કોણ છે રે, કોણે એમ કીધું કામ;
થાનક એ છે કેહનું રે, કોણે લોપી ધર્મની [૫]મામ. કૌ૦ ૫

હર્ષ લજ્જા સંકર થઈ રે, ભાખે કુમરી વયણ;
હેમપુરાધિપ જાણીએ રે, મકરધ્વજ જિત મયણ. કૌ૦ ૬

મદનાવળી તેહની પ્રિયા રે, મદનસુંદરી સુતા તાસ;
મદનપાળથી નાનડી રે, બહેની ગુણહ નિવાસ. કૌ૦ ૭

માતપિતાને વાહલી રે, પામી યૌવન ભાવ;
નરનાં લક્ષણ જાણતી રે, નિર્લક્ષણ નાવે [૬]દાવ. કૌ૦ ૮

બત્રીશ લક્ષણ સુંદરુ રે, કરવો વર મેં તેહ;
એહ પ્રતિજ્ઞા મેં કરી રે, વર વરીએ ગુણગેહ. કૌ૦ ૯

૧. મોટું ૨. વાંદરી ૩. બે ૪. ઉત્કૃષ્ટ ૫. મર્યાદા ૬. વારો અથવા દાય=પસંદ

હવે એક દિન મુજ બાંધવો રે, પ્રિયંગુમંજરી રૂપ;
દેખીને રાગી થયો રે, પ્રગટ્યો વિરહ સરૂપ. કૌ૦૧૦

તે તો શ્રીચંદ્રરાગિણી રે, રાધાવેધનો [૧] કાર;
તિલ તુષ રાગ તે નવિ ધરે રે, મદન ઉપર નિર્ધાર. કૌ૦૧૧

મુજ બંધવ રાગે ઘેલડો રે, થઈ નીસરી ગયો ક્યાંય;
એક પખો જે નેહલો રે, તે તો દુઃખી હોય પ્રાય. કૌ૦૧૨

એક દિન હેમપુરેશની રે, સભા માંહે સુખકાર;
ગાયન ગુણ ગાવે ઘણા રે, પ્રતાપસિંહ કુમાર. કૌ૦૧૩

કોઈક અપૂર્વ શ્રીચંદ્રનો રે, યશ સમીર ઉપન્ન;
માગણરેણુ સાહમી કરે રે, દીન [૨] વ્યંજન નિષ્પન્ન. કૌ૦૧૪

ઇત્યાદિક બહુ ગુણ સુણી રે, આપ્યું તસ બહુ દાન;
મંત્રીશું કરે મંત્રણું રે, મુજ પાણિગ્રહ કામ. કૌ૦૧૫

[૩] નંગે [૪] કુંદન મેલીએ રે, તો શોભા બહુ હોય;
કન્યાનું પણ [૫] પણ રહે રે, લક્ષણ વ્યંજન જોય. કૌ૦૧૬

એહવે હું રમવા ગઈ રે, સખી સંયુત વન માંહિ;
કુસુમ કેલિ ઘરમાં રહી રે, [૬] ખગ આવ્યો કોઈ ત્યાંહિ. કૌ૦૧૭

પાપીને વ્યાપી દિશા રે, કામ તણી દુર્દાંત;
આપ કલત્રથી બીહતે રે, મૂકી એણે [૭] નિકેત. કૌ૦૧૮

મુજ વિવાહ કરવા ભણી રે, દિવસ થયા આજ પંચ;
સામગ્રી લેવા ગયો રે, તસ મન નહીં ખલ ખંચ. કૌ૦૧૯

રોતી એમ મુજ દેખીને રે, તે કહે મ કર તું દુઃખ;
રત્નચૂડ ખગ હું અછું રે, મુજને મળી કર સુક્‌ખ. કૌ૦૨૦

ગોત્રી નૃપે મળી મુજને રે, બાહેર કાઢ્યો હેવ;
મણિભૂષણ પુર માહરું રે, લીધું તેણે સ્વયમેવ. કૌ૦૨૧

લેઈ પરિવાર ઇહાં રહ્યો રે, કાલક્ષેપને કામ;
એક દિન ફરતો તિહાં ગયો રે, નયર કુશસ્થલ નામ. કૌ૦૨૨

---

૧. કરનારો ૨. વેશ, પરિધાન ૩. હીરો ૪. સુવર્ણ ૫. પ્રણ, પ્રતિજ્ઞા ૬. વિદ્યાધર ૭. નિકેતન, મકાન

સૈન્ય મહોટું દીઠું તિહાં રે, ગજ રથ તુરગ અપાર;
તિહાં પટમંડપમાં રહી રે, સોવન પલ્યંક મઝાર. કૌ૦૨૩

કુસુમ ક્રીડા કરતી થકી રે, સખી બહુ છે પરિવાર;
શ્વસુર ઘરેથી જાયતી રે, જનક ઘરે ભાઈ લાર. કૌ૦૨૪

પદ્મિની પેખી હું થયો રે, રાગી પણ નહીં ભાગ્ય;
એક દિન તિહાં છાનો રહ્યો રે, પણ હરવાનો નહીં લાગ. કૌ૦૨૫

શીલરક્ષા પતિની વળી રે, રક્ષા દેઈ અભંગ;
તેણે કરી માહરું ચિંતવ્યું રે, માઠું ન થયું અંગ. કૌ૦૨૬

દુમણો થઈ દેશે ફરું રે, [1]કની જોઉં તેહ સમાન;
તું દેખી રૂપે સારખી રે, મેં આણી એણે ઠામ. કૌ૦૨૭

હું પરણીશ હવે તુજને રે, દેઈ ફળાદિક ભક્ષ;
સિત[2] અંજન કરી વાનરી રે, કિહાંઈ ગયો તે દક્ષ. કૌ૦૨૮

ત્રીજે દિને તે આવિયો રે, કરી મુજ માનવ રૂપ;
દેઈ મોદક લગન પૂછવા રે, ગયો સામગ્રી અનૂપ. કૌ૦૨૯

આજ મધ્યાહ્ને ગુરુ વાસરે રે, લગ્ન અછે દુઃખ થાય;
આવશે હમણાં પાપિયો રે, વિદ્યા સાધન ઠાય;
ગયો વન માંહે ધાય. કૌ૦૩૦

બુધ રાત્રે વા ગુરુ દિને રે, આવીશ હું નિરધાર;
પાણિગ્રહણને કારણે રે, કરી સઘળા આચાર. કૌ૦૩૧

રે ખેચર શું જડ થયો રે, તું મુજ તાત સમાન;
કેમ પરણીશ તું પાપિયા રે, વયણ મેં કહ્યું ધરી શાન. કૌ૦૩૨

એમ નિસુણી હસીને ગયો રે, વાનરી કરીને આજ;
બુધ રજની તો વહી ગઈ રે, પ્રભાતે આવશે આજ;
કરશે અધમ અકાજ. કૌ૦૩૩

મેં માહરું વીતક કહ્યું રે, હવે કહો તુમે છો કોણ;
કેમ ઇહાં આવવું થયું રે, કહો સવિ ચરિત્ર ન ગૌણ. કૌ૦૩૪

સાહસિક શિરોમણિ રે, આવ્યા તુમે મહારાય;
ભાગ્યે માહરે બળ કર્યું રે, દુષ્ટથી છોડાવો ઠાય. કૌ૦૩૫

૧. કન્યા ૨. શ્વેત

અવર ઠામે કોઈ મૂકીએ રે, આ મૂકો દુઃખ ઠામ;
તે હમણાં આવતો હશે રે, દર્શન તસ દુઃખ ધામ. કૌ૦૩૬

જ્ઞાનવિમળ મતિ ચિંતવી રે, કહે હવે તાસ જવાપ;
મન ચિંતે જે ગતદિને હણ્યો રે, ચૂકું સઘળું પાપ. કૌ૦૩૭

॥ દોહા ॥

ચિંતે ચંદ્રકળા ધણી, ચિંતિત ચિત્ત વિચાર;
પલક માંહે કરે અન્યથા, એ એ કર્મ પ્રચાર. ૧

કહે ભદ્રે હું પથિક છું, ધન અર્જનને કાજ;
કુશસ્થળથી આવિયો, દરિદ્ર વશે ત્યજી લાજ. ૨

વટ દેખી ઉપર ચઢ્યો, શયન હેત તિહાં એક;
કોટર દેખી પેસીઓ, જાવત એ ભૂ એક. ૩

તે માંહે તુજ પેખતે, પામ્યો અચરિજ ચિત્ત;
મેં માહરું વીતક કહ્યું, પૂછ્યા તણે નિમિત્ત. ૪

કૃશોદરી કુમારિકા, દુઃખ મ ધરે મનમાંહ;
ખગ પરણશે એ વાતનો, વધતો છે ઉચ્છાહ. ૫

તે માટે ભજ ધીરતા, લખ્યું ન મિટે કોય;
કર્મ થકી બળિયો નથી, સચરાચર જીય લોય. ૬

એમ નિસુણી કહે કન્યકા, પ્રાણનાથ અવધાર;
મુજ ભાગ્યે [૧]પાઉધારિયા, કરવા મુજ ઉદ્ધાર. ૭

પહેલાં મેં કીધો હતો, એહવો ચિત્ત વિચાર;
જે નર બત્રીશ લક્ષણો, લક્ષિત તે ભરતાર. ૮

તેહ પ્રતિજ્ઞા માહરી, પૂરણ થઈ છે આજ;
પાણિગ્રહણ થકી હોવે, એમ મનવંછિત કાજ. ૯

કહે કુમર જો લક્ષણ હોયે, તો શે ફરીએ દેશ;
એકાકી એણે વેશમાં, કિશ્યો લક્ષણનો નિવેશ. ૧૦

કુમર કહે લક્ષણ કિશ્યાં, કોણ તસ લહે વિચાર;
સુખીયાને સવિ સાંપડે, [૨]ધ્રાયાના ઓડકાર. ૧૧

૧. પધાર્યા ૨. ધરાયાના

કર્મ ખાયે લક્ષણ રહે, એહવો લોકનો ન્યાય;
લક્ષણ વ્યંજન વારતા, શાસ્ત્ર માંહે કહેવાય. ૧૨

## ॥ ઢાળ બારમી ॥

(નમણી ખમણીને ગય ગમણી—એ દેશી)

કહે કની લક્ષણ બત્રીશ, દેખી રૂપ બહુત સુજગીશ;
શરીર માંહે આકાર વિશેષ, જિણથી શુભાશુભ ફળને પેખ. ૧

પંચ દીર્ઘ ચાર હ્રસ્વ કહીજે, સૂક્ષ્મ પંચ ઉન્નત ચાર લીજે;
સપ્ત અરુણ ત્રણ પહોળા જાણો, ત્રણ આગંધ ગંભીર ત્રણ આણો. ૨

ભુજ નેત્ર અંગુળ જિહ્વા નાસા, પંચ દીર્ઘતા ભાવ વિલાસા;
પૃષ્ઠ [1]કટિ પુરુષચિહ્ન ને જંઘા, હ્રસ્વતાએ કરી શોભા રંભા. ૩

દંત [2]ત્વક્ નખ પર્વ ને કેશા, એ સૂક્ષ્મ ઝીણા સુચિ દેશા;
કૂખ અંશ શિર પાદ એ ચાર, ઉન્નત પણ હોવે શિરદાર. ૪

પાણિ ચરણ તલ તાલુ રસના, નેત્ર પ્રાંત નખ દંત ને વસના;
સપ્ત રક્તે સપ્તાંગ નૃપ લક્ષ્મી, ભાલ હૃદય મુખ પૃથુલ હોયે અનમી. ૫

નાભિ રસત્વ સ્વર જાસ અગાધ, નિત્ય હોવે તસ જસ નિરાબાધ;
એ લક્ષણનું દેહ જણાવે, કીકી કચ એ શ્યામ બનાવે. ૬

કર પદ રેખાને આકારે, બત્રીશના પડીયા શુભચારે;
તે પણ સામુદ્રિકમાં બોલ્યા, તે પણ વયણ થકી તેણે ખોલ્યાં. ૭

॥ છપ્પો ॥

છત્ર કમળ ધનુ વજ્ર, વાપિ સ્વસ્તિક ને તોરણ,
રથ અંકુશ ને કૂર્મ, સિંહ ધ્વજ પાદપ વારણ;
મત્સ યવ પ્રાસાદ, થૂભ પર્વત ને દર્પણ,
ચામર સર સુમ માલ, વૃષભ કમંડલુ પૂરણ.
કમળાકર ને ચક્ર શંખ, શિખિ મત્સ સિંધુ એ જાણીએ;
બત્રીશ એહવા બોલીયે, કિહાં કળશ લચ્છિ વખાણીએ. ૧

## ॥ પૂર્વ ઢાળ ॥

કીકી કેશ હોયે જસુ કાલા, જિહાં જાયે તિહાં સુથ સુગાલા;
તનુ શોભાથી વદન સુકુમાળા, તે માંહે નાસા અતિહિ વિશાળા. ૮

૧. કમર ૨. ત્વચા

તેહથી અધિક વળી નયનની શોભા, રૂપે તેહને મોહે રંભા;
વાજે તસ ઘર ભેરી ભંભા, વચન ગુણે જે હોવે ગતદંભા. ૯

દેહ વર્ણથી અધિક સ્નેહલતા, તેહથી અધિક કહી વચન કોમળતા;
તેહથી અધિક ગંભીર ગુણ ભાખ્યા, સત્ત્વમાંહે સઘળા ગુણ દાખ્યા. ૧૦

એ સર્વે લક્ષણની ભાષા, જાણંતા શી કરો છો વિભાષા;
વળી એહવું અશિ કરે જસ હોવે, તે સામાન્ય નર કદ હી ન જોવે. ૧૧

ઝાઝું ઝાઝું શું બોલાવો, કાયર સત્ત્વે નવિ ચલાવો;
પ્રાણનાથ પતિ જીવ તું માહરું, આ ભવ તુમહિ જ એ નિરધારું. ૧૨

ખગવિદ્યાનું નહીં મુજ કામ, પિતલ સંગે પણ મન ન વિસરામ;
માહરે એક શરણ છે તાહરું, પાણિગ્રહણ કરો હવે માહરું. ૧૩

આજ પ્રભાતે તે [1]આવેશે, તમે એક કીછો દુઃખ દેશે;
અપર ઠામ કિહાંએક હવે જઈએ, જેમ દુર્જન ખળની દૃષ્ટે નવિ રહીએ. ૧૪

यतः–शकटं पंचहस्तेन, दशहस्तेन वाजिनं
हस्ति हस्तसहस्रेण, देशत्यागेन दुर्जनः १५

**ભાવાર્થ**–ગાડાંથી પાંચ હાથ દૂર રહેવું, ઘોડાથી દશ હાથ દૂર રહેવું, હાથીથી હજાર હાથ દૂર રહેવું, પણ દુર્જનનો તો દેશમાંથી જ ત્યાગ કરવો અર્થાત્ દુર્જનથી તો બહુ જ દૂર રહેવું.

અથવા જિમ તુમચે મન ભાવે, મુજને શી હવે ચિંતા થાવે;
સિંહ તણે અંકે જે બેસે, તેહને શ્વાપદ[2] ભય શ્યો દેશે. ૧૬

પરણ્યાની સામગ્રી સઘળી, મેળવી છે વિવાહની પહેલી;
મધ્ય દિને લગ્ન અછે શુભવેળા, ગંધર્વ વિવાહ કરી કરો લીલા. ૧૭

એમ કની વયણ સુણી કહે કુમરો, દેખીએ તે ખગ કહેવો અમરો;
અરે ભીરુ મનમાં ભય મ કરે, દેવ ગુરુ ધર્મનું નામ જ સમરે. ૧૮

પણ ઇહાં બેઠાં કેમ જાણીજે, જે મધ્યાહ્ને લગન આણીજે;
સા કહે ઘરને નિકટ[3] અવટ છે, તિહાં વાતાયને એક તટ છે. ૧૯

લઘુ બારી છે તિહાં સર્વ જણાય, રાત્રિ દિવસ પરિમાણ ભણાય;
એણી પરે પ્રીતિ ગોષ્ઠિ કરીને, ઉપવાસ પારણું કીધું નીસરીને. ૨૦

૧. આવશે ૨. શિયાલ ૩. ગુફા

મધ્યાહ્ને થયો તસ વિવાહ, તે કુમરીને કુમર તે નાહ;
નાગરવેળી ક્રમુક તરુ યોગે, શોભે તેમ તેહના સંયોગે. ૨૧

સા કહે સ્વામી ખગ કેમ નાવ્યો, તવ વૃત્તાંત તે સકળ જણાવ્યો;
પાપી આપણે પાપે પચાય, કની કહે જેમ સરજ્યું તેમ થાય. ૨૨

यतः–कुमंत्रैः पच्यते राजा, फलं कालेन पच्यते;
लंघनैः पच्यते तापः, पापी पापेन पच्यते. १

ભાવાર્થ–રાજા કુમંત્રથી દુઃખી થાય છે, ફલ કાલક્રમે પાકે છે અર્થાત્ કાલથી પાકીને નષ્ટ થાય છે, લાંઘણથી તાવ દૂર થાય છે, અને પાપી પોતાના પાપથી જ નષ્ટ થાય છે.

એક દિવસ તિહાં રહીને લેવે, સાર સાર જે રત્ન સદેવે;
કુંપી દોય અંજનની લેઈ, ચાલ્યાં તિહાંથી કનીશું દોઈ. ૨૩

નીસરી બાહિર શિલા દૃઢ દીધી, નિધિ ભૂમિ થાપીને રક્ષા કીધી;
ચલ્યા તિહાંથી સાહસ સાથે, ચંદ્રહાસ [1]કરવાલ છે હાથે. ૨૪

[2]કેશર પરે અટવી ઓલંઘે, ગ્રામ એક આવ્યું શ્રમજંઘે;
સરપાળે આવી ઊતરીયાં, આનંદ લીલા મંગળ ભરીયાં. ૨૫

કહે પ્રિયાને એ વનમાંહે, [3]પાકા કરો જમીએ ઉચ્છાહે;
તે કહે પાક કરું હું સ્વામી, સામગ્રી મેળવો મન કામી. ૨૬

[4]આરામિક નર પાસે અણાવે, ઘૃતપૂરણની સામગ્રી જણાવે;
પૂપ અપૂપ કર્યા વળી બહુલા, શાક પાક વિધિ માંડ્યા પહુલા. ૨૭

હવે પ્રતાપ નૃપ સુત કરી સ્નાન, ભૂષણ ભૂષિત શુભ વસન પરિધાન;
તીર્થાભિમુખ થઈ દેવ વંદે, ચૈત્યવંદન કરતો આનંદે. ૨૮

વિધિ પંચાંગ કરી પરણામ, ઉત્તરાસંગ યોજિત મુખધામ;
દોઈ કરકમળ ભાલસ્થળે જોડી, ભણે જિનગુણ મદ મત્સર છોડી. ૨૯

### અથ ચૈત્યવંદન

પરમાનંદ પ્રકાશભાસ, ભાસિત ભવ પીળા,
લોકાલોક લોકવે, નિતુ એહવી લીલા;
ભાવ વિભાવપણે કરી, જેણે રાખ્યો અલગો,
[5]તક્ર પરે [6]પય મેળવી, તેહથી નવિ વલગો.

---

૧. તલવાર ૨. સિંહ ૩. પાક, રસોઈ ૪. માળી ૫. છાસ ૬. દૂધ

તેણી પરે આતમ ભાવને એ, વિમળ કર્યો જેણે પૂર;
તે પરમાતમ દેવનું, દિન દિન વધતું નૂર. ૧

નામે તો જગમાં રહ્યો, થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવમાંહે વસે, પણ ન કળે કિમહી;
ભાવ થકી સવિ એકરૂપ, ત્રિભુવનમેં ત્રિકાલે,
તે પારંગતને વંદીએ, ત્રિહું યોગે સ્વભાલે.
પાળે પાવન ગુણ થકી એ, યોગ ખેમંકર જેહ;
જ્ઞાનવિમળ દર્શને કરી, પૂરણ ગુણમણિ નેહ. ૨

**॥ પૂર્વ ઢાળ ॥**

એમ ચેઈવંદણ નમુચ્છુણં, કહી ભાવ થકી નમિઊણં;
એહવે તસ મુદ્રા પેખે, નામ વાંચી સફળ જનુ લેખે. ૩૦

વૈતાલિક મુખથી જે નિસુણ્યો, કુશસ્થળ પુરવાસી પભણ્યો;
શ્રી શ્રીચંદ્ર તે એહી જ દીસે, રૂપ વિદ્યા કળા સુજગીશે. ૩૧

હરખી ઘણું હીયડા માંહે, કહ્યો ન જાયે તેહ ઉચ્છાહે;
ઔદાર્યાદિક જે ગુણ ભારી, શ્રીચંદ્ર એમ થઈ નિરધારી. ૩૨

કહે સ્વામીજી ભોજન કરીએ, વળી નિયમનું સમરણ કરીએ;
પંચ પરમેષ્ઠિ પદ સંભારી, શુભવેળા એ સંપ્રતિ સારી. ૩૩

કહે કુમર પ્રિયે કહ્યું એ વારુ, ભોજન તે સર્વ સાધારું;
કોઈ અતિથિ જો નજરે આવે, તસ દીજે તો સવિ સુખ થાવે. ૩૪

સરપાળે દિશાને જોતાં, બેહુ બેઠાં પુણ્ય પનોતાં;
પુણ્યવંત મનોરથ ફળતાં, કાંઈ વેળા નહીં યોગ મિલંતાં. ૩૫

તસ ભાગ્ય બળે તિહાં દીઠું, મુનિયુગળ અમૃતથી મીઠું;
જિમ ચંદ્રને ચકોર કિશોર, રવિ ચકવાને જેમ ઘન મોર. ૩૬

જ્ઞાનવિમળ મુનીશ્વર તેડે, વચ્છ કચ્છ નામે બેહુ જોડે;
પ્રતિલાભે મુનિને ભરપૂર, શાલ દાળ સિતા ઘૃતપૂર. ૩૭

**॥ દોહા ॥**

જમવારો કૃતારથ ગણે, પહોંચાવીને સાધ;
આપે ભોજનને ભણી, બેઠાં તિહાં નિર્બાધ. ૧

બહુ જણે સાથે ભુંજીને, પ્રિયા સમેત સુચંગ;
પાછળે યામે સાધુની, પાસે ગયો મનરંગ. ૨

વચ્છરાજી મુનિને આગળે, બેસે કરી પ્રણામ;
ચિંતવિત સુપાત્રનો, દુર્લભ યોગ એ તામ. ૩

દાન સુપાત્રે અવસરે, શુદ્ધ બુદ્ધ નિરુપાધ;
અંતે સમાધિ મરણને, અભવ્ય જીવે નવિ લાધ. ૪

ઉત્તમ પાત્ર સુસાધુ છે, શુભ શ્રાવક મધ્ય પાત્ર;
અવિરતિ સમ્યક્દૃષ્ટિ જે, તેહિ જઘન્ય કહ્યું પાત્ર. ૫

રત્ન કનક રજત મૃત્તિકા, લોહ સમ પાંચ એ પાત્ર;
જિન મુનિ શ્રાવક સમકિતી, મિથ્યાત્વી પણ ગાત્ર. ૬

यतः–काले सुपत्तदाणं, सम्मविसुद्धं बोहिलाभं च,
अंते समाहिमरणं, अभव्वजीवा न पावंति. १
उत्तम पत्तं साहु, मज्जिम पत्तं च सावया भणिया;
अविरय सम्मद्दिट्ठी, जहन्न पत्तं मुणेयव्वं. २

ભાવાર્થ–૧. સમયે સુપાત્રદાન, સમ્યક્ પ્રકારે વિશુદ્ધ બોધિલાભ તથા અંતે (મૃત્યુ સમયે) સમાધિમરણ–એટલાં વાનાં અભવ્ય જીવો પામતા નથી. ૨. સાધુ ઉત્તમ પાત્ર છે, શ્રાવકને મધ્યમ પાત્ર કહ્યો છે, અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિને જઘન્ય પાત્ર કહ્યો છે.

એમ વાણી મુનિની સુણી, કહે મુજને અપરાધ;
લાગો એક ખગ મેં હણ્યો, જેમ મૃગને હણે વ્યાધ[1]. ૭

અટવીમાં અજ્ઞાનથી, કોઈ કર્મને જોર;
લાગું પાપ તે હૃદયમાં, ખટકે કાલજની કોર. ૮

સાલ પરે તે અતિ ઘણું, સાલે છે નિત્ય નિત્ય;
પ્રાયશ્ચિત્ત તસ આપીએ, મુનિવર આણી પ્રીતિ. ૯

કહે મુનિ રે પુણ્યાતમા, પ્રમાદ થકી હુયે પાપ;
પણ તુજને પાપભીરુતા, મહોટો પશ્ચાત્તાપ. ૧૦

તિણથી પાપ તે જાયશે, વળી અરિહંતને ધ્યાન;
[2]નિવિડ જે કીધાં તે ટળે, તો સહસા કોણ માન. ૧૧

અરિહંત ચૈત્ય કરાવિયે, દીજે તસ ઉપદેશ;
નિર્મળ મને ધ્યાઈએ સદા, ન રહે પાપનો લેશ. ૧૨

૧. શિકારી ૨. નિબિડ કર્મ પણ ટળી જાય તો સહસા કરેલ કર્મ કયા હિસાબમાં?

यदुक्तं श्री सिद्धांते–

महारंभीआए महापरिग्गहिआए कुण महारेणं पंचिंदिय वहेणं, जीवा नरया उपत्ताए कम्मंपकरंति । कहाणं भंते जीव सुहदीहाओयत्ताए कम्मंपकरंति गोयमाणे पाणे अईत्ताणो मुसंअईवईत्ता० । तहारुवं समणं माहणं वा वंदित्ता णमंसित्ता जावपज्जुवासित्ता० । अणंतरेणं मणुणेणं पियकरणेणं असणं पाणं खाईमं साईमेणं पडिलाभेत्ता एवं खलु जीवा सुहदीहाओ पत्ताओ कम्मंपकरंति तवस्सिवाज्जोसईत्ता कडाणं कम्माणं मुक्खो अच्छिवेईत्ताणो अवेईत्ता । इत्यादि ।

તે ભણી તાહરું પાપ એ, રહેશે નહીં લગાર;
મુનિવયણ એમ સાંભળી, હરખ્યો ચિત્ત મઝાર. ૧૩

લક્ષણ ભાલસ્થળે કરી, લેખીએ છીએ તુમ તેજ;
મહોટા નૃપતિ પ્રભાવકો, ભાવી છો બહુ હેજ. ૧૪

તે ભણી સમકિતને ભજો, ધર્મે થજો થિર થોભ;
અમને એ ઉપદેશ છે, અવર ન અમને લોભ. ૧૫

## ॥ ઢાળ તેરમી ॥

(મોરા સાહેબ હો શ્રી શીતળનાથ કે, વિનતિ સુણો એક મોરડી–એ દેશી)

કહે મુનિવર હો સંસારમાં સાર તો, સમકિત છે જેણે સેહરો[1];
તસ[2] પાખે હો શોભે નવિ ધર્મ કે, દેવ વિના જેમ[3] દેહરો. ૧

સુરમાંહે હો જેમ ઇંદો જાણ કે, ગ્રહગણમાં જેમ ચંદ્રમા;
જેમ ગિરિમાં હો મંદરગિરિ તુંગ કે, મહિલા વૃંદમાં જેમ રમા. ૨

સવિ દેવા હો માંહે જિનચંદ કે, તેમ સમકિત સવિ ધર્મમાં;
તસ પાખે હો સવિ કિરિયા કર્મ કે, ભવ નાટકના ભર્મમાં. ૩

ચિંતામણી હો વળી સુરતરુ વૃંદ કે, સુરગવિ પારસ પાહાણમાં;
નિધિરયણા હો ઇત્યાદિ સુવસ્તુ કે, સમકિત ઓપમ અયાણમાં. ૪

પ્રાયે બહુલા હો કીધા નવિ ધર્મ કે, દાનાદિક જિનપૂજના;
અનંતા હો ભવચક્ર મઝાર કે, ભવ ઉચ્છેદે ન નીપના. ૫

યતઃ–पायं अणंत देउल, जिणपडिमा कारिआय जीवेण;
असमंजस वित्तीए, न हु लद्धो दंसणलवो वि. १

सम्मत्तं परमं तत्तं, समत्तं परमो गुरु;
सम्मत्तं परमो देवो, सम्मत्तं परमं पयं. २

૧. મુકુટ ૨. સિવાય, વગર ૩. મંદિર

ભાવાર્થ–૧. પ્રાયે આ જીવે અનંતી વાર ચૈત્યો અને પ્રતિમાઓ કરાવી છે, પણ તે અસમંજસ વૃત્તિથી (મિથ્યાદૃષ્ટિથી) કરાવેલી હોવાથી શુદ્ધ દર્શન (સમકિત) ની લેશ પણ પ્રાપ્તિ થઈ નથી. ૨. સમ્યક્ત્વ પરમ તત્ત્વ છે, સમ્યક્ત્વ પરમ ગુરુ છે, સમ્યક્ત્વ પરમ દેવ છે અને સમ્યક્ત્વ જ પરમ અમૃત છે.

ધર્મ સુરતરુ હો કેરુ એ મૂલ કે, ચરણ દેવળનું પીઠ છે;
ધર્મ પ્રવહણ હો કેરુ પયઠાણ કે, સવિ ગુણમણિનિધિ દીઠ છે. ૬

તે સમકિત હો હોય આતમ ભાવ કે, અથવા વળી ઉપદેશથી;
[1]ચઉઅણ નાસે હો વળી મોહની ત્રણ કે, ક્ષય ઉપશમ ઉપશમક્ષય થકી. ૭

એ સાતે હો પ્રકૃતિ ક્ષય જાણ કે, ઉપશમ મિશ્ર તણે બળે;
સમકિતથી હો હોયે ગુણ પરગટ્ટ કે, દોષ અનાદિ પદે ટળે. ૮

જેણે જીવે હો એક ફરશ્યું સમકિત કે, તેહ અર્દ્ધ પુદ્ગલ કરે;
ભવમાંહે હો આશાતના હોય કે, જિન પ્રમુખની તે ફરે. ૯

ઉત્કૃષ્ટી હો દર્શન આરાધ કે, ચારિત્ર સંયુત જો હોયે;
ભવ આઠે હો નિયમા તે જીવ કે, શિવપદ નયરીને જોયે. ૧૦

પામીને હો જે હારે તેહ કે, કાળ અનંત ફરી લહે;
જસ પ્રાપ્તિ હો કિમહી નવિ જાય તો, રત્નત્રયમાં ધુર[2] કહે. ૧૧

જ્ઞાન દર્શન હો દોય એકી ભાવ તો, જો તેહમાં ચારિત્ર ભળે;
તો પામે હો શિવપદ ક્ષણમાંહે કે, ભવદુઃખ સંકટ સવિ ટળે. ૧૨

જેમ શરદે હો હોયે કમળ વિચ્છાય કે, તેમ સમકિત વિણુ સવિ ક્રિયા;
ચતુરંગિણી હો સેના સજ્જ હોય કે, નાયક વિણુ એહવી ક્રિયા. ૧૩

સઢ પાખે હો ન તરે જેમ જહાજ કે, અતુલ અગાધ સમુદ્રમાં;
તેમ સમકિત હો પાખે ભવપાર કે, યદ્યપિ હોય અતિમુદ્રમાં. ૧૪

જેમ[3]પ્રહરણ હો પાખે હોયે શૂર કે,[4]દીણો ભર સંગ્રામમાં;
જેમ[5]પાવક હો વિણ ઈંધણ હોય કે, હીણ તેજ જિણ ઠામમાં. ૧૫

તેમ સમકિત હો પાખે વિચ્છાય કે, કિરિયાએ નહીં નિર્જરા;
તસ ચારિત્ર હો શુભબંધ ઉપાય કે, યદ્યપિ વહે કેઈક નરા. ૧૬

---

૧. ચઉ=ચાર, અણ=અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એ ત્રણ ૨. મુખ્ય, પ્રથમ ૩. અસ્ત્ર ૪. દીન ૫. અગ્નિ

વિણુ સમકિત હો કરવું અનુષ્ઠાન કે, [1]ઓલ્હાણા પાવક સમું;
જેમ બહિરા હો આગળ જે વાત તો, અંધારે નાટક સમું. ૧૭

[2]તુસ ખંડણ હો મૃતમંડન પ્રાય કે, જિહાં મિથ્યામતિ નવિ સમ્યું;
ગુણકારી હો હોયે તે પણ કૃત્ય કે, મંદમિથ્યાત્વે જે રમ્યું. ૧૮

મુખે ભાખે હો અમે સમકિતવંત કે, આપાપણા અભિમાનથી;
કેઈ શૂરા હો એમ વયણના થાય કે, પણ સૂના તે શાનથી. ૧૯

જે માટે હો જાણીજે તેહ કે, આચરણા હોયે સહજથી;
કરે કિરિયા હો ધર્માદિક જેહ કે, તે નિરાશંસના સહજથી. ૨૦

ભવ સુખથી હો હોયે યદ્યપિ રિક્ત કે, તોયે પરભવથી ડરે;
ધર્મ કાર્યે હો હોયે વિધિનો સંગ કે, આગળ જિન આણા કરે. ૨૧

જેમ ગણધર હો મુનિ સુવિહિત વાણી કે, સૂત્ર સુણવું તિહાંથી કરે;
પરશંસે હો નહીં નિજગુણ લેશ કે, પરગુણ સુણવા ચિત્ત ધરે. ૨૨

કોઈ અવિરતિબલે હો ન ધરે પચખાણ કે, આચાર કલહાકરા;
પણ ચિત્તે હો મન [3]ચરણને આગે કે, ભવસુખ જાણે કિંકરા. ૨૩

કોઈ વિરતિનો હો હોયે ઉદ્યમવાન તો, તાસ સહાય કરે ઘણું;
દંભાદિક હો પરમતના દેખ કે, મન લલચાવે ન [4]આપણું. ૨૪

અણુ સરિખો હો જે પરઉપકાર કે, તે મેરુ સમાન કરી ગણે;
વિસારે હો નવિ કોઈ ઉપકાર કે, શક્તે પરદુઃખને હણે. ૨૫

રાગી દોષી હો ન ગણે તે દેવ કે, દોષી વયણ ન સાંભળે;
જિહાં સંવર હો તેહી જ તત્ત્વપંથ કે, આસ્રવ ભવ મગ્ન અટકળે. ૨૬

ઇંદ્રિયસુખને હો હેતે ગુણભક્તિ કે, મનથી પણ નવિ સાચવે;
કર્મનિર્જર હો હેતે કરે ધર્મ કે, પ્રભાવનાદિક ગુણ ઠવે. ૨૭

ઇત્યાદિક હો હોયે સહજ પ્રમાણ કે, તે તો અંગે ન દેખીએ;
કહે સમકિતી હો અમે છું જગમાંહે કે, માથા શૂલ એ લેખીએ. ૨૮

છતે સમકિતે હો રુંધ્યા તસ જાણ કે, નરક તિર્યંચગતિ બારણાં;
સુરનરગતિ હો સમકિત યુત હોય કે, ચરણ સંયુત શિવસુખ ઘણાં. ૨૯

૧. ઓલવાયેલા ૨. છોતરાં ખાંડવા ૩. ચારિત્રની આગળ ૪. પોતાનું

પૂર્વબંધે હો જો આયુ ન હોય કે, એણી રીતે જાણીએ;
બદ્ધાયુ હો નર તેહને હોય કે, ચઉગતિ ભ્રમ પણ આણીએ. ૩૦

ઇત્યાદિક હો બહુ અછે વિચાર કે, સમકિત કેરા શાસ્ત્રમાં;
કહું કેતા હો સુણ રાજકુમાર કે, દૃઢ હોજો સમકિત ગાત્રમાં. ૩૧

વિજય નૃપની હો હરિબળ નૃપ નીમ કે, કથા કહીજે નામથી;
પડિક્કમણા હો વૃત્તિથી લહી તેહ કે, બલિ જાઉં સમકિત નામથી. ૩૨

કર્યો સમકિત હો દૃઢ ચિત્ત મઝાર કે, જિનમત ભાખે તે રાગિયો;
ડોલાયો હો ડોલે ન લગાર કે, વડચિત્ત વડભાગિયો. ૩૩

પ્રાયશ્ચિત્ત હો લેઈ ગુરુ પાસ કે, થયો નિઃશલ્ય ગુરુ વયણથી;
જ્ઞાનવિમલની હો મતે જેહને રંગ કે, અવિચળ સમકિત સયણથી. ૩૪

**॥ દોહા ॥**

ગુરુવચન અંગીકરી, પ્રણમી ગુરુના પાય;
પ્રિયા સહિત સુખચેનથી, આગળ ચાલ્યાં જાય. ૧

અનુક્રમે જાતાં આવિયું, નયર કલ્યાણપુર નામ;
સપ્ત દેશનો અધિપતિ, અછે ગુણવિભ્રમ નામ. ૨

તેહ નગરમાં ચૈત્ય છે, દંડકળશ અભિરામ;
જાણે મેરુથી આવિયું, કનક શૃંગ તેણે ઠામ. ૩

ચૈત્યમાંહે જઈ જિન નમે, સ્તવે મધુર સ્વરે ગીત;
એહિ જ તત્ત્વ કરી લહે, જિનવરશું બહુ પ્રીત. ૪

**અથ જિનસ્તુતિ** (રાગ વસંત–સારંગ)

જિનરાજ હમારે દિલ વસ્યા, કિમ વસ્યા કિમ વસ્યા કિમ વસ્યા; જિ૦
જ્યું ઘન મોર ચકોર કિશોરને, ચંદ્રકળા જેમ મન વસ્યા. જિ૦ ૧

વીતરાગ તુમ મુદ્રા આગે, અવર દેવ કહીએ કિશ્યા; જિ૦
રાગી દોષી કામી ક્રોધી, જે હોયે તેહોની શી દિશા. જિ૦ ૨

આધિ વ્યાધિ ભવની ભ્રમણા, અમથી તે સઘળાં નશ્યાં; જિ૦
જેણે તુમ સેવ લહીને છોડી, તેણે મધુ મશ પરે કર ઘશ્યા. જિ૦ ૩

મોહાદિક અરિયણ ગયા દૂરે, આપ ભયથી તે ખશ્યા; જિ૦
તાળી દેઈ સયણ[1] સદાગમ[2], પ્રમુખા તે સવિ મન વશ્યા. જિ૦ ૪

૧. સકલ ૨. સાચા આગમ

પ્રભુ તુમ શાસન આગે અવરના, મત ભાસિત ફિકા જિસ્યા; જિ૦
આજ અમારે એહ શરીરે, હરખ રોમાંચિત ઉલ્લસ્યાં. જિ૦ ૫
મિથ્યામત ઉરગે બહુ પ્રાણી, જે હઠ વિષ ફરસે ડશ્યા; જિ૦
તે હવે જ્ઞાનવિમળ પ્રભુ પામી, સરસ સુધારસ મેં લસ્યા. જિ૦ ૬

ઇતિ ગીતં

એમ સ્તવી બાહેર આવિયો, પ્રિયા સહિત કુમાર;
તિહાં નર નારી પગે પગે, જુએ અનિમેષ વિચાર. ૫

કોઈ કુમર કોઈ સુંદરી, કોઈ ચિવર પટકૂલ;
કોઈ મુખ આભરણ તનુ, કોઈ કુંડળ શસ્ત્ર અમૂલ. ૬

વર્ણન કરતા નાગરા, માંહોમાંહે વિશેષ;
પુર ઉદ્યાનમાંહે જઈ, સજે ભોજન સુવિશેષ. ૭

પ્રિયા સહિત સરોવર તટે, બેઠા જઈ તરુ છાય;
પતિ આદેશે સા જમે, યાવત્ કરી પટ લાજ. ૮

તેહવે કોઈ આવિયોં, કાપાલિક નર એક;
કુમર પાસે ઉભો રહી, નિરખે ફરી ફરી છેક. ૯

બત્રીશ લક્ષણ સુંદરુ, દેખી હરખ્યો ચિત્ત;
કાર્યસિદ્ધિ હવે થાયશે, યોગી ચિત્તે મિત્ત. ૧૦

લક્ષણને એ સારિખો, નહીં ગુણ વિભ્રમ રૂપ;
એમ ચિંતી બોલાવિયો, કુમરને કહે પ્રતિરૂપ. ૧૧

પરગુણ ને નિજ દોષના, વિરલા હોયે જાણ;
પરકાર્યને સધારવા, વિરલા પરદુઃખ જાણ. ૧૨

यतः–विरला जाणंति गुणा, विरला पिच्छंति अत्तणो दोसा;
विरला परकज्जकरा, परदुःखे दुक्खिया विरला. १
विरला भये धीरा, विरला पालंति निघणा नेहा;
विरला अतदुहिंहिं, पीडिया परसुहे सुहीया विरला. २

ભાવાર્થ–(૧) પરગુણને વિરલા જ જુએ છે, પોતાના દોષને વિરલા જ જાણે છે, બીજાનું કાર્ય વિરલા જ કરે છે, અને પરદુઃખે દુઃખી થનારા વિરલા જ હોય છે. (૨) ભય આવ્યે ધૈર્ય રાખનારા વિરલા જ હોય છે, ગાઢ નેહને નિર્વાહનારા વિરલા જ હોય છે,

પોતાના દુઃખે પીડિત થનારા વિરલા હોય છે અને બીજાના સુખે સુખી થનારા વિરલા હોય છે.

નિસુણી કુમર કહે ઇશ્યું, કુણ તું કિશ્યું છે કામ;
કહે ખર્પુરાનો અછું, યોગી ત્રિપુરાનંદ નામ. ૧૩

ગુરુમુખથી વિદ્યા લહી, પરોપકારને હેત;
કંચન નરને સાધવા, ભમું દેશ સંકેત. ૧૪

કોઈ ન દીઠો તેહવો, જે ઉત્તરસાધક થાય;
ઇહાં તું દીઠો લક્ષણે, ઉપકારી ને અમાય. ૧૫

વપુ લક્ષણ કાંતે કરી, પ્રસન્ન થયું મુજ મન્ન;
થાયે તો તુજથી હુવે, તુજ સમ કો નહીં [1]અન્ન. ૧૬

**॥ ઢાળ ચૌદમી ॥**

(રસીયાની દેશીમાં—શ્રીઉવજ્ઝાય બહુ શ્રુત નમો ભાવશું—એ દેશી)

કહે રે [2]કાપાલી યોગી કુમરને, ઉપકારી શિરદાર, રાજેસર.
ચંદન તરુ જો ફળ હીણો કર્યો, તોપણ તનુ થારે કરે ઉપકાર. રા૦ ૧

વાત વિચારી કરતાં ગુણ હોયે, અવિચારે મન તાપ; રા૦
દુર્જન જનમ કેમ કરી લેખીએ, ખલમલે પૂરવ પાપ. રા૦વા૦૨

[3]કૃષ્ણાગરુ નિજ દાહપણું ખમી, કરી પરિમલ તણી વાસ; રા૦
એમ સજ્જનને સહજ થકી હોયે, પરદુઃખ ભંજણ આસ. રા૦વા૦૩

તે માટે હું પણ તુમ પ્રારથું, હો મુજ વિદ્યાના સહાય; રા૦
આજ નિશાએ ઉત્તરસાધકું, જેમ એ કારજ થાય. રા૦વા૦૪

યતઃ—पर पच्छणा पवज्जं, मा जणणिं जणेसि एरिसं पुत्तं;
माउयरेवि धिरिज्जई, सुपच्छण भंगो कओ जेणं. १

રખે કોઈ જણણી એહવો સુત જણે, માગે પરને કર જોડી; રા૦
માગ્યું ન દીએ હીણો તેહથી, એહવો ન જણાય રે ઠોડી. રા૦વા૦૫

કુમર કહે શું જોઈએ સાધતાં, તે કહે નિશિ સમશાન; રા૦
નરશબથી તે વિદ્યા સાધશે, તુમ સત્ત્વે અભિરામ. રા૦વા૦૬

બીજી સામગ્રી સવિ સોહલી, મેળવતાં નહીં વાર; રા૦
કુમર કહે જો એમ તો તિહાં જઈ, કર સામગ્રી તૈયાર. રા૦વા૦૭

૧ અન્ય ૨. કાપાલિક, સંન્યાસી ૩. અગરુ ધૂપ

યોગીએ જઈ સામગ્રી મેળવી, જે જે યુગતિ રે હોય; રા૦
અગ્નિકુંડમાં નરશબ પ્રમુખ બહુ, કૃષ્ણ ચતુર્દશી હોય. રા૦વા૦૮

હવે આવી સવિ વાત પ્રિયા પ્રત્યે, કહી જેમ ભાખી રે તેમ; રા૦
કહે સ્વામી એહથી ન [1]વિસસો, એ કૂડ કપટની રે સીમ. રા૦વા૦૯

તિહાં તમને જાવા હું નહીં દઉં, ભયે કરી ધ્રૂજતે અંગ; રા૦
નિર્ઘૃણ નિર્લજ્જ કુટિલ હુવે ઘણું, શ્યો તેહનો કરો સંગ. રા૦વા૦૧૦

એમ માંહોમાંહે વચન પરંપરા, કરતાં આવી રે રાત; રા૦
ગ્રહી વસ્ત્રાંચલ બેઠી તે પ્રિયા, થાશે જિહાં પરભાત. રા૦વા૦૧૧

કુમર કહે સવિ સુંદર હોયશે, જેહનું નિર્મલ ચિત્ત; રા૦
ત્રિકરણ યોગે જે છે નિર્મળા, પગ પગ મળે તસ વિત્ત. રા૦વા૦૧૨

[2]મલિનાશયને દુઃખ પરંપરા, સુહણે સુખ નવિ હોય; રા૦
પરઉપકૃતિ કરતાં નવિ કંપિયે, વિઘન કિશ્યું નવિ દોય. રા૦વા૦૧૩

રાજ્ય પ્રાણ લક્ષ્મી સવિ કારમી, જાતાં ન લાગે રે વાર; રા૦
પણ જે વાચા નિજ મુખ ભાખીયા, તે મત જાઓ લગાર. રા૦વા૦૧૪

यतः–राज्यं यातु श्रीयो यांतु, यांतु प्राणा विनश्वराः
परं या स्वयमेवोक्ता, वाचा मा यातु शाश्वती १

ભાવાર્થઃ–રાજ્ય જાઓ, લક્ષ્મી જાઓ, જેનો નાશ થનારો છે એવા પ્રાણ જાઓ, પરંતુ પોતાના મુખમાંથી નીકળેલી વાણી કોઈ દિવસ ન જાઓ, અર્થાત્ મિથ્યા ન થાઓ.

દુઃખ મ ધર મનમાંહે [3]માનની, શ્રીનવકાર પ્રભાવ; રા૦
શુભ હોશે સઘળું ભાવિબળે, ચિંતા મન નવિ લ્યાવ. રા૦વા૦૧૫

વૃક્ષ ઉપર રહેજો નિર્ભયપણે, વાનરી રૂપે રે નારિ; રા૦
યદ્યપિ તું મનમાંહે દુઃખ ધરે, પણ કાર્ય કરવું નિરધાર. રા૦વા૦૧૬

એમ કહી વાનરી કરીને તે ગયો, લેઈ કરવાલને હાથ; રા૦
યોગી પાસે તિહાં સમશાનમાં, સામગ્રી સવિ સાથ; રા૦
કુંડમેં નરશબ હાથ. રા૦વા૦૧૭

કુમર કહે નિર્ભય થઈ સાધજે, હું છું [4]ઉત્તર-સાધ; રા૦
યોગી જાપ હોમ વિધિશું કરે, કુમર રહ્યો નિરાબાધ. રા૦વા૦૧૮

૧. વિશ્વાસ કરવો ૨. મલિન આશયવાળો ૩. સ્ત્રી ૪. ઉત્તરસાધક

નિશીથ સમયે યોગી કહે ઇશ્યું, સાંભળ વીર કોટીર; રા૦
ઉત્તર દિશિ વડ એક મહંત છે, તિહાં મૃત છે એક ચોર. રા૦વા૦૧૯

શાખાલંબિત મૃતક ઇહાં આણવું, જેમ હોયે કારજ સિદ્ધ; રા૦
તેહ વચન અંગીકરી તિહાં ગયો, સાહસથી હોયે સિદ્ધિ. રા૦વા૦૨૦

તિહાં વટ ઉપર ચઢી શબને ગ્રહી, અસિએ છેદી તે બંધ; રા૦
વટથી હેઠું શબ તે નાખિયું, ફરી વળગું વટ ખંધ. રા૦વા૦૨૧

પુનરપિ વટ ઉપર ચઢી સાહસી, બંધન છેદીને લીધ; રા૦
અચરિજ પામી મૃતક કરે ગ્રહી, ઉતરીયો ધરી ધૈર્ય; રા૦
પ્રતિજ્ઞા પૂરણ કીધ. રા૦વા૦૨૨

કેવારે[૧] ખાંધે કેવારે હાથમાં, પથે આણે તે ઠામ; રા૦
અટ્ટહાસ્ય કરી એ હવે બોલીયું, શબ તેણે સમયે ઉદ્દામ. રા૦વા૦૨૩

રે પ્રવીણ! તું નરપતિ પુત્ર છે, એક કથા સંભળાવ; રા૦
એમ સાંભળીને મૌન ધરી રહ્યો, કુમર તે અચરિજ પાવ. રા૦વા૦૨૪

શબ કહે જો તું હુંકારો દીએ, તો કહું હું એક વાત; રા૦
પદ્માવતીની લૌકિક જે અછે, દાખું તસ અવદાત. રા૦વા૦૨૫

ક્ષિતિપ્રતિષ્ઠિત નયરનો રાજીઓ, સુત ગુણસુંદર સાર; રા૦
સુબુધિ સચિવ છે તેહનો ગુણનીલો, પ્રીતિ પરમ સુખકાર. રા૦વા૦૨૬

વક્રવાજી[૨] યોગેથી નીસર્યા, પહોંતા મહા અટવીમાંહે; રા૦
તૃષાક્રાંત થયે સર એક પામીયા, પાલે યક્ષાયતન માંહે. રા૦વા૦૨૭

તે જળપાન કરી મંત્રી થયો, અશ્વનો રક્ષક તામ; રા૦
નૃપસુત સરોવરે ક્રીડા કારણે, ગયો પર તટ સુખધામ. રા૦વા૦૨૮

તિહાં ક્રીડંતી નિરખે કન્યકા, કર ઝાલ્યું એક પદ્મ; રા૦
નૃપસુત દેખી પદ્મને ફરસીયું, ક્રમદંત [૩]શ્રુત સદ્મ. રા૦વા૦૨૯

સંજ્ઞા કરી એમ વેગે હર્ષશું, સા પહોંતી નિજ ઠામ; રા૦
કુમરે તે સવિ સચિવને દાખવ્યું, શ્યો એહનો ઇતમામ. રા૦વા૦૩૦

મંત્રીએ નિજ બુદ્ધે તે અટકળ્યું, કહે સુણો એહનો મર્મ; રા૦
દંતા નામે નયર તે જાણીએ, નામે પદ્માવતી શર્મ. રા૦વા૦૩૧

૧. ક્યારેક ૨. વક્ર શિક્ષા પામેલો ઘોડો ૩. કાન

કર્ણદેવ રાજાની નંદિની, તુજશું ધરે અનુરાગ; ૨૦
હરખ્યો કુમર સમિત્ર તિહાં ગયો, આરામિક ગૃહે લાગ. ૨૦વા૦૩૨
માલણી મુખે કરી તાસ જણાવીયું, સરોવર કુમરે જે દીઠ; ૨૦
તે ઇહાં આવ્યો છે હવે શું કહો, શિક્ષા મુજ તુજ ઇટ્ઠ. ૨૦વા૦૩૩
તે માલણીનું શિર હણી રીસથી, ચંદનભીને રે હાથ; ૨૦
નિષ્કાસી તે આવી સવિ કહ્યું, વિલખી થઈને અનાથ. ૨૦વા૦૩૪
મિત્ર કહે મેં એહવું જાણીયું, સિત પંચમી ભીને પાણિ; ૨૦
મસ્તકે મારી તે સિત પંચમી, દિવસે મિલણ મન આણ. ૨૦વા૦૩૫
મનમાં હરખી જુદા ઊતર્યા, ભાટકે લઈ એક ધામ; ૨૦
જ્ઞાનવિમળ મતિ મંત્રીની અછે, તેહથી સીઝશે કામ. ૨૦વા૦૩૬

**॥ દોહા ॥**

કુમર કહે તેં કિમ લહી, પંચમી અવધિ પ્રમાણ;
સિત ચંદન પંચાંગુલી, શિર હણી એણે [1]અહિનાણ. ૧
પંચમી દિન જવ આવીયો, વળી માલણીને કહે તામ;
જાઓ તિહાં માલણ કહે, હવે ન જાઉં તસ ધામ. ૨
લલચાવી દ્રવ્યે કરી, દ્રવ્ય કરે સવિ કામ;
બળાત્કાર મૂકી તિહાં, કહી વાત લેઈ નામ. ૩
કુંકુમ હસ્તે ગાલમાં, દેઈ પ્રબળ ચપેટ;
કોણ તે તેહને પંથ શ્યો, આવણનો નહીં ખેટ. ૪
અપમાની તે અતિ ઘણી, ઉતારી ગૃહપૂંઠ;
રજ્જુજોગથી ઉપળી, ભૂમિથી જાલી મૂઠ. ૫
માલણ જઈને સવિ કહ્યું, જીવતી આવી આજ;
પણ હવે જાવા નહીં કરું, જો કાંઈ હોશે લાજ. ૬
મંત્રી તો સઘળું લહે, કહે હમણાં કરો વિલંબ;
ઋતુધર્મે છે તે ભણી, પાકે ન [2]ઉત્સુકે અંબ. ૭
કુંકુમ ખરડી અંગુળી, ચારે હણીયો ગાલ;
પૂંઠે વાડી ઘર તણી, તસ પંથે એહ વાલ. ૮

૧. નિશાની ૨. ઉતાવલે, આતુરતાથી

નવમી નિશિ તેણે પંથથી, પહોંતો રાજકુમાર;
હરખી તેહને દેખીને, રમે તસ સાથ કુમાર. ૯

કુમરી કહે કેમ જાણીયો, ગૂઢ હૃદયનો ભાવ;
મુગ્ધપણાથી તેણે કહ્યો, એ સવિ મિત્ર પ્રભાવ. ૧૦

હર્ષે કરી જમાડીઓ, કરી આદર બહુમાન;
દેવર કાજે આપિયા, વિષ મોદક મન વામ. ૧૧

કુમર નિજ થાનક આવીઓ, દાખી સઘળી વાત;
મોદક તમને આપીઓ, તુમ નામે હરખે ઘાત. ૧૨

કહે સુબુદ્ધિ નામ માહરું, નવિ જાણે શ્યો રાગ;
મુગ્ધપણાથી એણે કહ્યો, પણ ઇહાં ગૂઢ અથાગ. ૧૩

એમ શંકા લહી ચિત્તમાં, ઉગ્યો સૂર પ્રભાત;
મોદક લેઈ પાસે ઠવ્યો, શોચ કરે નિજ ગાત. ૧૪

એહવે માખી મૃત લહી, દેખી લહ્યો વિષમર્મ;
ભૂમિમાંહે તે ઘાલીયો, દેવરને સુખ શર્મ. ૧૫

**॥ ઢાળ પંદરમી ॥**

(હમીરિયાની દેશી)

મંત્રી કુમરને શીખવે, એણી પરે કરજો વિચાર, કુમરજી;
રાત્રે જાઓ તિહાં એમ કરો, જે હું કહું તે વિચાર, કુમરજી;
ચતુર તે નર ભૂલે નહીં, જાણે સવિ [1]પરપંચ, કુમરજી,
પણ સજ્જનથી માઠું નવિ હુયે, ખલ ન કરે ખલખંચ. કુ૦ચ૦ ૧

કુમર નિશાએ તિહાં ગયો, રમતાં વોલી રાત; કુ૦
નિદ્રાળુ થઈ પરગડે, સૂતી ફરી પ્રભાત. કુ૦ચ૦ ૨

જંઘાએ રેખા ત્રણ કરી, ત્રિશૂલ તણે આકાર; કુ૦
[2]નેઉર લેઈને આવીયો, નિજ ઘર રાજકુમાર. કુ૦ચ૦ ૩

તે પ્રભાતે યોગી થયા, ગયા સમશાન મઝાર; કુ૦
મંત્રી ગુરુ શિષ્ય રાજશું, જાણે મંત્ર પ્રચાર. કુ૦ચ૦ ૪

શિષ્ય ગયો કનકાપણે, લેઈ નૂપુર તેહ; કુ૦
મૂલ્ય દીયો મુજ એહનું, બહુમૂલુ છે એહ. કુ૦ચ૦ ૫

---

૧. પ્રપંચ ૨. નૂપુર

તે નૂપુર વણિકે મળી, પહોંચાડ્યું નૃપ પાસ; કુ૦
ઓલખીયું નિજ નામ તે, પૂછે એ કેમ તુજ પાસ. કુ૦ચ૦ ૬

તે કહે હું જાણું નહીં, ગુરુ જાણે એ વાત, રાજાજી;
રાજાએ ગુરુ તેડાવિયો, કહો એહનો અવદાત. ગોસાંઈ. ચ૦ ૭

એ કિહાંથી તુમ પામિયું, ગુરુ કહે આજ મસાણ, રાજાજી;
શક્તિ એક આવી તિહાં, ઉત્કટ જોર પ્રમાણ. રાજાજી. ચ૦ ૮

મેં તેહને ચરણે ગ્રહી, રહ્યું નૂપુર મુજ હાથ, રાજાજી;
રેખા ત્રણ જંઘાએ કરી, મૂકી તે ગઈ સાથ. રાજાજી. ચ૦ ૯

કેહવી છે તે જાણવા, ભૂપે અંતઃપુરમાંહે; કુ૦
દોષ સહિત સુતા ઓલખી, ચિંતે નૃપ મનમાંહે, કુ૦ચ૦૧૦

કેમ નિર્દોષ થાયે હવે, પૂછે યોગી રાય, રાજાજી;
કહે યોગી વિદ્યા અછે, નિર્દોષી એ થાય, રાજાજી. ચ૦ ૧૧

કહે રાજા મુજ પુત્રીને, નિર્દૂષણ કરો હેવ, બાબુજી;
તો હું જાણું તુમે ઉપગારીયા, ઝાઝી દાખું સેવ. ગુરુજી;
તુમે છો મહોટા દેવ. બાબુજી. ચ૦ ૧૨

કહે યોગી આજ રાત્રિમાં, એહનો કીજે ઉપાય. રાજાજી;
મંત્રિત વસ્ત્ર દિયું માહરું, તેણે બાંધો મુખ પાય. રાજાજી. ચ૦ ૧૩

નયણે પાટા બાંધવા, બેસારી રથ માંહિ. રાજાજી;
નિજ[1] ભટ સાથે મૂકીએ, પૂરવ દિશિ તરુછાંહિ. રાજાજી. ચ૦ ૧૪

કર બાંધીને દેશને, અંતે મૂકી જાય. રાજાજી;
ભટ તે ફરી જોવે નહીં, ન કહે કનીને આય. રાજાજી. ચ૦ ૧૫

આઠ[2] યામ લગે વનમાંહિ, ફરશે ઇચ્છાચાર. રાજાજી;
તો એ નિર્દોષા થશે, એ ઉપાય મનોહાર. રાજાજી. ચ૦ ૧૬

પછી ઉત્સવશું આણજો, નિજ ઘરમાંહે એહ. રાજાજી;
તુમને પણ સુખ થાયશે, નિર્દૂષણ થાશે દેહ. રાજાજી. ચ૦ ૧૭

એમ કહી બેહુ નિજ ઘર ગયા, શીખવી એહવી વાત; કુ૦
રાજાએ તે કન્યા મૂકી, વનમાંહે તેણિ રાત. કુ૦ચ૦ ૧૮

---

૧. સૈનિક ૨. પ્રહર

હવે તુરંગે ચઢી બેહુ જણા, તુરત તે વનમાં જાય; કુ૦
તસ બંધન છેદી કરી, લેઈ નિજ પુર તે જાય. કુ૦ચ૦ ૧૯

પંથે સુબુદ્ધિને સા કહે, એ શું કીધું કામ. દેવરજી;
કહે દેવર હું નવિ લહું, એ ભોજાઈનાં કામ. ભાભીજી. ચ૦ ૨૦

વિષમોદકથી જો ઉગર્યા, તો એ આવી બુદ્ધ. ભાભીજી;
એમ જાણી હવે રાખજો, નિર્મળ ચિત્ત વિશુદ્ધ. ભાભીજી. ચ૦ ૨૧

રાતે વનમાં આવીયો, પુત્રી જોવા કાજ; કુ૦
જોઈ પણ દીઠી નહીં, સુતા સુતા કહે રાજ. કુ૦ચ૦ ૨૨

હૃદયે સ્ફોટ થઈ નૃપ મૂઓ, શબ કહે એહવી ભાખ; કુ૦
હત્યા લાગી કહો કેહને, કની નૃપ કુમર મિત્ર દાખ. કુ૦ચ૦ ૨૩

જો જાણીને નવિ કહે, તો હત્યા તુજ હોય; કુ૦
એહવું શબ ભાષિત સુણી, ચિત્ત વિમાસીને જોય. કુ૦ચ૦ ૨૪

હત્યા ભૂપતિને શિરે, ચિહુમાં જોતાં થાય. મૃતકજી;
કેમ કુમરી મહોટી કરી, કહો કેમ તેણે રહાય. મૃતકજી;
એ ભૂપતિ અન્યાય. મૃતકજી. ચ૦ ૨૫

એમ કુમર વયણાં સુણી, વડે બેઠો શબ જાય; કુ૦
એ બહુલો હઠ દેખીને, કુમર ચિંતે મનમાંહે. કુણપજી. ચ૦ ૨૬

તવ કુમરને વળીય કથા, કહેવાને કરેય વિચાર. કુણપજી;
અચરિજકારી લોકને, સુણતાં ચિત્ત ચમકાય. કુણપજી. ચ૦ ૨૭

**॥ ઢાળ સોળમી ॥**

(રાગ ભૂપાલ, દેશી સખણિયાની, જાતિ ચોપાઈની.
નવિ નવિ નગરીમાં વસે રે સોનાર—એ દેશી)

ગંગાધરને કરી જુહાર, કહે કથા શબ તેણી વાર;
નગરી ભોગવતી છે નામ, કામી મન લાગે અભિરામ. ૧

રૂપસેન નામે નરપતિ, મનમાની સ્ત્રી નવિ હતી;
પંજરામાંહે રહે શુક એક, વારુ કલાવિચક્ષણ છેક. ૨

એક દિન નૃપ તે શુક પૂછીઓ, કાંઈ જાણે છે એમ સૂચીઓ;
કીર કહે હું જાણું સર્વ, કહે નૃપ એહમાં શ્યો તુજ ગર્વ. ૩

જો જાણે છે તો કહે મુજ યોગ, કોણ કન્યા મુજ આવે ભોગ;
કીર કહે મગધાધિપ તણી, સુરસુંદરી નામે બહુ ગુણી. ૪

તે તાહરી ભાર્યા હોયશે, પ્રેમે વદન કમળ જોયશે;
તેણે પણ પૂછી છે સારિકા, ચંદ્રપ્રભા નામે સુખકારિકા. ૫

મદનમંજરી પુત્રી કહે, મુજને યોગ્ય કોઈ વર લહે;
સારિકાએ પણ તુમને દાખીયા, રૂપસેન ચિત્તમાં રાખીયા. ૬

તે નિસુણીને થઈ રાગિણી, સખીને વાત જણાવી ઘણી;
પટરાણીએ જણાવ્યો ભૂપ, એહવે આવ્યો સચિવ અનૂપ. ૭

સચિવે સઘળી જણાવી વાત, સંકેતી આણ્યો નૃપ સાક્ષાત;
યાચી કન્યા શુભ મુહૂર્તે, પરણ્યો રાજા કન્યા પ્રત્યે. ૮

ચંદ્રપ્રભા સારિકા લેઈ સાથ, મદનમંજરી પરણી નિજ નાથ;
અનુક્રમે નિજ નગરીયે આવીયા, શુકને પંજરમાં ઠાવીયા. ૯

મનઇચ્છિત જવ માણસ મળે, વિરહ તણાં તવ દુઃખડાં ટળે;
તે સવિ પુણ્ય તણા સુપસાય, કાળ ન જાતો જાણે રાય. ૧૦

હવે એક દિન ભાખે શુકરાજ, શૂડી નિરખી સખરે સાજ;
રે સુંદરી સ્નેહલ લોચને! ભોગ ન ઇચ્છે શું તુજ મને. ૧૧

સાર સંસાર માંહે છે ભોગ, ભોગવીએ મળતે સંયોગ;
એ તન ધન મન યૌવન આય, ચંચળ છે પણ ભોગ પસાય. ૧૨

यतः—संसारे सर्वजीवानां, भोगप्राप्तिर्फलं शुभं;
गतं ते जीवितं भीरु, जीवनं च निरर्थकं;
या न वेत्ति सदा पुंसां चतुराणां रतिप्रदं. १

ભાવાર્થઃ—સંસારને વિષે સર્વ જીવને ભોગપ્રાપ્તિનું ફળ તે સુખ છે. તો હે બીકણ સ્ત્રી! તારું જીવન નિરર્થક ગયું. જે સ્ત્રી, ચતુર પુરુષો સંબંધી રતિને દેનારા સુખને નથી જાણતી, તેનું જીવિત નિરર્થક ગયું એમ જાણવું.

ઇમ નિસુણી બોલી સારિકા, પુરુષ ભોગ વાંછું નહીં શુકા;
તવ કહે[1] સૂડો તે શ્યા ભણી, નર વિણુ નારી દોભાગિણી. ૧૩

કહે સારિકા તેં સાચું કહ્યું, પણ મેં શાસ્ત્રે એહવું લહ્યું;
દ્રોહી વંચક નર હોયે[2] પ્રાહિ, બહુલા કપટી છે જગ માંહિ. ૧૪

૧. પોપટ ૨. પ્રાયઃ, ઘણું કરીને

यतः–स्वार्थनिष्ठा मुखे मिष्टाः, द्रोहिणः परवंचकाः
मायाविनः कृतघ्नाश्च, निर्दयाः पुरुषाः पुनः १

ભાવાર્થ–પુરુષો પ્રાયે સ્વાર્થી, માત્ર બોલવામાં મીઠા, દ્રોહી, પરવંચક, માયાવી, કૃતઘ્ન અને નિર્દય હોય છે.

એમ નિસુણી શુક કહે તે ખરું, એહવો નિશ્ચય નહીં ચિત્ત ધરું;
સ્ત્રી પણ હોયે દુશ્ચારિણી, પતિઘાતક મહોટી પાપિણી. ૧૫

यतः–अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता;
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः १
भवस्य बीजं नारकस्य, द्वारमार्गस्य दीपिका;
शुचां स्थानं कलेर्मूलं, दुःखानां खानिरंगना. २

ભાવાર્થઃ–(૧) ખોટું બોલવું, સાહસકર્મ, અત્યંત માયા, મૂર્ખપણું, અતિ લોભપણું, અપવિત્રપણું અને નિર્દયપણું, તે સર્વ દોષ સ્ત્રીઓને સ્વભાવથી જ હોય છે. (૨) સંસારનું બીજ, અને નરકદ્વારના માર્ગમાં જવાને દીવી, શોકનું સ્થાન, ક્લેશનું મૂળ અને દુઃખની ખાણ તે સ્ત્રી છે.

એમ વિવાદ માંહોમાંહે થાય, રાજા રાણી લગે વાત જાય;
વાદ તણું એ દાખો મૂળ, સારિકા કહે સુણો વાદનું મૂળ. ૧૬

કથા કહે તિહાં શૂડી એક, સુણ રાજન્ મુજ વાત વિવેક;
કાંચનપુર નામે એક નયર, મહાધન શેઠ વસે અતિ મહેર. ૧૭

ધનક્ષય નામે છે તસ પુત્ર, પરણ્યો પુણ્યવર્દ્ધન પુરી તત્ર;
ઉદ્ધવ શેઠ તણી દીકરી, પરણીને મૂકી ગયો ફરી. ૧૮

કાળે મહાધન પામ્યો કાળ, પહોંતુ ધન સવિ વ્યસને આલ;
તદનંતર ગયો તરુણી પાસ, કેટલાએક દિન રહ્યો ઉલ્લાસ. ૧૯

ભૂષણ સહિત લેઈ ભામિની, ઘરે આવે પાછો થઈ ધની;
સાસરીયા વોલાવી વળ્યાં, દંપતી દોય ચલે તિહાં મળ્યાં. ૨૦

અર્ધ પંથ તે આવ્યા જિસે, ઉદ્વંસ ગ્રામ વચે આવ્યું તિસે;
તવ પતિ કહે ઇહાં ભય છે ઘણો, વચન એક માહરું પ્રિય સુણો. ૨૧

ભૂષણ વસ્ત્ર સવિ મુજને આપ, નિર્ભય ઠામે તેહને થાપ;
પછી આગળ જોઈ શુભ સાથ, ચાલીશું એમ બોલ્યો નાથ. ૨૨

એમ કહી વસ્ત્ર વિભૂષણ ગ્રહી, અંધ કૂપમાં નાખી તે સહી;
દુષ્ટ તેહ નિજ પુર આવીઓ, પાપ પંકમાં નવરાવીઓ. ૨૩

હવે સુણજો તે સ્ત્રીની કથા, વાટે પથિક બહુ જાતા હતા;
કૂપાંતરમાં [૧]ભાયગ વશે, પડતાં એક દિશે રહી ઉલ્લસે. ૨૪

શબ્દવેધથી કાઢી તેણે, પૂછી કથા તવ એહવું ભણે;
ચોરે મમ ભર્ત્તા બાંધિયો, દેઈ પ્રહરનં જર્જર કિયો. ૨૫

જીવે છે કિંવા તે નહીં, તે જાણે પરમેશર સહી;
ભૂષણ સઘળાં મુજ અપહરી, અંધ કૂપમાં નાખી કરી. ૨૬

એમ કહી ઉત્તર વાળીયો, પથિકે તે ઉપદ્રવ ટાળીયો;
અનુક્રમે આવી પીહર ભણી, પૂછે સવિ કિહાં ગયો તુજ ધણી. ૨૭

સર્વ વૃત્તાંત કલ્પીને કહ્યો, ક્ષણ એક શોક સંગે પણ લહ્યો;
આલિંગી હિયડા ભીતરે, પુત્રી અંશે રખે દુઃખ ધરે. ૨૮

સુખ દુઃખ સવિ લહિયે કૃતકર્મ, ભોગવીએ નવિ તજીએ ધર્મ;
જો જમાઈ છે જીવતો, આવી મળશે તો ગુણવતો. ૨૯

હવે જમાઈ ધનક્ષય નામ, જેહવું નામ તેહવું પરિણામ;
ભૂષણ હાર પ્રમુખ ધન સર્વ, હાર્યું વ્યસન બળે ગતગર્વ. ૩૦

શ્યામવદને તે કેતે કાળ, ફરી આવ્યો સુસરા ઘર ચાલ;
હરખી સુકુલિણી ભામિની, ધન ધન મુજ દહાડો જામિની. ૩૧

ચિંતે કંત નાખી જે કૂપ, તે એ દીઠી નયણે અનૂપ;
કેણી પરે એ આવી જીવતી, માહરી વાત કહી હશે છતી. ૩૨

શંકાણો મનમાં જેટલે, ઘરમાંહે આણ્યો તેટલે;
શંક ન કરશો કાંઈ લગાર, એ સવિ કર્મ તણા ઉપચાર. ૩૩

શુભ અશુભ જે આપણે આચર્યા, જે જે પ્રત્યયનાં તે ઠર્યાં;
તે ભણી કાંઈ નહીં વિષવાદ, આણે જો મનમાં આહ્લાદ. ૩૪

એમ નિસુણી સુખ વિલસે તેહ, સ્ત્રી પણ દેખાડે સ્નેહ;
[૨]મર્મમોસ તણી વારતા, ન કહે ઉત્તમ દોષના છતા. ૩૫

એક દિન કંતે અવસર લહી, સૂતી નારી જાણી સહી;
ગ્રહી સર્વ ભૂષણ ધન તાસ, સ્ત્રી મારી ધારી વિશ્વાસ. ૩૬

૧. ભાગ્ય ૨. ગુપ્ત વાત કહેવારૂપ મૃષા

કહે સારિકા રાજન અવધાર, કરણી પુરુષ તણી સંસાર;
પ્રત્યક્ષ દીઠાં ને સાંભળ્યાં, જેમ વિષ મીઠાઈમાં મળ્યાં. ૩૭

જો ઉપકાર કરે સો ગમે, તોપણ પુરુષ પ્રતીત નવિ ગમે;
તે માટે હું પુરુષનો સંગ, મન નવિ વાંછું તો શ્યો રંગ. ૩૮

તે માટે નિશ્ચય જાણજો, ખલ નર સંગતિ ચિત્ત [1]નાણજો;
જ્ઞાનવિમળ ગુરુની એ વાણ, જે ધરશે તસ કોડી કલ્યાણ. ૩૯

**॥ દોહા ॥**

એહ કથા સૂડી કહી, હવે પ્રત્યુત્તર શુકરાજ;
ભાખે વચન કળા થકી, સુણીએ શ્રીનરરાજ. ૧

પ્રાહિ સહુ સરિખા ન હોએ, સરિખા કહે તે અજાણ;
સકળ શુભાશુભ લક્ષણે, કર્મ તણે પરિમાણ. ૨

રાશિ અનંતી પાપની, ઉદય થકી સ્ત્રીવેદ;
લેહવો તે પણ કર્મથી, શ્યો કરવો તસ ખેદ. ૩

પણ જે દુશમનથી ડર્યા, તે સજ્જનથી ગણે ભીતિ;
દૂધે દાજ્યો દહીં પ્રત્યે, ફુંકી પીએ એ રીતિ. ૪

પણ અંતર છે અતિ ઘણા, વસ્તુ વસ્તુમાં જાણ;
એક ઠામથી નીપના, ધૂમ દીપ તસ ઠાણ. ૫

સારિકા કહે તે દાખીએ, દોષાલી કોઈ નાર;
તો સરિખે સરિખું મળે, જેમ ન હોયે ઉત્તર ચાર. ૬

એમ નિસુણી ભાખે કથા, શુક પિક મધુરી વાણ;
રાજા રાણી સાંભળે, શ્રોતા વેધક જાણ. ૭

આ દોહામાં જે ઉક્ત શ્લોક છે તે લખીએ છીએ–

યતઃ–ये वंचिता धूर्त्तजनेन लोका,–स्ते साधुसंगेपि न विश्वसंति;
उष्णेन दग्धाः किल पायसेन, पिबंति फुत्कृत्य दधीनि तक्रं. १

**ભાવાર્થ:**–જે લોકો ધૂર્ત જનોથી છેતરાયા છે તે લોકો સાધુ પુરુષનો પણ વિશ્વાસ કરતા નથી. ઊને દૂધે દાઝેલા મનુષ્ય દહીં તથા છાશને પણ ફૂંકીને પીએ છે.

वाजीवारणलोहानां, काष्ठपाषाणवाससां;
नारीपुरुषतोयाना,–मंतरं महदंतरं. १

---

૧. ન આણજો

शस्त्रं शास्त्रं कृषिर्विद्या, वाणी वीणा नरश्च नारी च;
पुरुषविशेषं प्राप्ता, भवंति योग्या अयोग्या वा. २

**ભાવાર્થઃ–(૧)** ઘોડા ઘોડામાં, હાથી હાથીમાં, લોઢા લોઢામાં, કાષ્ઠ કાષ્ઠમાં, પાષાણ પાષાણમાં, વસ્ત્ર વસ્ત્રમાં, સ્ત્રી સ્ત્રીમાં, માણસ માણસમાં, પાણી પાણીમાં, મોટું અંતર હોય છે. (૨) શસ્ત્ર, શાસ્ત્ર, કર્ષણ, વિદ્યા, વાણી, વીણા, પુરુષ અને સ્ત્રી તે ડાહ્યા પુરુષને પ્રાપ્ત થયે છતે યોગ્ય તે અયોગ્ય અને અયોગ્ય તે યોગ્ય થાય છે.

**॥ ઢાળ સત્તરમી ॥**

(વરઘોડાની દેશીમાં–જિનવર વરઘોડે ચઢીયા જેણીવાર–એ દેશી)

કંચનપુર નગરી, નિવસે સાગરદત્ત,
તસ અંગજ શ્રીદત્ત, નામે પુણ્યપવિત્ત,
શ્રીપુરનો વાસી, સોમદત્ત શેઠની જાણી,
[1]દુહિતા જયશ્રી છે, પરણી શ્રીદત્તે આણી. ૧

પરણીને મૂકી, પિતર ગૃહે તે નારી,
[2]ક્રિયાણક ભરી પ્રવહણ, ચઢીયો તે સમુદ્ર મઝારી,
હવે પાછળ વનિતા, યૌવન પામી ચંગ,
દેખાડે નવ નવ, કામી જનને રંગ. ૨

यतः–यौवनमुदग्रसमये, करोति लावण्यगतिं कुरूपेपि;
दर्शयति पाककाले, लिंबफलं चापि माधुर्य. १

**ભાવાર્થઃ–**યુવાવસ્થાના અગ્ર સમયને વિષે કુરૂપ હોય તે પણ લાવણ્ય ગતિને પ્રાપ્ત થાય છે, જેમ લીંબડાની લીંબોળી પણ તેના પક્વ સમયને વિષે માધુર્યપણાને પ્રાપ્ત થાય છે.

એક દિન [3]સૌધોપરિ, નિરખે તે રાજપંથ,
કોઈ પુરુષ યુવાનને, દેખી વિષય ઉમંથ,
રૂપાળા પુરુષને, દેખી વ્યાકુળ થાય,
પ્રાયે અસતીનાં, લક્ષણ એમ જણાય. ૩

यतः–सुरूपं पुरुषं दृष्ट्वा, भ्रातरं पितरं सुतं
स्रवते योनयः स्त्रीणां, मामपात्रमिवांभसा १
अग्निकुंडसमा नारी, घृतकुंभसमो नरः
संपर्काद् द्रवते नित्यं, किं पुनः स्ववशाः स्त्रियः २

૧. પુત્રી ૨. કરિયાણું ૩. મહેલ ઉપરથી

**ભાવાર્થઃ**–(૧) સ્વરૂપવાન એવા ભાઈ, બાપ કે પુત્રને જોઈને સ્ત્રીને કામ ઉત્પન્ન થાય છે અને માટીના કાચા પાત્રમાંથી જલની જેમ સ્ત્રીઓની યોનિ ભીંજાયા કરે છે. (૨) અગ્નિનાં કુંડ સમાન નારી છે અને ઘૃતના કુંભ સમાન પુરુષ છે, માટે તે બેહુ એકઠાં થવાથી જેમ ઘૃત પીગળ્યા વિના રહેતું નથી, તેમ સ્ત્રી અને પુરુષ એકાંતમાં રહેવાથી પુરુષનું મન પીગળ્યા વિના રહેતું નથી, તો પોતાને વશ સ્ત્રી હોય તો તેમાં કહેવું જ શું?

સખી માલતી નામે, મોકલી તે નર પાસે,
સંકેત કહાવ્યો, એકાંતે તસ આસે,
[૧] માલાકારિણી ગેહે, હુઓ તસ સંયોગ,
એમ પ્રતિદિન મળતાં, વાધ્યો વિષયનો ભોગ. ૪

અનુક્રમે પરતટથી, ઘરે આવ્યો શ્રીદત્ત,
સ્ત્રી તેડણ આવ્યો, શ્વસુર ગૃહે લેઈ વિત્ત,
જયશ્રી હવે પતિને, દેખી મનમાં ચિંતે,
કેમ કરું કેમ જાઉં, કહે સખીને વૃત્તાંત. ૫

यतः–चिंता चिता समा नास्ति, चिंता चैव गरीयसी;
सजीवं दहते चिंता, निर्जीवं दहते चिता. १

अतिप्रलापो निरंकुशत्वं भर्तुः, प्रवासः स्वरुचिस्तीर्थयात्रा;
ईर्ष्यालुता स्वैरिणिसंगता च, स्वभावतः शीलविलुप्तका इमे. २

चिंता भुजंगी परिदृश्यमानं, संमूर्च्छितं चित्तमिदं मदीयम्;
शश्वत्कृतं पश्यति जातकस्य, नो जीवते वाक्स्मरणामृतेन. ३

**ભાવાર્થઃ**–(૧) ચિંતા જે છે તે ચિતા સમાન નથી પરંતુ ચિંતા ચિતાથી વધારે પરાક્રમવાળી છે, કારણ કે ચિતા છે તે જીવરહિત મનુષ્યને બાળે છે અને ચિંતા છે તે જીવસહિત મનુષ્યને બાળે છે. (૨) અત્યંત બોલવું, નિરંકુશપણું, પોતાના સ્વામીનું પ્રવાસે જવું, પોતાની ઇચ્છા પ્રમાણે જ્યાં ત્યાં જવું, ઝાઝી ઇર્ષ્યા, સ્વૈરિણી સ્ત્રીનો સંગ, એટલાં વાનાં સ્વભાવથી જ શીલભંગ કરનારાં છે. (૩) ચિંતા-રૂપી સાપણ જેમાં દેખાય છે એવું મારું ચિત્ત મૂર્છિત થઈ ગયું છે અર્થાત્ ચિંતાથી મારું ચિત્ત મૂર્છિત થયું છે, એવી હાલતમાં જો વચનરૂપ અમૃતથી હું જીવિત કરવામાં આવ્યો ન હોત તો અવશ્ય હું મરણ પામત, અર્થાત્ અમૃત સમાન વચનથી હું જીવતો રહ્યો છું.

૧. માળણના ઘરે

આગતને સ્વાગત, પૂછી બહુ પરે તાસ,
જામાતા જમાડી, શયન કરાવ્યું પાસ,
પતિ સ્નેહલ વચને, જેમ જેમ બહુ આશ્વાસી,
તેમ તેમ તસ બહુ દુઃખ, વેદે મન જેમ દાસી. ૬

यतः–स्नेहं मनोभवकृतं जनयंति भावाः,
नाभीभुजस्तनविभूषणदर्शितानि.
वस्त्राणि संयमनकेशविमोक्षणानि,
भ्रूक्षेपकंपितकटाक्षनिरीक्षणानि. १

**ભાવાર્થઃ**–નાભિ, હાથ, સ્તન, ઘરેણાં, તેનું દેખાડવું, તથા વસ્ત્રની નીવિને બાંધવી તથા વારંવાર છોડવી અને કેશને છૂટા મૂકવા, ભૃકુટિએ કંપિત એવા કટાક્ષે કરી જાણવું એ સર્વ ભાવો કામદેવ કૃત સ્નેહને ઉત્પન્ન કરે છે.

એમ કરતાં નિદ્રિત, પતિ જાણીને ઉઠી,
સખીને ઘરે જાવા, જોઈ જે હવે લૂંઠી,
તવ વાટે ચોરે, જાતી તેહવી દીઠી,
મદનાતુર ચંચળ, સહજ કુશીલ ઉક્કીઠી. ૭

તેણે સ્થાનક તેણે દિન, ચહુટે સંગમ હુંત,
કોઈ નર ને નારી, સંગે પ્રથમ વિરતંત,
તેહવા માંહે તે પણ, કર્મસંયોગે આવી,
રાજપુરુષને યોગે, કર્મસંયોગે ભાવી. ૮

કોટવાળે હણીઓ, રાજપુરુષ ચોર ભ્રાંતે,
હવે કામાતુર સા, દેખે વિતથ થઈ વાતે,
તે મૃતક આલિંગે, સુગંધ દ્રવ્યશું પૂજે,
મુખ ચુંબન વારં,– વાર કરે નવિ બૂઝે. ૯

ચોરે તે સઘળો, દીઠો કામ વિલાસ,
એ એ સ્મરપરવશ, મોહ તણો એ પાસ,
તવ યક્ષે ચિંત્યું, શબ શરીરમાં પેશી,
વિલસું એ સ્ત્રીને, પૂર્ણ કરીને હોંશી. ૧૦

યક્ષે તસ નાસા, દંત સંઘાતે ત્રોડી,
જઈ વૃક્ષે બેઠો, મૃતક દેહ ગયો ઊડી,

રુધિરે તે ખરડી, સખી ગેહે તે જાય,
સખી આગળ સઘળી, વાત કરે સા બનાય. ૧૧

यतः–अन्यथा चिंतितं कार्यं, दैवेन कृत्यमन्यथा;
वर्षति जलदा शैले, जलमन्यत्र गच्छति. १

ભાવાર્થ–આપણે વિચારેલું કાર્ય દૈવ અર્થાત્ પ્રારબ્ધ અન્યથા કરે છે, જેમકે વરસાદ તો પર્વત પર પડે છે પણ પાણી અન્યત્ર જતું રહે છે; અર્થાત્ પર્વતને કંઈ કામ આવતું નથી.

તવ સખી એમ ભાખે, જબ લગે સૂર ન ઊગે,
તબ લગે પતિ પાસે, જા તું થઈ નિશૂગ,
ગુરુતર શબ્દે શું, તેહને તેડણ કાજ,
તસ પૂઠે તસ્કર આવે, જિહાં ન ઉગે દિનરાજ. ૧૨

એમ સખીનાં વયણથી, પતિ પાસે જવ જાય,
તવ રોવા લાગી, કુટુંબ મળ્યું સવિ આય,
રે નિર્લજ નિષ્ઠુર, અરે કુકર્મના કારી,
નિરપરાધ પુત્રીને, કિમ નાસિકા અપહારી. ૧૩

નિસુણી જામાતા, ચિંતે એ શું અંગ,
અણચિંતિત આવી, લાગું પાપ પ્રસંગ,

यतः–न विश्वसेन्नृपे शूद्रे, कृष्णे चैव न ब्राह्मणे;
न विश्वसेत् कृष्णसर्पे, काये नैव च विश्वसेत्. १

मद्यपाः किं न जल्पंति, किं न भक्ष्यन्ति वायसाः
कवयः किं न बुध्यंति, किं न कुर्वंति पांसुलाः २

ભાવાર્થઃ–(૧) રાજામાં, શૂદ્રમાં, કાળા બ્રાહ્મણમાં, કાળા સર્પમાં અને શરીરમાં વિશ્વાસ કરવો નહીં. (૨) મદ્યપાની શું નથી બકતા? કાગડા શું ભક્ષણ નથી કરતા? કવિઓ શું નથી જાણતા? પાંસુલા સ્ત્રી શું નથી કરતી? અર્થાત્ એ સર્વ કરે છે.

એમ સહુ મળીને, કીધો જમાય અન્યાય,
અનુક્રમે નૃપ આગળે, કહ્યો પ્રભાતે ધાય. ૧૪

यतः–दुर्बलानामनाथानां बालवृद्धतपस्विनां ।
अन्यायपरिभूतानां सर्वेषां पार्थिवो गतिः ॥१॥

अश्वप्लुतं वारिदगर्जितं च, स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यम् ।
अवर्षणं चापि हि वर्षणं च, देवो न जानाति कुतो मनुष्यः ॥२॥

**ભાવાર્થ:**–(૧) દુર્બળ, અનાથ, બાળ, વૃદ્ધ, તપસ્વી તથા અન્યાયથી પરાભવ પામેલા જનો, એ સર્વને રાજા છે તે જ ગતિ છે, અર્થાત્ રાજાનો જ આશરો છે. (૨) અશ્વનો દોડતી વખતે થતો શબ્દ, મેઘનો ગર્જારવ, સ્ત્રીઓનું ચરિત્ર, અને પુરુષનું ભાગ્ય તથા વરસાદનું વરસવું, અથવા નહીં વરસવું, તેને દેવ પણ જાણી શકતા નથી તો મનુષ્ય તો ક્યાંથી જ જાણી શકે?

સવિ વાત જણાવી, સાચી પણ મન નાવી,
કારણ પણ તેહવાં, જેહવું હોયે ભાવી,
રાજપુરુષે જાણ્યું, એહવો નિશ્ચય કીધ,
જામાતા દુષ્ટે, સતીને કલંક એ દીધ. ૧૫

વધ આદેશ દીધો, કીધો કો ન વિલંબ,
એહવે તે ચોર તિહાં, આવ્યો પૂઠે લંબ,
કહે રાજન નિસુણો, એહનો સવિ સંબંધ,
સુણી ધર્મી જન કહે, એહ પુરુષ નહીં વધ્ય. ૧૬

રાજાને મહોટું, પુણ્ય પ્રજા જે રાખે,
અધિકારી તેહિજ, પુણ્યકરણી જે દાખે,
એમ નિસુણી રાજા, જામાતાને મેહેલી,
શણગારી શહેરમાં, કરતો બહુવિધ કેલી. ૧૭

[૧]રાસભે આરોપી, તે કુલટાને ભમાડી,
શિર મૂંડી શહેરમાં, આગળ[૨]કાહલી વજાડી,
પુર પશ્ચિમ દ્વારે, કાઢી ગાઢી [૩]વિગોઈ,
જે એહવાં લક્ષણ, કરશે તે એમ હોઈ. ૧૮

यतः–आवर्त्तः संशयानामविनयभवनं, पत्तनं साहसानां
दोषाणां सन्निधानं कपटशतमयं, क्षेत्रमप्रत्ययानां ।
स्वर्गद्वारस्य विघ्नं नरकपुरमुखं, सर्वमायाकरंडं
स्त्रीयन्त्रं केन सृष्टं विषममृतमयं, प्राणिनामेकपाशः ॥

**ભાવાર્થ:**–સંશયને રહેવાનું સ્થાન, સાહસકામનું નગર, દોષનો ભંડાર, અવિશ્વાસોનું ક્ષેત્ર, સ્વર્ગદ્વારને વિઘ્નરૂપ, નરકપુરનું મુખ,

૧. ગધેડા ઉપર બેસાડી ૨. ઢોલ ૩. નિંદા કરીને

સર્વ માયાના કંડિયારૂપ, દેખવામાં અમૃત સરખું પરંતુ વિષમય અને પ્રાણીઓને ફસાવવાના પાશળા જેવું સ્ત્રીરૂપ યંત્ર કોણે સર્જ્યું છે?

હવે તેણે શેઠે, પરણી અપર [1]કુલીણી,
સુખ ભોગમાં વિલસી, કરી આગળ શુભ કરણી,
ભાખે એમ શૂડો, રૂડો વચન વિલાસ,
તેહ ભણી સુણો રાજા, એ સવિ કર્મવિલાસ. ૧૯

નારી પણ એહવી, દીસે છે જગમાંય,
પક્ષપાત ન કરવો, સમભાવે ગુણ થાય,
એમ કીર કથાનક, નિસુણી કહે વેતાલ,
કહો રાજન કેહને, પાપ અધિક ને આલ. ૨૦

કહે રાજા બિહુમાં, પાપિણી નારી કહીએ,
લોક ભાષાએ એહવું, શાસ્ત્રમાંહે પુણ્ય લહીએ,

યતઃ–गुरुरग्निर्द्विजातीनां, वर्णानां ब्राह्मणो गुरुः ।
पतिरेव गुरुः स्त्रीणां, सर्वस्याभ्यागतो गुरुः ॥

ભાવાર્થઃ–બ્રાહ્મણ જાતિનો ગુરુ અગ્નિ છે, ત્રિવર્ણોના ગુરુ બ્રાહ્મણ છે, અને સ્ત્રીના ગુરુ પતિ જ છે, અને સર્વનો ગુરુ અભ્યાગત (પરોણો) છે.

निंद्या योषिन्न मर्त्यो हि, यतो योषित्तदन्यया ।
धर्माधर्मविचारेषु, तन्नियुक्ता भवंति यत् ॥

વૈતાલ સુણી એમ, આપણે થાનકે જાય,
એમ બીજી કથાનો, શબ વાણીથી થાય,
અચરિજ તવ પામી, વાત તણો રસ વાધે,
પણ જ્ઞાનવિમળ ગુણે, શાંતિસુધારસ સાધે. ૨૧

॥ ઇતિ કથા ॥

॥ દોહા ॥

ગુરુ ગણપતિના પય નમી, કહું ત્રીજું આખ્યાન;
સાહસથી સવિ સંપજે, જગમાં સત્ત્વ પ્રધાન. ૧

વર્દ્ધમાન નામે નગર છે, તિહાં શૂદ્રદેવ છે ભૂપ;
એક દિન [2]આસ્થાન મંડપે, બેઠો ચતુરશું ચૂપ. ૨

૧.કુલીન સ્ત્રી ૨. સભામંડપમાં, દરબારમાં

પૂછે [૧]દૌવારિક પ્રત્યે, રાજા તેણે વાર;
અન્ય અશૂન્યપણે તથા, કોઈ સેવે દરબાર. ૩

કહે પ્રતિહાર સુણો સાહેબા, આસિઝે નર નાર;
નિરાલંબ દુઃખિયા જના, તે સીઝે દરબાર. ૪

યતઃ–स्वेदजलमलक्लिन्ना, निरालंबा निराश्रयाः
द्वारे तिष्ठंति देवेश, सेवका वृषणा इव १
एह्यागच्छ त्वमुत्तिष्ठ, वद मौनं समाचर
एवमाशाग्रहग्रस्तैः सेव्यंते धनिनोऽर्थिभिः २

**ભાવાર્થઃ**–૧. સ્વેદજલયુક્ત મળથી આર્દ્ર, નિરાલંબ, નિરાશ્રિત એવા સેવકો વૃષણની પેઠે દ્વારને વિષે રહે છે. ૨. આવ, જા, ઊભો થા, બોલ, મૌન રાખ, એમ ધનવાનનાં વચન માની આશારૂપ ગ્રહથી ગ્રહાયેલ એવા પૈસાના લોભી જનો ધનવાનને સેવે છે. ૨

એણે સમે દક્ષિણ પંથથી, વીરવર નૃપનો પુત્ર;
આવ્યો સેવા કારણે, જાણી નૃપતિ પવિત્ર. ૫

ભેટ થઈ નૃપ સારિસી, રાજા દ્યે બહુ માન;
પૂછે કેમ આવ્યા અછો, કહો પ્રયોજન નામ. ૬

વીરવર મુજ નામ છે, આવ્યો સેવા કાજ;
ગુણી જનની જે સેવના, તે સુરતરુ સમ આજ. ૭

**॥ ઢાળ અઢારમી ॥**

(તે મુનિ બાળક વંદીએ રે લાલ–એ દેશી)

કહે ભૂપતિ હવે તે પ્રત્યે રે લાલ, શું [૨]દિયું તુજને વિત્ત;
સુણ વાણી રે.
તે કહે સહસ સોવન તણા રે લાલ, [૩]ગદીયાણા દિયો નિત્ય;
સુણ વાણી રે.
સાહસથી સવિ સંપજે રે લાલ. ૧

એમ નિસુણી ભૂપતિ કહે રે લાલ, શ્યો તાહરે પરિવાર; સુ૰
હય ગય રથ પાલાદિકા રે લાલ, કિશ્યા કુટુંબ આચાર. સુ૰સા૰ ૨

તે કહે હું સુત ને સુતા રે લાલ, [૪]ભામિનીશું છે ચાર; સુ૰
ન મળે કોઈ પાંચમો રે લાલ, સુણી હસ્યાં સર્વ નર નાર. સુ૰સા૰ ૩

૧. દ્વારપાળ ૨. આપું ૩. એક પ્રકારનો સિક્કો ૪. સ્ત્રી સાથે

ભૂપતિ ચિંતે ચિત્તમાં રે લાલ, એહને અલ્પ પરિવાર; સુ૦
ધન તો માગે છે ઘણું રે લાલ, જણાશે ફળ દ્વાર; સુ૦
શ્યો હવે એહ વિચાર. સુ૦સા૦ ૪

ભંડારીને દાખીયો રે લાલ, દીઓ નિત્યે એ વિત્ત; સુ૦
એ [1]વરવીર રાજપુત્રને રે લાલ, ભંડારી કહે તહત્ત. સુ૦સા૦ ૫

તે પણ ભોજન વસનશું રે લાલ, ગંધ માલ્ય પ્રમુખ જે સર્વ; સુ૦
યોગવાઈ કરે ગેહમાં રે લાલ, અવશેષ જે રહે દ્રવ્ય. સુ૦સા૦ ૬

તે બ્રાહ્મણ ભટ ચારણા રે લાલ, દીન દુ:ખી દુર્બલ અનાથ; સુ૦
તે સવિહુ સાન્નિધ્ય કરે રે લાલ, આપે અવારિત આથ. સુ૦સા૦ ૭

પછી ભોજન આપે કરે રે લાલ, એમ વાધે યશવાદ; સુ૦
દાતારી દેઉલ ચઢે રે લાલ, મત ધરો કોઈ વિષવાદ. સુ૦સા૦ ૮

રાતે નૃપની ચાકરી રે લાલ, પહોરાયતની જેહ; સુ૦
ખડ્ગ ધરી નિજ હાથમાં રે લાલ, સેવ કરે ધરી નેહ. સુ૦
વીરવર એમ ગુણગેહ. સુ૦સા૦ ૯

એક દિન મધ્ય રયણી સમે રે લાલ, બોલાવે તિહાં રાય; સુ૦
કોણ જાગે છે પહોરિયો રે લાલ, વરવીર કહે હું જગાય. સુ૦સા૦૧૦

यतः–आकारयति न स्वस्थो, विनिद्रो न प्रबुध्यते;
वक्ति न स्वेच्छया किंचि,–त्सेवकः किल जीवति. १

અર્થ–સ્વામી બોલાવે તોપણ સ્વસ્થ નથી રહેતો, જાગતો હોય તોપણ વિશેષપણે જાગે છે, અને સ્વેચ્છાપૂર્વક કંઈ પણ બોલતો નથી, તે સેવક ખરેખર જીવે છે અર્થાત્ તે જ ખરો સેવક છે.

એમ બહુ દિનને આંતરે રે લાલ, પ્રચ્છાયે જાગરુક તેહ; સુ૦
સાવધાન સઘળે રહે રે લાલ, ચાકરી ચૂકે ન જેહ. સુ૦સા૦૧૧

यतः–कष्टं भो सेवकानां तु, परार्थं चानुवर्त्तिनः
स्वयंविक्रितदेहस्य, सेवकस्य कुतः सुखं १
मौनान्मूकः प्रवचनपटुर्वातुलो जल्पको वा
क्षांत्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः
धृष्टः पार्श्वे वसति च यदा दूरतो वा प्रमादी
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः २

[1]. વરવીર અને ...ીરવર, બન્ને એ...

**ભાવાર્થઃ**–(૧) અહો! સેવકને મોટું કષ્ટ છે કારણ કે પરને માટે જીવનાર, પોતાની મેળે દેહનો વિક્રય કરનાર, એવા સેવકને સુખ ક્યાંથી હોય? (૨) જો સેવક ન બોલે તો તેને મૂંગો છે એમ કહે અને જો વધારે બોલે તો તેને વાચડો અથવા બહુ બકવાદી છે એમ કહે, ક્ષમા રાખે તો તે બીકણ છે એમ કહે, જો શાંતિ ન રાખે તો કહે કે સારા કુળમાં ઉત્પન્ન થયેલો નથી, પડખામાં પ્રતિદિન રહે તો તેને નીચ કહે અને જો નિરંતર દૂર રહે તો તેને પ્રમાદી કહે, એ રીતે ચાકરીનો ધર્મ ઘણો જ વિકટ છે તથા તે ધર્મ યોગીશ્વરોને પણ જાણવો મુશ્કેલ છે.

जो डग डग सोनैयो दीये, तोहि न करे सेवा कर्म,
नरने नारी एम भणे, शुं जीवितनुं शर्म. ३

ઇત્યાદિક બહુ વક્તવ્યતા છે.

**અર્થ**–જો પગલે પગલે સોનૈયા આપે તોપણ સેવાનું કામ ન કરે, તો જીવવાનું શું સુખ? એમ સ્ત્રી પુરુષને કહે છે; અર્થાત્ તે નમકહરામ કહેવાય.

હવે એક દિન રાજા ભણે રે લાલ, જાગે છે રે વીર; સુ૦
હા સ્વામી શું [1]આશિ દીઓ રે લાલ, કહે નૃપ સુણ રે વીર. સુ૦સા૦૧૨

મધ્ય રયણીએ મસાણમાં રે લાલ, રુદન કરંતી નાર; સુ૦
કાને શબ્દ સુણી તિહાં રે લાલ, જઈ ખબર કરી શીઘ્ર ચાર; સુ૦
એ સંશય મુજ વાર. સુ૦સા૦૧૩

यतः–जानीयात् प्रेषणे भृत्यान्, बांधवान् व्यसनागमे
मित्रमापत्तिकाले च, भार्या च विभवक्षये १

**ભાવાર્થઃ**–કોઈ સ્થાને કાર્ય માટે મોકલ્યો હોય તે કાર્યની સિદ્ધિથી ચાકરની પરીક્ષા થાય છે, અને દુઃખના પ્રસંગે સંબંધીઓની પરીક્ષા થાય છે, આપત્તિકાલમાં મિત્રની પરીક્ષા થાય છે, અને વૈભવક્ષયમાં ભાર્યાની પરીક્ષા થાય છે.

આદેશ લઈ રાજાનનો રે લાલ, શબ્દ તણે અનુસાર; સુ૦
ગયો તિહાં દીઠી રોવતી રે લાલ, નારી રંભા અનુકાર. સુ૦સા૦૧૪

રાજા પણ તસ પૂઠે ગયો રે લાલ, ઓઢી અંધારો પટ્ટ; સુ૦
મનુ[2] તસ કરણી દેખવા રે લાલ, ઉપકૃતિ ગુણ ગહગટ્ટ. સુ૦સા૦૧૫

૧. આદેશ ૨. માનો

પૂછ્યું કોણ તું કેમ રોયે રે લાલ, શું દુઃખ છે તુજ આજ; સુ૦
કહે હું નૃપલક્ષ્મી અછું રે લાલ, રુદન કરું છું એણે કાજ. સુ૦સા૦૧૬

આજ થકી ત્રીજે દિને રે લાલ, મરશે પુરપતિ એહ; સુ૦
તેણે દુઃખથી દુઃખિણી અછું રે લાલ, રોઉં હું નિઃસંદેહ. સુ૦સા૦૧૭

વીર કહે કો ઉપાય છે રે લાલ, ન મરે નયરનો ભૂપ; સુ૦
જો નયર દેવીને બલિ દીએ રે લાલ, નૃપ સમ નર અતિ રૂપ. સુ૦સા૦૧૮

રાજપુરુષ નિજ પુત્રનું રે લાલ, શિર છેદી નિજ બાપ; સુ૦
તો નૃપ શત વરિસાં લગે રે લાલ, ચિરંજીવે જાયે સંતાપ. સુ૦સા૦૧૯

વરવીર એમ વયણાં સુણી રે લાલ, આવ્યો આપણે ઠામ; સુ૦
નૃપ પણ પૂઠેથી આવીઓ રે લાલ, હવે જોજો વીરનાં કામ. સુ૦સા૦૨૦

ઉઠાડી સુત ભામિની રે લાલ, કહ્યું સઘળું વૃત્તાંત; સુ૦
હું તો નૃપતિને કારણે રે લાલ, છંડીશ તનુ એ મહંત. સુ૦સા૦૨૧

તે ભણી તું પીયર જઈ રે લાલ, એ છે માહરી શીખ; સુ૦
પતિવચને જે ચાલવું રે લાલ, તે પતિવ્રતાની શીખ. સુ૦સા૦૨૨

यतः–ते पुत्रा ये पितुर्भक्ताः, स पिता यस्तु पोषकः
तन्मित्रं यत्र विश्वासः सा भार्या पतिवाक्यगा १

ભાવાર્થઃ–જે પોતાના પિતાના ભક્ત હોય તે પુત્ર જાણવા અને પુત્રાદિકનું પોષણ કરે તે પિતા જાણવો, જેમાં વિશ્વાસ આવે તે મિત્ર જાણવો, પતિની વાણીમાં રહે તે સ્ત્રી જાણવી.

आर्त्ते आर्त्ता दुःखे द्विष्टा, प्रोषिते मलिना कृषा;
मृते म्रीयेत या नारी, सा स्त्री ज्ञेया पतिव्रता. २

ભાવાર્થઃ–પોતાનો સ્વામી આર્ત્ત હોય તો તે આર્ત્ત થાય, અને પોતાનો સ્વામી દુઃખી હોય તો તે દુઃખી થાય, પોતાનો સ્વામી પરદેશ ગયે તે મ્લાન (દુઃખી) રહે, પોતાનો સ્વામી મરણ પામે તો પોતે મરણ પામે, તે સ્ત્રી પતિવ્રતા જાણવી.

मितं ददाति हि पिता, मितं भ्राता मितं सुतः
अमितस्य हि दातारं, भरतारं को न पूजयेत् ३

ભાવાર્થઃ–પિતા છે તે પણ પ્રમિત દેનારો છે, ભાઈ પ્રમિત દેનાર છે, પુત્ર પણ પ્રમિત દેનાર છે, અમિત દાનોના દેનારા પોતાના સ્વામીને કોણ ન પૂજે? અર્થાત્ સર્વ પૂજે.

न दानैः शुद्ध्यते नारी, नोपवासशतैरपि
अव्रतापि भवेच्छुद्धा, भर्त्तृसद्गतमानसा ४

**ભાવાર્થઃ**–અનેક દાનોએ કરીને નારી શુદ્ધ થતી નથી, સહસ ઉપવાસોથી પણ શુદ્ધ થતી નથી, પરંતુ વ્રત ન કરનારી એવી પણ નારી પોતાના સ્વામીના કહેવા પ્રમાણે ચાલવાથી શુદ્ધ થાય છે.

त्यजेत् पुत्रं च बंधुं च, पितरौ शोभनौ तथा;
भर्त्तारमापदि गतं न त्यजेत्सा महासती. ५

अन्यं नरं न पश्यति, स्वभावगोचरैरपि;
आकोपिता नो कुप्येत नोच्यते सा महासती. ६

अंधत्वं कुब्जवत्वं च, कुष्टांगव्याधिपीडितं;
आपद्गतं निजं नाथं, न त्यजेत् सा महासती. ७

एष धर्मो मयाख्यातो, नारीणां परमा गतिः;
सान्यथा क्रियते येन सा याति नरकं ध्रुवं. ८

**ભાવાર્થઃ**–(૫) પુત્રનો ત્યાગ કરે, પોતાનાં શુભેચ્છક માતા-પિતાનો ત્યાગ કરે, પરંતુ આપત્તિમાં આવેલા પોતાના સ્વામીનો જે ત્યાગ ન કરે, તે મહા સતી સ્ત્રી જાણવી. (૬) સ્વભાવથી જ દૃષ્ટિગોચર થયેલા પરપુરુષને જુએ નહીં, કોપાયમાન કર્યે છતે કોપ કરે નહીં, તેમ ઊંચે સ્વરે સ્વામીની સામે બોલે નહીં તે મહા સતી જાણવી. (૭) આંધળો, કુબડો, કોઢીઓ, વ્યાધિયુક્ત હોય તથાપિ આપત્તિ પ્રાપ્ત થયેલા એવા સ્વામીનો ત્યાગ ન કરે તે મહા સતી સ્ત્રી જાણવી. (૮) આ ધર્મ મેં કહ્યો તે નારીની પરમ ગતિરૂપ છે. જે તે પ્રમાણે ન પાળે, તે સ્ત્રી અવશ્ય નરકમાં જાય.

अतोहमपि त्वदीयगतिं गच्छामि. इति श्रुत्वा पुत्रेणोक्तं.

**ભાવાર્થઃ**–હું પણ તારી ગતિને પામું છું એ પ્રકારે પુત્રનું કથન સાંભળીને,

જો મુજ વધથી રાયને રે લાલ, ચિરંજીવિત જો થાય; સુ૰
તો મુજ કુળ શોભા ચઢે રે લાલ, જગમાં સુજશ ગવાય. સુ૰સા૰૨૩

દુહિતા પણ એમ ભાખતી રે લાલ, જિવાડો નરરાય; સુ૰
મુજ વધથી સહુને હજો રે લાલ, ખેમ કુશળ ચિર આય[૧]. સુ૰સા૰૨૪

૧. આયુષ્ય

[1]દયિતા દુહિતા સુત પિતા રે લાલ, સહુ તણાં એમ મન્ન; સુ૦
દેખી રાજા ચિંતવે રે લાલ, એહનાં જીવિત ધન્ય. સુ૦સા૦૨૫

યતઃ—सा सा संपद्यते बुद्धिः, सा मतिः सा च भावना;
सहायास्तादृशा ज्ञेया, यादृशी भवितव्यता. १

ભાવાર્થઃ—જેવું બનવા કાલ હોય તેવી બુદ્ધિ પણ પ્રાપ્ત થાય છે, મતિ પણ તેવી જ પ્રાપ્ત થાય છે, અને તેવી જ ભાવના પ્રાપ્ત થાય છે તથા સહાય પણ તેવા જ પ્રાપ્ત થાય છે.

એમ ચિંતિ દેવી આગળે રે લાલ, આવી કહે મુખ એમ; સુ૦
જીવિત નૃપતિ શત વરસનું રે લાલ, હોજો નિશદિન ખેમ. સુ૦સા૦૨૬

એમ કહી ખડ્ગે છેદિયું રે લાલ, નિજ સુત કેરું શિશ; સુ૦
બલિ દેવે દેવીકરે રે લાલ, મન ધરી અધિક જગીશ. સુ૦સા૦૨૭

ભાઈ ખપાયો દેખીને રે લાલ, છુરી પેટે દિયે બહેન; સુ૦
[2]માજાયો મળે કીહાં થકી રે લાલ, જો વિધિ આવે અયન. સુ૦સા૦૨૮

દોહો—अस्त्री आथे संपजे, पुत्र शरीरे होय;
माडी जायो जो संपजे, जो कळीयुं बळ होय. १

માયે પણ એમ આચર્યું રે લાલ, દેખી ચિંતે વરવીર; સુ૦
કુટુંબ ક્ષયે એમ નીપનું રે લાલ, તો હું પણ ધરું ધીર. સુ૦સા૦૨૯

હવે કંચને શું કામ છે રે લાલ, એમ કહી કરે શિર છેદ; સુ૦
રાજા એમ દેખે તિહાં રે લાલ, મનમાં પામે ખેદ. સુ૦સા૦૩૦

ધિક્ માહરા એ રાજ્યને રે લાલ, પરપ્રાણે છહવાય; સુ૦
ધિક્ માહરા જીવિતવ્યને રે લાલ, એ અસમંજસ થાય. સુ૦સા૦૩૧

યતઃ—परप्राणैर्निजप्राणान्, सर्वे रक्षंति जंतवः
निजप्राणैः परप्राणान्, रक्षंति विरला जनाः

ભાવાર્થઃ—પારકા પ્રાણોએ કરીને પોતાના પ્રાણની રક્ષા તો સર્વ જીવો કરે છે, પરંતુ પોતાના પ્રાણોએ કરી પરની રક્ષા તો કોઈક વિરલા પુરુષ કરે છે.

એમ ચિંતિ છુરિકા ગ્રહી રે લાલ, લેવે ગળે નૃપ જામ; સુ૦
તેણે સત્ત્વે સુપ્રસન્ન થઈ રે લાલ, કુળદેવી રાખે મામ. સુ૦સા૦ ૩૨

૧. સ્ત્રી ૨. ભાઈ

અમૃતરસે ચારે છાંટીયા રે લાલ, સજ્જ થયા સુકુમાલ; સુ૦
વરવીર મનમાં ચિંતવે રે લાલ, ધન જસ ઉપકૃતિ ઢાલ. સુ૦સા૦ ૩૩

यतः–क्षमी दाता गुणग्राही, स्वामी पुण्येन लभ्यते
अनुरक्तः शुचिर्दक्षः, स्वामिन् भृत्योपि दुर्लभः १

**ભાવાર્થઃ**–ક્ષમાવાન, દાતા, ગુણગ્રાહી, એવો સ્વામી પુણ્યે પ્રાપ્ત થાય છે. અને હે સ્વામી! માયાળુ, પવિત્ર તથા ડાહ્યો એવો ચાકર પણ દુર્લભ હોય છે.

હવે પ્રભાતે વરવીરને રે લાલ, રાજ્ય અર્ધ દેઈ પ્રેમ; સુ૦
સન્માન્યો ઘણું સજ્જને રે લાલ, કશવટી ખમે હીરા જેમ. સુ૦સા૦ ૩૪

કહે વેતાળ હવે રાયને રે લાલ, સત્ત્વાધિક એહમાં કોણ; સુ૦
ભૂપ કહે નૃપ સાહસી રે લાલ, બીજા એહથી ગૌણ. સુ૦સા૦ ૩૫

કહે વેતાળ કેણે કારણે રે લાલ, એહવી છે જગ રીતિ; સુ૦
સ્વામિ કાજે સેવક દુઃખ સહે રે લાલ, ન સહે સ્વામિ સેવક હેત. સુ૦ સા૦ ૩૬

यतः–स्वाम्यर्थे सेवकाः प्राणान्, त्यजंति तृणवत् युगे
परं स्वामी स्वभृत्यार्थं, प्राणान् त्यजंति दुर्लभः १

**ભાવાર્થઃ**–સ્વામીને માટે સેવકો તૃણની પેઠે પોતાના પ્રાણનો ત્યાગ કરે છે, પરંતુ સેવકને માટે પ્રાણનો ત્યાગ કરનારો સ્વામી દુર્લભ છે.

એમ સુણી નિજ ઠામે ગયો રે લાલ, એહ કથા વેતાળ. સુ૦
જ્ઞાનવિમલથી સત્ત્વનો રે લાલ, પ્રગટે ગુણ સુકુમાળ. સુ૦સા૦ ૩૭

**॥ ઢાળ ॥**

(માહરાં ને તાહરાં કરહલાં, ચરતાં એકણ ઠાર, હમારા–એ દેશી)

એમ ત્રણ દૃષ્ટાંત સાંભળી, હઠ કરી જેહવે જાય, કુમરજી.
ધૈર્ય ધરી નિજ ચિત્તમાં, કરે કરવાલ ધરાય, કુમરજી.
એમ ત્રણ વાર શબે કહ્યું, ચોથી વેળા જબ થાય, કુમરજી.
ચતુર તે નર ભૂલે નહીં. ૩૮

ઘણે કષ્ટે વડથી લેઈ, શબ દૃઢ કરી જવ જાય; કુ૦
તેહવે શબ વળી બોલીઓ, વચન કહે નિર્માય. કુ૦ચ૦ ૩૯

અહો તું રાજાધિરાજ છે, ચતુર વિચક્ષણ જાણ; કુ૦
શું કાપાલિક વયણડે, લાગો થયો છે અયાણ. કુ૦ચ૦ ૪૦

એ ધૂર્ત્ત નિર્દાક્ષિણ્ય છે, નિર્લજ્જ ને નિઃકૃપાળ; કુ૦
એ લિંગી કૂડ કપટના, માયાના મહાજાલ. કુ૦ચ૦૪૧

મુજથી એ સાધન કરે, પણ દ્રોહી લહે દ્રોહ; કુ૦
શબ વાણી એમ સાંભળી, ચિંતે ધરી [1]અંદોહ. કુ૦ચ૦૪૨

એહવામાં આવી તિહાં, મધ્યવયા એક નારી; કુ૦
પૂછે કુમર તું કોણ અછે, કહે ગદ્ગદ સ્વર ધારી. કુ૦ચ૦૪૩

આંસુયે ધરણી સિંચતી, મુખ નીસાસા મૂક; કુ૦
આ પુરથી દક્ષિણ દિશે, નંદી ગ્રામે વસું હુંક. કુ૦ચ૦૪૪

મુજ પતિ દરિદ્રપણા થકી, ચોરી કરે કિવાર; કુ૦
અવર ઉપાય લહે નહીં, દુર્ભર ભરવું તે ભાર. કુ૦ચ૦૪૫

એક દિન આરક્ષક નરે, વટ બાંધી કર્યો ઘાત; કુ૦
જન મુખથી એમ સાંભળી, આવી કરવા યાત્ર. કુ૦ચ૦૪૬

સા કહે તુમે એણે શબે, શું કરશો શુભ કામ; કુ૦
પેખી સ્મશાને કુંડમાં, કુમર કહે એ કામ; કુ૦
[2]કંચન નરને કામ. કુ૦ચ૦૪૭

વળી જે તું કહે તે કરું, વારંવાર કહે નારી; કુ૦
ચંદને શબ આલેપીયો, કીધી શુભ જલધાર. કુ૦ચ૦૪૮

એમ કરતાં શબે નારીનું, નાક ગ્રહ્યું અતિ દુષ્ટ; કુ૦
રોતી સ્ત્રી ગામે ગઈ, કુમર ચિંતે એ કષ્ટ. કુ૦ચ૦૪૯

જ્ઞાનવિમળ સૂરિ એમ કહે, કષ્ટ હોયે સુખ કાજ; કુ૦
જેહને ધર્મ ચિંતામણિ, તે નર સવિ શિર તાજ. કુ૦ચ૦૫૦

**॥ દોહા ॥**

તે શબ લેઈને કુમર તે, આવ્યો યોગી પાસ;
અગ્નિકુંડને આગળે, મૂકે રહે [3]વામ પાસ. ૧

વિધિજળશું ન્હવરાવીયો, કુસુમાદિકશું પૂજ;
મંડળ માંહે સુવરાવીયો, શબ શિર રહી અધૂજ. ૨

યોગી તે સાહમો રહ્યો, સન્મુખ રહ્યો કુમાર;
યોગી કહે સાધન કરું, રહેજો હવે એક તાર. ૩

૧. સંદેહ ૨. સુવર્ણપુરુષને માટે ૩. ડાબી બાજુ

કુમરે તનુ રક્ષા કરી, બેઠો થઈ સાવધાન;
સિધ્ધારથ તંદુલ બહુ, હોમે કુંડમાં તામ. ૪

જેમ જેમ શબ છાંટે કણે, તેમ ઉઠે દેવ પ્રભાવ;
અરહું પરહું જોઈ કરી, સૂચે શબ સમભાવ. ૫

કુમર સિંહાવલોકને, જોવે સઘળું તેહ;
યોગી પૂછે ધીર તું, કાંઈ જપે છે નેહ. ૬

કુમર કહે હું એ જપું, જો ત્રિકરણ નિર્મલ ચિત્ત;
કાર્યસિદ્ધિ થાઓ તેહને, એ પભણું નિત્ય નિત્ય. ૭

યતઃ–યથા ચિત્તં તથા વાચા, યથા વાચસ્તથા ક્રિયા.
ચિત્તે વાચિ ક્રિયામાં ચ, સાધૂનામેકરૂપતા. ૧

ભાવાર્થઃ–જેવું ચિત્ત તેવી વાણી અને જેવી વાણી તેવી ક્રિયા–આમ ચિત્તમાં, વાણીમાં અને ક્રિયામાં સાધુ પુરુષોને એકતા હોય છે.

તે નિસુણી યોગી કહે, કહે ધીરતા ધીર;
[1]અટ્ઠોત્તરશત તંદુલે, શબ છાંટ્યો તેણે પીર. ૮

ત્રણ વાર એમ વિધિ કર્યો, પણ શલ્ય ન જાણે કોય;
નાક અગ્ર મુખમાં અછે, તેણે વિધિ પૂર્ણ ન હોય. ૯

વિદ્યા સુર શબ મુખ કહે, અરે દુષ્ટ યોગીશ;
અરે મુગ્ધ! તું હવે મુઓ, મુજ કર છેદું શીશ. ૧૦

તુંહિ જ એહને સ્થાનકે, સાધન નિષ્ફળ ન હોય;
એમ કહી યોગીને ગ્રહી, કુંડમાં નાખે તેય. ૧૧

સુર શબમાંહે સંક્રમી, નાખ્યો અગ્નિ મઝાર;
હા હા હા નૃપ સુત કરે, ન થયું કાર્ય લગાર. ૧૨

સુર ગયો શબથી નીસરી, યોગી કંચન નર થાય;
ભાગ્ય વળી હોયે જેહને, તેહને સવિ વશ થાય. ૧૩

કુમરે શલ્ય ન જાણીઓ, ન થયું પરનું કાજ;
હા હા એ શું નીપન્યું, ન થયું મેં કાંઈ સાહાજ. ૧૪

એમ ચિંતી શબ અગ્નિમાં, પેખી કરે સંસ્કાર;
સુવર્ણ પુરુષ પણ ગોપવ્યો, કુમરે તેણી વાર. ૧૫

૧. એક સો આઠ

પ્રિયા પાસ પરભાત તે, પરમ પ્રમોદે જાય;
અંજનશું કરી સુંદરી, વાત કહી સવિ ઠાય. ૧૬

**॥ ઢાળ ઓગણીશમી ॥**

(કંત તમાકુ પરિહરો—એ દેશી)

તે નિસુણી હર્ષિત થઈ, એ દુર્જય કર્યું કામ; મોરા લાલ.
કંચન નર તે કેહવો, કિશ્યો તસ ગુણ અભિરામ. મોરા લાલ. ૧

ધર્મ થકી ધન સંપજે, ધર્મ ત્રિજગ રખવાળ; મો૦
મુનિદર્શન ફળ પામિયે એ, વિઘન થયું વિસરાળ. મો૦ધ૦૨

કુમર કહે ગુણ તેહનો, વિધે પૂજીજે એહ; મો૦
અંગ ચતુષ્ટય લીજીએ, વસ્ત્રે ઢાંકે તસ દેહ. મો૦ધ૦૩

વળી પ્રભાતે તેહવા હોયે, શિર રાખીજે એક; મો૦
દિન દિન નવળાં નીપજે, એહવાં સર્વ પ્રતીક. મો૦ધ૦૪

દેતાં ખાતાં ખરચતાં, હોયે લખમી અખૂટ; મો૦
કંચન નરના પ્રભાવથી, જેમ તુલસીનાં બૂંટ. મો૦ધ૦૫

પણ પ્રિયે એ ધન ઉપરે, નહીં મમ હીસે મન્ન; મો૦
હિંસા અનુબંધી અછે, વળી અન્યાય દુમન્ન. મો૦ધ૦૬

આદ્ય અણુવ્રત ખંડના, હેતુ એ વ્યાપાર; મો૦
ભોગોપભોગ જ એહનો, કરવા નહીં વ્યવહાર. મો૦ધ૦૭

કૃપાળુની કૃપાળુતા, ન રહે મન પરિણામ; મો૦
તેહ ભણી એ દેખીને, નવિ પહોંચે મન હામ. મો૦ધ૦૮

એમ દંપતી નિજ વારતા, કરતાં લાગી વાર; મો૦
જોવાને ઉત્સુક થયા, આગળ દેશાચાર. મો૦ધ૦૯

એહવે ક્રીડા કારણે, આવે ગુણ વિભ્રમ રૂપ; મો૦
સરપાળે તે દેખીને, દંપતી રૂપ અનુપ. મો૦ધ૦૧૦

અવલોકી આંબા તળે, છાયાએ બેઠો રાય; મો૦
હવે કોઈ બંદી દેશાંતરી, નૃપ આગે ગુણ ગાય. મો૦ધ૦૧૧

**કાવ્યાનિ**

જે પરનારી સહોદર જાણીએ,
અપતિ[1] લક્ષ્મી ઘરે નવિ આણીએ;

---

૧. પતિ વગરની, ધણી વગરની

માગણ મનવંછિત છે સુરતરુ,
જયો તે શ્રીચંદ્ર સુહંકરુ. ૧

નિરખીઉં જેણે શૂન્ય પુર ચંદા,
માંહે જઈ રાક્ષસ જીતીયો મુદા;
ચરણયુગ્મ તલાં ચંપાવીયાં,
કરી કિંકર તે પુર ઠાવીયાં. ૨

કુંડળપુરનું લેઈ રાજ્ય સુતા પરણી તિહાં;
ચંદ્રમુખીને નામે વાસ્યું સુચંદ્રપુર જિહાં;
રાધાવેધ ધાતુર્વાદ ધનુઃ પ્રમુખા કળા;
લીલાએ જે શિક્ષિત દેહા, જયો સિરિચંદ તે. ૩

**ઇત્યાદિકા ગુણાઃ**

काव्यं–स पद्मिनीकांत अनंतधैर्यो, जीयाच्चिरं भूपप्रतापसिंहजः
प्रियंगुमंजर्यनमच्च चारु, विचारवार्त्ता च विधाय नाथं ४
त्रिलोचनाधीश सुता विनिर्मिता, पद्माक्षिवत्पद्मविशालनेत्रा
जात्यंधदृष्ट्याह्यपि येन क्लृप्ता, स श्रीकरः श्रीवरचंद्रचंद्रः ५

**ભાવાર્થઃ–**(૪) શ્રીપદ્મિનીના કંત, અત્યંત ધૈર્યવાન્ પ્રિયંગુમંજરીએ અનેક મનોહર વાર્ત્તાઓ પૂછીને પછી સ્વામીપણાએ વરીને જેને નમસ્કાર કર્યો તે પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રીચંદ્ર ચિરકાળ જીવો. (૫) ત્રિલોચન રાજાની પુત્રી, કમળ જેવી આંખોવાળી અને કમળ સમાન વિશાલ નેત્રોવાળી જે જન્માંધપણાથી ક્લેશિત હતી તેને દૃષ્ટિ આપી એવા વિષ્ણુ સમાન શ્રીચંદ્ર ચંદ્રમા સમાન શોભે છે.

જસ શિરે ઝરે ધારા દૂધની, રાયણવૃક્ષ તળે હિત બંધુની;
ચંદ્રલેખા પરણી જેણે પ્રેમશું, તેહ શ્રીચંદ્ર ઘણું ઘણું નેહશું. ૬

**॥ ઢાળ પૂર્વળી ॥**

ઇત્યાદિક ગુણકીર્ત્તના, વિસ્તારે ગુણ શ્રેણિ; મો૦
બંદીજન મુખ સાંભળી, રંજ્યો રાજા તેણ. મો૦ધ૦૧૨

અચરિજ લહી રાજા કહે, અરે વૈતાળિક મુખ્ય; મો૦
કહે તુમે કિહાંથી આવિયા, વાત કહો સવિ દક્ષ. મો૦ધ૦૧૩

કહે કુંડળપુરથી આવીઓ, તિહાં તસ ચરિત્ર પવિત્ર; મો૦
નિસુણીયું તે મેં ભાખીયું, કરવા જીહ પવિત્ર. મો૦ધ૦૧૪

હવે વીણાપુર [1]પત્તને, જાઓ બંધુની પાસ; મો૦
નરવર રાણા રાજીયા, દીએ તસ ધન ઉલ્લાસ. મો૦ધ૦૧૫

પારિતોષિક લેઈ ચાલીયો, તે ગાયન ગુણખાણ; મો૦
મદના પણ હર્ષી ઘણું, કહે પતિને એમ વાણ. મો૦ધ૦૧૬

નાથ! તુમે સાચું ભણ્યું, વૈદેશિક છું જેહ; મો૦
તે સવિ આજ મેં સાંભળ્યું, ચરિત્ર કાંઈ ગુણગેહ. મો૦ધ૦૧૭

કહે પતિ સાંભળ હે પ્રિયે, શ્રીચંદ્ર બહુ છે નામ; મો૦
કોણ જાણે કેહો કહ્યો, શું આપણે છે કામ.મો૦ધ૦૧૮

પ્રાણનાથ કહેતા નથી, હજી લગે મનની વાત; મો૦
હસીને એમ ઉત્તર કહે, નિવારિ ઓ વાત. મો૦ધ૦૧૯

સુવર્ણ મુદ્રિકા આપણી, આપે અર્થીને તામ; મો૦
રાજા પુરમાંહે ગયો, બંદી કરે પ્રણામ. મો૦ધ૦૨૦

પ્રિયા સહિત હવે ચાલીયા, વીણાપુર ઉદ્દેશ; મો૦
માર્ગે જાતાં આગળે, મળ્યો [2]તલાર નિવેશ. મો૦ધ૦૨૧

દિવ્ય રૂપ તે દંપતી, દેખી વિસ્મિત નયણ; મો૦
અસિ કરાળને દેખીને, પૂછે તું છે કોણ. મો૦ધ૦૨૨

એ અસિ દીએ તું મુજને, કુમર કહે ફરી વયણ; મો૦
સજ કર અસિ તું તાહરી,[3]ભૂમિ પડ્યાં નહીં રયણ. મો૦ધ૦૨૩

દેખાડી બળ આપણું, પછી આપું કરવાલ; મો૦
સુણી વચન એમ આકરાં, ગયો તલાર તેણી વાર. મો૦ધ૦૨૪

રીસે ધમધમતો થકો, સ્ત્રી અસિ લેયણ કાજ; મો૦
રાજાને તે જણાવીયું, આવ્યો પૂઠે સજી સાજ. મો૦ધ૦૨૫

વિકટ [4]કટક તે દેખીને, મદના વદે સુણો સ્વામિ; મો૦
શ્યો એ પાછળ તુમુલ છે, દીઠું કટક જોયું જામ. મો૦ધ૦૨૬

મનમાં ભય તું મત ધરે, રહે મુજ આગળ હેવ; મો૦
નહીં વિહસ્ત વધુ હસ્તશું, સજ્જ હોયે તતખેવ.મો૦ધ૦૨૭

૧. નગર ૨. કોટવાળનું મહેલ ૩. રત્નો કંઈ ભૂમિ પર પડ્યા નથી કે સહેજે મળી જાય. ૪. સેના

અસિ સ્ત્રી તસ્કર લેઈને, કિહાં જાઈશ રે રાંક; મો૰
હણો હણો બાંધી લીયો, કહે એમ વચન લડાક. મો૰ધ૰૨૮

હવે કુમર સાહમો થઈ, સિંહનાદ કરે તામ; મો૰
કાયરના પ્રાણ થરહર્યા, માંડ્યો તિહાં સંગ્રામ. મો૰ધ૰૨૯

ગજ તુરગ રથ ભટ ઘણા, માંહોમાંહે પતંત; મો૰
કેઈ મૂઆ કેઈ અધમૂઆ, કેઈ જીવ લેઈ નાસંત. મો૰ધ૰૩૦

કેઈ કહે ફોકટ આવીયા, હારી ભવની લાજ; મો૰
તલાર કહેણથી આવીયા, આપણે કોઈ ન કાજ. મો૰ધ૰૩૧

વરસે બાણની ધોરણી, જેમ આષાઢો મેહ; મો૰
જનની જાયો તે કોણ છે, તસ ઝડપ ખમે અછેહ. મો૰ધ૰૩૨

જેમ વનમાંહે હરિ એકલો, [૧]શ્વાપદ જીતે [૨]લીલ; મો૰
વિણ પ્રયાસ તે સહેજમાં, કીધા સવિ અવહીલ. મો૰ધ૰૩૩

પુણ્યબળી જે નર અછે, તસ એ કેતી વાત; મો૰
જ્ઞાનવિમળ સૂરિ એમ કહે, રાને [૩]વેલાઉલ થાત. મો૰ધ૰૩૪

**॥ દોહા ॥**

કહે એ કોઈ [૪]પ્રચ્છન્ન છે, હરિ ચક્રી બળ રાય;
કિંવા વિદ્યાધર અછે, કિણહી કળ્યો ન જાય. ૧

કાક નાસે જિમ દશ દિશે, નાઠી સેના તેહ;
છાર તેજ તલાર સવિ, ગયા પાછા ફરી ગેહ. ૨

હેલામાત્રે જીતીયા, વૈરીના જેણે રાશિ;
પ્રિયા પૂજે [૫]ભુજ કંતના, જય જય ભણે ઉલ્લાસ. ૩

કિહાં પંથે કિહાં [૬]ઉતપથે, કિહાં હળવે કિહાં વેગ;
આપ સુખે એમ ચાલતાં, કરી ધરી તે જિન તેમ. ૪

કૌતુક જોતો અતિ ઘણાં, પ્રિયા પ્રેમને મેળ;
ભાગ્યબળી અતુલી બળે, નિત નિત કરતો [૭]કેળ. ૫

૧. શિયાળ ૨. લીલા માત્રમાં ૩. વેળાકુળ=બંદર ૪. છૂપો, અપ્રગટ ૫. હાથ ૬. ઉન્માર્ગમાં, ઊલટા રસ્તે ૭. રમત

## ॥ ઢાળ વીશમી ॥

(ચંદ્રાઉલાની દેશીમાં)

હવે અનુક્રમે પુર જોયતાં રે, નદી સરસતીને તીર;
સિદ્ધપુરે જવ આવીયા રે, ધીર વીર કોટીર;
ધીર વીર કોટિર સુહાવે, સિદ્ધપુર દેખી સુખ પાવે;
તેહ શહેરનો એહ આચાર, સુણજો કહું હવે તેહ વિચાર.
જી રાજેસરજી રે.
કરી ત્રિકરણની શુદ્ધિ દિલમાં ધરજો રે.
લોકોત્તર દ્રવ્યનું દૂષણ વારજો રે. ૧

જૈનવિહાર છે મોટકો રે, મહિમાન્રા ભંડાર;
તીરથ કેરું નામ છે રે, શુચિ શક્રાવતાર.
શક્રાવતાર તીર્થ છે સાચું, જગત્‌માંહે જેમ કંચન જાચું;
દેશ દેશના બહુ જન આવે, યાત્રા કરેવા બહુ સુખ પાવે.જી૦૨

વસ્ત્ર અક્ષત ફળ દ્રવ્યની રે, પૂજા કરે બહુ ભક્તિ;
એમ અનેક જન દેશના રે, જેહને જેહવી શક્તિ.
જેહને જેહવી શક્તિ અનુસારે, જાયે દેશના સંઘ જિહાં રે;
ચોવટીયા મળી તે દેવદ્રવ્ય, વહેંચી લીયે તે મળીને દુર્ભવ્ય.જી૦૩

દેવ સંબંધી દ્રવ્યથી રે, સંયોગે સવિ લોક;
નિર્ધન થયા તે પુરજના રે, દીના જેમ નિશિ કોક.
થોક ઘણા ઘરમાંહે દીસે, પણ સાહારી જેમ માખણ લુસે;
તેણીપરે સઘળા થયા વિચ્છાયા, કોઈને સુત નહીં કોઈને ન જાયા.જી૦૪

તિહાં શ્રીચંદ્ર જવ આવીયા રે, થઈ ભોજન ચાર;
દેખી પુર તે એહવું રે, જાણ્યું ઇંગિત આકાર.
ઇંગિતાકારે ચિત્તમાં ધાર્યું, પૂછી લોકને વળી નિરધાર્યું;
કહે ઇહાં ભોજન નવિ કરવું, અશનાદિક એહનું નવિ લેવું. જી૦૫

જિનપ્રાસાદે આવીયા રે, અતિ ઉત્તુંગ ઉદાર;
જાણે મેરુ શિખરડે રે, કીધા ઇહાં અવતાર.
સાર કોરણી ચિત્તની હરણી, પંચાલી છે જિહાં બહુ વર્ણી;
તેજે થંભીએ જિહાં તરણી, જિનપ્રતિમા સમકિત ગુણ ધરણી.જી૦૬

**હવે શ્રીચંદ્રકુમાર સ્તવના કરે છે–**

(ઢાળ—અવધે આવજો રે નાથ—એ દેશી. રાગ બિહાગડો)

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ. મન૦

જય જિનેશ નિરંજનો, ભંજનો ભવદુઃખ રાશિ;
રંજનો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપના પાશ. મ૦૧

આદિ બ્રહ્મ અનૂપ તું, અબ્રહ્મ કીધા દૂર;
ભવભ્રમ સવિ ભાંજી ગયા, તુંહિ ચિદાનંદ સનૂર. મ૦૨

વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગે મુજને દેવ;
તિહાં લગે તુમ પદકમળની, સેવના રહો એ ટેવ. મ૦૩

યદ્યપિ તુમો અતુલી બળી, યશવાદ એમ કહેવાય;
[1]પણ કબજ આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય. મ૦૪

મન મનાવ્યા વિણુ માહરું, કેમ બંધથી છુટાય;
મનવંછિત દેતાં થકાં, કોઈ પાલવડે ન ઝલાય. મ૦૫

હઠ બાલનો હોયે આકરો, તે લહો છો જિનરાજ;
ઝાઝું કહાવે શું હોયે, ગિરુઆ ગરીબ નિવાજ. મ૦૬

જ્ઞાનવિમળ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તો અક્ષય સુખ લીલા દીઓ, જેમ હોયે સુજસ જમાવ. મ૦૭

**॥ ઢાળ પૂર્વળી ॥**

એમ બહુ પુણ્યપ્રમોદથી રે, નતિ થુતિ વંદન કીધ;
પ્રિયા પ્રત્યે પ્રેમે કહે રે, ઇહાંથી કાંઈ ન લીધ.
સીધાદિક સવિ ઇહાં નવિ લેવું, દેવદ્રવ્ય ખાધાની જેહવું;
મનમાંહે એ મહોટી શંકા, લોક દીસે છે જેહવા રંકા.જી૦૭

પુર બાહેર તે આવીને રે, વૃદ્ધ પુરુષ તેડાવે;
કહે કુમાર તે નયરમાં રે, નૂર ન કાંઈ જણાવે.
જણાવે એ જીર્ણ પ્રાસાદ, દેખી ઉપજે છે આહ્લાદ;
ઋણ દેવકું વધ્યું પ્રમાદે, તેણે કરી વધતો છે વિષવાદ.જી૦૮

દેવદ્રવ્ય સંબંધથી રે, જે કરે ધનની વૃદ્ધિ.
તે ધનથી કુલ ક્ષય હોવે રે, ગતિ નરકે જાય બુદ્ધિ.

---

૧. મારા મનના કબજામાં આવ્યા પછી સહેજે જઈ ન શકશો

બુદ્ધિ નાશ હોયે દેવ ઋણાથી, દેવ ઋણું કહ્યું અશુભ ઘણાથી;
મશિકુંચીશું જે ઘર ધોલે, દેવદ્રવ્યનો કરે નિજ ધન મેલે.જી૦૯

અનંત સંસારી તે કહ્યો રે, જે દેવદ્રવ્યને ખાય;
બહુલ સંસારી તે કહ્યા રે, જે જિનદ્રવ્ય [1]દોહાય.
આય વ્યય જે નવિ સંભાળે, દેવદ્રવ્ય ઉપેક્ષા ભાળે;
તે પણ દીર્ઘસંસારી લહીએ, જાણંતો પણ જે નવિ કહીએ. જી૦૧૦

ન્યાયમાર્ગ જિનઆણથી રે, દેવદ્રવ્ય કરે વૃદ્ધિ;
તે તીર્થંકરપદ લહી રે, પામે બહુલી સિદ્ધિ.
ઋદ્ધિ લહે વળી જગમાં ઝાઝી, થાયે ગુણી જનમાંહે માજી;
સહુ સાથે તસ આવે બાજી, કીર્ત્તિ કમળા તસ દીપે તાજી. જી૦૧૧

દેવદ્રવ્યને ભક્ષણે રે, વળી પરસ્ત્રી સંગ;
સાત વાર સાતમી ગચ્છે રે, હોયે વળી હીનાંગ.
સંગ તેહનો હોયે અજાણે, તોપણ હોયે નિજ ગુણની હાણે;
આગમમાંહે એહવી વાણ, ઉત્તમ નર તે કરેય પ્રમાણ.જી૦૧૨

यतः—भक्खणे देवदव्वस्स, परच्छीणं तु संगमे;
सत्तमं नरयं जंति, सत्तवाराओ गोयमा. १

जिणपवयण वुड्ढिकरं, पभावगं नाणदंसण गुणाणं;
भक्खंतो जिणदव्वं, अणंतसंसारीओ भणिओ. २

जिणपवयण वुड्ढिकरं, पभावगं नाणदंसण गुणाणं;
रक्खंतो जिणदव्वं, परित्तसंसारीओ होई. ३

जिणपवयण वुड्ढिकरं, पभावगं नाणदंसण गुणाणं;
वड्ढंतो जिणदव्वं, तिच्छयरत्तं लहई जीवो. ४

जिणपवयण वुड्ढिकरं, पभावगं नाणदंसण गुणाणं;
दोहंतो जिणदव्वं, सो बहुसंसारिओ होई. ५

ચૈત્યદ્રવ્ય વિણસાડવે રે, કરે વળી ઋષિનો ઘાત;
સાધવી શીલવ્રત ખંડના રે, વળી પ્રવચન ઉપઘાત.
ઘાતે પ્રવચન જે ઉડ્ડાહે, અવર્ણવાદ જે કહે વડાહે;
બોધિબીજ મૂળે અગ્નિ તે આપે, જિનગણધર મુખ કહે એમ આપે. જી૦૧૩

૧. દુભવે

यतः–चेइयदव्व विणासई, सिद्धाये पवयणस्स उड्डाहे;
संजइण चउच्छभंगे, मूलगी बोहिलाभस्स. १

ભક્ખે તથા ઉવેખે વળી રે, શ્રાવક જે જિનદ્રવ્ય;
પ્રજ્ઞાહીન તે ભવ ભવે રે, પાપકર્મા દુર્ભવ્ય.
દ્રવ્ય ન પામે દરિદ્ર ન વામે, પંચમાંહે ન કોઈ કામે;
બગીયા ઢોર પરે તે ભામે, ભવભવ તે સુખ સઘળાં વામે. જી૦૧૪

યદ્યપિ દેવ ગુરુ જ્ઞાનને રે, નિશ્રાયે નહીં દ્રવ્ય;
તોહે પણ તસ થાપના રે, ભવિકે મળી કરી દ્રવ્ય.
ભવ્ય હોયે તે યત્ને રાખે, જિનપ્રતિમાદિક થાપન ભાખે;
કરી પંચ સજ્જનની સાખે, તસ વહી અનુચર અળગા દાખે. જી૦૧૫

અથવા વળી વ્યાપારમાં રે, પાપવૃત્તિ જિહાં થાય;
તેહમાં તેહ ન ભેળવે રે, આપે રહે નિર્માય.
આય વ્યય સવિ તેહનો અળગો, આપ ધનેથી ન કરે વળગો;
જિનઆણે એમ દ્રવ્ય વધારે, તો તીર્થંકરપદને ધારે.જી૦૧૬

ઉત્સૂત્ર ભાખી દેવદ્રવ્યનું રે, જે નર હોયે ખાનાર;
તે નર બોધિ લહે નહીં રે, રૂલે ચૌગતિ સંસાર.
સાર કહ્યું એ પ્રવચન માંય, જેમ સંકાશ શ્રાવક સંભળાય;
અણજાણે[1] કાંકણી અગીઆર,દેવદ્રવ્યની રહી ગેહ મઝાર.જી૦૧૭

તેહ ભણી ચૌગતિ રુલ્યો રે, ભમીયો બહુ સંસાર;
કેવળીથી નિજ કર્મની રે, વીતક લહી તિણ વાર.
ધારી મનમાં અભિગ્રહ કીધો, દેવદ્રવ્ય દૂષ્યો પરસીધો;
ભોજન વસ્ત્ર પરિગ્રહ ટાળી, કરું વ્યાપાર દેવદ્રવ્ય દિયું વાળી. જી૦૧૮

લાખ કોડી ધન મેલીયાં રે, કીધા દેવ નિમિત્ત;
એમ પાતકથી છૂટીયો રે, સિદ્ધ થયો અનિમિત્ત.
ચિત્તમાંહે ધરી એહવી વાત, ન કરવો દેવદ્રવ્ય ઉપઘાત;
અવર ન એહ સમો ઉપપાત, દેવદ્રવ્ય ખાયે તેહ વિજાત.જી૦૧૯

એ સંક્ષેપથી દાખીઓ રે, કહે તો કહીએ વિસ્તાર.
જો મનમાંહે એ રુચે રે, સાવધાને સુણો સાર.

૧. કાકિણી=કોડી, એક સિક્કો

સાર એહ છે તત્ત્વવિચાર, સાંભળીને વિરમીજે સાર;
તે કહે સ્વામી હિતકર દાખો, શંક ન કાંઈ મનમાં રાખો. જી૦૨૦

**॥ સોરઠા ॥**

કહે શ્રીચંદ્રકુમાર, તેડો ચોવટીયા વડા;
ગામમાંહે જે ચાર, હિત આણીને હેજશું. ૧

દાણીઘરશું ભાર, સઘળું એ માહરું અછે;
પણ લોકોત્તર દ્રવ્ય, તે હરણથી નરકે ગછે. ૨

લૌકિકમાંહે એમ, દેણું કાંઈ ન ભંજીએ;
કરી મસકતી જેમ તેમ, દીજે તો ક્યાંય ન ગંજીએ. ૩

દેવ જ્ઞાન ગુરુ ખેત્ર, એ જગમાં મોટાં કહ્યાં;
સાધારણ પણ તેમ, તેહનું ઋણ નવિ રાખીએ. ૪

દૂષણ મોટાં તાસ, શાસ્ત્રમાંહે બોલ્યાં અછે;
જેમ પામ્યો સંકાશ, શ્રાવક ચરિત્ર જો મન રુચે. ૫

તે કહે દાખો તેહ, જેણી પરે જાણ્યો હોયે તુમો;
કિમ થયો દુઃખનો ગેહ, કિમ છૂટો સુખીયો થયો. ૬

દાખે તે સંબંધ, કુમર તેહને આગળે;
માંહે જ્ઞાનાદિ પ્રબંધ, દૃષ્ટાંતે તસ દાખવા. ૭

**॥ ઢાળ એકવીશમી ॥**

(શારદ બુધદાયી—એ દેશી)

ગંધલાવતી નયરીએ, સમ્યગ્દર્શને શુદ્ધ,
સુગ્રહિત બાર વ્રત, ક્રિયા ભાવિત બુદ્ધ;
જીવાજીવાદિક, તત્ત્વવિચારનો જાણ,
ઉભય કાલે આવશ્યક, કરતો ભાવ પ્રમાણ.

આણ વહે જિનની વિધિ દેતો, તપ કરતો સંતોષી,
વિશ્વાસાયતન સકળ લોકને, સાત ખેત્રે પુણ્યપોષી,
શ્રાવક સુત શ્રાવક ગુણ ભરિયો, સંકાશ નામે કહીએ,
કહેણીયે રહેવે પરને કહેવે, સાવધાન તે લહીએ. ૧

તસ નયરે ચૈત્ય છે, શક્રાવતાર ઇતિ નામ,
તિહાં આવે બહુ જન, યાત્રા તીરથ કામ;

દેવદ્રવ્ય ઘણું તિહાં, ઉપજે તસ રાખેવ,
સંકાશને થાપે, સહુ મળી તતખેવ.
સેવા પણ તે ચૈત્યની કરતો, કાલાંતરે ધનવૃદ્ધિ કરતો,
લેખ ઉદયા હણિકાદિક, આપે તસ કાળે અનુસરતો,
એક દિન અશુભ કર્મને ઉદયે, દેવદ્રવ્ય ખવાણો,
પણ તેહને મન પશ્ચાત્તાપ, ગર્હા નિંદા નાણ્યો. ૨

વિશ્વાસપણાથી, અન્ય ન પૂછે કોઈ,
તસ નામું લેખું, ન કરે ન રાખે જોઈ;
ભખ્યું દેવદ્રવ્ય જાણી, દેવા મન નવિ થાયે,
આયુઃક્ષયે મરીને, ચઉગતિ દુઃખીઓ થાયે.
જાયે તિહાં નરકે બહુ વેદન, દશ વિધ તો સવિ નરગે,
રોગ શોગ સકળ ઉદ્‌ભવ સમકાળે, અપઈટ્ઠાણે નરગે,
નિત્ય તિમિર વસા માંસ રુધિરના, કર્દમભૂમિ અમેધ્ય,
જાણે કો અછે પણ અધિકી, ખર્જ અનેક પરિવધ્ય. ૩

यतः—दसविह वेयण निरए, [1]सी [2]उसिण [3]खु पिवास [4]कंडुहिं[5];
[6]भय [7]सोग [8]पारवस्सं, [9]जरो य [10]वाही य दसमो य.

અર્થ—નરકમાં દશ પ્રકારની વેદના હોય છે—૧. શીત (ઠંડી) ૨. ઉષ્ણ (ગરમી), ૩. ભૂખ ૪. પ્યાસ (તરસ) ૫ ખરજ ૬. ભય ૭. શોક ૮. પરવશતા ૯. જ્વર ૧૦. વ્યાધિ.

रोगसंख्या गाथा

पण कोडी अडसट्ठी, लक्खा नव नवइ सहस पंचसया;
चुलसी अहिया निरये, अपइट्ठाणंमि वाहीओ. १

અર્થ—સાતમી નરકના અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં પાંચ કરોડ અડસઠ લાખ નવાણું હજાર પાંચ સો ચોરાસી (૫૬૮૯૯૫૮૪) પ્રકારની વ્યાધિયો છે.

જલતા અંગારા, પરે વજ્રકુંભી કુંડ,
તેહમાં બોલંતા, કરુણ સ્વરે કરી તુંડ;
તિહાં ભુંજે ભડથ કરે, પુંસ્ત્રી આલિંગાવે,
ધગધગતા [1]તરુઆં, [2]તાતાં કરીને પાવે.
ખવરાવે તિહાં ખાર દેઈને, આપ માંસના ખંડ,
અસિપત્ર વનમાંહે ગલબંધન, છેદન કરે ઉદ્દંડ,

૧. સીસું ૨. ગરમ

વૈતરણીમાંહે અવતારે, લોહ ભારશત સહસ,
દેઈ માથે જોર જોતર અતિ તીખા, વેધ આરના સહસ. ૪

[1]અંકન પૃષ્ઠે ગાલન, ખડ્ગ તોમર ને કુંતે,
પ્રોવે ને ભેદે, પરમાધામી અત્યંતે;
કર્ણાક્રમ કરે દૃગ, ઉત્પાટન છેદ વેધ,
પાપજ્ઞ પરે કુટ્ટણ, અગ્નિમાં ઘાલે જિમ મેધ.[2]
ઊર્ધ્વબાહુ અધોવદન ને, જિહ્વા તાલુ પ્રમુખના છેદ,
ઢંક કંક લોહતુંડ જે પક્ષી, કરડે તે બહુ ભેદ,
ઇત્યાદિ બહુ વેદન નરગે, સાતે એણી પેરે ફરીઓ,
હવે તિહાંથી તિર્યંચની ગતિમાં, આવીને અવતરીઓ. ૫

**અથ તિર્યંચગતિદુઃખં**

કર્ણાદિક છેદન, ભારવહન રજ્જુ[3] બંધ,
કુશ અંકુશ પ્રાંજન, બહુલ પ્રહાર પ્રબંધ;
નાસાદિક વેધન, અંકન તરસ ને ભૂખ,
શીત તાપ ને વાતહ, પંકકલણનાં દુઃખ.
સુખ નહિ તિલ માત્ર તિહાં કિણ, નરક નહિ પણ સરખો,
પંચેંદ્રિય ગર્ભજ સંમૂર્ચ્છિમ, વિગલેંદ્રિય પણ પરખો,
જલચર થલચર ખેચર અનેકહ, દુઃખ સહેતો નિરધાર,
તિહાંથી સંમૂર્ચ્છિમ માનવ વળી, ગર્ભજ નર અવતાર. ૬

દેવદ્રવ્યનો ભક્ષક, પ્રાયે સુરગતિ નવિ થાવે,
જો થાવે તો પણ, અશુભ આભિયોગિકપણું પાવે;
ઈર્ષ્યાવિષવાદી, માયા મદનું ગેહ,
અપરાધ ધરંતો, અલ્પાયુષ્યપણું તેહ.
જેહ હોય નરથી પણ હીણો, કિલ્વિષીના ભવ પામે,
અધિપતિની કાયમાંહેથી, કાઢે વજ્ર પરે બહુ દામે,
અશુચિ ઠામે અશુચિ બળવાળો, વિવિધ દુઃખ અનુસરતો,
સંકાશ તો સુરગતિ નવિ પામ્યો, પણ બીજા મને ધરતો. ૭

**ઇતિ પ્રક્ષેપ ગાથા**

શિર કર પગ નાસા, ઓષ્ઠ જીભ ને કાન,
છેદન કારાગૃહ, વસવું દાસ નિદાન;

૧. પરોવે ૨. બલિ ૩. દોરડી

વધ બંધ આતંકહ, શોક દારિદ્ર અપમાન,
તિલમાત્ર મનોરથ, સીઝે નહીં કિણ ગાન.
માન નહીં ભવ એમ અસંખહ, ભ્રમણ કરીને પાવે,
તગરાપુર માનવભવ અનુક્રમે, [1]ઇભ્ય પુત્ર તિહાં થાવે,
[2]જાત માત પિતા મરણ, થયો લક્ષ્મીનો નાશ,
લોકમાં અતિ નિંદિત હુઓ, નહીં કિહાં ભોજન આશ. ૮

દોભાગી રોગી, સોગી દુઃખનો ગેહ,
નિજ ઉદર ભરણનો, તેહનો પણ સંદેહ;
અનુક્રમે તિહાં કેવળી, આવ્યા વનમાં જાણી,
વાંદી નિજ અશુભનું, નિમિત્ત પૂછે તિહાં નાણી.
જાતે સંકાશ તણે ભવે, દેવદ્રવ્યનો નાશ કીધો,
અગિયાર કાંકણીનો તે તેહથી, એ દુઃખથી થયો પ્રસિદ્ધો,
નિસુણીને તે આતમ નિંદે, હા હા અનાર્ય હું કુમતિ,
નિર્લજ કાયર પાપાત્મા હું, નિંદી એમ થયો સુમતિ. ૯

માનવભવ પામી, અરિહંત ધર્મ ન જાણ્યો,
સિદ્ધાંત સુણીને, સાચો મન નવિ આણ્યો,
હું લોભી મૂઢો, નિજ કુળનો અંગાર,
નગરમાંહે અધમ હું, ન કર્યો ધર્મ લગાર.
સાર દેવદ્રવ્ય તે મેં ભખીઓ, લખીઓ કર્મવિપાક,
કહો સ્વામી હવે કેણી પેરે છૂટું, જેમ હોયે ભવ પરિપાક,
જ્ઞાની કહે જે દેવ તણું ઋણ, આપે જો સર્વાંશ,
કરે ન્યાય વ્યાપારે ઉપાર્જી, તો છૂટે દુઃખપાશ. ૧૦

કરે તેહ અભિગ્રહ, ભોજન વસન પ્રમાણ,
અધિકું સવિ થાયે, તે સવિ દેવદ્રવ્ય જાણ;
તિહાં હું જોડું, ત્રોડું એણી પરે પૂરવ કર્મ,
ગુરુમુખ એમ અભિગ્રહ, કરી પામ્યો જિનધર્મ.
એમ કરતાં જે ધન વ્યાપારે, લાભે [3]કોટિધ્વજ થાય,
પણ તે સઘળું ચૈત્યદ્રવ્યને, અર્થે સુપરે જોડાય,
એમ કરતાં બહુ કોડિ ઉપાયે, અનેક પ્રાસાદ કરાવ્યાં,
સાત ક્ષેત્રમાંહે નિજ વિધિશું, સર્વ સમક્ષે વાવ્યાં,

૧. શેઠ ૨. જન્મતાં ૩. કરોડપતિ

અનુક્રમે સંજમ લેઈ તપ તપિયો, કેવળી થઈ શિવ પામ્યા,
તે સંકાશે જ્ઞાનવિમળ ગુરુથી, દુઃખ દોહગ સવિ વામ્યાં. ૧૧

**ઇતિ દેવદ્રવ્યોપરિ સંકાશ કથા સમાપ્ત**

**॥ દોહા ॥**

વળી એહી જ ઉપર સુણો, સાગર શેઠ દૃષ્ટાંત,
ચૈત્યદ્રવ્ય ભક્ષણ રક્ષણે, તે સુણજો સવિ તંત. ૧

દેવદ્રવ્યે નિજ દ્રવ્યનો, નવિ કીજે સંબંધ,
તે પણ હોયે દુઃખદાયકું, પરભવ હોયે અનુબંધ. ૨

તે ધનથી કુલ ક્ષીણ હુયે, મરી નરગમાં જાય,
દુઃખ દોભાગ લહે ભવભવે, [૧]નિશ્શૂક હૃદય તે થાય. ૩

यदुक्तं—देवद्रव्येण या वृद्धिर्गुरुद्रव्येण यद्धनं;
तद्धनं कुलनाशाय मृतोऽपि नरकं व्रजेत्. १

अन्यायदेवपाषंडि, संबंधाद्धनमीहते;
स मषीकूर्चकैर्धाम, धवलीकर्तुमीहते. २

वरं च ज्वलने वेशो, वरं च विषभक्षणम्;
परं यल्लिंगिद्रव्येण, संबंधो नैव कारयेत्. ३

**ભાવાર્થઃ**–(૧) દેવદ્રવ્યે કરી ધનની વૃદ્ધિ અને ગુરુદ્રવ્યે કરી જે ધનનું એકઠું કરવું, તે ધન સર્વ કુલના નાશને માટે જાણવું; અને તે ધનનો ઉપાર્જન કરનાર મૃત્યુ પામે, ત્યારે નરકમાં જાય. (૨) અન્યાયના, દેવાલયના અને પાખંડીના સંબંધથી, જે મનુષ્ય ધનોપાર્જનની ઇચ્છા કરે છે તે મનુષ્ય મશના કૂચાથી પોતાના ધામને ધોળું કરવાની ઇચ્છા કરે છે એમ જાણવું. (૩) અગ્નિમાં પ્રવેશ કરવો તે ઉત્તમ, તથા વિષ ખાવું તે સારું, પરંતુ દેવદ્રવ્ય સાથે સંબંધ કરવો તે સારો નહીં.

કહે દાખો તે જાણીએ, દોષ વિશેષની વાત;
કહે કુમર હવે તેહનો, સસનેહે સાક્ષાત્. ૪

**॥ ઢાળ બાવીશમી ॥**

(સામી સોહાકર શ્રી સેરીસ એ—એ દેશી)

સાકેત નયરે, સાગર ધની વસે,
[૨]પરમાર્હત્ તે, જિનમતે ઉલ્લસે.

૧. નિર્દય ૨. જૈનધર્મનો શ્રેષ્ઠ અનુયાયી

ઉલ્લસે તિહાં કણે ચૈત્ય મહોટું, સંઘ આવે અતિ ઘણા,
તિહાં ચૈત્યદ્રવ્ય અનેક થાવે, કાંઈ તિહાં ન રહે મણા,
સાગરદત્તને દક્ષ જાણી, ધર્મી ને વડભાગિયો,
સર્વ શ્રાવક મળી સોંપે, ચૈત્ય ધન જિનરાગિયે. ૧

[1]કર્મકરાને, તુમે ધન આપજો,
નામું લેખું, સવિ તુમે રાખજો.
રાખજો એમ કહ્યું સકળ મળીને, સુણી તે લોભી થયો,
રોકડું ધન કર્મકરને ન આપે, વસ્તુનો ગ્રાહી થયો,
ગુડ તેલ ઘૃત ધન વસ્ત્ર મોંઘાં, મૂલ્ય લેઈ તે જિનધને,
તસ લાભ આપણ પાસ થાયે, સૂગ તે નાણે મને. ૨

રુપક કેરો, ભાગ એંશી તણો,
તે કાકિણીનો, નામ શ્રુતે સુણ્યો.
ગણ્યો એક હજાર કેરો, લાભ તેહને ઘર રહ્યો,
એમ ઘોર કર્મ ઉપાર્જી મરીને, નરકમાંહિ તે થયો,
તિહાં થકી જલમનુજ થઈને, અંડગોલ લેવા મિષે,
[2]વજ્ર ઘરટામાંહિ પીળ્યો, મરી બીજી નરકે વસે. ૩

તિહાંથી ચવીને, મહોટો મત્સ્ય થયો,
પંચસય ધન, મ્લેચ્છે સંગ્રહ્યો.
ગ્રહી સર્વ તે અંગ છેદી, મહા કદર્થનાએ મર્યો,
ચોથી નરકે એમ ભવાંતરે, મત્સ્ય થઈ સાત નરકે ફર્યો,
બે વાર નરકે સાત એણી પરે, મત્સ્ય ભવને સાંતરે,
એક સહસ કાકિણી દેવદ્રવ્યહ, ભખ્યાથી એણી પરે ફિરે. ૪

તદનંતર વળી સંત નિરંતરે,
બાર હજાર કૂતર ભવ કરે.
ફરે એમ વળી, ભુંડ શૂકર, મેષ દેડક મૃગ શશો,
શબર શૃંગાલ બિલાડ મૂષક, નકુલ ગૃહ કોકિલ વસ્યો,
ગ્રહ મત્સ્ય ભુજંગ ને વીંછી કૃમિયો, વિષ્ઠામાંહે ઉપન્યો,
હજાર એક ભવ સર્વ ગણવા, એહ ફળ તે નીપન્યો. ૫

પુઢવી અપ્ તેઉ, વાયુ વનસ્પતિ,
શંખજ લૌકા કીટિક પન્નગસી.

૧ કામ કરનારને ૨. વજ્રની ઘંટીમાં

જેસી માખી દંશ મશકા, ભ્રમર મત્સ્ય કચ્છપ ખરા,
મહિષ વેસર કરભ વૃષભ ને, તુરગ ગજ ને ચીતરા,
તે લક્ષ સંખ્યાયે ભવે તિહાં, અગ્નિશસ્ત્ર ઘાતે મરી,
એમ ભમત દુષ્કૃત કાંઈ ક્ષીણું, લહ્યો નરભવ એમ ફરી. ૬

નયર વસંતે, વસુદત્ત વસુમતી,
કોટિધ્વજ છે, તસ ઘરે ઉતપત્તિ.
રતિગર્ભે આવ્યો જેટલે, તે સર્વ ધન નાશી ગયું,
જન્મ દિવસે પિતા પંચમ, વર્ષ જનની મૃત્યુ થયું,
નામ દીધું તસ નિઃપુણ્યક, લોકે મળીને તેહનું,
રંક પરે તે વૃદ્ધિ પામે, દર્શન શુભ નહિ જેહનું. ૭

એક દિન દીઠો રે, [1]માઉલ તેહને;
નેહે આણ્યો રે, નિજ ઘર રંકને.
તેહને ઘર ચોર પેઠા, ધન ગયું સવિ તેહનું,
એમ એક દિન જસ ગેહ [2]વાસે, લૂંટાયે ઘર તેહનું,
એમ જલતી ગાડર પરે જાણી, મૂર્તિવંત ઉપદ્રવા,
તેહને કોઈ વસતી [3]નાપે, દુઃખ પામે એહવાં. ૮

એમ ઉભાગો રે, ગયો દેશાંતરે,
તામ્રલિપ્તે રે, વિનયંધર શેઠ ઘરે.
ફરે તિહાંકણે ભૃત્ય થઈને, જલ્યું ઘર તિણહી જ દિને,
કાઢિયો હડક્યા શ્વાનની પરે, ચિંતવે હવે ઇશ્યું મને,
નિજ કર્મ નિંદે વળી વિચારી, સ્થાનાંતરે ભાગ્ય ઊઘડે,
એમ જાણી સમુદ્ર તીરે, જઈ [4]પ્રવહણમાં ચડે. ૯

યતઃ—कम्मं कुणंति लवसा, तेसि मुदयंमि परवसा हुंति ।
रुख्खं दुरहइ सवसा, निव्वुडइ परवसो तत्तो ॥

ભૃત્ય અભાવે રે, ધન શેઠે સંગ્રહ્યો,
કુશળે ખેમે રે, પ્રવહણ દ્વીપે ગયો.
ભયો મનમાં ખુશી ચિત્તે, ભાગ્ય આજ થકી ફળ્યું,
મુજ ચડે પણ [5]પોત સાજું, રહ્યું એહ વિઘન ટળ્યું,
દુર્દૈવને હવણાં એ વીસર્યું, પણ પાછા વળતાં ભાંજશે,
દૈવાનુસારે થયું તિમહિ જ, વાયુ [6]પરચંડ વાજશે. ૧૦

૧. મામા ૨.વસે, રહે ૩. ન આપે ૪. જહાજમાં ૫. વહાણ ૬. પ્રચંડ

[૧]ફળક પામી તે, નિઃપુણ્યક નીકળ્યો,
કોઈક ગામે રે, તસ ઠાકુરને મળ્યો.
ભલો ઠાકુરસેવ કરતો, [૨]ધાડે ભાંગ્યું ગામડું,
ઠાકુર માર્યો તસ પુત્ર જાણી, બાંધી પાળે આથડ્યું,
તેહજ દિવસે અન્ય પલ્લિ,–પતિએ મારી પાળી તે,
તિહાં થકી સવિ મળી કાઢ્યો, દેઈ આળ ને ગાલ તે. ૧૧

નિર્ભાગી નર, જિહાં જાયે તિહાં,
આપદ્ આવે, સંગ ન મૂકે કિહાં.
જિહાં લોકને આનંદ હોયે, તિહાં પણ તસ આપદા,
દીપાલિકા દિને સહુ ખુશી, પણ શૂર્પક કૂટાયે સદા,
જેમ [૩]તાલીયો તરુછાયા ઇચ્છક, બીલી [૪]તરુમૂલે ગયો,
ફળ પડ્યું અને [૫]તાલ્ય ફૂટી, સુખહેતે દુઃખ થયો. ૧૨

यतः–महोत्सवेऽप्यपुण्यानां, विपदःस्युर्न संपदः
जना नंदंति दीपाल्यां, हंति सर्वेपि शूर्पकम् १

खल्वाटो दिवसेश्वरस्य किरणैर्बिल्वस्य मूलं गतो
वांच्छन् स्थानमनातपं विधिवशात् संतापितो मस्तके
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः
प्रायो गच्छति यत्र दैवहतकस्तत्रैन यांत्यापद २

**ભાવાર્થઃ–(૧)** મહોત્સવને દિવસે પણ નિઃપુણ્ય જનને વિપત્તિઓ આવી પડે છે તેમાં સંશય નથી. કોની પેઠે? તોકે દીવાળીને દિવસે સર્વ મનુષ્યો આનંદ પામે, પરંતુ શૂર્પકને સર્વ જન તે દિવસે હણે છે. (૨) કોઈ એક તાલીયો મનુષ્ય સૂર્યનાં કિરણથી પોતાના મસ્તકમાં તાપ પામતો સતો બીલી વૃક્ષ, છાયાનું સ્થાનક જાણીને તે બીલીના ઝાડના મૂળમાં ગયો, ત્યાં પણ એ બીલી વૃક્ષનું મોટું ફળ પડવાથી શબ્દાયમાન થઈને માથું ફૂટ્યું, માટે નિઃપુણ્ય પુરુષ જે ઠેકાણે જાય છે તે ઠેકાણે આપત્તિઓ સ્વતઃ આવે છે.

એણી પરે ફરીઓ, સહસ એક ઉન્નતિ,
થાનકે દુઃખીઓ, કરી બહુ માનતિ.
થિતિ તસ્કર અનળ જળ, સ્વચક્ર પરચક્ર મારથી,
એમ અનેક વિઘન હેતે, કાઢિયો ઘરબારથી,

૧. પાટિયું ૨. લૂંટારાઓએ ૩. માથાની ટાલવાળો ૪. ઝાડની નીચે ૫. માથું

મહા અટવીમાંહે પહોતો, સમ હિમસલક યક્ષ ઘરે,
એકાગ્ર મન સાથે આરાધ્યો, એકવીશ ઉપવાસા કરે. ૧૩

તૂઠો યક્ષ તે કહે ભદ્રક સુણો,
સંધ્યાએ માહરે, ઘરને આંગણે.
સુણો [1]સોવન પિચ્છ શોભિત, સહસ એક તો મોર છે,
તે નાચ કરતાં એક પિછું પડે, તે ગ્રહે નવિ જોર છે,
દિને દિને એક પિછ ગ્રહતાં દારિદ્ર તારું જાયશે,
એમ યક્ષ વયણાં સુણી હરખ્યો, ચિંતે ચિંતિત થાયશે. ૧૪

એમ નિત્ય ગ્રહતાં રે, નવાણું થયાં,
સોવન પિચ્છાં રે, તેણે સંગ્રહ્યાં.
રહ્યું એક દુષ્કર્મ પ્રેર્યો, ચિંતે મનમાંહિ ઇસ્યું,
એટલા દિન થયા એમ કરતાં, હવે અરણ્યમાં કેમ વસું,
તો એક [2]મૂઠે સર્વ ગ્રહીએ, પિચ્છ ઇમ મન ચિંતવે,
ધબ કર્યું જબ મૂઠિ ઘાલે, [3]કેકી કાક રૂપે હુવે. ૧૫

પૂર્વ ગ્રહ્યાં તે, નાઠાં પિચ્છડાં,
કર્મ વિના તે, કારિજ વાંકડાં.
સાંકડું મન કરી ચિંતે, ધિગ્ ઉતાવળ માહરી,
હજી લગે દુઃખ પાર નાવ્યો, શુભ દિશા નવિ અનુસરી,
વિષવાદ પામી ફરે જિહાં તિહાં, એહવે જ્ઞાની મુનિ મળ્યા,
જેહવું પાછળ અનુભવ્યું તે, સર્વ ભવ તિહાં સાંભળ્યા. ૧૬

કહે હવે સ્વામી, પ્રાયશ્ચિત્ત મુજ દિયો,
દેવદ્રવ્યનો રે, ભક્ષણ મેં કિયો.
હૈયું હોવે જેમ ઠામે, મુનિ કહે ભદ્રક સાંભળો,
દેવદ્રવ્ય ઋણ અધિક આપો, વિધિ રક્ષણ અટકળ્યો,
[4]વિધિ વણિજ કરો તે વધારો, આપ ભોગે ન આણવો,
નિર્વાહ માત્રે વસન ભોજન, અધિક તેહ તો જાણવો. ૧૭

એહવો ગુરુમુખે, અભિગ્રહ આદરી,
શ્રાવક ધર્મે, નિશ્ચલ મન કરી.
ફરી સઘળે વિધિ વ્યાપારે, ધન મેલી દિયે દેવનું,
ઋણ એમ છૂટે કર્મ ખૂટે, પાછલ્યું નિત્યમેવનું,

૧. સુવર્ણ ૨. મુષ્ઠિથી ૩. મોર ૪. ન્યાયયુક્ત

[1]સહસ કાકિણી ઠામ દસ લખ, દિયે થોડા કાળમાં,
એમ અનૃણ થઈ બહુ દ્રવ્ય પામી, ગયો નિજ પુર તાલમાં,
રાજ્યમાન્ય ઇભ્ય થઈ પ્રાસાદે, સર્વ ઠામે ચિંતવે,
તિહાં સુપરે રાખે કિહાં વધારે, મહા પૂજ રચના ઠવે. ૧૮

એમ કરંતે રે, જિન નામ બાંધિયું,
અવસર જાણી રે, સંયમ સાધિયું.
બાંધિયું પુણ્ય પ્રમાણ ગીતારથ, થયા દિયે દેશના,
અરિહંત ભક્તિનો અતિહિ અતિશય, પ્રથમ થાનક સેવના,
સર્વાર્થસિદ્ધે દેવ હુઆ, મહાવિદેહે સિદ્ધ થયા,
શ્રીજ્ઞાનવિમળ સૂરિ વયણથી, એ ભાવ ભવ્ય જને લહ્યા. ૧૯

**ઇતિ દેવદ્રવ્યભક્ષણે રક્ષણે વૃદ્ધિકરણે સાગરદત્ત શ્રેષ્ઠીકથા સંપૂર્ણ**

**॥ દોહા ॥**

કહે કુમર તુમે સાંભળો, એ દેવદ્રવ્ય વિચાર;
હવે જ્ઞાનસાધારણ દ્રવ્યના, તેહના કહું અધિકાર. ૧

તેહ પણ એહ જ જેહવા, દોષ કહ્યા શ્રુતમાંહિ;
જે નિઃશૂગપણું કરી, ખાયે તે પશુ પ્રાહિ. ૨

લેખે જોતાં દેવથી, વધતું જ્ઞાનનું ક્ષેત્ર;
દોષ લાભ પુણ્ય પાપના, દેખાવે શ્રુત નેત્ર. ૩

કેવળજ્ઞાન થકી લહ્યું, અધિકું છે શ્રુત જ્ઞાન;
સ્વપર બોધનું હેતુ છે, સંપ્રતિ સમય પ્રધાન. ૪

કર્મસાર પુણ્યસારની, કથા સુણો અભિરામ;
સાધારણના દ્રવ્યની, પરિણતિ એમ પ્રધાન. ૫

**॥ ઢાળ ત્રેવીસમી ॥**

(ઝકડીની દેશી/અથવા ગોડી રાગમાં–એક દિન મહાજન આવે–એ દેશી)

ભોગપુરે ધનશેઠીઓ, ચોવીશ કંચન કોડીજી,
ધનવતી કૂખે ઉપના, સુત પ્રસવે તિહાં જોડીજી.
બહુ કોડશું કર્મસાર નામે, પુણ્યસાર સોહામણા,
માતા પિતા લિયે તેહનાં, અહોનિશિ ભલ ભામણાં,
એકદા જનકે પૂછિયું, એક નૈમિત્તિક તે એમ કહે,
બિહુ પુત્ર માંહે કુણ સોભાગી, દોભાગી જેહવું લહે. ૧

૧. હજાર કોડીના બદલે દસ લાખ કોડી આપી

જ્યોતિષ જોઈ નિમિત્તિઓ, કહે એ જે કર્મસારજી,
શઠ પ્રકૃતિ નિર્બુદ્ધિઓ, નિર્ધન નિર્વ્યાપારજી.
સાર ધન એ સર્વ ખોશે, નવું ઉપાઈ નહીં શકે,
પુણ્યસાર પણ હોશે એહવો, પણ કળા કુશળે જિકે,
વૃદ્ધાવસ્થાએ બેહુ સુખીયા, થાયશે ધન અતિ ઘણું,
એમ નિમિત્તિક વયણ નિસુણ્યું, મન થયું તસ દૂમણું. ૨

અનુક્રમે અધ્યાપક કને, મૂકે બિહુને તાતજી,
પુણ્યસારે શીખી કળા, કર્મસાર મૂઢ જાતજી.
ભાતિ બહુવિધ કરી પઢાવે, પણ તેહને મુખ નવિ ચડે,
ઇહાં વાંક કોઈનો નવિ દીસે, કૃત કર્મ તે આવી નડે,
અનુક્રમે યૌવન લહ્યા બેહુ, કન્યાને પરણાવીયા,
[1]મહેભ્યને એ અછે સોહિલું, સર્વ ધનના ભાવીયા. ૩

માંહોમાંહિ બેહુ વઢે, જનક કરે તવ ભિન્નજી,
કંચન કોડી બાર જે દેઈ, વહેંચી સુપ્રસન્નજી.
સુપ્રસન્ન મન કરી લિયે સંજમ, પિતર સ્વર્ગ ગતિ ગયા,
હવે કર્મસારને પૂર્વ દુષ્કૃત, કર્મ તે ઉદયે થયાં,
તેહવાં વાણિજ્ય માંડ્યાં, જેણે હોયે ધનહાણ એ,
સ્વજન લોકે વારીયા પણ, આપમતિ મન નાણ એ. ૪

થોડા દિનમાં [2]નીગમી, કંચન કોડી બારજી,
પુણ્યસારની પણ તસ્કરે, લીધી ખાત્ર પ્રચારજી.
સાર ધન તે બિહુએ ખોયો, થયા નિર્ધન બિહુ જણા,
સ્વજનાદિકે પણ તેહ છાંડ્યા, ક્રોધીયા ને દૂમણા,
પરણી પણ જે આપ તરુણી, તેહ પણ પીહર ગઈ,
નિર્ભાગ્ય નિર્ધન ને નિર્બુદ્ધિ, લોક ખ્યાતિ એહવી થઈ. ૫

ધન વિણ માન ન સંપજે, ધન વિણ સુખ નહીં સયણાંજી,
ધન વિણ સાચું જો કહે, તોહિ ન માને વયણાંજી.
કહેણ પણ નવિ કોઈ માને, પિતા માત ને બાંધવા,
પુત્ર [3]દારા અને પુત્રી, હોયે અરિયણ જેહવા,
દોષ તે ગુણરૂપ થાયે, હોયે જો ઘર લચ્છી ઘણી,
વળી જો શુભ ખેત્ર વાવે તો, હોય ઊંચ પદવી ઘણી. ૬

૧. મોટા શેઠને ૨. નિર્ગમન થઈ, જતી રહી ૩. સ્ત્રી

यतः–अलियंपि जणो धणवंतयसः, सयणंत पयासेई;
आतणबंध वेणवि, लज्जिज्जई ज्ञाण विहवेण. १

गुणवंपि निगुणट्ठिय, गणिज्जए परियणेण गयविहवो;
दक्खत्ताई गुणेहिं, अलिएहि विगिज्जए सघणा. २

અનુક્રમે દેશાંતર ગયા, અપમાનીતા બેવજી,
પૃથક્ પૃથક્ શેઠ ઘરે રહ્યા, કરતા બહુવિધ સેવજી.
શેઠ જેહ ઘર કર્મસાર રહ્યો, તે કૃપણ ને જૂઠ છે,
જે મૂલ્ય બોલ્યું તેહ નાપે, આપે તો ઓછું હઠે,
બહુ સેવથી પણ કાંઈ ન મિલ્યું, દ્રવ્ય કાંઈ કપર્દિકા[1],
બીજાને ધન કિમપિ મિલીયું, પણ ગયું ધૂર્ત્ત વિતર્દિકા. ૭

એમ બિહુ ઠામે સેવા કરે, તિહાં ધાતુર્વાદ ખનિવાદજી,
સિદ્ધ રસાયન રોહિણા,–ચલ ગમને ન પ્રમાદજી.
વિષવાદ પામે તેહથી વળી, મંત્ર તંત્ર સાધન કરે,
રુદંતિ રસકૂપિકોપલ, પારસાદિક બહુ બહુ કરે,
એકેક એકાદશ પ્રમાણે, વાર ઉપક્રમ બહુ કર્યા,
કુબુદ્ધે વિપરીત વિધિથી, પ્રથમ તે તો નવિ ફળ્યા. ૮

જિમ જિમ ઉપક્રમ એ બહુ કરે, તિમ તિમ પામે કષ્ટજી,
બીજે પણ ઇમહિ જ કર્યું, પામે દ્રવ્ય વિશિષ્ટજી.
શિષ્ટ ગુણથી તેહ પામે પણ, તસ્કરાદિકે નીગમે,
એમ કરતાં બેહુ એક દિન, ભ્રાંતિ ચિંતે વને ભમે,
અનુક્રમે વાહણ ચઢી પામ્યા, રત્નદ્વીપ રળિયામણો,
રત્નદેવી સત્ય પ્રત્યય, જાણીને સાચું ભણ્યો. ૯

દુઃખ પોતાનું દાખવી કરી, મરણાંતની સીમજી,
બેઠા[2]લાંઘે તે આગળે, કરી અશનાદિક[3]નીમજી.
ભીમ અભિગ્રહ કર્યો આઠમ, તેહ અંતે ઇમ કહે,
નથી ભાગ્ય[4]તુમચું એમ સુણીને, કર્મસાર ઉઠી વહે,
પુણ્યસારે એકવિંશતિ, કર્યા ઉપવાસ જેટલે,
ચિંતામણિ સુરરત્ન દીધું, દેવીએ તિહાં તેટલે. ૧૦

૧. કોડી ૨. લાંઘન કરીને ૩. નિયમ ૪. તમારું

પશ્ચાત્તાપ કરે ઘણું, મનમાં તે કર્મસારજી,
કહે પુણ્યસાર ખેદ મત કર, એ આપણને નિર્ધારજી.
સાર ચિંતિત હોશે તુજ મુજ, પ્રીત કરી જહાજે ચડ્યા,
જુઓ કર્મયોગે તિહાં સંકલ્પહ, એહવા આવીને અડ્યા,
[૧]રાકા શશાંકનો ઉદય દેખી, વૃદ્ધ બંધવ બોલિયો,
પ્રગટ કરી એ રત્નચિંતા,—મણિ તેજ ઝકોલીયો. ૧૧

ખોલ્યું તિણ સમયે રત્ન તે, દેખે શશિનું તેજજી,
એક પાસે ચિંતારત્નનું, તેજ તે એહથી બેજજી.
હેજથી બિહુ ઠામ ધરતાં, દૃષ્ટિની થઈ વ્યગ્રતા,
પડ્યું [૨]ચિંતારત્ન કરથી, સહિ મનોરથ સંગતા,
સમદુઃખ પામ્યા બેહુ જણા, એમ આવીયા આપણ પુરે,
કૃતકર્મને અનુસારે બિહુ તે, [૩]સયણ પણ દુર્મન ધરે. ૧૨

એક દિન ફરતા આવીયા, જ્ઞાની ગુરુને પાસજી,
નિજ નિર્ધનતા હેતુને, પૂછે ધરી ઉલ્લાસજી.
ઉલ્લાસ આણી કહે જ્ઞાની, પાછલે ભવ બેહુ હુતા,
ચંદ્રપુરે જિનદત્ત જિનદાસ, શેઠશું પરમાર્હતા,
અન્યદા શ્રાવક સર્વ મળીને, જ્ઞાનદ્રવ્ય સાધારણં,
દ્રવ્યરક્ષા હેત આપે, કરો ઉપદ્રવ વારણં. ૧૩

તિહાં જિનદત્ત નિજ પુસ્તિકા, લખવા હેતે આપેજી,
અન્ય દ્રવ્યના અભાવથી, તે માંહેલું તિહાં થાપેજી.
વ્યાપારે મનમાં એમ એહી, પણ જ્ઞાન કેરું દ્રવ્ય છે,
એમ ચિંતવી બાર [૪]દ્રામહ, લેખકને દીએ મન રુચિ,
બીજે તો મનમાં એમ ચિંત્યું, સાધારણ દ્રવ્યયોગ્યતા,
સપ્ત ખેત્રે કામ આવે, શ્રાદ્ધને પણ યોગ્યતા. ૧૪

यतः—जिणभवण बिंब पुच्छय, संघ सरुवाई सत्त खित्ताई;
विविहं धणंपि जायं, शिवफलयमहो अणंत गुणं. १

હું પણ શ્રાવકમાં અછું, તો શો તાસ વિચારજી,
બાર દ્રામ તેણે વાવર્યા, ઘર કામે આગાઢ વ્યવહારજી.

૧. પૂનમની રાત ૨. ચિંતામણિ રત્ન ૩. સ્વજન ૪. દ્રમ્મ, એક પ્રાચીન સિક્કો

વ્યવહાર એહવો કર્યો તેણે, અન્ય દ્રવ્ય અભાવથી,
આયુષ પૂરી પ્રથમ નરકે, ગયો પાપ પ્રભાવથી,
એ ઋણું બોલે નહીંય તોળે, ભવસમુદ્રમાં અતિ ઘણું,
એહનાં દૂષણ બહુ બોલ્યાં, શાસ્ત્રમાંહિ કેતાં ભણું. ૧૫

यदुक्तं वेदांतेपि (अनुष्टुप)

प्रभास्वे मा मतिं कुर्यात्, प्राणैः कंठगतैरपि;
अग्निदग्धाः प्ररोहंति, प्रभादग्धा न रोहंति. १
प्रभास्वं ब्रह्महत्या च, दरिद्रस्य च यद्धनं;
गुरुपत्नी देवद्रव्यं च, स्वर्गस्थमपि पातयेत्. २

प्रभास्वं साधारणं द्रव्यमित्यर्थः

**ભાવાર્થઃ**–(૧) કંઠમાં પ્રાણ આવે તોપણ જ્ઞાનદ્રવ્યમાં અને સાધારણ દ્રવ્યમાં મતિ કરવી નહીં. અગ્નિમાં બાળેલા બીજ કદાચિત્ ફરીને ઉત્પન્ન થાય, પરંતુ દેવદ્રવ્યથી દાહ પામેલા પ્રાણી ફરીને સિદ્ધિ પામે નહીં. (૨) જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રનું ધન, ગુરુપત્નીનું ગમન, દેવદ્રવ્ય એ સર્વ સ્વર્ગમાં ગયેલા પ્રાણીને પણ પાછા પાડે છે.

પ્રથમ નરગથી નીસરી, થયા ભુજપરીની જાતજી,
બીજી નરકે નારકી, ગૃધ્ર થઈ ત્રીજીએ થાતજી.

ઘાત થઈ એમ ભવાંતર કરી, સાત નરકે ઉપના,
ઇગ દુ તિ ચઉરિંદિ પણ તિરિ, ભવે ઇણી પરે નીપના,
બાર સહસ ભવ ઇમ એકેકે, બહુલ દુઃખ તિહાં અનુભવી,
બહુ ક્ષીણ દુઃકૃત કર્મ પ્રાહે, થયા તુમે ઇહાંકિણ ચવી. ૧૬

દ્વાદશ દ્રામના ભોગથી, બાર કોડી ધન હાણીજી,
દ્વાદશ વાર બહુ ઉપક્રમે, લાભ થઈ પ્રાયે હાણીજી.

ખાણિ દુઃખની સહી ઇણ ભવ, દાસ દારિદ્ર પર ઘરે,
જ્ઞાનાશાતનાએ કર્મસારને, બુદ્ધિ બળ તે નવિ ફુરે,
મન થકી જ્ઞાનને હીલને તે, અમન કે સૂને મને,
વચનથી જે જ્ઞાન હીલે, મૂક બોબડ ગદ તને. ૧૭

કાયથી જ્ઞાન અવહેલના, જે કરે તેહ દરિદ્રજી,
રોગી સોગી વિયોગીયા, આધિવ્યાધિ સમુદ્રજી.

અમુદ્ર દોષી જન્મશોષી, નાશ કુલ ધનનો હુયે,
તેમ સાધારણ ક્ષેત્ર કેરી, અવજ્ઞા એણી પરે હુયે,
ચૈત્યદ્રવ્ય આશાતનાએ, બોધિબીજ દુર્લભ કહ્યો,
એણી પરે જ્ઞાની વયણથી તેણે, તહત્તિ કરીને સદ્દહ્યો. ૧૮

શ્રાવકધર્મને આદરી, પ્રાયશ્ચિત્ત લિયે તેહજી,
દ્વાદશ દામ સહસ ગુણ દેવા, બેહુ કહે ઇમ નેહજી.
ગેહે જઈને વણિજ માંડ્યો, ન્યાયમારગ આદરી,
નિયમ લીધો તેણી વેળા, વિગય સવિને પરિહરી,
જેમ જેમ દુષ્કૃતની ખીણતા હુએ, દ્રવ્ય તિમ પામે ઘણો,
બિહુ જણે તેમ જ્ઞાન સાધારણ, દ્રવ્ય પાપનો પડિગણો. ૧૯

અનુક્રમે તેહ ધની થયા, બિહુ જણને કોડી બારજી,
કંચનની તેહને મળી, કરે બહુ જ્ઞાનભંડારજી.
સાધારતા બહુ સાધર્મી જનને, દીનને ઉદ્ધારતા,
પરિપૂર્ણ શ્રાવકધર્મ પાળી, સુખે સંયમ સાધતા,
વાધતે ભાવે લહી કેવળ, શિવ ગયા સુખ જિહાં ઘણાં,
વળી અજર અમર નિકલંક નિરુપમ, નામ છે જેહનાં ઘણાં. ૨૦

તેહ ભણી જ્ઞાન સાધારણ, દ્રવ્યને રાખી જેહજી,
તે પ્રાણી સુખીયો હોઈ, જાયે દુઃખ અછેહજી.
દેહ નિર્મલ બુદ્ધિ સારી, વિભવ ભારી તે લહે,
જે દ્રવ્ય લોકોત્તર કહ્યો, તે તાસ બહુમાને વહે,
સાધુ પણ એ દ્રવ્ય કેરી, ઉપેક્ષા કરતો થકો,
સંસાર બહુલ અનંત રુલવા, શાસ્ત્રમાંહે એહવો વકો. ૨૧

જિન જિનઘર પરિભોગને, અર્થે જિનદ્રવ્ય આવેજી,
તે પણ ન્યાયથી નિપન્યો, મલિન દુગંચ્છિત ભાવેજી.
આવે ન તેવું દ્રવ્ય જિનને, લોક નિંદિત જે હુવે,
કોઈ હેત દ્રવ્યાંતરે કર્યો જે, જિનગૃહે વળી તે ઠવે,
તપ જપ ઉજમણાદિક તણો, અથ ઋદ્ધિવંત જને મળી,
ભક્તિથી જે દ્રવ્ય કલ્પ્યો, અંગ સંગે તે વળી. ૨૨

જ્ઞાન અરથ જ્ઞાન હેતુએ, લિખન લિખાવન કોસેજી,
તેહ પણ આપણ નિશ્રાએ, થાપે જ્ઞાન નિવેશેજી.

લવલેશ માત્રે અપર ખેત્રે, તેહ ધન નવિ આણવું,
કોઈ હેતે દેવદ્રવ્ય થકી, પણ જ્ઞાન અધિકું જાણવું,
તેમ સાધારણ દ્રવ્ય જાણો, ઋદ્ધિવંત નર મળી કર્યું,
ધર્મક્ષેત્ર ઇમ નામ થાપી, તે સાતે સઘળે વાવર્યું. ૨૩

સાત ખેત્રમાંહે ગુરુ દ્રવ્ય છે, અને વળી ધની જને કીધુંજી,
વેષાદિકને કારણે, ગુરુસહાયે સીધુંજી.
દીધું ન કોઈને તેહ જાવે, ભાવનાના વશ થકી,
વૃદ્ધિ કરંતો સાધન, લાભ પામે, તીર્થંકરનાં વયણથી,
એ દ્રવ્યની આશાતના જે, કરે તેણે વિરાધિયા,
જ્ઞાન દર્શન ચારિત્ર તેણે તે નવિ સાધિયા. ૨૪

તે ભણી જે કરો ધર્મની, કરણી દિલમાં આણીજી,
અવિધિ આશાતા ટાળીને, જે કરશે ભવિ પ્રાણીજી.
નાણીનાં એ વચન જાણી, તહત્તિ કરી જે સદ્દહે,
શ્રીજ્ઞાનવિમલ સૂરીંદ વાણી, શાસ્ત્રથી એહવી કહે,
સુણી એમ શ્રીચંદ્રકુમરે, કહી એહવી સંકથા,
શેઠીયા વાત કહે સાચી, ચિત્ત ધરી એહવી પૃથા. ૨૫

**ઇતિ જ્ઞાનસાધારણદ્રવ્યભક્ષણરક્ષણોપરિ**
**કર્મસારપુણ્યસારકથા સંપૂર્ણા**

**॥ પૂર્વ ઢાળ** (ચંદ્રાઉલાની દેશી) ॥

તે ભણી સુણો ભાઈલા રે, હિત ભાખું છું પ્રેમ.
દેવઋણાંથી છૂટીએ રે, તેમ કરો જેમ હોય ક્ષેમ.
તેમ કરો હવે એહ ઉપાય, છૂટો ઋણથી જેમ સુખ બહુ થાય;
હિત શિક્ષા કહી આગળ ચાલે, રાજ મરાળ પરે ભુવિ માળે.
જી રાજેસરજી રે. ૨૬

સુંદર ગામે જઈ જિમ્યા રે, સામગ્રી સવિ મેલ,
સુખે તિહાં વાસો વસ્યા રે, કરતા મનની [1]કેલ.
કેલિ કરંતા થયે પ્રભાતે, ચાલ્યા મદના લેઈ સંઘાતે;
આગળ[2]કાનન મહોટું આવ્યું, દિવાશેષ સંધ્યાએ જણાવ્યું.જી૦ ૨૭

થાકી તિહાં સા સુંદરી રે, કુમર કહે ગામ દૂર,
ચરણ તાહરા નવિ ચલે રે, તિહાં દેખે વટ અતિ નૂર.

૧. કેલિ=ક્રીડા ૨. જંગલ

પુર પત્ર ફલ છાયા ગહરી, પંખીનો આશ્રમ જિમ સહરી;
શું ઉતાવળનું છે કામ, કુમર કહે ઇહાં કરીએ વિશ્રામ.જી૦૨૮

વટ તળે [૧]સાથરડો કરે રે, સાવધાન રહે તેય,
પ્રથમ [૨]જામ દુગ સા સુવે રે, કુમર જાગ્યો અસિ લેય.
ધ્યેય સંભારે ત્રીજે યામે[૩]સંથારે, જાગે સુંદરી પતિ પરિચારે;
ચોથે યામે ફરી સા સૂતી, કુમર જાગંતો રહે નિર્ભ્રાંતિ.જી૦૨૯

જો ઇચ્છે સાવધાનશું રે, દિશિ વિદિશી જે ચાર;
એહવામાં ઉત્તર દિશે રે, દીઠો તેજ અંબાર.
સાર રત્ન પરિ ચિત્તમાં ભાવે, તે જોવાને કેડે જાવે;
કિહાં નજીક કિહાં દૂરે થાવે, તેજ તણો જે મર્મ ન પાવે.જી૦૩૦

આગળ જાતાં જોવતાં રે, તેજ થયું વિસરાલ;
પાછે પગે પાછો વળે રે, જાણ્યું એહ ઇંદ્રજાલ.
આળ એહ મનમાંહે ભાવિ, સાથરે આવી પ્રિયા બોલાવી;
કહે પ્રભાત થયો ઊઠો ચલીએ, પરિમલ પસર્યો કમલને મલીએ.જી૦૩૧

[૪]તામ્રચૂડ તરુ ઉપરે રે, બોલે મધુરી વાણ,
શીતલ માર્ગ પ્રભાતનો રે, ઊઠો થયું વિહાણ.[૫]
જાણપણે કહે કુમર તિહાં રે, ઉત્તર પાછો ન દિયે લગારે;
ચિંતે મન નિદ્રા પરભાતે, મૂકતાં હોયે સ્ત્રીની જાતે.જી૦૩૨

यतः–जणणी जमुपत्ति पच्छिम-निद्दा सुभासियं वयणं
मणइट्ठं माणुस्सं, पंच विदुक्खेहिं मुंचंति १

અર્થ–માતા, સાધુપણું (જમ=યમ, ઉપત્તિ=જન્મ), પાછળી રાત્રિની ઊંઘ, સુભાષિત વચન અને મનને ઇષ્ટ હોય એવો મનુષ્ય-એ પાંચ ઘણા દુઃખે કરીને છોડાય છે.

श्री चंद्रोवाच

प्रोज्जृम्भते परिमलः कमलावलीनां, शब्दायते क्षितिरुहोपरि ताम्रचूडः
मार्गस्तवापि सुकरः खलु शीतलत्वादुच्छीयतां सुनयने रजनी जगाम १

**ભાવાર્થઃ**–શ્રીચંદ્ર કહે છે–કમલપંક્તિનો પરિમલ બહકે છે, વૃક્ષોની ઉપર બેસીને કૂકડા બોલે છે. તેથી ચાલવાનો માર્ગ ટાઢો પહોર હોવાથી સુગમ છે, માટે હે કમળ નયનવાળી સ્ત્રી, રજની તો વ્યતીત થઈ, માટે ઊઠ.

---

૧. સંથારો, પાથરણું ૨. બે પ્રહર ૩. પ્રહર ૪. કૂકડો ૫. સવાર

[1] ક્ષિણ પડખી વળી પ્રિયા પ્રતે રે, બોલાવે ધરી નેહ.
એ મૃગ તૃણ ચરવા ભણી રે, પંખી સઘળા જેહ.
એહવે તરણિ ઉદયાચલ ઉગે, માનીના મનોરથ સવિ પૂગે;
ઊઠો ચાલીજે હવે આગે, ફરતાં ભાગ્યદશા વળી જાગે. ૩૩

यतः—एते व्रजंति हरिणास्तृणभक्षणार्थं
चूर्णिं विधातुमथ यांति हि पक्षिणोमी
शृंगं स्पृशत्युदयसानुमतो विवस्वा—
न्नुच्छीयतां सुनयने रजनी जगाम १

ભાવાર્થઃ—હે સ્ત્રી! આ હરિણો તૃણ ભક્ષણ માટે ચાલ્યાં જાય છે, પક્ષીઓ પણ ચણ લેવા માટે જાય છે અને સૂર્ય પણ ઉદયાચલ પર્વતનાં શિખરોનાં શૃંગોને સ્પર્શ કરે છે. માટે હે રૂડા નેત્રવાળી સ્ત્રી, રાત્રિ વ્યતીત થઈ, તેથી ઊઠ.

પ્રિયા પડુત્તર નવિ દિયે રે, કુમર જોઈ તે ઠામ;
તિહાં દીઠી નહીં સુંદરી રે, ચિંતે કાંઈ વિરામ.
હામ ધરીને સઘળો જોવે, થયો પ્રભાત મન અતિ દુઃખ હોવે;
એ ઉદ્યોત મિષે કોઈ દેવ, અપહરી એ હમણાં સયમેવ.જી૦ ૩૪

હા હા શું કરતી હશે રે, કિમ રહેશે મુજ[2] પાખે;
કેમ કરે તે ઉપરે રે, બળ કોઈનું નવિ દાખે.
રાખે જિમ તેણી પરે રહીએ, મન ફરસે નવિ વાણીએ કહીએ;
સ્વપ્નાચાર પણ જિહાં નવિ પહોંચે, હેલા માત્રમાં તે વિધિ સૂચે.જી૦ ૩૫

અઘટિત તે સુંદર ઘડે રે, ભાજે સુઘટિત કામ;
જેહ [3]ભાલતલમાં લખ્યું રે, તે થાયે જગ કામ.
નામ માત્ર પણ શોક ન કરવો, ધૈર્ય કરી મનમાંહે રહેવો;
સુખદુઃખ કર્મવશે સવિ સહેવું, કાયર થઈ કોઈ આગે ન કહેવું.જી૦ ૩૬

यतः—यत्कदापि मनसा न चिंत्यते, यत्स्पृशंति न गिरः कवेरपि
स्वप्नवृत्तिरपि यत्र दुर्लभा, हेलयैव विदधाति तद्विधिः १
अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते
विधिरेव तानि घटयति, यानि पुमान्नवचिंतयति २

૧. ક્ષણ પ્રતીક્ષા કરીને ૨. સિવાય ૩. નસીબમાં, લલાટે

ગાહા–जं चिय विहिणा लिहियं, तं चिय परिणमई सयल लोयस्स
इय जाणे विणु धीरा, विवुरे विन कायरा हुंति ३

**ભાવાર્થઃ–(૧)** જે કાર્યને વિષે કોઈ દિવસે મન થકી ચિંતવન થઈ શકે નહીં, જેને કવિની વાણી પણ સ્પર્શ ન કરી શકે, જ્યાં સ્વપ્નાની વૃત્તિ પણ દુર્લભ છે, તે કાર્યને વિધિ (પ્રારબ્ધ) રમતમાત્રમાં કરે છે. (૨) વિધિ (વિધાતા) જ અયોગ્ય સંયોગવાળા પદાર્થોને એકત્ર કરે છે અને સારી રીતે સંયોગ પામેલા પદાર્થોને જર્જરિત એટલે જુદા કરે છે. પુરુષ જેને મનમાં પણ ક્યારેય ચિંતવતો નથી, તેનો જ વિધિ સંયોગ કરાવે છે. (૩) જે વિધિએ લખેલું છે તે જ લોકને પરિણામમાં આવે છે, એ જાણ્યા વિના ધીર પુરુષ પણ કાયર થઈ જાય છે.

ચિત્ત ઉત્સુકતા ટાળીને રે, ચિંતે બહુલ ઉપાય;
ઉદ્યમથી સવિ નીપજે રે, શોકે ચિંતા બહુ થાય.
આય વ્યય સવિ કર્મને હાથે, નિમિત્ત માત્ર છે પર તે સાથે;
સુરતરુ છોડી [1]બાઉલ દીએ બાથ, કર્મ છોડી લીએ અવરને નાથ. જી૦૩૭

પૂર્ણ મનોરથ કેહના થયા રે, કેહને અખંડિત સુખ;
કુલ કલંક કેહને નવિ થયાં રે, કુણ જન્મ્યાને મૃત્યુ ન દાખ.
શોષે ભરિઉં [2]કુલ્યું કુર્માયે, ઉગ્યો તેહિ જ વળી અથમાયે;
એહવી નીતિ જગની ચિત્ત આવી, જ્ઞાનવિમળ ગુરુ વચને ભાવી.જી૦૩૮

યતઃ–कस्य स्यान्न स्खलनं, पूर्णाः सर्वे मनोरथाः कस्य
कस्येह सुखं नित्यं, दैवेन न खंडितः को वा १

**ભાવાર્થઃ–**કોનું સ્ખલન થતું નથી, કોના સર્વ મનોરથ પૂર્ણ થાય છે, કોને આ લોકમાં નિરંતર સુખ મળે છે અને દૈવે કોને ખંડિત કર્યો નથી? અર્થાત્ તે સઘળા સર્વ જનને થાય જ છે.

**॥ દોહા / સોરઠા ॥**

સોરઠા–ચિંતે ચિત્ત કુમાર, ડાહ્યો તો પણ [3]છેતર્યો;
મનમાં કરી વિચાર, આગળ જાવા સંચર્યો. ૧

દોહા–અનુક્રમે જાતાં આવીયું, નગર કનકપુર નામ;
સરપાળે વટ હેઠલે, ક્ષણ એક સોચે જામ. ૨

૧. બાવળ ૨. ફૂલ કરમાઈ જાય ૩. ઠગાયો

રાને વેલાઉલ હુવે, પુણ્ય સખાયાં જાસ;
તે અવસર જે નીપજ્યું, સુણજો તે ઉલ્લાસ. ૩

અપુત્રિયો તે નગરનો, શ્રીકનકધ્વજ રાય;
અકસ્માત્ કોઈ શૂળથી, મરણ લહ્યો તિણ ઠાય. ૪

રાજ્યાધિષ્ઠાયક [૧]સુરી, સચિવે આરાધી તેહ;
રાજ્ય યોગ્ય કોઈ મેળવો, આણી નર ગુણગેહ. ૫

પંચદિવ્ય પરગટ કરો, સુરી વયણથી કીધ;
કરિણી[૨] જસ શિર કળશનો, કરે અભિષેક પ્રસિદ્ધ. ૬

તેને રાજા જાણજો, લક્ષ ગામનો દેશ;
એણી પરે દિન ત્રણ વહી ગયા, ગામમાં ફરે સનિવેશ. ૭

એમ કરતાં બાહિર ગયાં, પંચદિવ્ય તેણી વાર;
શ્રીચંદ્રને શિર ઉપરે, કરે અભિષેક વિચાર. ૮

કરેણું કાંઈ ટાળીઉં, કળશ તુરગ હેષાર;
ચામર છત્ર બંદીજને, કીધો જયજયકાર. ૯

સૂતો ઊઠ્યો ચિંતવે, શું [૩]સુહણો કે સાચ;
કહે પ્રધાન પ્રજા સવિ, અમચા નાથ છો વાચ. ૧૦

લક્ષ ગામનો દેશ એ, કનકપુર તિહાં મુખ્ય;
કનકધ્વજ નૃપ પુહતળો, પરલોકે શૂલદુઃખ. ૧૧

પંચદિવ્યના હેતુથી, સુરી વચન અનુસાર;
અમ ભાગ્યે તુમે નૃપ થયા, ફળ્યો ભાગ્ય [૪]સહકાર. ૧૨

નૃપ પુત્રી કનકાવલી, કરો [૫]કરગ્રહ તાસ;
લક્ષ્મણ સચિવ એમ વીનવે, પૂરો અમ મન આશ. ૧૩

હસિત વદન કરવાળ[૬]કરી, ભૂષણ ભૂષિત અંગ;
નામ મુદ્રાએ જાણીયું, શ્રીચંદ્ર નામે ચંગ. ૧૪

હર્ષિત થઈ રાજ્યે ઠવ્યા, કુમરી રહી વામાંગ;
કરગ્રહ અને રાજ્યમહ, અદ્ભુત કીધો રંગ. ૧૫

૧. દેવી ૨. હાથણી ૩. સ્વપ્ન ૪. આમ્રવૃક્ષ ૫. પાણિગ્રહણ ૬. હાથમાં

## ॥ ઢાળ ચોવીશમી ॥

(રહો રહો રહો રહો વાલહા—એ દેશી)

પુરપ્રવેશ પુરલોકને, હર્ષ વધામણી હોત લાલ રે;
ઉચિત દાન દીએ સર્વને, બંદી મોચન કૃત ગોત લાલ રે; ૧

પુણ્ય થકી વિણ ચિંતવ્યાં, આવી મળે સવિ વાત લાલ રે;
પુણ્ય વિહુણાને હુવે, અણચિંતિત ઉપઘાત લાલ રે. પુ૦ ૨

દેવ પૂજાદિક કાર્યનાં, ગીત ગાન બહુ હર્ષ લાલ રે;
કરમોચન ધન દેશના, કીધાં અતિશય વર્ષ લાલ રે. પુ૦ ૩

પ્રાજ્ય રાજ્ય ઉત્સવ થયો, જેમ સુરપતિ અભિષેક લાલ રે;
લખમણ સચિવ કહે અન્યદા, ધરી મનમાં બહુ નેક લાલ રે. પુ૦ ૪

પ્રભુ! તુમ ઉત્તમતા લહી, સદાચાર સંકેત લાલ રે;
છાબડીએ રવિ દાબીએ, તેજ ન દાખે ખેત લાલ રે. પુ૦ ૫

यतः—आचारः कुलमाख्याति, देशमाख्याति भाषणं
संभ्रमः स्नेहमाख्याति, रूपमाख्याति भोजनं १

**ભાવાર્થઃ—આચાર છે તે કુળને કહે છે, ભાષણ છે તે દેશને કહે છે, સંભ્રમ છે તે સ્નેહને કહે છે, રૂપ છે તે ભોજનને કહે છે.**

તોહે પણ નરનારીએ, ગાયને ગાતે ગીત લાલ રે;
માત પિતાના નામની, હોંશ રહે છે નિત્ય લાલ રે. પુ૦ ૬

તેહ વયણ સુણી નૃપ કહે, સત્ય લોકને તામ લાલ રે;
હરિબળ માછીની કથા, પુણ્ય બળે ગુણ ગ્રામ લાલ રે. પુ૦ ૭

જિમ હરિબળ ગયો એકલો, નયરી વિશાળા ઠામ લાલ રે;
પરણ્યો ત્રણ નૃપકુંવરી, કુણે કહ્યો વંશ ને નામ લાલ રે. પુ૦ ૮

ધૈર્યૌદાર્ય ગુણે કરી, કીર્ત્તિ તણે વિસ્તાર લાલ રે;
લંકાગમનાદિક બહુ, કીધાં કામ ઉદાર લાલ રે. પુ૦ ૯

તેણી પરે ઇહાં પણ જાણજો, નામાદિક શું કામ લાલ રે;
ગુણ જોવા ઉત્પત્તિ કિસી, કમલ તણાં શાં ઠામ લાલ રે. પુ૦૧૦

જ્ઞાતિ આડંબરનો કિશો, પરમારથ ગુણ સાધ્ય લાલ રે;
કુસુમ કાનનનું શિર ધરે, નિજ મલ તજે દુસ્સાધ્ય લાલ રે. પુ૦૧૧

કુલક્રમથી લક્ષ્મી ન હુયે, લિખિત ન દીસે કોય લાલ રે;
વીરભોગી જે વસુંધરા, ખડ્ગથી નૃપ બળ હોય લાલ રે. પુ૰૧૨

તેણી પરે મંત્રી સાંભળી, નામાદિકે શું કામ લાલ રે;
કેવળ ગુણ જગ જોઈએ, જાતિ વંશ શું નામ લાલ રે. પુ૰૧૩

નૃપ વયણાં એમ સાંભળી, મંત્રી ચિંતે એમ લાલ રે;
ઉત્તમ નિજ વદને કરી, નિજ ગુણ કહેવા નેમ લાલ રે. પુ૰૧૪

હવે એક દિન તે નયરમાં, આવ્યાં ગાયનવૃંદ લાલ રે;
વીણાપુર જાવા ભણી, કલિરવ પ્રમુખ મહેંદ લાલ રે. પુ૰૧૫

રાજસુતાને સ્વયંવરે, જાતા પંથી લોક લાલ રે;
ગાયને ગાવા માંડિયું, શ્રીચંદ્ર ચરિત્ર સુછેક લાલ રે. પુ૰૧૬

કવિત છપ્પો

નયર કુશસ્થલ ઈશ, સૂર્યવતી રાણી કંતહ,
પ્રતાપસિંહ જસ નામ, તેજ પ્રતાપ મહંતહ;
શોક્ય પુત્રની ભીતિ, રીતિ જાણીને મૂકે,
નિજ વાડીમાં [1]ફૂલ,–પગરમાં બુદ્ધિ ન ચૂકે;
લક્ષ્મીદત્ત શેઠે ગ્રહ્યો, લહી વૃદ્ધિ તિહાં અતિ ઘણી;
કર્યું નામ શ્રીચંદ્ર તસ, કલા સર્વ તેણે ભણી. ૧

રાધાવેધ વિધાન, પદ્મિની વળી જેણે પરણી,
વીણારવને દાન, તુરગ રથ જાય ન વરણી;
નીસર્યો છે વિદેશ, ભાગ્યબલી ગુણનો આગર,
ઇત્યાદિક ગુણ [2]રાશ, સાંભળી હરખ્યા નાગર.
દેઈ દાન તેહને બહુ, કહે તુમ્હો તસ ઓલખો;
વૃદ્ધ કહે અમ નાયકે, લેઈ દાન તસ જસ લખ્યો. ૨

**॥ પૂર્વ ઢાળ ॥**

ઇત્યાદિક ગુણ બહુ કહ્યા, ગીત અછે બહુ તાસ લાલ રે;
આલાપી સંભળાવીયા, કહેતાં લહે ઉલ્લાસ લાલ રે. પુ૰૧૭

હવે પ્રભાત થયે આવીયા, લખમણ સભા મઝાર લાલ રે;
પૂછે નૃપ નિશિ કેમ નાવીયા, તે કહે કરીય જુહાર લાલ રે. પુ૰૧૮

---

૧. ફૂલના ઢગલામાં ૨. રાશિ

સ્વામી! ગાયન આવીયા, તેણે ગાયો અવદાત લાલ રે;
શ્રીચંદ્ર પદ્મિનીનો પતિ, પ્રતાપસિંહ નૃપ [૧]જાત લાલ રે. પુ૦૧૯

જેમ સુણ્યું સર્વ કહ્યું તેણે, હસી સુણી કહે ભૂપાલ લાલ રે;
નીચે મુખે હુઈ એહવો, એ વાતમાં કાંઈ ન [૨]આળ લાલ રે. પુ૦૨૦

લખમણ મંત્રી ચિંતવે, પ્રાહે એહિ જ જાણ લાલ રે;
ઉત્તમ નિજ ગુણ સાંભળી, નીચ વદન મિતવાણ[૩] લાલ રે. પુ૦૨૧

એમ વિચાર પર મંત્રીને, દેખી નૃપ તેણી વાર લાલ રે;
ચતુરંગ દળ લેઈ ચાલીયા, રમવા વનહ મઝાર લાલ રે. પુ૦૨૨

તિહાં બહુ ક્રીડા લીલની, વિલસે જેમ [૪]મધુ માસ લાલ રે;
અશ્વ ખેલાવી બહુ પરે, શ્રમ લહી કરે આશ્વાસ લાલ રે. પુ૦૨૩

સાર સહકાર તરુ હેઠળે, બેઠા નૃપ સવિ સાથ લાલ રે;
જાત્ય તુરગ જોઈ જુજુઆ, ફરસે વળી નિજ હાથ લાલ રે. પુ૦૨૪

એહવે પશ્ચિમ દિશિ થકી, દીઠો આવત એક લાલ રે;
પંથિક ખંધ છે લાકડી, ધૂલ ધૂસર અતિરેક લાલ રે. પુ૦૨૫

ક્રમુકર ચિતા ભિક્ષા પુટી, કર ઝાળી છે ચંગ લાલ રે;
[૫]પટ્ટબંધ ચરણે અછે, વસન કર્યાં ઉર્દ્ધંગ લાલ રે. પુ૦૨૬

નીરકમંડળુ ઝાલીયું, દૂર દેશાંતરી કોય લાલ રે;
જાણીને બોલાવીયો, કોણ છે ભટને કહે જોય લાલ રે. પુ૦૨૭

નૃપ પાસે તે આણીયો, સુભટે જેણી વાર લાલ રે;
દેખી નૃપતિ હરખ્યો ઘણું, વરસે આંસુ ધાર લાલ રે. પુ૦૨૮

વિણ વાદળ વર્ષા થયો, અહો અહો ફળ વિણ ફૂલ લાલ રે;
પૂરવ પુણ્ય ફળ્યું અહો, દીઠો નયણે અમૂલ્ય લાલ રે. પુ૦૨૯

એમ બોલંતો ઓલખ્યો, દીસે છે ગુણચંદ્ર લાલ રે;
નૃપે ઉઠી આલિંગીઓ, જિમ દેખી ચકોરને ચંદ્ર લાલ રે. પુ૦૩૦

શ્રીચંદ્ર પદકજ સીંચીઉં, હર્ષ જળે કરી તામ લાલ રે;
ગુણચંદ્રે ભાલસ્થળે, પ્રણમે ગુણમણિ ધામ લાલ રે. પુ૦૩૧

૧ પુત્ર ૨. ખોટું ૩. ઓછું બોલનારો ૪. વસંત ૫. કપડાની પટ્ટી પગે બાંધેલી છે

બેઠો યથોચિત થાનકે, મનમાં હર્ષ ન માય લાલ રે;
મંત્રી પ્રમુખે જાણીઉં, એ ભૂપતિનો સખાય લાલ રે. પુ૦૩૨

આદરશું સહુએ નમ્યા, નૃપસખા નૃપતિ સમાન લાલ રે;
શ્રીચંદ્ર પૂછે ગુણચંદ્રને, એકલો આવ્યો એણે થાન લાલ રે. પુ૦૩૩

કુશસ્થળ કદા મૂકિયું, કુણ પંથ પાવન કીધ લાલ રે;
પિતર પક્ષે કલ્યાણ છે, કહો સવિ વાત પ્રસિદ્ધ લાલ રે. પુ૦૩૪

તવ ભોજાઈ કિહાં અછે, જે જે થયો અવદાત લાલ રે;
મુજ ચાલ્યા પછી તે કહો, જ્ઞાનવિમળ સુખ શાત લાલ રે. પુ૦૩૫

## ॥ દોહા ॥

સહુ સાંભળતાં હવે કહે, શ્રીગુણચંદ્ર કુમાર;
તુમ આદેશથી તે નિશે, કર્યો લેખક વ્યવહાર. ૧

પણ મુજ દેહે ઉપન્યો, જૃંભાલસ અંગ ભંગ;
થયે પ્રભાત તુમ ઘર ગયો, આણી અધિકો રંગ. ૨

તિહાં તુમને દીઠા નહીં, ઉપન્યો મન વિષવાદ;
ચંદ્રકળા પાસે ગયો, ચિંતાતુર નિશવાદ. ૩

તુજ મુજ પ્રભુ નથી દીસતા, કહો ખબર મુજ તેહ;
બહુ પૂછ્યું પણ નવિ કહે, રુદતી કંઠિત દેહ. ૪

ગદગદ વાણી એમ કહ્યો, [૧]આમૂલે વૃત્તાંત;
તે નિસુણી દુઃખીઓ થયો, નયણે નીર ઝરંત. ૫

મુજને મૂકીને ગયા, દાખ્યો નહીં અપરાધ;
ચિંતામણિ પરે દોહિલો, કહિયે કેણી પરે લાધ. ૬

ચંદ્રકળા કહે દુઃખ ન કર, તુમને પિતર વિયોગ;
ન કહ્યું તિણે હેતે કરી, ન કરો મનમાં શોગ. ૭

મુજને એમ ભાખી ગયા, ગુહ્ય ન કહીશ કોઈ પાસ;
મિત્ર વિના તું કેહને, તે ભણી ધરો આશ્વાસ. ૮

એમ સુણી દુઃખ પામ્યો ઘણું, અહોરાત્રિ પિતુ પાસ;
વસિઓ પણ રસિઓ ઘણું, તુમ મળવાની આશ. ૯

---

૧. મૂળથી, શરૂઆતથી

ત્યાર પછી જ્ઞાની તણાં, વચનથી લહી આનંદ;
ભોજાઈને પિતૃ ઘરે, સાથે કરી સખી વૃંદ. ૧૦

પહોંચાડીને તુમ ભણી, ખબર લહેવા જામ;
મહેંદ્રપુરથી આવીયો, સુંદર મંત્રી તામ. ૧૧

અન્ય વેશ ધરી નીકળ્યા, શુદ્ધિ કહી સવિ તેણ;
વળી કુંડળપુરથી સચિવ, બુદ્ધિ વિશારદ જેણ. ૧૨

જિહાં જે જે સવિ નિપન્યું, તસ મુખથી લહ્યું તેહ;
સૂર્યવતી પણ સાંભળી, હર્ષ ધરે બહુ નેહ. ૧૩

તે દિનથી અભિગ્રહ કર્યા, મોદક આજ ઘૃતપુર;[1]
પ્રમુખ ન લેવા તિહાં લગે, દેખીશ સુત મુખનૂર. ૧૪

ગર્ભવતી છે સૂર્યવતી, એ હવણાંની વાત;
સ્વજન શ્રેષ્ઠી રાજા પ્રમુખ, કુશળ ખેમ સુખ શાત. ૧૫

તુમ વિયોગ એક દુઃખ અછે, અપર દુઃખ નવિ કાંય;
મહેંદ્ર મંત્રીના મુખ થકી, જાણ્યો તુમચો રાહ. ૧૬

પ્રતાપસિંહ નૃપે એણી દિશે, બહુ ભટ પ્રેખ્યા હેવ;
તુમ ગવેષણ કારણે, સાયુધ કરતા સેવ. ૧૭

## ॥ ઢાળ પચીશમી ॥

(તુમે પીતાંબર પહેર્યાંજી મુખને મરકલડે—એ દેશી)

હું પણ પ્રભુને નેહેજી, સાહિબ સોભાગી;
નિકળીયો ઘણે નિજ દેહેજી, વારુ વડભાગી.
ધનંજય તિહાં થાપીજી. સા૦ શીખ ભલામણ આપીજી, વા૦ ૧

કુંડળપુરમાં આવીજી, સા૦ ચંદ્રલેખા તિહાં બોલાવીજી, વા૦
સવિ જાણી તેહની વાતજી, સા૦ તિહાં રહ્યો ત્રણ રાતજી, વા૦ ૨

તિહાંથી માહેંદ્રપુર આવ્યોજી, સા૦ સુલોચનાને આપ જણાવ્યોજી, વા૦
તિહાંથી હેમપુરે તુમ જાણીજી, સા૦ તિહાં સુણી મદનપાલ વાણીજી, વા૦ ૩

તિહાં મહા અચરિજ કીધુંજી, સા૦ સ્વયં પરણ્યે પરને દીધુંજી, વા૦
કાંતિપુર માંહે આવ્યોજી, સા૦ પ્રિયંગુમંજરીએ મુજ જણાવ્યોજી, વા૦ ૪

---

૧. ઘેબર

તિહાંથી આ દિશે આવીજી, સા૦ તિહાં વાટ બહુ પંથ ભાવીજી, વા૦
એક પંથે સુભટને મેહેલ્યાજી, સા૦ એમ ચિહું દિશે જાણી ઠેલ્યાજી, વા૦ ૫

પુર નગર વને તુમ જોતોજી, સા૦ વચ્ચે વચ્ચે દુઃખ ધરતોજી, વા૦
વળી પંથી મુખથી સુણીયોજી, સા૦ શ્રીચંદ્ર નામે નૃપ મુણીયોજી, વા૦ ૬

નવલખ દેશનો સ્વામીજી, સા૦ દેવ સાન્નિધ્ય પ્રભુતા પામીજી, વા૦
મેં મન નિશ્ચય કર્યો એવોજી, સા૦ નહીં અવર કોઈ એહ જેવોજી, વા૦ ૭

હર્ષે ત્વરિતપણે ચાલ્યોજી, સા૦ વાજી મરણ લહ્યો થયો પાલોજી, વા૦
એકાકી પાદચારીજી, સા૦ પણ ધરતી અતિ ઘણી ભારીજી, વા૦ ૮

એમ ભમતાં આજ મેં દીઠાજી, સા૦ પ્રભુ લાગ્યા અમૃતથી મીઠાજી, વા૦
કૃતકૃત્ય થયો સુખ પામ્યોજી, સા૦ પંથ જનિત સવિ દુઃખ વામ્યોજી, વા૦ ૯

જિમ યતિ પરિસહ સહી લાધેજી, સા૦ પરમાનંદ કરી વાધેજી, વા૦
ત્યારે ભવદુઃખ ચિત્ત નવિ આવેજી, સા૦ તિમ પ્રભુ દીઠે મુજ થાવેજી, વા૦૧૦

મંત્રી સામંત શેઠ પ્રમુખાજી, સા૦ અવદાત સુણી સવિ હરખ્યાજી, વા૦
ગુણચંદ્ર વયણથી પામીજી, સા૦ કુલવંશાદિકે નહીં ખામીજી, વા૦૧૧

લખમણ મંત્રી મન ચિંતેજી, સા૦ ભલે આવ્યો ગુણચંદ્ર મિત્રજી, વા૦
ભાગ્યબળે એહવા મળિયાજી, સા૦ સવિ લોકના સંશય ટળિયાજી, વા૦૧૨

એમ સવિ વૃત્તાંત જણાવ્યાજી, સા૦ ઉદ્યાનથી નયરમાં આવ્યાજી, વા૦
ગુણચંદ્ર મળી દુઃખ કાપ્યાંજી, સા૦ મહામાત્ય પદે તે સ્થાપ્યાજી, વા૦૧૩

સુખ સાતાએ રાજ્ય તે પાલેજી, સા૦ એક મદના મનમાંહિ સાલેજી, વા૦
શ્રીચંદ્ર નૃપતિને તેજેજી, સા૦ વળી પૂરવ પુણ્યને હેજેજી, વા૦૧૪

જિહાં વરતે [1]સુથ [2]સુગાલાજી, સા૦ મંડાવે મોટી દાનશાલાજી, વા૦
સમકિત મૂલ ધર્મ દીપાવેજી, સા૦ વળી જીવ અમાર પલાવેજી, વા૦૧૫

વળી સાત વ્યસનને વરાવેજી[3], સા૦ દુઃસ્થિત જનને સધરાવેજી, વા૦
જિન ચૈત્ય ઉત્તુંગ કરાવેજી, સા૦ વળી જીર્ણોદ્ધાર સમરાવેજી, વા૦૧૬

એણીપરે શુભ કરણીને કરતાજી, સા૦ જ્ઞાનભક્તિ સદા આચરતાજી. વા૦
જ્ઞાનવિમલ ગુરુ ક્રમ વંદેજી, સા૦ અહોનિશિ વધે પરમાનંદેજી, વા૦૧૭

૧. સુખ ૨. પુષ્કલ ૩. વળાવે, વિદાય આપે

## ॥ દોહા ॥

મિત્ર મળ્યે સુખ ઉપન્યું, જિમ તરશ્યાં ટાઢું નીર;
વિરહવ્યથા તે વૃથા થઈ, સુખિયું થયું શરીર. ૧

જેહને જેહની ઇષ્ટતા, તે મિલે હોય સંતુષ્ટ;
વહાલાં જે આવી મળે, હોયે પુણ્યની પુષ્ટ. ૨

એમ સુખમાં વસતાં થકાં, આવ્યો માસ વસંત;
સંયોગી નર સુરતરુ, સરિખો છે અત્યંત. ૩

સંત સહુ હેતે કરી, આવે ઉપવન માંહિ;
શીતલ પવન પ્રવાહથી, સંચરે તરુવર છાંહિ. ૪

## ॥ ઢાળ છવીશમી ॥

(રાગ વસંત)

હવે એક દિન શ્રીચંદ્ર [1]ભૂમિકંત, ગુણચંદ્ર મિત્ર સંયુત;
મયમત્ત મહંત મિલંત સંત, કહે આયો ખેલીજે વસંત; ૧

હવે ગુહરી મોહરી વનરાઈ તંત, માનું આયો ઋતુરાજ વસંત;
તિહાં તાલ તમાલ હિંતાલ પુંગ, માનું ધ્વજ પટે ઉચવિયાં સુચંગ. હ૦ ૨

નિર્ઝરણ ઝરણ રવ તાલ તંત, પડછંદા નીસાણાં ગુડંત;
અંકુરિત સવિ ઉપવન ભૂ ફુરંત, માનું પ્રમદા પ્રમુદિત સંગ કંત. હ૦ ૩

તિલક વરુણ અશોક ખંતિ, પ્રમદા પદ પડઘા અભિલષંત;
તરુયર તરુણશું આલિંગંત, લતા લલના લલિત હૃદય ખંત. હ૦ ૪

ગુચ્છાદિક ઘણઘણ સુમનસ જે હસંતિ, મનુ અધર તે પલ્લવ ચારુ પંતિ;
પંચવર્ણી ફૂદી ચુદિપંતિ, તિહાં વિટપ વદનને મનુ ચુબંતિ. હ૦ ૫

કુસુમ પાત્રે એક પીયંત, મધુર મધુકરી મકરંદવૃંત;
તિહાં હરિણ હરિણી કપોલ અંત, શૃંગે સુકુંડને ખણંત. હ૦ ૬

કરી ગંડુશ જલ ભરી દીયંત, કરિણી વદને નિજ કરી મંહત;
ચકવા ચકવી [2]કિસલય કરી અંત, દેવત મુખમાં ધરી પ્રેમવંત. હ૦ ૭

એમ પ્રમુદિત પંખી જીવ યંત, નિરખીને કામી જન ધસંત;
તિહાં [3]પંચબાણ બાણબળ મહંત, ભૂમિદેશે અનિવારિત ફુરંત. હ૦ ૮

---

૧. રાજા ૨. કૂંપળ ૩. કામદેવ

ઉન્માદ મોહન ને તાપનંત, શોષણ ને મારણ પંચમંત;
પંચમસ્વર કોકિલ કલરવંત, હોવે સુણતાં સચેત નર કામવંત. હ૦ ૯
રોગી વિયોગી દુઃખ દીયંત, સંયોગી અમૃતરસ પીયંત;
શીતલ મલયાચલ અનિલવંત, સુમગંધશું સિકરને ઝરંત. હ૦૧૦
વિરહિણી કહે એ ભુયંગલિંત, ઉદ્ગાર એ તેહના કણ ઝરંત;
કિંશુક કુસુમ મનુ પલ અસંત, તિણ હેતે પલાશ વિરહિણી ભણંત. હ૦૧૧
સંયોગિણી પલ્લવ તસ લીયંત, કરે શેખર સુંદર વેશવંત;
દેખનકું અતિ રૂપવંત, પર નિર્ગુણ ગંધ ન તે દહંત. હ૦૧૨
માનિની માનને ભેદ ભ્રંત, [1]મનુ આયો વસંત નૃપ સાજવંત;
મદન મત્તંગજ પરે ચઢંત, તિહાં વિવિધ કુસુમ સેના સજંત. હ૦૧૩
શુક કોકિલ મોર મેના શકુંત, કલ કૂજિત કેલિ કલા લવંત;
યોગી પણ હૃદયે થરહરંત, શું જાણીએ મન થિર કિમ રહંત. હ૦૧૪
બકુલ ને વોલસિરી વાસંત, દશ દિશિ પરિમલ પસરંત;
શિશિર ઋતુએ જે પાત ઝરંત, મનું તેહ અવસ્થાને હસંત. હ૦૧૫
વીણા ડફ મહુઅરી બહુ વજંત, અવ્વલ ગુલાલ અબીર ઉડંત;
ભરી ઝોલી ગોરી હોરી ખેલંત, ફગુણના ફાગુઆ ગીત [2]ગંત. હ૦૧૬
પિચરકી[3] કેસરકી ભરંત, માદલ મધુમાલા ગળે ઠવંત;
અધર સુધારસને પીયંત, પ્રેમપ્યાલે દંપતિ મલિય પંત. હ૦૧૭
માલતિ એક નવિ જો વિકસયંત, તો શી ઉણિમ હોયંગી વસંત;
વેલી જાઈ જૂઈ મહમહંત, વિચે ચંપકમાલા કુસુમ ધરંત. હ૦૧૮
એણી યુગતે લીલા હરિવંત, બિરુદ ઋતુરાજ તણો ધરંત;
છોડી માનને માનિની આય કંત, ગળે કંદલી આલિંગન દીયંત. હ૦૧૯
એણે સમયે સૂર્યવતી કુમારી, લેઈ સાથે સોચ્છવ સપરિવાર;
ક્રીડે એમ વિવિધે વન વિહાર, દિયે દાન અવારિત જું નિર્ધાર. હ૦૨૦
મનુ ભૂતલ શચિપતિ અનુકાર, સંગીત નાટકના ધોંકગાર;
સુખ લીલ નિગમે દિવસ સાર, જ્ઞાનવિમલ ગુરુ શિર આણ ધાર;
તિણથી નિતુ હોવત જયજયકાર. હ૦૨૧

---

૧. માનું ૨. ગાય છે. ૩. પિચકારી

**॥ દોહા ॥**

એણી પરે બહુ વિધ હર્ષના, પસર્યા અધિક આણંદ;
શ્રીચંદ્ર ગુણચંદ્ર બેહુ લ્યા, જિમ મધુ માસ માકંદ. ૧

જ્ઞાન ગોષ્ઠીરસ રંગમાં, જાતો ન જાણે કાલ;
એહિજ ઉત્તમ સંગનો, ફળ સાક્ષાત વિશાલ. ૨

यतः–गीतनादविनोदेन, कालो गच्छति धीमतां ।
व्यसनेन हि मूर्खाणां, निद्रया कलहेन च ॥१॥

**ભાવાર્થઃ**–બુદ્ધિમાનનો કાલ ગીત, નાદ અને વિનોદે કરી જાય છે અને મૂર્ખનો કાલ વ્યસને કરી, નિદ્રાએ કરી અને કલહે કરીને જાય છે.

**॥ ઢાળ સત્તાવીશમી ॥**

(રાગ ધન્યાશ્રી–દેશી કડખાની)

આતમા હિત કરી ધૈર્ય ધરી ધર્મ કરી;
કર્મના મર્મની કોડિ ભાંજે;
સકળ સુખ અનુસરે પ્રાણીઓ ભવ તરે;
ધર્મ ભવ તરણનો પ્રવર જહાજે. આ૦૧

ધર્મ તે ત્રિજગનો એક આધાર છે;
સદુપયોગે કર્યો ધર્મ તારે;
ધર્મ તે દ્રવ્ય ને ભાવના યોગથી;
અશુભ સવિ હેલ માત્રે નિવારે. આ૦૨

સંત તે સત્ય કરી ધર્મને સદ્દહે;
ધર્મ તે સંત આધાર કહીએ;
એમ અન્યોન્ય આશ્રય થકી ધર્મની;
વાસનાએ કર્મની કોડિ દહીએ. આ૦૩

ધર્મનું મૂલ તે પરમ સંતોષ છે;
વિષય જયથી સદા તેહ થાવે;
વિષયની જય હોયે તપ અને દાનથી;
તેહ અનિદાન નિર્જર કહાવે. આ૦૪

તેહ તપ કીધલો પૂર્વ ભવ નિર્મલો;
આંબિલ વર્દ્ધમાનાભિધાનો;

ઐરવત ક્ષેત્રમાં તેહ શ્રીચંદ્ર નૃપ;
સુખ લહ્યો ભરતમાં સાવધાનો. આ૦૫

સૂરિ શ્રીજ્ઞાનવિમલે એમ ભાખિયું;
પૂર્ણ અધિકાર એ થયો ત્રીજો;
શુદ્ધ ભાવે કરી ભવિય સુણો હિત ધરી;
એહ સમ અવર રસ નહીંય દૂજો. આ૦૬

यतः—जगद्धर्माधारं समसदुपयोगि स्थिरतनु—
र्लसत्सत्यासंतस्तदपि सुखसंतोषवशगं ।
ससंतोषः प्रेषद् विषयविजयोपार्जितजय—
स्तपःसाध्यः सोपि प्रभवति तपौ वैभवमिदं ॥१॥

॥ સર્વ મળી ગાથા ૧૧૭૭ થઈ ॥

इति श्रीचंद्रनृप संबंधप्रबंधे कुशस्थलनिर्गमन १ राक्षसनिग्रहण २ कुंडलपुरराज्यप्रापण ३ चंद्रलेखापाणिग्रहण ४ महेंद्रपुरगमन ५ सुलोचनालोचनपटुकरण ६ तस्करनिग्रह गुटिकांजनादिविशिष्टवस्तुप्रापण ७ प्रियंगुमंजरीविद्वद्गोष्ठिकथनपूर्वककरग्रहण ८ मदनपालमनोरथविफलीकरण ९ कांतिपुरोपवने प्रियंगुक्षीरनिर्झरण तत्पाणिग्रहण १० विद्याधरखड्गप्रापण तद्घातन ११ मदनापाणिग्रहण १२ साधुयुगलसमागमन १३ तद्दानप्रदीपन धर्मश्रवण सम्यक्त्वस्थिरीकरण १४ स्वर्णपुरुषाद्यनेकवस्तुप्रापण नवलक्षदेशराज्यलंभन कनकवती उद्वाहकरण १६ गुणचंद्रमिलणाद्यनेककौतुक प्रवासगमनचर्याया १७ आनंदमंदिरनाम्नि रासके श्रीज्ञानविमलसूरीश्वरविरचिते तृतीयोऽधिकारः संपूर्णः

